પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

# અબતક

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

શહેર આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૨૮-૫-૨૦૨૫, બુધવાર
વર્ષઃ ૧૪, અંકઃ ૬૮

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia

સુવિચાર

બદલાવ એમને એમ નથી આવતો ક્યારેક જીંદગી મજબૂર કરે છે તો ક્યારેક માણસ...

જોઈએ છે
ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ
કુવાડવા GIDC
મેટોડા GIDC
નજીક ૨૦૦૦થી ૪૦૦૦
દલાલભાઈ આવકાર્ય
મો.98242 00970 રાજકોટ.

વહેલા પધારેલા મેઘરાજા ૧૦૦ ટકા નહીં ૧૦૬ ટકા ‘‘ટનાટન’’ વરસશે!!

# વલસાડથી લઈ કચ્છ સુધી સરેરાશ ૧૧૦ ટકા વરસાદ વરસશે!!

## ખરીફ પાક જ નહીં, રવિ પાક માટે પણ સારા સંકેતોઃ ૨૦૨૫-૨૬માં ૩૫૪ મિલિયન ટનનો ખાદ્ય ઉત્પાદનનો લક્ષ્યાંક હાંસલ થાય તેવો આશાવાદ

**અબતક, રાજકોટ**

ઘણા વર્ષો બાદ આ વર્ષે મેઘરાજા વહેલા પધાર્યા છે, અને હરખની વાત એ છે કે આ વર્ષે મેઘો માત્ર ’સામાન્ય’ નહીં, પરંતુ ૧૦૬% ’ટનાટન’ વરસવાની પૂરી શક્યતા છે! ભારતીય હવામાન વિભાગની આગાહી મુજબ, સમગ્ર દેશમાં લાંબા ગાળાની સરેરાશના ૧૦૬% વરસાદની અપેક્ષા છે. ગુજરાત માટે તો આ આગાહી વધુ ફળદાયી છે, કારણ કે વલસાડથી લઈને કચ્છ સુધી, રાજ્યમાં સીઝનનો ૧૧૦% વરસાદ પડવાની સંભાવના છે. આનાથી રાજ્યભરના ખેડૂતો અને સામાન્ય જનતામાં આનંદની લાગણી છવાઈ ગઈ છે, કારણ કે આ સારા વરસાદથી જળસંગ્રહમાં વધારો થશે અને કૃષિ ઉત્પાદનને પણ વેગ મળશે.



હવામાન વિભાગે ૨૦૨૫ના ચોમાસાની આગાહીને વધુ દ્રઢ કરી છે જેમાં ભારતમાં ’સામાન્યથી વધુ’ વરસાદની સંભાવના છે, જે લાંબા ગાળાના સરેરાશના ૧૦૬% રહેશે. આ અગાઉ એપ્રિલમાં ૧૦૫% ની આગાહી કરવામાં આવી હતી.

સમગ્ર દેશમાં મોસમી વરસાદનો લાંબા ગાળાનો સરેરાશ (૧૯૭૧-૨૦૨૦) ૮૭ સેમી છે. આ આગાહી દેશના કૃષિ ક્ષેત્ર માટે ખૂબ જ સકારાત્મક સંકેત છે.

આ વર્ષે ચોમાસામાં ખેતીની કામગીરી માટે વરસાદ પર નિર્ભર વિસ્તારોમાં ’સામાન્યથી વધુ’ વરસાદની અપેક્ષા છે. આનાથી ખરીફ (ઉનાળુ) પાક જ નહીં, પરંતુ રવિ (શિયાળુ) પાકને પણ ફાયદો થશે, કારણ કે પાણીના સ્ત્રોતો ભરાઈ જશે. પરિણામે, વિવિધ પાકોના વાવેતર વિસ્તાર અને ઉત્પાદનમાં વધારો થશે, અને દેશ ૨૦૨૫-૨૬ પાક વર્ષમાં ૩૫૪ મિલિયન ટનનો ખાદ્ય ઉત્પાદનનો લક્ષ્યાંક હાંસલ કરી શકશે તેવી અપેક્ષા છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે જૂન દરમિયાન દેશના મોટાભાગના ભાગોમાં ’સામાન્ય કરતાં વધુ’ (લાંબા ગાળાની સરેરાશના ૧૦૮%થી વધુ) વરસાદ પડવાની ધારણા છે. આનાથી જૂન મહિનો ઓછો ગરમ રહેશે અને ’સામાન્ય કરતાં ઓછો’ ગરમીનો અનુભવ થશે. મોટાભાગના વિસ્તારોમાં દિવસનું તાપમાન ’સામાન્યથી નીચે’ રહી શકે છે, જોકે રાત્રિનું તાપમાન ’સામાન્યથી ઉપર’ રહેવાની શક્યતા છે, સિવાય કે મધ્ય ભારત અને દક્ષિણ દ્વીપકલ્પના કેટલાક ભાગો. પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના સચિવ એમ. રવિચંદ્રને જણાવ્યું હતું કે કેટલાક દ્વીપકલ્પીય ભારતના દક્ષિણ ભાગો અને ઉત્તરપશ્ચિમ અને ઉત્તરપૂર્વ ભારતના ભાગોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડી શકે છે.

કેરળમાં ચોમાસું ૨૪ મેના

(અનુ. આઠમા પાને)

### આજે ક્યાં વિસ્તારમાં વરસાદની આગાહી

આજની આગાહી મુજબ દાહોદ, મહિસાગર, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જેવા જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા છે. અમદાવાદ અને ગાંધીનગર સહિતના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વાવાઝોડા પડી શકે છે. આ આગાહી ગુજરાતના ખેડૂતો અને સામાન્ય જનતા માટે સારા સમાચાર લઈને આવી છે, જે ગરમીમાંથી રાહત અને પાણીની અછતને દૂર કરવામાં મદદ કરશે.

સંરક્ષણની સાથે સાથે આત્મનિર્ભરતા તરફ ભારતની દોટ

# મેઈડ ઈન ઈન્ડિયાઃ ફિફ્થ જનરેશન ફાઈટર જેટ હવે ગુજરાતથી ઉડાન ભરશે

## ભારતીય વાયુસેના માટે પાંચમી પેઢીના સ્વદેશી ડીપ પેનિટ્રેશન એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ ફાઈટરપ્લેન વિકસાવવા માટેના મેગા પ્રોજેક્ટને મંજૂરી આપતા સંરક્ષણ પ્રધાન

**અબતક, નવી દિલ્હી**

તાજેતરમાં ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. જેમાં ભારતે વિશ્વ આખાને પોતાની સરક્ષણ શકિતથી સ્તબ્ધ કરી દીધું હતું. ભારતે પાકિસ્તાનના ૧૫૦ જેટલા ડ્રોન ઉડાવ્યા હતા. તેવામાં ભારત હજુ પણ સુરક્ષાને ધ્યાને લઈને સંરક્ષણ ક્ષેત્રે મજબૂત થવા વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે એટલે જ ભારતે મેઈડ ઈન ઈન્ડિયા પાંચમી પેઢીના ફાઈટર જેટનું નિર્માણ ક્વાને નિર્ણય લીધો છે. ખાસ વાત એ છે કે આ ફાઈટર જેટ ગુજરાતથી ઉડાન ભરવાના છે.





ભારત-પાકિસ્તાન તણાવ બાદ, કેન્દ્ર સરકારે દેશના સંરક્ષણ કાફલાને વધુ મજબૂત બનાવવાનો નિર્ણય લીધો છે. આ માટે, સરકાર દ્વારા સંરક્ષણ બજેટમાં વધારાના પૈસા આપવાની પણ વાત કરવામાં આવી છે. દરમિયાન, ભારત તેની શસ્ત્ર પ્રણાલીને પણ મજબૂત બનાવી રહ્યું છે, જેના માટે રાજનાથ સિંહે આજે એક મોટો નિર્ણય લીધો. સંરક્ષણ પ્રધાને ભારતીય વાયુસેના માટે પાંચમી પેઢીના સ્વદેશી ડીપ પેનિટ્રેશન એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ ફાઈટર પ્લેન વિકસાવવા માટેના મેગા પ્રોજેક્ટને મંજૂરી આપી. તેને અમલમાં મૂકવા માટે ‘‘એક્ઝીક્યુશન મોડેલ‘‘ ને મંજૂરી આપવામાં આવી છે.

ભારત તેની વાયુ શક્તિ ક્ષમતા વધારવા માટે અદ્યતન સ્ટીલ્થ સુવિધાઓ સાથે મધ્યમ વજનના

(અનુ. આઠમા પાને)

### ખાનગી કંપનીઓ પણ સંરક્ષણ ક્ષેત્રે હરણફાળ ભરી રહી છે

એક સમય એવો હતો કે ભારત સંરક્ષણ ક્ષેત્રે બીજા ઉપર નિર્ભર હતું. પણ હવે સમય બદલાઈ રહ્યો છે ભારત સંરક્ષણ ક્ષેત્રે નિકાસ કરતું થઈ ગયું છે અનેક ખાનગી કંપનીઓ સંરક્ષણ ક્ષેત્રે રસ દાખવી રહી છે. એલ ઍન્ડ ટી એક અબજ ડોલરનો સંરક્ષણ વ્યવસાય બનાવવાનું લક્ષ્ય રાખે છે. જે ગયા નાણાકીય વર્ષમાં તેણે બુક કરેલા રૂ. ૬,૧૮૫ કરોડ ઓર્ડરથી નોંધપાત્ર રીતે વધારે છે. એલ એન્ડ ટી યુદ્ધ જહાજો, પેટ્રોલ જહાજો, સશસ્ત્ર વાહનો, તોપખાના અને મિસાઈલ સિસ્ટમ્સ વગેરેનું ઉત્પાદન કરે છે. નરેન્દ્ર મોદી સરકારે આ નાણાકીય વર્ષમાં રૂ. 30,000 કરોડના સંરક્ષણ નિકાસનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કર્યો છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૯ સુધીમાં રૂ. ૫૦,૦૦૦ કરોડને સ્પર્શે છે. સરકાર નાણાકીય વર્ષ ૨૦૨૬ માં રૂ. ૧.૬ લાખ કરોડના સ્થાનિક

(અનુ. આઠમા પાને)

# હવે ઘરબેઠા દેશના કોઈપણ ખૂણે મિલકતની નોંધણી થઈ શકશે

## ઓનલાઈન નોંધણીને મંજૂરી આપવા માટે કાયદામાં સુધારો કરવાનો નિર્ણય લીધા બાદ જાહેર ટિપ્પણીઓ માટે ડ્રાફ્ટ પ્રસિધ્ધ

**અબતક, નવી દિલ્હી**

સરકાર તમામ સેવાઓ ઓનલાઈન કરવા કમર કસી રહી છે. તેવામાં હવે ઘરે બેઠા દેશના કોઈ પણ ખૂણેથી મિલકતની નોંધણી કરાવવાની સેવા આપવા સરકાર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જેના થકી નાગરિકોને મિલકત નોંધણી કરાવવા ક્યાંય ધક્કા ખાવાની જરૂર રહેશે નહીં. ઓનલાઈન નોંધણીને મંજૂરી આપવા માટે કાયદામાં સુધારો કરવાનો નિર્ણય લીધા બાદ જાહેર ટિપ્પણીઓ માટે ડ્રાફ્ટ પ્રસિદ્ધ કરી દેવાયો છે.

કેન્દ્ર સરકારે મિલકતની ઓનલાઈન નોંધણી અને ’વેચાણ માટે કરાર’, પાવર ઓફ એટર્ની, વેચાણ પ્રમાણપત્ર અને સમાન ગીરો વ્યવસ્થા જેવા દસ્તાવેજોની ફરજિયાત નોંધણીનો પ્રસ્તાવ મૂકતું બિલ તૈયાર કર્યું છે. તે ૧૧૭ વર્ષ જૂના નોંધણી કાયદાનું સ્થાન લેશે.

ગ્રામીણ વિકાસ મંત્રાલય હેઠળના જમીન સંસાધન વિભાગે ઘણા રાજ્યોએ ઓનલાઈન નોંધણીને મંજૂરી આપવા માટે કાયદામાં સુધારો કરવાનો નિર્ણય લીધા બાદ જાહેર ટિપ્પણીઓ માટે ડ્રાફ્ટ બહાર પાડ્યો છે. જ્યારે નોંધણી કાયદો દેશભરમાં લાગુ પડે છે, ત્યારે રાજ્યો કેન્દ્ર સાથે પરામર્શ કરીને તેમાં સુધારો કરી શકે છે.



સરકાર ઈલેક્ટ્રોનિક નોંધણી પ્રમાણપત્રો અને રેકોર્ડના ડિજિટલ જાળવણીને પણ મંજૂરી આપવા માંગે છે. નોંધણી માટે દસ્તાવેજોની ઈલેક્ટ્રોનિક સબમિશન અને સ્વીકૃતિ ઉપરાંત, સરકારે છેતરપિંડી ઘટાડવાની કવાયતના ભાગ રૂપે, જેઓ તેમની અનન્ય ઓળખ શેર કરવા માંગતા નથી તેમના માટે ’જાહેર સંમતિ’ સાથે આધાર-આધારિત પ્રમાણીકરણનો પ્રસ્તાવ મૂક્યો છે.

વધુમાં, વિભાગે જણાવ્યું હતું કે ડ્રાફ્ટ કાયદામાં માહિતી પ્રવાહની કાર્યક્ષમતા વધારવા માટે અન્ય રેકોર્ડ-કીપિંગ એજન્સીઓ સાથે એકીકરણ સૂચવવામાં આવ્યું છે. ‘‘તાજેતરના વર્ષોમાં ટેકનોલોજીનો વધતો ઉપયોગ, વિકસિત સામાજિક-આર્થિક પ્રથાઓ અને નોંધાયેલા દસ્તાવેજો પર વધતી જતી નિર્ભરતાને કારણે ભવિષ્યલક્ષી નોંધણી માળખું બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે,‘‘ જમીન સંસાધન વિભાગે જણાવ્યું હતું.

# ફક્ત ત્રણ હજાર ભરો અને આખું વર્ષ હાઈવે પર ‘ટોલ ફ્રી’ ફરો

## દેશભરમાં ટોલ વસુલાત પ્રણાલીમાં ફેરફાર કરવા પરિવહન વિભાગે કમર કસીઃ નવી યોજનાઓએ કતારમાં ઉભા રહેવાની ઝંઝટમાંથી મુક્તિ આપશે

### ફાસ્ટેગ વાર્ષિક ટોલ પાસના ફાયદા

* કોઈ નવા દસ્તાવેજોની જરૂર નથી
* ફાસ્ટેગનો ઉપયોગ કરતા વાહન માલિકોને વધારાના દસ્તાવેજો પ્રદાન કરવાની જરૂર નહીં
*એકાઉન્ટ્સ અપડેટ કરવાની જરૂર રહેશે નહીં
* ટોલબુથ પર ઉભા રહેવાની ઝંઝટમાંથી મુક્તિ

**અબતક, રાજકોટ**

ભારતની ટોલ વસૂલાત પ્રણાલીને આધુનિક બનાવવા અને હાઈવે પર મુસાફરી કરવાની સુવિધા વધારવા માટે કેન્દ્ર સરકાર નવી ટોલ વ્યવસ્થા પર વિચાર કરી રહી છે. અહેવાલો અનુસાર આ દરખાસ્તમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર 3,000 રૂપિયાના એક જ ચુકવણી માટે અમર્યાદિત મુસાફરી સાથે વાર્ષિક પાસ સિસ્ટમ સ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ રોડ મુસાફરીને સુવ્યવસ્થિત કરવા, તેને ઓછી ખર્ચાળ અને વધુ કાર્યક્ષમ અને ડિજિટલી સંકલિત બનાવવા ફાસ્ટેગ પર વારંવાર રિચાર્જ કરવાની ઝંઝટ ટાળવા, કિંમતના નવા મોડેલો અને સુધારેલા માળખાગત સુવિધાઓ સાથે યોજનાઓની શ્રેણીમાંની એક છે.

ભારત સરકાર રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને એક્સપ્રેસવે પર ટોલ વસૂલાતમાં ક્રાંતિ લાવવાના હેતુથી એક નવો ફાસ્ટેગ વાર્ષિક ટોલ પાસ રજૂ કરવા માટે તૈયાર છે. આ દરખાસ્ત હેઠળ, ખાનગી વાહન માલિકો 3,000

(અનુ. આઠમા પાને)

### ફાસ્ટેગ લાઈફટાઈમ યોજના રદ

૧૫ વર્ષ માટે માન્ય રૂ. 30,000 ના લાઈફટાઈમ ફાસ્ટેગ માટેની અગાઉની દરખાસ્ત રદ કરવામાં આવી છે. નવી સિસ્ટમ વર્તમાન ફાસ્ટેગ ટેકનોલોજી અને એકાઉન્ટ્સ સાથે એકીકૃત રીતે કામ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે, જે અપનાવવાનું સરળ અને વધુ કાર્યક્ષમ બનાવે છે.

### નવો ફાસ્ટેગ વાર્ષિક ટોલ પાસ ક્યારે લાગુ થશે?

સરકારે પ્રસ્તાવિત ટોલિંગ સિસ્ટમની વિશિષ્ટતાઓ અંગે સત્તાવાર રીતે કોઈ માહિતી આપી નથી. જોકે અહેવાલો દર્શાવે છે કે આયોજન ખૂબ આગળ વધવાનું છે, કોઈ સત્તાવાર નીતિ જાહેરાત કરવામાં આવી નથી અને યોજનાની સ્વતંત્ર પુષ્ટિ હજુ પણ રાહ જોવાઈ રહી છે. તેમ છતાં, આ પગલું ભારતના પરિવહન માળખાના વિકાસ અને નાગરિક-કેન્દ્રિત ડિજિટલ સેવાઓની જોગવાઈ તરફના સતત પ્રયાસમાં એક પ્રોત્સાહક પગલું રજૂ કરે છે.





અમેરિકામાં જતા વિદ્યાર્થી એ સોશિયલ મીડિયાના અભરખા છોડવા પડશે

# અમેરિકન એમ્બેસીએ વિદેશી વિદ્યાર્થીઓના વિઝા ઈન્ટરવ્યૂ પર રોક લગાવી

## અમેરિકાના આ પગલાંને લઈ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી અરજદારો પોતાના ભવિષ્ય અંગે ચિંતિત

**અબતક, રાજકોટ**

વિદેશ જતા વિદ્યાર્થીઓમાં સોશિયલ મીડિયાના અભરખા જોવા મળતા હોય છે. ત્યારે ટ્રમ્પ વહીવટીતંત્ર હેઠળ કડક સોશિયલ મીડિયા તપાસના સંકેત આપતા, યુનાઈટેડ સ્ટેટ્સે વિશ્વભરમાં નવા વિદ્યાર્થી વિઝા ઈન્ટરવ્યુને અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધા છે. આ નિર્ણય આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે, કારણ કે તેમને યુ.એસ.માં તેમના ભવિષ્ય વિશે અનિશ્ચિતતાનો સામનો કરવો પડી રહ્યો છે. આ પગલું રાષ્ટ્રીય સુરક્ષા અને કેમ્પસની અશાંતિને ધ્યાનમાં રાખીને વિદેશી વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટીઓને લક્ષ્ય બનાવતી અગાઉની

(અનુ. આઠમા પાને)





# ન હોય! ૨૦૦ પેસેન્જર સાથેનું વિમાન પાયલોટ વગર ૧૦ મિનિટ ઘુમ્યું

**અબતક, રાજકોટ**

૨૦૦ પેસેન્જર સાથેનું વિમાન વગર પાયલોટ એ ૧૦ મિનિટ સુધી ઘુમયું. આ કોઈ ફિલ્મી કહાણી નથી, પરંતુ ૨૦૨૪માં બનેલી એક વાસ્તવિક અને ચોંકાવનારી ઘટના છે. જર્મનીથી સ્પેન જઈ રહેલી લુફ્થાન્સાની એક ફ્લાઈટમાં અચાનક એવી પરિસ્થિતિ સર્જાઈ કે વિમાન લગભગ ૧૦ મિનિટ સુધી પાઈલટ વિના હવામાં લટકી રહ્યું!



જર્મનીથી સ્પેન જઈ રહેલી લુફ્થાન્સાની એક ફ્લાઈટમાં એક ભયાવહ ઘટના બની. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ, જ્યારે વિમાનમાં હાજર કો-પાઈલટ બેભાન થઈ ગયા, ત્યારે કેપ્ટન વોશરૂમમાં હતા. આ કારણે લગભગ ૧૦ મિનિટ સુધી વિમાન પાઈલટ વિના હવામાં ઉડતું રહ્યું.

ફ્રેન્કફર્ટથી સેવિલ જઈ રહેલા એરબસ અ૩૨૧ વિમાનમાં ૧૯૯ મુસાફરો અને છ ક્રૂ મેમ્બર સવાર હતા. ફ્લાઈટ પૂરી થવામાં લગભગ 30 મિનિટ બાકી હતી ત્યારે ૪૩ વર્ષીય કેપ્ટન વોશરૂમ ગયા. તેમણે ૩૮ વર્ષીય કો-પાઈલટને ચાર્જ સોંપ્યો, જે તે સમયે સ્વસ્થ અને સતર્ક દેખાતા હતા.

લગભગ આઠ મિનિટ પછી જ્યારે કેપ્ટન પાછા ફર્યા, ત્યારે તેઓ કોકપિટમાં પ્રવેશી શક્યા નહીં. સુરક્ષા કોડના અનેક પ્રયાસો કર્યા છતાં દરવાજો ખુલ્યો નહીં. તેમણે ઈન્ટરકોમ પર કોલ કર્યો, પણ કોઈ જવાબ ન મળ્યો. પરિસ્થિતિની ગંભીરતા પારખીને કેપ્ટને ઈમરજન્સી એક્સેસ કોડનો ઉપયોગ કર્યો.

અહેવાલ મુજબ,

(અનુ. આઠમા પાને)



# વિશ્વમાં ૨.૮ અબજ લોકોને અસર કરતી "છુપી ભૂખ": આજે વિશ્વ ભૂખમરો દિવસ

**દુનિયામાં દરેક વ્યક્તિને ખાવા માટે પૂરતો ખોરાક ઉત્પન્ન થાય છે, પણ હજી ૭૩.૩ કરોડ લોકો ભૂખ્યા રહે છેઃ હાલ વિશ્વમાં લગભગ ૧૧ વ્યક્તિ પૈકી એક રાત્રે ભૂખ્યા જ સુઈ જાય છેઃ ભૂખમરા કટોકટીની સમસ્યા મુખ્યત્વે સંઘર્ષ, આબોહવા પરિવર્તન અને ક્રોનિક અસમાનતાને કારણે ઊભી થાય છેઃ સમગ્ર વિશ્વને ૨૦૩૦ સુધીમાં ભૂખમરાને ઝીરો કરવાનું લક્ષ્યાંક આપ્યો છે**

આજે વિશ્વ ભૂખ દિવસ છે, ત્યારે સમગ્ર વિશ્વમાં ૨.૮ અબજ લોકોને આ ભૂખમરાની સમસ્યા અસર કરી રહી છે, આ સમસ્યાના નિવારણ માટે શિક્ષણ, સારી કૃષિ પદ્ધતિઓ અને સમુદાયના સશક્તિકરણ દ્વારા મુદ્દાને ઉકેલી શકાય એમ છે. આજે સમગ્ર વિશ્વમાં ભૂખમરાની વાસ્તવિકતાને ઉજાગર કરવામાં આવી રહી છે, ત્યારે આજે પણ વિશ્વના ઘણા લોકો ખોરાકની અછત અને નબળા પોષણ સામનો કરી રહ્યા છે, જેમાં મહિલા અને બાળકોની વિશેષ સંભાળ આપણે લેવી પડશે. ૨૦૧૯ પછી વિશ્વ લેવલે ૮ કરોડ લોકો કુપોષણનો ભોગ બન્યા છે. વિશ્વમાં લગભગ ૧૧ વ્યક્તિ પૈકી એક વ્યક્તિ રાતે ભૂખ્યા જ સુઈ જાય છે. આ કટોકટીનુ મુખ્ય કારણ સંઘર્ષ, આબોહવા પરિવર્તન અને અસમાનતા જોવા મળે છે. ૫૦ ટકા બાળ મૃત્યુદર ભૂખ સાથે સંકળાયેલા છે. ૨૦૧૧ થી ઉજવાતા આદિવાસી આ વર્ષની થીમ "વાવણી સ્થિતિસ્થાપકતા' છે, જેનો હેતુ આપણે સ્થિતીસ્થાપકતા ભવિષ્યનું નિર્માણ કરીને ખાદ્ય સુરક્ષા કેવી રીતે સુનિશ્ચિત કરી શકીએ તે સંદર્ભે વૈશ્વિક કાર્ય કરવા પર ભાર મુકેલ છે. ભક્તિ પીડાતા લોકો કુપોષણ મંદબુદ્ધિ ઓછી હું પ્રતિકારક શક્તિ રોગો અને છેવટે મૃત્યુ તરફ દોરી જાય છે.અને પોષણયુક્ત જીવન જીવવાની તક મળે તેવું નક્કર આયોજન કરવું જરૂરી. આ વર્ષના ગ્લોબલ રિપોર્ટ ઓન ફુડ ક્રાયસિસના અહેવાલમાં જણાવ્યું છે કે ૨૦૨૪ માં ૫૯ દેશો અને પ્રદેશોમાં લગભગ ૨૮.૨ કરોડ લોકો ભૂખમરા વચ્ચે જીવન જીવી રહ્યા છે, જે અગાઉના વર્ષ કરતા અઢી કરોડનો વધુ આંક દર્શાવે છે.વિશ્વમાં ભૂખમરાથી પીડાતા લોકોની સંખ્યા વધી, ૫૩ દેશોમાં ૧૯.૩ કરોડ લોકો એક ટંક ખાવાથી પણ વંચિત રહે છે. વિશ્વ ભૂખ દિવસની લોકજાગૃતિ માટે આ વર્ષે ઉજવણી થીમ માં લાખો લોકો ભૂખમારા નો સામનો કરી રહ્યા છે, જેમની પાસે યોગ્ય પોષણ નથી, તેના જીવન વિશેની જાગૃતિ લાવવાનો હેતુ છે. સદીઓથી ભૂખ એક મહત્વપૂર્ણ વૈશ્વિક સમસ્યા છે. આજે દુનિયામાં કરોડો લોકોને બે ટંક ખાવાનું મળતું નથી. વિકસિત દેશો કરતા અવિકસિત દેશોમાં આ સમસ્યા વધુ જોવા મળી રહી છે. પ્રથમ વિશ્વયદ્ધ બાદ યુએન દ્વારા ભૂખમરા ક્ષેત્રે અગ્રીમ કાર્ય શરૂ કરેલ જેના ભાગરૂપે ઘણા મહત્વના લીધેલ પગલાંઓને કારણે દુનિયામાં આ સમસ્યા આંશિક રીતે ઘટી રહી છે. ફૂડ પ્રોગ્રામના આંકડા મુજબ ગયા વર્ષે દરરોજ પૂરતા ખોરાક વગરના લોકોની સંખ્યા ૪ કરોડ હતી. અત્યારે ઘણા દેશો વિશ્વની ખરાબ દશામાં જોવા મળે છે, એકલા આ દેશમાં ૬૦ લાખ લોકો ભયાનક ફૂડ કટોકટીમાં સપડાયા છે. વિશ્વભરમાં હંગર ઈન્ડેક્સ મુજબ કોંગો, ઈથોપીયા, નાઈજિરિયા, સિરિયા દક્ષિણ સુદાન, અફઘાનિસ્તાન અને યમન જેવા દેશો ભયંકર સ્થિતિમાં જોવા મળે છે. આ એક વૈશ્વિક સ્તરની સામાજિક જવાબદારી છે, ભૂખમરાના ઉકેલ માટે ટકાવ વ્યવસ્થા પર તાકીદે દુનિયાના તમામ દેશોએ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. વિશ્વ ભૂખ દિવસ લાખો લોકોની દુર્દશા તરફ વિશ્વનું ધ્યાન દોરવાનો પ્રયાસ છે. ૨૦૩૦ સુધીમાં ભૂખ મુક્ત વિશ્વ નિર્માણ કરવાનો લક્ષ્યાંક છે. ખાદ્ય કટોકટીના ચક્રને તોડવા પરિવર્તનશીલ અભિગમ, કટોકટી નિવારવાના પ્રયાસો સાથે શાંતિ, નિવારણ અને વિકાસની ક્રિયાઓને એકીકૃત કરવાની જરૂર છે. પ્રણાલીમાં પરિવર્તન લાવવા અને કૃષિ અને ગ્રામીણ વિકાસને વેગ આપવા માટે લાંબા ગાળાના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રોકાણની જરૂર છે. યુ.એનના આંકડા અને ૨૦૨૨ ના રિપોર્ટ મુજબ વિશ્વમાં ભૂખમરાથી પીડાતા લોકોની સંખ્યા વધતી જાય છે, હાલ ૫૪ દેશોમાં એક અંદાજ મુજબ ૧૯.૩ કરોડ લોકોને એક ટંકનું ખાવાનું નશીબમાં નથી. યુધ્ધ, તીવ્ર હવામાન, કોરોના મહામારીની આર્થિક અસરો, દુષ્કાળ જેવા પરિબળો જવાબદાર છે. પૂરતા ખોરાક વગરના લોકોની સંખ્યા ગયા વર્ષે વધીને ૪ કરોડ થઇ ગઇ હતી. કેટલાક દેશોમાં લાંબા દુકાળ, ફૂડના ભાવમાં વધારો અને વણથંભી હિંસાનો સામનો કરી રહ્યા છે. ગ્રામિણ સમુદાયને જો આજે મદદ કરવામાં નહીં આવે તો ભૂખમરો અને આજીવિકા ગુમાવવાનો વારો આવશે અને વિનાશ સર્જશે.



**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

ભૂખમરા પોષણના અભાવને કારણે થતી સગવડ છે. ખોરાકની વંચિતતા, કુપોષણ કે દરરોજ ૧૮૦૦ કેલરી કરતા ઓછા આંક માટે હંગર ઈન્ડેક્ષમાં સ્થાન અપાય છે. ખોરાકની અસલામતી સમગ્ર વિશ્વમાં મોટી સંખ્યાને અસર કરે છે. ભૂખ ગરીબી સાથે ગાઢ રીતે જોડાયેલા છે. ભૂખમરો સામાજીક, રાજકીય, વસ્તી વિષયક અને સાંસ્કૃતિક મુદ્દાને અસર કરે છે. ગરીબીમાં લોકો સામાન્ય રીતે ઘરની ખાદ્ય અસુરક્ષાનો સામનો કરે છે. આવા લોકો જોખમી પરિસ્થિતિમાં જીવન જીવે છે, તેમજ આવા લોકો માટે આરોગ્ય સંભાળ અને શિક્ષણ પણ પુરતી મળતી ન હોવાથી ભૂખમરો વધે છે. ૧૯૩ મિલિયન લોકો તીવ્ર ખાદ્ય અસુરક્ષાથી પીડાતા હતા અને તેમને તાત્કાલિક મદદની ૫૩ દેશોને જરૂર હતી. છેલ્લા ત્રણ વર્ષમાં વસ્તી વધારાને કારણે પરિસ્થિતિ વણસી હતી. ૨૦૧૬ થી ૨૦૨૧ની વચ્ચે કટોકટી કે ખરાબ સ્થિતિમાં વ્યક્તિઓની સંખ્યા ચાર ગણી વધી હતી જેને પરિણામે ૯૪ મિલિયનથી વધીને લગભગ ૧૮૦ મિલિયન થઇ ગઇ હતી. ગત વર્ષની સરખામણીએ આ વર્ષ ૨૦૨૪માં વૈશ્વિક સ્તરે તીવ્ર ખાદ્ય અસુરક્ષા વધુ ખરાબ થવાની આગાહી કરેલ હતી. હાલ ૩૬ દેશના લગભગ ૪૦ મિલિયન લોકો ગંભીર યાતના ભોગવી રહ્યા છે. મુખ્ય ચાર દેશોમાં ઈથોપિયા, દક્ષિણ સુદાન, દક્ષિણ માડાગાસ્કર અને યમનના અડધા મિલિયનથી વધુ લોકો આપતિનો સામનો કરી રહ્યા છે. વિશ્વભરમાં કુપોષણની પણ જટીલ સમસ્યા છે. ગત વર્ષના આંકડા મુજબ પાંચ વર્ષથી નીચેના ૨.૬ બાળકો ભૂખે મરતા હતા અને ૨.૩ ગંભીર ખાદ્ય કટોકટી સાથે ૩.૫ બાળકોને તાત્કાલિક સંભાળની જરૂર હતી. દરરોજ ૮૦૦ મિલિયન લોકો ભૂખ સાથે જીવે છે અર્થાત આ પૃથ્વી પર દર નવમાંથી એક વ્યક્તિને તંદુરસ્ત, સક્રિય જીવન જીવવા માટે પૂરતો ખોરાક મળતો નથી. વિકાસશીલ દેશોમાં મોટાભાગના ભૂખમરાથી પીડાતા હોવાથી આ વસ્તીના ૧૨.૯ ટકા વસ્તી ભૂખી જ સુઇ જાય છે. એશિયાખંડએ ભૂખ્યા લોકોનો ખંડ કહેવાય છે. આફ્રિકામાં દર ચારમાંથી એક વ્યક્તિ કુપોષિત છે. આ સમસ્યાને કારણે બાળ મૃત્યુદરનું પ્રમાણ વિશેષ વધ્યું છે.

૨૦૩૦ સુધીમાં વિશ્વમાં ભૂખમરાને નાબૂદ કરવાનું લક્ષ્ય આપેલ છે, આ લક્ષ્યાંકમાં ચાર સુચકાંકોને આધારે ૧૧૬ દેશોમાં કાર્ય થઇ રહ્યું છે. જેમાં કુપોષણ, શિશુમૃત્યુ દર, શિક્ષણ અને આરોગ્ય સંભાળ જેવા મુદ્દાનો સમાવેશ કરાયો છે. વિશ્વમાં હાલ ૧૫૦ મિલિયન બાળકો કુપોષણથી પીડાય છે. ૨૦૦૬ અને ૨૦૧૨ વચ્ચે ૪.૭ પોઈન્ટ અને ૨૦૧૨થી ૨૦૨૧ વચ્ચે માત્ર ૨.૫ પોઈન્ટ ભૂખમરો ઘટ્યો છે. સૌથી વધુ જોખમ ધરાવતો દેશ સોમાલિયા છે. ભૂખના અત્યંત અલાર્મિંગ લેવલવાળા ૯ દેશોમાં પાકિસ્તાન, સુદાન, અફઘાનિસ્તાન, ઈથોપીયા, નાઇજીરીયા, વેનેઝુએલા અને હૈતી સહિત ગંભીર લેવલવાળા ૩૭ દેશોનો સમાવેશ થાય છે.

## ગ્લોબલ હંગર ઈન્ડેક્સ શું છે ?

વૈશ્વિક ભૂખ સૂચકાંક એક એવું સર્વે છે, ગણતરી છે જે વૈશ્વિક સ્તરે અને દેશના આધાર પર ભૂખનું માપન કરે છે. ગ્લોબલ હંગર ઈન્ડેક્સ વાર્ષિક ગણતરી કરે છે અને તેનું પરિણામ પ્રત્યેક વર્ષે ઓક્ટોબરમાં એક રિપોર્ટ બહાર પાડીને કરે છે. ૨૦૦૬ માં આ રિપોર્ટ પ્રથમવાર બનાવાયો હતો. આ રિપોર્ટ બતાવે છે કે ૨૦૦૦ પછી ઘણા દેશોમાં સુધારો જોવા મળેલ છે, તો કેટલાકની હાલત સુધરી નથી કે વધુ બગડી નથી. યુનાઈટેડ નેશન દ્વારા ૧૯૬૨ માં ભુખથી સ્વતંત્રતા અભિયાન શરૂ કરેલ હતું. ભારતનો રિપોર્ટ ૨૦૨૩ કરતા ૨૦૨૪ નું ભૂખમરા આંક સારો છે, વ્યર્થ બાળકોની ૧૮.૭ ટકાવારી સમગ્ર વિશ્વમાં સૌથી વધુ આપણા દેશમાં જોવા મળે છે. કુપોષિત બાળકોમાં ભારતે આંશિક પ્રગતિ કરી છે, સાથે બાળ મૃત્યુદરમાં પણ નજીવો ઘટાડો જોવા મળી રહ્યો છે.

**વિશ્વમાં ૫૦ ટકા બાળ મૃત્યુદર ભૂખ સાથે સંકળાયેલ છેઃ મોટાભાગના ભૂખ્યા લોકો વિકાસસીલ દેશોમાં રહે છેઃ ભારે ગરીબી અને પૌષ્ટિક ખોરાકનો અભાવ ઘણીવાર કુપોષણ તરફ દોરી જાય છેઃ શિક્ષણ, સારી કૃષિ પદ્ધતિઓ અને સમુદાયના સશક્તિકરણ દ્વારા આ મુદ્દાનો ઉકેલ લાવી શકાયઃ આજે પણ ઘણા લોકો ખોરાકની અછત અને નબળા પોષણ સામનો કરી રહ્યા છે, ત્યારે મહિલા અને બાળકોની વિશેષ સંભાળ લેવી પડશે**

# ફરજ અને જવાબદારી વચ્ચે બહુ મોટો તફાવત છે

## જવાબદારી સ્વીકારવી એ ક્યારેય બોજ હોય એવું ન લાગવું જોઈએ

જવાબદારી એ માનવ જીવનનું અગત્યનું અંગ છે. દરેક વ્યક્તિ પોતાના જીવનમાં વિવિધ જવાબદારીઓ નિભાવે છે.જેમકે પરિવાર પ્રત્યે, સમાજ પ્રત્યે,રાષ્ટ્ર પ્રત્યે અને પોતાના પ્રત્યે પણ જવાબદારી નિભાવે છે. દરેક વ્યક્તિની સફળતા અથવા તો મહાનતાનું મૂલ્યાંકન તેના દ્વારા નિભાવવામાં આવતી જવાબદારી પરથી નક્કી થાય છે.એક વિદ્યાર્થી તરીકે શિક્ષણ બાબતે,એક નાગરિક તરીકે દેશના કાયદા અને ફરજ પાલન બાબતે,



એક પિતા કે માતા તરીકે સંતાનના ભરણ પોષણ બાબતે,એક કર્મચારી તરીકે પોતાની ફરજ બજાવવા બાબતે જવાબદારી નક્કી કરવામાં આવે છે.

જવાબદારી સ્વીકારવી એ વિકાસ તરફનું પહેલું પગથિયું છે.જે વ્યક્તિ પોતાના કાર્ય કે વર્તન માટે જવાબદારી લે છે, તે જીવનમાં કોઈ પણ મુશ્કેલી કે પડકાર સામે હટીને ઊભો રહી શકે છે.જવાબદારી એ માત્ર ફરજ પુરતી જ ન હોવી જોઈએ, પરંતુ તે આપણા ઉપર મૂકવામાં આવેલા વિશ્વાસને પુરવાર કરવા માટે હોવી જોઈએ.

જવાબદારી વિવિધ પ્રકારની હોય છે. વ્યક્તિગત જવાબદારી એ છે કે વ્યક્તિ પોતાનું કાર્ય સમયસર અને સમજદારીથી પૂર્ણ કરે. સામાજિક જવાબદારીનો અર્થ એ થાય કે આપણે સમાજની ભલાઈ માટે કામ કરીએ જેમ કે, પર્યાવરણની સંભાળ રાખવી, ગરીબોને મદદ કરવી અને નિયમોનું પાલન કરવું. રાષ્ટ્રીય જવાબદારી એટલે કે આપણાં વર્તનમાં દેશપ્રેમ દાખવવો, રાષ્ટ્રીય સંપતિની જાળવણી કરવી, કાયદાનું પાલન કરવું અને મતદાન કરીને લોકશાહીમાં સહભાગી થવું.

જો દરેક વ્યક્તિ પોતાની જવાબદારીને સાચા અર્થમાં સમજે અને તેનો પ્રમાણિકતાથી અમલ કરે તો અનેક સામાજિક સમસ્યાઓ ઉકલી જાય. ઉદાહરણ તરીકે જો દરેક નાગરિક ઈમાનદારીથી કર ચૂકવે તો દેશના વિકાસ માટે વધુ સાધનો ઉપલબ્ધ બની શકે.

જવાબદારી સ્વીકારવી એ ક્યારેય બોજ હોય એવું ન લાગવું જોઈએ. જવાબદારી દ્વારા વ્યક્તિમાં વિશ્વાસ અને આત્મસન્માન વિકસે છે. બાળકોથી માંડીને વડીલો સુધી દરેક માટે જવાબદારી જીવનનો અનિવાર્ય ભાગ છે. સ્વાર્થી જીવન જીવતા લોકોએ જવાબદારીની ભાવનાને ઊંડે સુધી સમજવી ખૂબ જ અગત્યની છે. નવી પેઢીને આ ભાવના શીખવવી જરૂરી છે. જેથી તેઓ ક્યારેય અધિકારની વાત કરે નહીં, બલકે જવાબદારીની સમજણ રાખે. જવાબદારી એ જીવનને દિશા આપતી અને વ્યક્તિને સજાગ બનાવતી મહત્વની ભૂમિકા છે.

જવાબદાર વ્યક્તિએ માત્ર પોતાનું નહીં પરંતુ સમગ્ર સમાજ અને રાષ્ટ્રનું ભલું કરવા માટે સજાગ રહેવું જોઈએ. આવી જવાબદારી પૂર્ણ ભાવના સમગ્ર વિશ્વમાં શાંતિ અને સહ અસ્તિત્વ માટે અતિ આવશ્યક છે. જ્યારે જવાબદારીની વાત કરવામાં આવતી હોય છે, ત્યારે લોકો પોતાની ફરજને જવાબદારીના સ્વરૂપમાં ગણી લે છે, પણ હકીકતમાં એવું હોતું નથી. ફરજ અને જવાબદારી વચ્ચે બહુ મોટો તફાવત છે. એ તફાવતને સમજવો પણ જરૂરી છે. આ તફાવત સમજવો ઘણો આસાન છે. ફરજનો અર્થ છે તમને જે કહેવામાં આવ્યું છે, તમને જે સૂચન કરવામાં આવ્યું છે, એનું પાલન કરવું.પત્રકાર, પોલીસ,વ્યાપાર કે કોઈ પણ ખાતામાં ફરજ નિભાવતા સૌ કોઈ વ્યકિતએ ફરજ નિભાવવાની હોય છે. ડોકટરે વ્યક્તિનો જીવ બચાવવો એ તેની ફરજ છે. એન્જિનિયરે સારો પુલ બનાવવો એ તેની ફરજ છે. આ ફરજ તેણે નિભાવવી જોઈએ. પણ વાત જ્યારે જવાબદારીની આવી જાય ત્યારે એમાં નૈતિકતાનું મૂલ્ય ઉમેરાઈ જતું હોય છે. જવાબદારી આપણી જાતે સમજવી જોઈએ. જવાબદારી આપણા મનમાંથી ઉઠવી જોઈએ. પુત્રએ પિતાની પાછલી ઉંમરમાં તેમની સેવા ચાકરી કરવી એ ફરજ હોય કે નહીં, પણ જવાબદારી તો છે જ. એ જવાબદારીમાંથી તે છૂટી શકે નહીં.

**ચિંતનની પાંખે**



**વિઠ્ઠલભાઈ વઘાસિયા**
Vdvaghasia@gmail.com.

સારું કામ કરવું જોઈએ એ કોઈની ફરજ હોઈ શકે પણ સારું કામ યોગ્ય સમયે, યોગ્ય રીતે અને ઉચ્ચ પ્રકારે કરવામાં આવે એ દરેકની જવાબદારી છે. આ જવાબદારી જ આત્મસંતોષ આપવાનું કામ કરે છે. ફરજ નિભાવવાની છે, પણ જવાબદારી ગણીને એ ફરજને નિભાવવામાં આવે તો એ નિભાવવાની પ્રક્રિયા સંતોષ આપવાનું કામ કરી જાય છે.

આપણે બધું કામ ફરજના ભાગરૂપે જ કરીએ છીએ અને જ્યાં જવાબદારી હોય છે ત્યાં પણ આપણે કામને ફરજના સ્વરૂપમાં મૂકી દઈએ છીએ. સારું શાસન કરવું.સારું પરિણામ આપવું એ દરેકની ફરજ હોઈ શકે. પણ સારું શાસન કરવાની અને પરિણામ સર્વોત્તમ રીતે આપવાની નીતિ એ જવાબદારી છે. કામની વાત હોય તો એમાં પણ એ જ લાગુ પડે છે. ફરજ મુજબ વર્તે તો કમ્પાઉન્ડરે ફરજ અદા કરી કહેવાય. પણ ડોકટરની ગેરહાજરીમાં પણ ડોકટરની હાજરી જેવું જ કામ આપીને દર્દીની સેવા કરવામાં આવે તો કમ્પાઉન્ડરએ જવાબદારી નિભાવી કહેવાય. આપણી જાતને આ પ્રશ્ન પૂછવો જોઈએ કે દિવસ દરમિયાનમાં મેં કેટલી ફરજ નિભાવી અને કેટલી જવાબદારી નિભાવી ? તો તમને ફરજ અને જવાબદારી વચ્ચેનો ભેદ સહેલાઈથી સમજાઈ જશે.

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૯.૫.૨૦૨૫, ગુરુવાર, સંવંત ૨૦૮૧, જેઠ સુદ ત્રીજ, આર્દ્રા નક્ષત્ર, શૂળ યોગ, તૈતિલ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે**

**મેષ** (અ,લ,ઈ) : સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, સંતુલિત મનથી તમે કરેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થાય.

**વૃષભ** (બ,વ,ઉ) : આર્થિક બાબતોમાં સારું રહે, અચાનક લાભ થવાના સંકેત છે, અગાઉ રોકેલા નાણાં કે ફસાયેલા નાણાં પરત આવવાના સંકેત આવી શકે.

**મિથુન** (ક,છ,ઘ) : કાર્યસિદ્ધિ આપતો દિવસ, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, સામાજિક રીતે તમારા અભિપ્રાયનું મૂલ્ય વધે.

**કર્ક** (ડ,હ) : આજના દિવસે વાદ વિવાદથી દૂર રહેવું, તમારા કામમાં વિશેષ ધ્યાન દેવું, સ્વભાવ લાગણીશીલ રહે અને તેના કારણે દુઃખ થાય.

**સિંહ** (મ,ટ) : આજના દિવસે આકસ્મિત લાભ થાય, જુના મિત્રોને મળવાનું બને, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કન્યા** (પ,ઠ,ણ) : વેપારીવર્ગને લાભદાયક દિવસ છે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નોકરિયાતવર્ગને સારું રહે, વિદ્યાર્થીવર્ગ માટે પણ સારું રહે.

**તુલા** (ર,ત) : આધ્યાત્મિક બાબતોમાં આગળ વધી શકો, ધ્યાન યોગ મૌનથી લાભ થાય, ભાગ્યબળ માં વૃદ્ધિ થાય.

**વૃશ્ચિક** (ન,ય) : અગાઉની સાપેક્ષમાં ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવતી જણાય, કાર્યને પૂર્ણ કરી શકો, પ્રગતિકારક દિવસ.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : સામાજિક ક્ષેત્ર અને જાહેરજીવનમાં સારું રહે, લોક્ચાહનામાં વૃદ્ધિ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મકર** (ખ,જ) : આજના દિવસે તબિયતની કાળજી લેવી, બહારના ખાન-પાનમાં ધ્યાન રાખવું પડે, જીવનપદ્ધતિમાં હકારાત્મક ફેરફાર કરવા જરૂરી બને.

**કુંભ** (ગ,સ,શ) : પ્રણય માર્ગે આગળ વધી શકો, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**મીન** (દ,ચ,ઝ,થ) : દિવસ આરામથી વિતાવી શકો અને નવી જગ્યાએ જઈ શકો, તમામ ભૌતિક સુખ સગવડ આપતો આનંદદાયક દિવસ.

## દશ મહાવિદ્યા સાધનામાં માતા બગલામુખી સાધના વાણીમાં સિદ્ધિ આપનારી છે

હાલ આપણે દશ મહાવિદ્યા વિષે વાત કરી રહ્યા છીએ અને તેમાં માતા ત્રિપુરાસુંદરી અને શ્રી વિદ્યા વિષે વાત કરી રહ્યા છીએ ત્યારે ઘણા મિત્ર કોર્ટ કચેરી અને શત્રુપીડા માટે પૂછતાં હોય છે તો અત્રે જણાવી દઉં કે શત્રુપીડા દૂર કરવા માટે અને નકારાત્મક ઉર્જા દૂર કરવા માટે માતા બગલામુખી આરાધના વિશેષ ફળદાયી રહે છે.આપણા શાસ્ત્રો અનુસાર દસ મહાવિદ્યાઓ આ સકળ બ્રહ્માંડની શકિતનો સાર છે. બગલામુખી આ દસ મહાવિદ્યાઓમાં સૌથી વધુ શકિતશાળી આઠમી મહાવિદ્યા ગણાય છે. તેને માતા પીતામ્બરા તરીકે પણ ઓળખાય છે. આ દેવી કોઈ પણ પ્રકારની નકારાત્મક ઉર્જા દૂર કરી શકે છે. શત્રુઓનો વિનાશ, વાકસિદ્ધિ, લડાઇ-ઝગડા, કોર્ટ કેસ વગેરેમાં વિજય પ્રાપ્ત કરવા કોઈ પણ પ્રકારના પ્રશ્નના ઉકેલ માટે માતાની સાધના અક્સિર સાબિત થાય છે. માતા પીતામ્બરા છે તેમની પૂજામાં હળદર અને કેસર નું વિશેષ મહત્વ છે વળી માતાનું કવચ અને મંત્ર કરવા માટે હળદરની માલા, પીળા વસ્ત્રો, પીળું આસાન અને પીળા રંગની મીઠાઈ પીળા ફળ ફૂલ લેવામાં આવે છે તથા માતાને એક સોનેરી પ્રકાશની ઉર્જામાં પ્રકાશ આપતા અનુભૂત કરવામાં આવે છે. માતાની આરાધના નિયમપૂર્વક અને શ્રદ્ધાથી કરવી જોઈએ તથા માતા પાસે કોઈ ખોટા કામની અપેક્ષા ના રાખવી જોઈએ. જીવનમાં આવતા અંતરાયો દૂર કરવામાં માતા સમુપર્ણ મદદ કરે છે પરંતુ સાધકનો આશય શુભ હોવો જોઈએ.



**જ્યોતિષાચાર્ય**
**રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૮-૦૫-૨૦૨૫ બુધવાર**
૧૨:૦૦ થી ૦૨:૨૦ ગુજરાતી મુવી (કમઠાણ)
૦૨:૨૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રસ મલાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (હેલ્ધી પ્રેગનેન્સી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૨૦ ગુજરાતી નાટક (સુંદર બે બાયડીવાળો)
૦૭:૨૦ થી ૦૭:૪૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૧૦ મનુ મોજીલો
૦૮:૧૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૯-૦૫-૨૦૨૫ ગુરુવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૨૯-૫-૨૦૨૫ ગુરૂવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** જેઠ શુદ ત્રીજ રંભાત્રીજ
**નક્ષત્ર** આર્દ્રા
**યોગ** શૂલ **કરણઃ** તેમિલ
**સુર્યોદય** ૬.04 **સુર્યાસ્તઃ** ૭.૨૫
**ચંદ્ર રાશી** મિથુન
**રાશિ અક્ષર** ક.છ.ઘ
**દિશાશૂળ** દક્ષિણ દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧.૩૦થી ૩
**દિવસનાચોઘડીયા** શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા** અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૭ થી ૧.૧૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | ૪ | ૮ |
| | ૮ | | ૪ | ૯ | | | | ૩ |
| | | | ૭ | | | | | |
| ૧ | | | ૮ | | | | | |
| | ૫ | | ૧ | | | | ૬ | |
| | ૬ | | | | | | ૭ | ૫ |
| ૩ | | ૯ | | ૮ | | | | |
| | | | | | ૪ | ૫ | | ૨ |
| | | ૨ | | ૩ | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૪ | ૧ | ૯ | ૫ | ૬ | ૩ | ૨ | ૭ |
| ૫ | ૩ | ૨ | ૮ | ૭ | ૧ | ૪ | ૯ | ૬ |
| ૭ | ૬ | ૯ | ૨ | ૪ | ૩ | ૧ | ૫ | ૮ |
| ૨ | ૮ | ૪ | ૬ | ૯ | ૫ | ૭ | ૩ | ૧ |
| ૩ | ૭ | ૬ | ૪ | ૧ | ૨ | ૫ | ૮ | ૯ |
| ૯ | ૧ | ૫ | ૩ | ૮ | ૭ | ૨ | ૬ | ૪ |
| ૧ | ૨ | ૩ | ૭ | ૬ | ૮ | ૯ | ૪ | ૫ |
| ૪ | ૫ | ૮ | ૧ | ૩ | ૯ | ૬ | ૭ | ૨ |
| ૬ | ૯ | ૭ | ૫ | ૨ | ૪ | ૮ | ૧ | ૩ |

# વર્ધમાનનગર સોસાયટીમાં ‘અશાંત ધારા’ હેઠળ પરપ્રાંતીય-વિધર્મીઓને પ્રવેશબંધી!!

## જૈન, વૈષ્ણવ અને હિન્દુ ધર્મના લોકો વસવાટ કરતા હોવાથી નોનવેજનું સેવન અને ગમે ત્યાં કચરો ફેંકવા જેવી પ્રવૃત્તિઓથી વિસ્તારનું વાતાવરણ બગડ્યું હોવાની ‘‘રાવ’’





તસવીરઃ અમિત વ્યાસ

**અબતક, રાજકોટ**

રાજકોટના પેલેસ રોડ પર આવેલી વર્ધમાન નગર સોસાયટીએ ’અશાંત ધારા’ અંતર્ગત પરપ્રાંતીય અને વિધર્મીઓને મકાન વેચાણ કે ભાડે આપવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ નિર્ણય સોસાયટીના એસોસિએશન દ્વારા લેવામાં આવ્યો છે, અને આ અંગેના બેનરો પણ લગાવવામાં આવ્યા છે.ર્ધમાન નગર, જ્યાં મુખ્યત્વે જૈન, વૈષ્ણવ અને હિન્દુ ધર્મના લોકો વસવાટ કરે છે, ત્યાં છેલ્લા કેટલાક સમયથી પરપ્રાંતીય અને વિધર્મીઓના આગમનથી સમસ્યાઓ સર્જાઈ હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. રહેવાસીઓના મતે, આવા લોકો દ્વારા નોન-વેજનું સેવન અને ગમે ત્યાં કચરો ફેંકવા જેવી પ્રવૃત્તિઓથી વિસ્તારનું વાતાવરણ બગડ્યું છે, જેના કારણે સ્થાનિકોને હાલાકી ભોગવવી પડી રહી છે. આ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને, સોસાયટી એસોસિએશને શાંતિપૂર્ણ માહોલ જાળવી રાખવા માટે આ કડક નિર્ણય લીધો છે. અગાઉ પણ વર્ધમાન નગર સોસાયટી દ્વારા તંત્ર સમક્ષ ’અશાંત ધારો’ લાગુ કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી. રાજકોટ શહેરભરમાં અનેક વિસ્તારોમાં તંત્ર દ્વારા ’અશાંત ધારો’ લાગુ કરવામાં આવ્યો છે, જેનો મુખ્ય હેતુ ચોક્કસ વિસ્તારોમાં વસ્તીના માળખામાં અચાનક અને અનિચ્છનીય ફેરફારોને રોકવાનો છે. આ ધારો લાગુ થતાં, મિલકતની ખરીદી કે વેચાણ પર કેટલાક નિયંત્રણો આવે છે, જેથી સ્થાનિક

(અનુ. આઠમા પાને)

### નોનવેજ અને કચરાના મુદ્દે વર્ધમાનનગરના રહીશો પરેશાનઃ મયુર સોની



વર્ધમાન નગર વિસ્તારના રહેવાસી મયુરભાઈ સોનીએ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે પેલેસ રોડ પર આવેલ વર્તમાન નગરમાં જૈન સમાજ તેમજ વૈષ્ણવ સમાજના લોકો મોટી સંખ્યામાં રહે છે જે ડુંગળી તેમજ લસણનો પણ ઉપયોગ કરતા નથી. ત્યારે થોડા સમયથી અહીં વિધરમાં તથા પરપ્રાંતિય લોકો વર્ધમાન નગરમાં રહેવા આવ્યા છે ત્યારથી તેના દ્વારા નોનવેજ આરોગવામાં આવે છે તેમજ તેનો કચરો ગમે ત્યાં ફેંકી દેવામાં આવે છે જે લેતાવાસીઓ માટે અસહ્ય છે તેમજ સાંજના સમયે મહિલાઓ ઘરની બહાર બેસતી હોય છે ત્યારે તેમને પણ ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે. જેથી કોઈ વિધર્મી કે પરપ્રાંતે લોકોને મકાન ન ફાળવવા માટે ના બેનરો સોસાયટીના અનેક જગ્યાઓ પર લગાવવામાં આવ્યા છે જેથી મકાન વેચનાર વ્યક્તિ ને ધ્યાનમાં રહે કે અહીં વિદ્યાર્થી લોકોને મકાન નાળવવા સૂચવવામાં આવ્યું છે સાથે જ અમે પહેલા પણ પણ રમેશભાઈ ટીલાળાને તથા કારખાના બાબતે દેવાંગભાઈ માખણને મળી ને અરજી કરેલી હતી ત્યારે અમારા લેતાવાસીઓ ની માંગ છે કે અમારા વિસ્તારમાં લાગુ કરવામાં આવે તે માટે તંત્રને લેખિત અરજી કરીશું.

# ‘અપાર’ આઈડીની કામગીરી પર બ્રેકઃ રાજકોટ સહિત રાજયભરના વિદ્યાર્થીઓને અસર

## એમએચઆરડીનુ પોર્ટલ બંધ થતા કામગીરી અટકી, પોર્ટલ બંધ થવાનું સત્તાવાર કારણ અકબંધ

**અબતક, રાજકોટ**

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા ‘‘વન નેશન વન સ્ટુડન્ટ આઈડી‘‘ કાર્યક્રમ હેઠળ વિદ્યાર્થીઓ માટે ફરજિયાત બનાવવામાં આવેલું અપાર આઈડી હાલ વિવાદમાં સપડાયું છે. આ આઈડેન્ટિફિકેશન નંબર દેશભરના વિદ્યાર્થીઓની ધોરણ ૧ થી ઉચ્ચ શિક્ષણ સુધીની તમામ શૈક્ષણિક વિગતોને ડિજિલોકરની જેમ ‘‘એજ્યુલોકર‘‘ માં સુરક્ષિત રાખવાનું કામ કરે છે. ઓટોમેટેડ પરમેનન્ટ એકેડેમિક એકાઉન્ટ રજિસ્ટ્રી આઈડી માં દેશભરના તમામ વિદ્યાર્થીઓને એક આઈડેન્ટિફિકેશન નંબર આપવામાં આવે છે, જે આપણું પોતાનું દસ્તાવેજોનું ડીજી લોકરમાં સચવાય છે તે રીતે વિદ્યાર્થીઓનું એક પ્રકારનું એજ્યુ લોકર છે. મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ વિભાગ દ્વારા અપાર આઈડી જનરેટ કરવા માટેનું પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે, જેમાં વિદ્યાર્થીઓના અભ્યાસના સમયગાળા દરમિયાનની તમામ વિગતો આવરી લેવામાં આવે છે.

જોકે, અપાર આઈડી માટેનું મંત્રાલયનું પોર્ટલ બંધ થતાં રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં આ કામગીરી સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે, જેના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતાનો માહોલ છે.




અપાર આઈડી કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય શૈક્ષણિક પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાનો અને વિદ્યાર્થીઓના ડેટાને એક જ પ્લેટફોર્મ પર કેન્દ્રીયકૃત કરવાનો છે. આ ૧૨ અંકનો અનન્ય આઈડેન્ટિફિકેશન નંબર વિદ્યાર્થીઓની ડિજિટલ ઓળખ તરીકે કામ કરે છે અને તેમને કેન્દ્રીયકૃત શૈક્ષણિક રેકોર્ડ, ડેટા પોર્ટેબિલિટી, અને શૈક્ષણિક પ્રમાણપત્રોની સરળ ચકાસણી જેવા અનેક રીતે મદદરૂપ થાય છે.

ગુજરાતમાં અપાર આઈડી જનરેટ કરવાની કામગીરી છેલ્લા એક વર્ષથી ચાલી રહી છે, જેમાં રાજ્યભરમાં અત્યાર સુધીમાં ૫૮.૦૨% કામગીરી પૂર્ણ થઈ છે. ખાસ કરીને રાજકોટ જિલ્લાએ આ કામગીરીમાં સારો દેખાવ કર્યો હતો, જ્યાં કુલ ૫,૭૦,૩૮૯ વિદ્યાર્થીઓ પૈકી ૩,૯૭,૦૨૨ અપાર આઈડી જનરેટ કરવામાં આવ્યા હતા, જે ૬૮.૭૧% કામગીરી દર્શાવે છે. રાજકોટ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પણ નોંધપાત્ર પ્રગતિ જોવા મળી હતી. ધોરાજીમાં ૮૩.૩૪%, જેતપુરમાં ૭૯.૦૯%



અને ઉપલેટામાં ૭૦.૯૧% અપાર આઈડી જનરેટ થયા હતા. રાજકોટ કોર્પોરેશન વિસ્તારમાં પણ ૭૦.૫૮% કામગીરી પૂર્ણ થઈ હતી, જ્યારે ગોંડલમાં ૬૨.૧૮%, જસદણમાં ૭૧.૩૪%, કોટડાસાંગાણીમાં ૬૫.૩૪%, લોધિકામાં ૬૦.૪૩%, પડધરીમાં ૬૨.૩૧%, રાજકોટ તાલુકામાં ૬૬.૩૪% અને વીંછિયામાં ૫૯.૬૧% કામગીરી થઈ હતી.

જોકે, અપાર આઈડી જનરેટ કરવાની આટલી સુચારુ કામગીરી અચાનક ઠપ્પ થઈ ગઈ છે. આ પાછળનું એકમાત્ર કારણ એ છે કે અપાર આઈડી માટેનું પોર્ટલ બંધ છે. પોર્ટલ શા માટે બંધ કરવામાં આવ્યું છે, તેનું કોઈ સ્પષ્ટ કે સત્તાવાર કારણ હજુ સુધી સામે આવ્યું નથી.

રાજકોટ સહિત સમગ્ર રાજ્યના વિદ્યાર્થીઓ, વાલીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં આ અનિશ્ચિતતાએ ચિંતાનો વિષય બનાવ્યો છે. જો આ પ્રક્રિયા લાંબા સમય સુધી અટકેલી રહેશે તો ભવિષ્યમાં શૈક્ષણિક રેકોર્ડના સંચાલનમાં અને વિદ્યાર્થીઓના ડેટા પોર્ટેબિલિટીમા મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે. શિક્ષણ મંત્રાલય દ્વારા આ મુદ્દે તાત્કાલિક સ્પષ્ટતા કરવામાં આવે અને પોર્ટલ ફરી શરૂ કરવામાં આવે તે અત્યંત આવશ્યક છે, જેથી રાજકોટ અને અન્ય સ્થળોના વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્ય પર કોઈ નકારાત્મક અસર ન પડે.

# એર માર્શલ નગેશ કપૂરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત લીધી

## ભારતીય વાયુ સેનાનું સ્મૃતિચિન્હ પણ તેમને અર્પણ કરવામાં આવ્યું હતું



**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ઈન્ડિયન એરફોર્સના સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડના એર ઓફિસર કમાન્ડિંગ ઈન ચીફ એર માર્શલ શ્રી નગેશ કપૂરે ગાંધીનગરમાં લીધી હતી. એર માર્શલ નગેશ કપૂરે તાજેતરમાં ગાંધીનગર સ્થિત એસડબલ્યુએસી ખાતે એર ઓફિસર કમાન્ડિંગ ઈન ચીફનો કાર્યભાર સંભાળ્યો છે. ભારતીય વાયુસેનામાં જુદા જુદા પદ પર તેઓ સેવા આપી ચૂક્યા છે અને તા. ૧ મે ૨૦૨૫થી સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડના એર ઓફિસર કમાન્ડિંગ ઈન ચીફ તરીકે નિયુક્ત થયા છે.નગેશ કપૂર ૧૯૮૬માં ભારતીય વાયુસેનામાં જોડાયા છે અને ૩૮ વર્ષના સુદીર્ઘ સેવાકાળ દરમિયાન તેઓ મિગ-૨૧ અને મિગ-૨૪ સહિતના વિવિધ યુદ્ધ અને તાલીમી વિમાન નો કુલ ૩૪૦૦ કલાક થી વધુ સમયના ઉડ્ડયનનો બહોળો અનુભવ ધરાવે છે. તેમની સેવાઓની પ્રશંસા રૂપે ૨૦૦૮માં વાયુસેના મેડલ, ૨૦૨૨માં અતિ વિશિષ્ટ સેવા મેડલ અને ૨૦૨૫ માં પરમ વિશિષ્ટ સેવા મેડલથી તેમને સન્માનિત કરવામાં આવેલા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે એર માર્શલનગેશ કપૂરે શુભેચ્છા-સૌજન્ય મુલાકાત કરીને ભારતીય વાયુ સેનાનું સ્મૃતિચિન્હ પણ તેમને અર્પણ કર્યું હતું.

# નેક વગરની કોલેજોના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ બંધ કરતા એનએસયુઆઈએ સરકાર સામે મોરચો માંડ્યો

## આ નિર્ણય તાત્કાલિક અસરથી દૂર ન કરાય તો વિદ્યાર્થીઓ અને વાલીઓને સાથે રાખીને એનએસયુઆઇ ગાંધી ચીંધયા માર્ગે આંદોલન કરશે

**અબતક, રાજકોટ**

ભારત સરકારની પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપનો લાભ મેળવી અનુસૂચિત જાતિનાં વિદ્યાર્થીઓ ગુજરાતની અલગ અલગ કોલેજો અને યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરી રહ્યા છે. પરંતુ તાજેતરમાં જ સમાજ કલ્યાણ કચેરી દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને એક પત્ર પાઠવીને જાણ કરવામાં આવી છે કે ભારત સરકારની પોસ્ટમેટ્રિક


તસવીરઃ શૈલેષ વાડોલિયા



શિષ્યવૃત્તિ માટે કોલેજ યુનિવર્સિટીનું નેક એક્રેડિટેશન ફરજિયાત હશે અને તેવી જ રીતે સ્વનિર્ભર કોલેજોમાં કે યુનિવર્સિટીઓમાં જેનો પ્રવેશ હશે તેમને જ સ્કોલરશીપનો લાભ મળશે.

આ બાબતે એનએસયુઆઈએ શિક્ષણ વિભાગને સીધો સવાલ કર્યો છે કે યુનિવર્સિટી દ્વારા આવી કોલેજોને કે જેની પાસે નેક એક્રેડીટેશન નથી તેવી કોલેજોને માન્યતા જ શા માટે આપવી જોઈએ? વિદ્યાર્થી કોઈપણ સેલ્ફાઈનલ કોલેજમાં પ્રવેશ મેળવે એની ગુણવત્તા અને માન્યતા ચકાસવાની જવાબદારી શિક્ષણ વિભાગની અને જે તે યુનિવર્સિટીઓની છે, નહીં કે વિદ્યાર્થીઓની અને આવા કારણોસર કોઈપણ વિદ્યાર્થીને સ્કોલરશીપના લાભથી વંચિત રાખી શકાય નહી અને એમનો અધિકાર છીનવી શકાય નહીં એનએસયુઆઈએ આ બાબતે આરોપ લગાવ્યો છે કે આ તો આડકતરી રીતે વિદ્યાર્થીઓની સ્કોલરશીપ બંધ કરવાનો કારસો અને સુનિયોજિત ષડયંત્રનો જ એક ભાગ હોય એવું જણાય છે! આ બાબત કોઈ પણ ભોગે

(અનુ. આઠમા પાને)

# ગેમિંગની દુનિયાને ગુજરાતનો રંગઃ ભાતીગળ સંસ્કૃતિને જીવંત કરતું યુવા ઉદ્યમીનું ગેમિંગ સ્ટાર્ટઅપ

## કેન્દ્ર સરકારની ‘આત્મનિર્ભર ભારત એપ ઈનોવેશન ચેલેન્જ-૨૦૨૦’માં દ્વિતીય ક્રમે

## જેમિશ લખાણી વિદેશી ગેમ્સને દેશી લૂક ધરાવતા પાત્રો સાથે ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિને ‘સ્કારફોલ’માં રિપ્રેઝન્ટ કરીઃ દરેક ગુજરાતીને પોતીકી લાગે એવી મલ્ટીપ્લેયર શુટિંગ ગેમ એપને મળ્યા ૩૫ મિલિયન ડાઉનલોડ





**અબતક, રાજકોટ**

મોબાઈલમાં ગેમ રમવી એ આબાલવૃદ્ધ સૌને પ્રિય હોય છે. આપણે જીવનમાં ક્યારેક ને ક્યારેક કેન્ડી ક્રશ, પઝલ્સ, બેટલ ફિલ્ડ, કાર રેસ જેવી મોબાઈલ રમી જ હશે. કીપેડ મોબાઈલમાં સ્નેક એન્ડ લેડર ગેમ્સ રમવાનો આનંદ આપણે સૌએ અચૂક લીધો છે. ઈન્ટરનેટ અને ડિજિટલ વર્લ્ડના વધતા પ્રભાવ વચ્ચે ગેમિંગનો નાનકડો શોખ આજે વિશાળ ઈન્ડસ્ટ્રીઝમાં પરિવર્તિત થયો છે. આજે લાખો લોકોને રોજગારી આપતી ગેમિંગ ઈન્ડસ્ટ્રી એક ગતિશીલ, સતત વિકસતું ક્ષેત્ર અને મનોરંજન, ટેકનોલોજી અને સર્જનાત્મકતાનું સંમિશ્રણ બન્યું છે. હવે આધુનિક વિશ્વની ક્લાઉડ ગેમિંગ, વર્ચ્યુઅલ અને ઓગમેન્ટેડ રિયાલિટી ગેમ્સનો યુગ પણ આવી ગયો છે. ડિજિટલ પ્લેટફોર્મ્સ પર જોવા મળતી મહત્તમ ગેમ્સ વિદેશી ટેક કંપનીઓ બનાવે છે, ત્યારે સુરતના યુવા ટેકસેવી ઉદ્યોગકાર જેમિશ લખાણી વિદેશી ગેમ્સને ટક્કર મારે એવી બેટલ રોયલ સ્ટાઈલની ‘સ્કારફોલ- ધ રોયલ કોમ્બેટ’ નામની સ્વદેશી ગેમિંગ એપ બનાવી વિદેશની જાયન્ટ ટેક કંપનીઓ સાથે હરિફાઈ કરી રહ્યા છે. એટલું જ નહીં, ‘સ્કારફોલ’માં દેશી લૂક સાથેના પાત્રોનું સર્જન કર્યું છે, જેમાં ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિને વણી લીધી છે. દરેક ગુજરાતીને પોતીકી લાગે એવી અહ મલ્ટીપ્લેયર શુટિંગની ગેમ એપ બનાવીને ગ્રામીણ સંસ્કૃતિ, ભાતીગળ પહેરવેશ, છકડો, ધોતિયું, પાઘડી, ભરતકામ સાથે રજવાડી આઉટફીટ, સાડી પહેરેલા પાત્રોનું સર્જન કર્યું છે. કેન્દ્ર સરકારની ‘ડિજીટલ ઈન્ડિયા આત્મનિર્ભર ભારત એપ ઈનોવેશન ચેલેન્જ-૨૦૨૦’માં દ્વિતીય ક્રમ મેળવ્યો હતો, ઉપરાંત ટેકઈન્ડિયા દ્વારા વર્ષ ૨૦૨૧ના શ્રેષ્ઠ ટેક સ્ટાર્ટઅપ વિજેતા બની હતી બાળપણથી મોબાઈલ, કમ્પ્યુટરમાં ગેમ રમવાના શોખીન એવા સુરતના યુવાન જેમિશ લખાણી મૂળ ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકાના જૂના રતનપુર ગામના વતની છે. તેમણે યુવાનવયે ગેમિંગ ઈન્ડસ્ટ્રીઝમાં આવનારી તકોને પારખી લીધી અને શોખને જ કારકિર્દી બનાવવાનો નિર્ણય કર્યો. એસએસક્યુયુએડીએસના સી.ઈ.ઓ. જેમિશ લખાણીએ સ્ટાર્ટ અપ અને સફળતાની યાત્રા વિષે જણાવ્યું કે, કોલેજમાં



(અનુ. આઠમા પાને)

# સમુહલગ્ન સમયની માંગ અને સમાજ માટે વરદાન: વ્રજરાજકુમારજી

## કડવા પાટીદાર આયોજીત ઉમા સારથી ફાઉન્ડેશનના 'પ્રીતનું પાતેનર' લગ્નોત્સવમાં ૨૫ યુગલોએ પ્રભુતામાં પગલા પાડયા





### સમુહલગ્નના વિચારનો બીજ આજે વટવૃક્ષ બન્યું: સંચાલક જયોતિબેન ટીલવા

**અબતક, રાજકોટ**

ઉમા સારથી ફાઉન્ડેશન દ્વારા રાધિકા ફોર્મ, પરસાણા ચોક ૧૫૦ ફુટ રીંગ રોડ ખાતે સૌરાષ્ટ્રનો સૌપ્રથમ કડવા પાટીદાર દ્વારા જાજરમાન આયોજન એવું ' પ્રીતનું પાનેતર - ૨૦૨૫ ' હેઠળ સમૂહ લગ્નનો ભવ્ય આયોજન કરવામાં આવેલ. આ સમૂહ લગ્નમાં ૨૫ નવદંપતીઓએ સંસારના મંગલમય પથ પર સાથે રહેવાનો સંકલ્પ કરીને સહજીવનની નવી યાત્રાનો શુભારંભ કર્યો હતો.

આ રૂડા અવસરે નવદંપતીઓને આશીર્વાદ પાઠવવા પૂ. વ્રજરજકુમારજી મહારાજ , પ. પૂ (ડો) સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજી, કોઠારી વિ વિ વેક સાગરદાસજી સ્વામી, શાસ્ત્રી રાધા રમણદાસજી સ્વામી, ભગવતા આચાર્ય શાસ્ત્રીજી નિખિલભાઈ જોશી, સહિતના સંતો મહંતો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ આ સમૂહ લગ્નમાં પ્રભુતામાં પગલાં પાડી રહેલા નવદંપતીઓને શુભેચ્છા પાઠવવા સંસદ પરસોત્તમ રૂપાલા , ધારાસભ્ય રમેશભાઈ ટીલાડા, ડો . દર્શિતાબેન શાહ, શહેર ભાજપના હોદ્દેદારો, શહેરના કોપોરેટરઓ, સમાજના આગેવાનો મૌલેશભાઈ ઉકાણી, નિલેશભાઈ ધુલેયા, જગદીશભાઈ કોટડીયા, સિલાલભાઈ આદ્રોજા, નંદલાલભાઈ માંડવીયા, રાજનભાઈ વડાલીયા, જીવનભાઈ વડાલીયા, ચંદુભાઈ ખાનપરા, કિરીટભાઈ આદ્રોજા, ડો.ચેતન ડઢાણીયા , જયેશભાઈ પટેલ, ગૌતમભાઈ ધમસાણીયા, સોનલબેન ઉકાણી, ભાવનાબેન કોટડીયા, નિશાબેન વડાલીય, વિવિધ સંસ્થાના આગેવાનો, દાતાઓ, બ્હોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને પ્રભુતામાં પગલા પાડી રહેલા નવદંપતીઓને આશિવચન પાઠવેલ હતા. આ સમૂહ લગ્નમાં શુભેચ્છક સંસ્થાઓ ઉમિયા માતાજી મંદિર સીદસર, સી પટેલ સભા સમાજ રાજકોટ, ઉમિયા સેવા પ્રગતિ મંડળ ટ્રસ્ટ, ઉમિયા યુવા ચેરીટેબલ ટ્રસ્ટ, ઉમિયા કડવા પાટીદાર સમાજ, ઉમિયા પદયાત્રી પરિવાર, ક્લબ યુવી, ઉમિયા યુવા ફાઉન્ડેશન, કે.પી.એસ ક્લબ, ઉમર ઉમા યુ.કે., યુવા ગ્રુપ, ઉમા સારથી ફાઉન્ડેશનએ પોતાનું યોગદાન આપ્યું હતું. આ આ સમૂહ લગ્નમાં ઉમા સાચી ફાઉન્ડેશન દ્વારા તમામ દીકરીઓને કરિયાવરમાં

ચણિયા ચોળી, ડ્રેસ, વુડન કબાટ, વુડન બેડ,,ટીપોઈ, ટી.વી , ફ્રીજ, ડબલ બેડ ગાદલું સહિત કુલ ૯૬ ચીજ વસ્તુઓ આપવામાં આવી હતી.

આ સમૂહ લગ્નોત્સવ કાર્યક્રમનો પ્રારંભ ઉપસ્થિત અગ્રણીઓના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંત મહંતો અને વિવિધ સંસ્થાના અને દરેક સમાજ જ્ઞાતિના



(અનુ. આઠમા પાને)

# વીર સાવરકરની જન્મજયંતિ નિમિતે પુષ્પાંજલી અર્પણ કરતા કોર્પોરેશનના પદાધિકારીઓ

## મેયર નયનાબેન પેઢીયા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ સહિતના હોદેદારો ઉપસ્થિત રહ્યા



**અબતક, રાજકોટ**

વીર સાવરકરનો જન્મ તા.૨૮ મે ૧૮૮૩ના રોજ નાસિકમાં એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમનું આખું નામ વિનાયક દામોદર સાવરકર છે. વીર સાવરકર ભારતીય સ્વતંત્રતા આંદોલનના અગ્રિમ સેનાની અને મુખ્ય રાષ્ટ્રવાદી નેતા હતા. તે વિશ્વભરના ક્રાતિકારીઓમાં અદ્વિતીય હતા. તેમના નામ જ ભારતીય ક્રાંતિકારીઓ માટે તેમના સંદેશ હતો.

વર્ષ ૧૯૨૨માં રત્નાગિરીમાં બંધક રહીને હિન્દુ રાષ્ટ્રવાદી રાજકીય વિચારધારા હિન્દુત્વનો વિકાસ કર્યો. તેઓ હિન્દુ મહાસભામાં એક અગ્રણી વ્યક્તિ હતા. ચિત્રગુપ્તના ઉપનામ હેઠળ પોતાનું જીવનચરિત્ર લખતી વખતે ''વીર'' ઉપસર્ગ તેમણે પોતે જ આપ્યો છે. સાવરકર તેમની બહાદુરીના કારણે વીર સાવરકર તરીકે ઓળખાતા હતા. એક મહાન ક્રાંતિકારી, ઈતિહાસકાર, સમાજ સુધારક, વિચારક, સાહિત્યકાર અને લેખક એવા વીર સાવરકરજીની ૧૪૨-મી જન્મ જયંતિ નિમિતે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે ઈન્ડોર સ્ટેડીયમ, રેસકોર્ષ ખાતે આવેલ પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ. આ પુષ્પાંજલી અર્પણ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ, હોદેદારો તથા મહાનુભાવો દ્વારા શ્રી વીર સાવરકરજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી, મસ્તક નમન અને પ્રણામ કરવામાં આવ્યા હતા.

આ પુષ્પાંજલી કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, શાસક પક્ષ નેતા

(અનુ. આઠમા પાને)

# રાજકોટ જિલ્લા પેન્શનર્સ સમાજના નવા હોદેદારોની વરણી

## હારિતસિંહ જાડેજા પ્રમુખ અને લક્ષ્મણ કાનગડની ઉપપ્રમુખ તરીકે બીનહરીફ વરણી







**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા પેન્શનર્સ અને સિનીયર સીટીઝન સમાજની કારોબારી બેઠકમાં આગામી સમય માટે નવી કારોબારીની રચના કરવામાં આવી છે. જેમાં હારિતસિંહ જાડેજા પ્રમુખ, એમ.પી. મહેતા મહામંત્રી, લક્ષ્મણભાઈ કાનગડ ઉપપ્રમુખ, ભગુભાઈ ચૌહાણ ઉપપ્રમુખ, હરીભાઈ વેકરીયા, ખજાનચી, પિયુષભાઈ હિન્ડોચા, વિશેષ આમંત્રિત તથા સામુહિક માદયમોના કન્વીનર સંજય પરમાર સંગઠન મંત્રી, હર્ષાબેન ભટ્ટ સહમંત્રી, કિશોરભાઈ જોશી સહમંત્રી તરીકે સર્વ સમતિથી બીનહરીફ વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત વિશેષ આમંત્રિત તરીકે જેતપુરના રામભાઈ આહિર, ઉપલેટાના વલ્લભભાઈ સેલારકા તથા એમ.એ. પંજાને સલાહકાર તરીકે નિમણુંક આપવામાં આવી છે.

આ સંસ્થાનો મુખ્ય હેતુ અને ઉદેશ સમાજના નિવૃત થયેલા સભ્યો માટે આયુષ્યમાન કાર્ડ, હૈયાતીની ખરાઈ માટેની ડિજીટલ પદ્ધતિ, ટુંકા પ્રવાસ, સંસ્થાની નવી કચેરી માટેની માંગણી, સંગીત કાર્યક્રમો, વયોવંદના કાર્યક્રમ વિગેરે જેવા અનેક કાર્યક્રમોની સાથે રાજય સરકારમાં પડતર અનેક વિવિધ પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવવા માટેના પ્રયત્નો સામુહિક રજુઆત કરી નિકાલ કરવાનો છે.

સંસ્થામાં કુલ ૩૫ જેટલા કારોબારીમાં હોદેદારો સિવાય ૨૬ જેટલા તમામ તાલુકાના પ્રમુખો અને અન્ય પેન્શનર્સને સ્થાન આપવામાં આવ્યું છે.

આગામી વર્ષ માટે સભ્ય નોંધણી ચાલ હોય જેમની ઈચ્છા હોય તે સવારે ૧૦ થી ૧૨ એમ.પી. મહેતા મો. નં. ૯૪૦૪૨૫૩૯૧૧ અનેસાંજે ૫ થી ૭ દરમિયાન ભગુભાઈ ચૌહાણ મો. નં. ૯૨૨૮૪ ૮૫૭૦૨ ભાવનગરનો ઉતારો નશાબંધી ઓફીસ નજીક, રાજકોટના સંપર્ક કરવો. પેન્શનને લગતા પ્રશ્નો અને માહીતી માટેપિયુષ હિન્ડોચા મો. નં. ૯૪૨૮૪ ૬૫૯૮૭ નો સંપર્ક કરવા જણાવેલ છે.

# નેત્રચિકિત્સા ક્ષેત્રે યોગદાન આપનાર ડો. બુધેન્દ્રકુમાર જૈનને રાષ્ટ્રપતિના હસ્તે પદ્મશ્રી પુરસ્કર એનાયત

## રણછોડદાસજી મહારાજના નેત્ર સેવાકાર્યોને સમર્પિત કરી સેવાની ધુણી ધખાવી રહ્યાં છે



**અબતક, રાજકોટ**

સામાજિક સેવા અને ગ્રામ્ય નેત્રચિકિત્સાના ક્ષેત્રમાં અનોખું યોગદાન આપનાર પ્રસિદ્ધ નેત્રરોગ ચિકિત્સક અને સેવાભાવી ડો. બુધેન્દ્રકુમાર જૈનને આજે ભારત સરકાર તરફથી પદ્મશ્રી પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે. આ પુરસ્કાર ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હીમાં યોજાયેલા પદ્મ પુરસ્કાર વિતરણ સમારોહમાં આપવામાં આવ્યો હતો.

ડો. જૈનને આ પુરસ્કાર છેલ્લા પાંચ દાયકાથી અંધત્વ નિવારણ, નેત્ર ચિકિત્સા અને ગ્રામ્ય આરોગ્ય ક્ષેત્રે તેમની અસાધારણ સેવાઓ બદલ આપવામાં આવ્યો છે. તેઓ મધ્ય પ્રદેશના ચિત્રકૂટ ખાતે આવેલ સદગુરુ નેત્ર ચિકિત્સાલયના નિર્દેશક તરીકે સેવા આપી રહ્યા છે. તેમના નેતૃત્વ હેઠળ આ સંસ્થા એક નાનકડા નેત્ર શિબિરથી વિકસીને આજે વિશ્વના અગ્રણી નેત્ર સારવાર કેન્દ્રોમાં સ્થાન પામ્યું છે, જ્યાં દર વર્ષે લગભગ ૧.૭૦ લાખથી વધુ આંખો ના ઓપરેશન સફળતાપૂર્વક થાય છે, જેમાંથી મોટાભાગની નિ:શુલ્ક કે ઘણાં રિયાયતી દરે કરવામાં આવે છે.

ડો. જૈનએ તેમનું સમગ્ર જીવન સંત રણછોડદાસજી મહારાજના માનવ સેવા, કરુણા અને નેત્ર સેવાના સંકલ્પને સમર્પિત કર્યું છે. તેમણે ખાતરી કરી છે કે સમાજના સૌથી વંચિત અને જરૂરિયાતમંદ વર્ગ સુધી પણ ગુણવત્તાસભર, સસ્તી અને સરળ નેત્રચિકિત્સા સેવાઓ પહોંચે. તેમના દ્રષ્ટિકોણ અને સતત પ્રયત્નોના પરિણામે, આજે સદગુરુ નેત્ર ચિકિત્સાલય વૈશ્વિક કક્ષાનું સારવારનું છે, જેમાં નેત્ર ચિકિત્સા, ઓપ્ટોમેટ્રિસ્ટ્સ, નર્સેસ અને આરોગ્ય કાર્યકરો માટે એક મહત્વપૂર્ણ ટ્રેનિંગ કેન્દ્ર પણ બની ગયું છે.

પુરસ્કાર અંગે પ્રતિભાવ આપતાં ડો. જૈનએ કહ્યું: આ પુરસ્કાર માત્ર મારો નથી, પણ તે સમગ્ર મારી ટીમનો છે જે નિ:સ્વાર્થ ભાવથી સેવા કરી રહી છે. આ માન સદગુરુ સંસ્થાના સ્થાપક ગુરુદેવના રણછોડદાસજી મહારાજ દિવ્ય વિઝનને અને દરેક તે વ્યક્તિને સમર્પિત છે, જેમણે સ્વપન જોયું હતું કે ગુણવત્તાસભર આરોગ્યસેવા દરેક માનવીનો અધિકાર હોવો જોઈએ. હું આ પુરસ્કાર લાખો નેત્રદર્દીઓને સમર્પિત કરું છું, જેમણે છેલ્લા ૫૫ વર્ષથી મારે પર વિશ્વાસ મૂક્યો અને સેવા માટે અવસર આપ્યો.

તેમણે આ સિદ્ધિ માટે ટ્રસ્ટના

(અનુ. આઠમા પાને)

# જ્યુબિલી બાગને પ્લાસ્ટિક મુક્ત કરતાં સફાઈ કર્મીઓ

**અબતક, રાજકોટ**

પર્યાવરણ દિવસની ઉજવણી નિમિતે દેશભરમાં 'પ્લાસ્ટિક મુક્ત અભિયાન' ચાલી રહ્યું છે. ત્યારે રાજકોટ શહેરનું પ્રખ્યાત અને ઐતીહાસિક મહત્વ ધરાવતાં જ્યુબિલી બાગને સ્વચ્છ બનાવવા ઝુંબેશ હાથ ધરાઈ છે. આ જ્યુબિલી બાગમાં પ્રાદેશિક માહિતી કચેરી, રોશની શાખા,વોટસન મ્યુઝીયમ, પુરાતત્વ વિભાગની કચેરી, બેન્ડ સ્ટેન્ડ, લેંગ લાઈબ્રેરી, ફલડ શાખા, ચબુતરો, બગીચાનો વિસ્તાર સ્વચ્છ અને સુઘડ રહે તે માટે છે. સફાઈ કર્મીઓ દ્વારા પ્લાસ્ટિક અને અન્ય કચરાઓને દુર કરીને સાફ સફાઈ કરવામાં આવી હતી



# વીવીપીના પાસ આઉટ કેમિકલ એન્જિનિયર્સ દેશ-વિદેશની કંપનીઓમાં સેવા આપે છે: પિયુષ વણઝારા

## ભારતની કેમીકલ ઈન્ડસ્ટ્રીઝ વિશ્વમાં છઠ્ઠા ક્રમે, ગુજરાત દેશમાં કેમિકલ ઈન્ડસ્ટ્રીઝનું હબ



**અબતક, રાજકોટ**

આજે રૂપિયા ૧૦,૦૦૦ કરોડ કરતાં પણ વધારે વેલ્યૂએશન ધરાવતી એપીગ્રલ લિમિટેડ અને મેઘમણી ઓર્ગેનિકસ લિમિટેડ કંપનીઓ નાં મેનેજીંગ ડિરેક્ટર આશિષ સોપારકર અને ચેરમેન જયંતિભાઈ પટેલ, આશિષ સોપારકરના જણાવ્યા પ્રમાણે ભારત જેવા વિકાસશીલ દેશની પ્રગતિમાં કેમિકલ એન્જીનિયરીંગનો ફાળો ખૂબજ મહત્વનો હોય છે. ભારત ની કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ એશિયામાં ત્રીજો અને વિશ્વમાં છઠ્ઠો ક્રમ ધરાવે છે. અને ગુજરાત ખરા અર્થમાં ભારતની કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ નું હબ છે. કેમ કે ભારતનાં કુલ કેમિકલ ઉત્પાદનમાં ૪૧% હિસ્સો એકલાં ગુજરાતનો છે

કેમિકલ એન્જીનિયર અને સ્ટાર્ટ અપ ઈન્વેસ્ટર વિશાલભાઈ સરવૈયાનાં જણાવ્યા પ્રમાણે કેમિકલ એન્જીનિયર્સ માટે પેટ્રોકેમિકલ્સ, ડાઈઝ એન્ડ પિગમેન્ટ્સ, પેપર એન્ડ પલ્પ સહિતના ક્ષેત્રોમાં પુષ્કળ તકો રહેલી છે.

વી.વી.પી. એન્જીનિયરીંગ કોલેજ તથા એમ.એસ. યુનિવર્સિટીના ગોલ્ડ મેડાલીસ્ટ તેમ જ વી.વી.પી. ની પ્રથમ બેચના ઍલ્યુમની એવાં ડો. પિયુષભાઈ વણઝારા કેમિકલ એન્જીનિયરીંગનાં પ્રોફેસર તરીકે છેલ્લા ૨૪ વર્ષથી તથા વી.વી.પી. એન્જીનિયરીંગ કોલેજનાં પ્રિન્સીપાલ તરીકે હાલ માં કાર્યરત છે. ડો. પિયુષભાઈ વણઝારાનાં જણાવ્યા પ્રમાણે વીવીપીનાં પાસ-આઉટ કેમિકલ એન્જીનિયર્સ દેશની નામાંકિત ઈન્ડસ્ટ્રીઝ જેવી કે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, નયારા એનર્જી, ટાટા કેમિકલ્સ, નિરમા ઈન્ડસ્ટ્રીઝ, આર.એસ.પી.એલ., ટાટા કન્સલ્ટન્સી સર્વિસીઝ વગેરે તેમજ વિદેશની નામાંકિત ઈન્ડસ્ટ્રીઝ જેવી કે યુઓપી, લિન્ડે, એબીબી, શેલ, પેટ્રોફેક, કેબીઆર વગેરે માં દુનિયાનાં ખૂણે ખૂણે પોતાની સેવા આપી રહ્યા છે.

આઈ. આઈ. ટી. ખડગપુરથી પ્રથમ ક્રમાંક સાથે કેમિકલ એન્જીનિયરીંગની માસ્ટર ડિગ્રી તેમ જ યંગ રિસર્ચરનો એવોર્ડ પ્રાપ્ત કરનાર ડો. વ્યોમેશ પરસાણા વી.વી.પી. એન્જીનિયરીંગ કોલેજમાં કેમિકલ ઈજનેરી વિભાગનાં હેડ છે અને છેલ્લા ૨૧ વર્ષથી કોલેજમાં કાર્યરત છે. ટાટા કેમિકલ્સ, મીઠાપુર ખાતે પોતાની સેવા આપી ચૂકેલ ડો. વ્યોમેશ પરસાણાનાં જણાવ્યા મુજબ કોઈ પણ ઈન્ડસ્ટ્રીઝમાં બધાં ઈજનેરોની જરૂર પડતી હોય છે પણ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝમાં કેમિકલ ઈજનેર કી-પોઝીશન ધરાવે છે.

# ગુરૂ ખાલીને ભરી દે, તોય તેમની પાસે કઇ ઘટે નહિ: પૂ. બાપુ

## માનસ નાલંદા વિશ્વ વિદ્યાલય ખાતે રામકથાના ચોથા દિવસે મોરારિબાપુએ આસુરી તત્વના નિર્વાણ અને સભ્યતાની સુરક્ષા માટે શસ્ત્રો જરૂરી ગણાવ્યા

**અબતક, રાજકોટ**

''માનસ નાલંદા વિશ્વવિદ્યાલય'' ના ચોથા દિવસના સંવાદમાં પૂજ્ય બાપુએ કહ્યું કે કથાની બે કેન્દ્રીય ચોપાઈઓ પૈકી પ્રથમ ચોપાઈમાં વશિષ્ઠજીની યુનિવર્સિટીનો સંકેત છે, જ્યારે બીજી ચોપાઈમાં વાલ્મિકીજીની યુનિવર્સિટીનો સંકેત સમાયેલો છે. વસિષ્ઠજીના વિદ્યાલયમાં રામ ગયા અને બધી જ વિદ્યા તેમનામાં સમાઈ ગઈ. વશિષ્ઠજીની યુનિવર્સિટીનો એ સ્વભાવ છે કે શિષ્ય ગુરુને જુએ અને ગુરુમાં રહેલી બધી જ વિદ્યા શિષ્યમાં સમાઈ જાય!

ગુરુ, શિષ્યમાં પોતાની જાતને પૂરી રીતે ઉતારી દે છે. એ માટે શિષ્યમાં ચાર વસ્તુ હોવી જરૂરી છે. પહેલું આર્ત ભાવ. શિષ્ય આર્ત હોવો જોઈએ. એનાં હૃદયમાંથી ચીખ-એક પોકાર ઊઠવો જોઈએ. પછી એવો આર્ત શિષ્ય પોતાના પ્રયાસથી નહીં, તો ગુરુના પ્રસાદથી પામી જાય છે. બીજું, શિષ્ય લક્ષ્ય પ્રાપ્તિ માટે અર્થાર્થિ હોવો જોઈએ. ત્રીજું, શિષ્ય જિજ્ઞાસુ હોવો જોઈએ જિજ્ઞાસાના ત્રણ પ્રકાર છે -બ્રહ્મ જિજ્ઞાસા, ભક્તિ જિજ્ઞાસા અને ધર્મ જિજ્ઞાસા. જિજ્ઞાસુ શિષ્યમાં ગુરુ સમાઈ જાય છે, પછી દ્વૈત મટી જાય છે અને અદ્વૈત પ્રગટ થાય છે. આ જ્ઞાનની ભૂમિકા છે. ભગવાન રામ આર્ત છે. મનુષ્ય રૂપમાં હોવાને લીધે અર્થાર્થિ છે અને જિજ્ઞાસા સાથે તેઓ ગુરુગૃહ આવ્યા છે તેથી વશિષ્ઠજીની બધી જ વિદ્યા તેમનામાં સમાઈ ગઈ છે.

ગુરુ મહાદાની હોય છે. ગુરુ પોતાનું સર્વસ્વ શિષ્યને અર્પિત કરી દે છે. ગુરુ ખાલીને ભરી દે છે અને તો ય એમની પાસેથી કશુંય ઘટતું નથી. વાલ્મિકીજીએ રામાયણમાં ''કાંડ'' શબ્દનો પ્રયોગ કર્યો છે. કાંડ હંમેશા મનુષ્યમાં હોય છે. તુલસીના રામ પરમાત્મા છે અને પરમાત્મા સુધી પહોંચવા માટે પગથિયાંની જરૂર છે, એટલે માનસમાં ''કાંડ'' નહીં પણ ''સોપાન'' શબ્દનો પ્રયોગ તુલસીદાસજીએ કર્યો છે. વશિષ્ઠજીની યુનિવર્સિટીમાં પાંચ વિદ્યાઓ છે- બ્રહ્મવિદ્યા, યોગ વિદ્યા, અધ્યાત્મ વિદ્યા, વેદ વિદ્યા અને લોકવિદ્યા. વશિષ્ઠજીની પાસેથી શાસ્ત્ર વિદ્યા મેળવીને પછી ભગવાન રામ વિશ્વામિત્રજીની યુનિવર્સિટીમાં જાય છે. તેમણે

(અનુ. આઠમા પાને)



# તનિષ્ક જવેલર્સનો સ્ટોર મેનેજર રૂ.૧૭ લાખના દાગીના ચાઉં કરી ગયો

## ગ્રાહકે જમા કરાવેલા નાણાંના બદલામાં નિલેશ ધધડાએ શો રૂમમાંથી દાગીના મેળવી બારોબાર વેંચી માર્યા : તાલુકા પોલીસે ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ફોચ્ર્યુન હોટલ પાસે આવેલ તનિષ્ક જવેલર્સનો સ્ટોર મેનેજર ૧૭ લાખના દાગીના ગ્રાહકને આપવાના બદલે બારોબાર વેંચી નાખી છેતરપીંડી આચરતાં નિલેશ ધધડા નામના શખ્સ સામે તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે રાજકોટમાં લક્ષ્મીવાડી શેરી નં-૨૦ મીલપરા મેઈન રોડ રહેતાં ચેતનભાઈ રાજેશભાઈ જાદવ (ઉ.વ.૪૧) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે નિલેશ પ્રવીણ ધધડા (રહે.હાલ જસરાજ નગર-૧, ઉમિયા ચોક ૧૫૦ ફૂટ રીંગ રોડ, મૂળ ગાંધીધામ કચ્છ) નું નામ આપતાં તાલુકા પોલીસે છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ફોચ્ર્યુન હોટલ પાસે આવેલ તનિષ્ક જવેલર્સમાં લાયઝનીંગ ઓફીસર તરીકે નોકરી છે. તનિષ્ક જવેલર્સની ફોચ્ર્યુન હોટલ પાસે આવેલ બ્રાન્ચમાં સ્ટોર મેનેજર તરીકે તનિષ્ક જવેલર્સ ગાંધીધામથી બદલી થઈ આવેલ નિલેશ પ્રવિણ ગઢડાની નિમણૂક કરવામા આવેલ હતી. તે નિલેશ રાજકોટ બ્રાન્ચમાં સ્ટોર મેનેજર તરીકે શો-રૂમમાં ખરીદ વેચાણ તથા નાણાકીય વ્યવહારની તમામ જવાબદારી સંભાળતો હતો.

ગઈ તા.૦૪ ના શો-રૂમ પર જુના ગ્રાહક મિલન જીતેન્દ્રભાઈ પોટા આવેલ અને તેણે જણાવેલ કે, તેઓએ ગઈ તા.૧૦/૦૧/૨૦૨૫ ના ત્રણ લાખ રૂપીયા ઓનલાઈન તેમજ તા.૧૯/૦૩ ના રૂ. ૧૪ લાખની સોના અને ડાયમંડની રીંગ મળી ઓનલાઈન રકમ તથા ઘરેણા સહીત કુલ રૂ.૧૭ લાખ સ્ટોર મેનેજર નિલેશ ગઢડાને આપી તનિષ્ક જવેલર્સના ખાતામાં જમા કરાવેલ હતા. તેણે આ નિલેશભાઈને જણાવેલ કે, રૂ.૧૭ લાખમાંથી અલગ અલગ સોનાના ઘરેણા લેવા છે, તેમ વાત કરેલ હતી અને બાદ નિલેશે ગ્રાહક મિલન પોટા પાસેથી મેળવેલ ઓનલાઈન રકમ તથા ઘરેણાના બદલામાં ગ્રાહકને આપવાના થતા રૂ.૧૭ લાખના અલગ અલગ ઘરેણા પોતાના પાસે રાખી ઓળવી જઈ બારોબાર વેચી નાખેલ હતાં. જે ઘરેણા ગ્રાહક મિલનભાઈ પોટાને આપવાના થતા હોય તે નહી આપેલનું જાણવા મળેલ હતુ.

જેથી ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં અરજી આપેલ હતી. નિલેશએ તનિષ્ક જવેલર્સના ગ્રાહકને આપવાના થતા ઘરેણા ગ્રાહક મિલનભાઈ પોટાને આપેલ ન હોય કે તનિષ્ક શો રૂમમાં પણ જમા કરાવેલ ન હોય અને પોતે ઓળવી જતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી પીએસઆઈ બી.વી.સરવૈયા અને ટીમે તપાસ આદરી આરોપીની શોધખોળ આદરી હતી.

# ટ્રેનમાં ટ્રોલી બેગના કાંપો મારી રૂ.૧.૨૫ લાખની મતા ઉઠાવી બેલડી ફરાર

## બિહારથી પ્રસંગ પતાવી પરપ્રાંતિય પરિવાર શાપર જઈ રહ્યો'તો ત્યારે ગઠીયાઓનો ભેંટો થઈ ગયો

### રેલવે ટ્રેક પર યુવાનનું આધાર કાર્ડ સહિતના ડોક્યુમેન્ટ મળ્યા બાદ બેગમાંથી રોકડ-દાગીના ચોરી થયાનું માલુમ પડ્યું

**અબતક, રાજકોટ**

ટ્રેનમાં અમદાવાદથી રાજકોટની મુસાફરી દરમિયાન બિહારી પરિવારના બેગમાં કાપો મારી બે અજાણ્યા શખસો રોકડ રૂપિયા ૮૦ હજાર અને સોના-ચાંદીના દાગીના સહિત રૂ.૧.૨૫ લાખની મત્તા ચોરી કરી ગયા અંગે રેલવે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ હાલ શાપરમાં રહેતા મૂળ બિહારના વતની અક્ષયબરનાથ સીતારામ ઓઝા(ઉ.વ ૫૫) દ્વારા રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે છેલ્લા દસ વર્ષથી શાપરમાં રહે છે અને સાત વર્ષથી શાપર પ્રગતિ મોલ ગેટ પાસે વિનસ ઈન્ડસ્ટ્રીઝ કારખાનામાં મજૂરી કામ કરે છે.

ફરિયાદીનું મૂળ વતન બિહારના આરા તાલુકાનું કરજા ગામ હોય લગ્ન પ્રસંગ માટે તેઓ ગુજરાતથી બિહાર ગયા હતા. તા. ૨૧/ ૫/ ૨૦૨૫ ના રોજ બિહારથી પટના અમદાવાદ અજીમાબાદ એકસપ્રેસ ટ્રેનમાં ફરિયાદીના પત્ની આશાબેન પુત્રવધુ નેહા કુમારી પુત્ર આનંદકુમાર મુસાફરી કરી રહ્યા હતા. તારીખ ૨૩/૫/૨૦૨૫ ના અમદાવાદ રેલવે સ્ટેશન સુધી મુસાફરી પૂરી કરી અમદાવાદ રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર ૧ પર પરિવારજનો સાથે રહેલા સામાનમાં ૧૭ જેટલી બેગ હતી તેમાં વાદળી બ્લુ કલરની ટ્રોલી બેગ ફરિયાદીના પત્નીએ ખોલી જોતા સામાન બરોબર હતો. બાદમાં ઈ ટિકિટ રિઝર્વેશન મુજબ અરનાકુલમ ઓખા એક્સપ્રેસ ટ્રેનમાં તેઓ બેઠા હતા.

દરમિયાન અહીં બે અજાણી વ્યક્તિ આધેડ સાથે વાતચીત કરવા લાગી બીજી વ્યક્તિ ફરિયાદીના પુત્રને કહેવા લાગેલ કે હજુ રાજકોટ રેલવે સ્ટેશન આવવાની અડધી કલાક જેટલી વાર છે તો તમે તમારી સીટ ઉપર જતા રહો. તેમ કહી બંને અજાણી વ્યક્તિ સામાન આગળ ઊભા રહી ગયા હતા. રાજકોટ રેલવે સ્ટેશન પર ટ્રેન પહોંચતા પ્લેટફોર્મ નંબર એક પર ઉતરતા આ ૧૭ બેગ ઉતારી પરિવાર ઘરે જતો રહ્યો હતો.બાદમાં તા. ૨૪/૫ ના ફરિયાદીના પુત્ર આનંદ કુમારને રેલ્વે ગેટમેન કર્મચારી ઈન્દ્રજીત કુમાર કે જે તરઘડી ગામના રેલવે બ્રોડગેજ લાઈન પાસેથી બોલતા હોય તેમણે ફોન કર્યો હતો કે તમારા નામનું આધાર કાર્ડ, પાનકાર્ડ, બે ચેકબુક, એટીએમ કાર્ડ રેલવે પાટા પાસેથી મળ્યું છે. બાદમાં અહીં ઘરે આવી તપાસ કરતા આ ૧૭ બેગ પૈકી એક ટ્રોલી બેગની ચેન ખોલીને કાપડના કવરનો કાપો મારી કોઈ અજાણી વ્યક્તિએ તેમાંથી રોકડ રૂપિયા ૮૦ હજાર તથા સોના ચાંદીના દાગીના સહિત કુલ રૂપિયા ૧,૨૫,૫૦૦ ની મત્તા કાઢી લીધી હોવાનું માલુમ પડ્યું હતું. જેથી આ બંને અજાણ્યા શખસો જે મુસાફરી દરમિયાન તેમની સાથે વાતચીત કરતા હોય તેણે જ આ ચોરી કરી હોવાની શંકા સાથે ફરિયાદ નોંધાવી છે.


**:: જાહેર ચેતવણી ::**



હું **રમણીકભાઈ વીરજીભાઈ ધામી**, આથી તમામને આ જાહેર નોટીસથી જણાવું છું કે, બાજુમા ફોટાવાળી વ્યકિત, મારો પુત્ર **નરેન્દ્રકુમાર રમણીકલાલ ધામી** છેલ્લા ત્રણ વર્ષથી મારી સાથે રહેતો નથી અને મનસ્વી રીતે વર્તે છે અને મારા કહ્યામાં નથી જેથી હું તેમને મારી માલીકીની તમામ જમીન મિલ્કતોમાંથી બેદખલ કરું છું. તેમની સાથે મારે કઈ જ લેવા દેવા કે સંબંધ નથી. જેથી તેમની સાથે મારા કે મારા કુટુંબીજનોના નામે કે મારા વતી કે મારી મિલકતનો સંબંધે કોઈ પણ પ્રકારનો વહેવાર કરવો નહીં. તેમ છતાં જો કોઈ આવો વહેવાર કરશે તો તે મને કે મારા કુટુંબીજનોને બંધનકર્તા રહેશે નહીં. જેની સર્વે સ્પષ્ટપણે નોંધ લેવી.

**તા.૨૭/૦૫/૨૦૨૫**

**રમણીકભાઈ વીરજીભાઈ ધામી**
રહેવાસીઃ વેસ્ટર્ન પાર્ક-ડી, બ્લોક નં.૪, કોલકી રોડ, લાતી પ્લોટ,
મુ.તા.ઉપલેટા જી.રાજકોટ



HINDUJA HOUSING FINANCE

**કોર્પોરેટ ઓફિસ : નં. ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ સૈંદાપેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૫**
**બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફ્ફકો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ,**
**પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શિવરંજની ચાર રસ્તા પાસે સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.**
**સૌરભકુમાર નાપીત મો. ૭૮૭૪૮૨૮૭૮૯, વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, હીતેષકુમાર પટેલ મો.૭૦૪૮૩૩૬૬૦૧**
**સુશીલ ચૌધરી મો. ૮૧૧૮૮૧૮૧૬૦, નિતીન સમુદ્રે મો. ૮૧૨૮૩૧૦૬૭૮, શિવમ મિશ્રા મો. ૯૦૩૩૦૧૫૫૨૭૭**
**રાજેશ ડાંગર મો. ૭૭૭૭૯૦૦૦૫૮ ઈ-મેલ: auction@hindujahousingfinance.com**

**ધી સિક્યોરિટાઈટેઝશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શિયલ એસેસ્ટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ**

આથી જાહેર નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવ્યા મુજબ ના ઉધારકર્તા/સહ-ઉધારકર્તાઓ દ્વારા હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (હવે પછીથી સદરહુ કંપની તરીકે સંબોધવામાં આવશે) ખાતેથી લોન મેળવેલ છે અને તે લોન પેટેના તેમના માસિક હપ્તાની (EMI) ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી સદરહુ કંપની દ્વારા આર. બી.આઈ./નેશનલ હાઉસિંગ બોર્ડ દ્વારા બહાર પાડવામાં માં આવેલ વખતો વખત ના નિયમને આધીન નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તાનું લોન ખાતું એન.પી.એ. (N.P.A.) જાહેર કરવામાં આવ્યું છે અને નીચે મુજબના ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ઉપર ધી સિક્યુરાઈટેઝન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શ્યલ એસેસ્ટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સેક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ મુજબ સદરહુ કંપનીના ઓથોરાઈઝડ ઓફિસર દ્વારા કાયદેસરની કાર્યવાહી ચાલુ કરવામાં આવી છે અને તે કાર્યવાહી ના ભાગરૂપે સદરહુ કંપનીના ઓથોરાઈઝડ ઓફિસર દ્વારા નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તાના છેલ્લા સરનામાં ઉપર આર.પી.એ.ડી. દ્વારા ઉપરોક્ત કાયદા ની કલામ - ૧૩(૨) હેઠળની ડિમાન્ડ નોટિસ પાઠવામાં આવેલ હતી જે નોટિસ બજ્યા વગર ની સદરહુ કંપનીના ઓથોરાઈઝડ ઓફિસર ને પરત મળેલ હતી અને સદરહુ કંપનીના ઓથોરાઈઝડ ઓફિસરની પાક્કી માહિતી મુજબ નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તા જાણી જોઈને ઉપરોક્ત મુજબની નોટિસની બજવણી કરવા દેવા નો માંગતા હોય, તેથી કરીને આ જાહેર નોટિસ આપવાની ફરજ પડેલ છે. આ નોટિસ દ્વારા નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તાને ઉપરોક્ત કાયદા ની કલમ - ૧૩(૨) હેઠળની જોગવાય મુજબ નીચે મુજબના કોષ્ઠક માં દર્શાવેલ રકમ ભવિષ્યના વ્યાજ અને ખર્ચ સહિત ૬૦ દિવસ માં ભરી જવા સુચવામાં આવે છે. જો નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તા નીચે દર્શવયા મુજબ ની સંપૂર્ણ રકમ નોટિસ ની તારીખ થી ૬૦ દિવસ ની અંદર ભરપાઈ ન કરે તો સદરહુ કંપનીના ઓથોરાઈઝડ ઓફિસરની સદરહુ કાયદાની કલમ ૧૩(૪) અને ૧૪ હેઠળ આપેલ એવા બધાજ હકો નો ઉપયોગ કરવા સ્વતંત્ર છે જેમાં મોર્ગેજ મિલકતો/મુકરર અકસયામતો નો કબજો લઈ વેચાણ કરવાની સત્તા માટે સમક્ષ છે. વધુમાં ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ને સુચવામાં આવે છે કે આ નોટિસ મળ્યા પછીથી સરફેશિ કાયદા ની કલમ ૧૩ ની પેટા કલમ ૧૩ ની હેઠળ મુકરર મિલકત વેચાણ, ભાડે, કે કોઈ રીતે મુકરર લેણદાર ની લેખિત પરવાનગી સિવાય તબદીલ કરવાની મનાઈ ફરમાવે છે. ઉપરોક્ત કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ ૮ મુજબ ઉધારકર્તાઓ તેમની મુકરર મિલકત સંપૂર્ણ દેવા, નીચે જાહેર હરાજી ની નોટિસ માં પ્રદર્શિત થાય તે પહેલા ભરીને છોડાવી શકે છે જે ત્યાર પછી ભરી શકાશે નહીં. ઉપરોક્ત જણાવેલ સૂચના/આદેશોનો ભંગ સદરહુ કાયદા ની કલમ -૨૯ મુજબ જૈલની સજા અથવા/અને દંડ ને પાત્ર ગુનો બને છે જેની જાણ આથી કરવા માં આવે છે. ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ની વિગત નીચે મુજબ ની છે :

| ઉધારકર્તા(ઓ), અને સહ-ઉધારકર્તાઓ અને જામીનદારોના નામ | ડિમાન્ડ નોટિસ તારીખ, રકમ અને લોન ખાતા નંબર | મિલકત નું વર્ણન |
|---|---|---|
| 1 ઉધારકર્તા : (૧) શ્રીમતી બીબીબાઈ શમા સહ-ઉધારકર્તા : (૨) શ્રી વસીમ શમા | Dt. 07/05/2025 & Rs. 10,39,669/- & A/C No. GJ/RJK/MORB/A000000064 | ગુજરાત રાજ્યના **વાંકાનેર,** ગુજરાત, ભારત-૩૬૩૬૨૧ ખાતે સ્થિત આરએસ નં. ૧૪૬/૫પીર, પ્લોટ નં. ૧-૪, બ્લોક નં. ૪, ફ્રીડમ રેસીડેન્સી, ચંદ્રપુર, ગુલશનપાર્કની |
| સ્થાવર બિન-કૃષિ રહેણાંકના તમામ પીસ અને પાર્સલ. નીચે મુજબ સીમાઓ સાથે; ઉત્તરઃ ઘર નં.-૫, દક્ષિણઃ ઘર નં.-૩, પૂર્વ ૭-૫૦ મીટર રોડ, પશ્ચિમ અન્ય મિલકત. | | |

જો ઉપરોક્ત ઉધાર લેનારાઓ ઉપરોક્ત મુજબ એચએચએલએફને ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે, તો એચએચએલએફ અધિનિયમની કલમ ૧૩(૪) અને લાગુ નિયમો હેઠળ ઉપરોક્ત સુરક્ષિત અસ્કયામતો સામે કાર્યવાહી કરશે, સંપૂર્ણપણે ખર્ચ અને પરિણામોના જોખમે ઉધાર લેનારાઓના જોખમો પર. આ ઉધાર લેનારાઓને કલમ ૧૩(૧૩) અધિનિયમ હેઠળ ઉપરોક્ત અસ્કયામતો ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ છે, પછી ભલે તે વેચાણ, લીઝ અથવા અન્ય રીતે એચએચએલએફ ની પૂર્વ લેખિત સંમતિ વિના હોય. કોઈપણ વ્યક્તિ જે ઉક્ત અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અથવા તે હેઠળ બનાવેલા નિયમોનું ઉલ્લંઘન કરે છે, તે કલમ ૨૯ ની જોગવાઈ મુજબ જેલ અને/અથવા દંડ સાથે કાયદા હેઠળ જોગવાઈ માટે જવાબદાર રહેશે.

**સ્થળ : વાંકાનેર** **અધિકૃત અધિકારી,**
**તારીખ : ૨૮.૦૫.૨૦૨૫** (નોંધ : વિવાદની સ્થિતિમાં અંગ્રેજી આવૃત્તિમાં પ્રકાશિત થયેલ નોટીસ માન્ય ગણાશે.) **હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**


# હુડકો ક્વાર્ટરમાં સસરાએ વિધવા પુત્રવધુ-પૌત્રને માર માર્યો

## છોડાવવા વચ્ચે પડેલી બે નણંદોને પણ પિતાએ લમધારી : પ્ર.નગર પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર આવેલ હુડકો ક્વાર્ટરમાં સસરાએ પૌત્ર અને વિધવા પુત્રવધુને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. બંનેને છોડાવવા વચ્ચે પડેલી બે પુત્રીઓને પણ માર મારનાર શખ્સ વિરુદ્ધ પૌત્રવધુએ પ્ર.નગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. મામલામાં જામનગર રોડ પર હુડકો ક્વાર્ટર શેરી નંબર-૨ના રહેતા નીલોફરબેન સમદભાઈ મહમદહનીફ ખીયાણી નામની મહિલાએ પ્ર.નગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં સસરા મહમદહનીફ અબ્દુલ્લા ખિયાણીનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારે ત્રણ સંતાન છે. જેમા મોટી દિકરી સનોબર ઉવ.૧૭, તેનાથી નાનો દિકરો તબરેજ ઉ.વ.૧૪ અને સૌથી નાની દિકરી મીજબાગ ઉ.વ.૦૭ ની છે તથા મારા સસરા મહમદહનીફ અને સાસુ મુમતાજબેન એમ અમે બધા સાથે રહીએ છીએ અને મારા પતિનું અવસાન થઈ ગયું છે.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈ તા.૨૩/૦૫/૨૦૨૫ ના રાત્રીના અગિયાર વાગ્યે હુ મારા ઘરે હતી. ત્યારે મારા સસરા મહમદહનીફ અબદુલ્લા ખીયાણી જેમ ફાવે તેમ બોલવા લાગેલ હતા. જેથી મારો દિકરો તબરેજ નીચે ગયેલ તો તેને કહેવા લાગેલ કે તુ કેમ કઈ કામ ધંધો કરતો નથી. જેથી મારા દિકરાએ કહેલ કે હુ હજી નાનો છુ, મારાઠી કામ ના થાય. જેથી મારા સસરા એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને તબરેજને ગાળો આપવા લાગેલ હતા. બાદમાં તબરેજને ઢીકા પાટુનો માર મારવા લાગેલ હતા. જેથી હું તરત જ નીચે જઈ મારા દિકરા તબરેજને છોડાવા જતા મને પણ માર મારવા લાગેલ હતા. મારૂ ગળુ પકડી સસરા કહેવા લાગેલ કે, આજ તો તને જાનથી મારી નાખવી છે. બાદમાં નણંદ વહીદાબેન તથા કૌશરબેન વચ્ચે છોડાવા આવતા તેને પણ સસરા માર મારવા લાગેલ હતા. મામલામાં વિધવા મહિલાએ સસરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પ્ર.નગર પોલીસે ગુનો નોંધી સસરાની ધરપકડ કરવાં તજવીજ હાથ ધરી છે.


**દુઃખદ અવસાન-બેસણું**
**ઉપલેટા/સુરત (સચીન)**



**સ્વ. ગીરીશભાઈ વિઠ્ઠલભાઈ સોજીત્રા**
સ્વ.તા. ૨૬-૦૫-૨૦૨૫, સોમવાર

ઉપલેટા નિવાસી હાલ સુરત **ગીરીશભાઈ વિઠ્ઠલભાઈ સોજીત્રા** (ઉ.વ.૫૩) તા. ૨૬-૦૫-૨૦૨૫, સોમવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**ઉપલેટા બેસણું**
તારીખ : ૨૯-૦૫-૨૦૨૫, ગુરૂવાર
સમય : સાંજે ૪ થી ૬
સ્થળ : લેઉઆ પટેલ સમાજ, શહિદ અર્જુન રોડ, ઉપલેટા

**સચીન સુરત બેસણું**
તારીખ : ૩૧-૦૫-૨૦૨૫, શનિવાર
સમય : બપોરે ૩ થી ૫
સ્થળ : સિગ્નેચર હોલ, ગ્લોરીના વેલી, કનકપુર-કંસાળ, સચીન (સુરત)

વિઠ્ઠલભાઈ અરજણભાઈ સોજીત્રા (પિતા)
સંજયભાઈ વિઠ્ઠલભાઈ સોજીત્રા (ભાઈ)
દિપ ગીરીશભાઈ સોજીત્રા (પુત્ર)
દક્ષય સંજયભાઈ સોજીત્રા
ધ્રુવ સંજયભાઈ સોજીત્રા
તથા સોજીત્રા પરિવારના જયશ્રી કૃષ્ણ
મો. ૯૮૨૫૩ ০૫૫૪૫, ૬૩૫૯૨ ૩૯૭૩૯

• મુરલીધર ફર્ટિલાઈઝર-ઉપલેટા • પારૂલ એગ્રો કેમિકલ્સ-ઉપલેટા
• રાધે ક્રિષ્ના સિલ્ક મિલ્સ-સચિન સુરત



**જન્મ/મરણ એક્ટ કેશ નં. ૧૧૮/૨૦૨૫**

૧. શ્રી પરમાર રાજુબેન ખુમાનસંગભાઈ વા/ઓ. દિલીપસિંહ ગોહિલ,
રહે. ખારવાની પોળ, ભાણકુવા શેરી, વઢવાણ, જી સુરેન્દ્રનગર ..........અરજદારશ્રી

**-: વિરૂધ્ધ :-**

શ્રી જન્મ/ મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી બોરણા ..........સામાવાળા

**વિષય:- જન્મ/મરણ નોંધણી અધિનિયમ જ.મ.એક્ટ-૧૯૬૯ મુજબની કાર્યવાહી કરવા બાબત**

આથી જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રી પોતાનો જન્મ તા.૦૫/૦૭/૧૯૫૯ ના રોજ બોરણા મુકામે થયેલ જેની નોંધ સામાવાળાના દફતરે કરવાની રહી ગયેલ હોઈ અત્રેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, લીંબડીમાં ઉપરોક્ત નંબરથી સદરહું અરજી દાખલ કરેલ છે જે અરજી સામે કોઈ ઈસમ કે સંસ્થાને કોઈ વાંધો કે તકરાર હોઈ તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં રૂબરૂ અથવા વકીલ મારફત લેખીતમાં વાંધા તેમજ પુરાવા સાથે હાજર રહેવું. અન્યથા આગળ યોગ્ય ન્યાયિક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તારીખ : ૨૩/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
એક્ઝી.મેજી.કોર્ટ લીંબડી



**નં.જન્મ/મરણ પરચુરણ અરજી/કેશ નં.૫૦/૨૦૨૫**

શ્રી લાખાભાઈ ભીખાભાઈ ડાભી,
મું તાલાલા, તા. તાલાલા, જિ. ગીર સોમનાથ ..........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

ચીફ ઓફીસરશ્રી અને જન્મ-મરણ નોંધણી અધિકારી,
નગરપાલિકા કચેરી, તાલાલા, તા.તાલાલા ..........સામાવાળા

**બાબત:- જન્મ મરણ નોંધણી ધારા કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણ નોંધનો હુકમ થવા અંગે**

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસાથી જાણ કરવામાં આવે છે કે,આ કામનાં ઉપર લખેલા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) હેઠળ અરજી લાવી અરજદારશ્રી લાખાભાઈ ભીખાભાઈ ડાભીના માતા રાધાબેન ભીખાભાઈ ડાભીનું મરણ, મુ.તાલાલા, તા.તાલાલા મુકામે તા.૦૩/૦૯/૧૯૯૯ના રોજ થયેલ છે. જેની જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં તેમના મરણની નગરપાલિકા કચેરી, તાલાલા, તા.તાલાલામાં જન્મ-મરણ રજીસ્ટરે શરતચુકથી લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અરજદારશ્રી લાખાભાઈ ભીખાભાઈ ડાભી મારફત અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ અંગેની નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા૩૦/૦૫/૨૦૨૫ ના રોજ બપોરના ૧૧ : ૩૦ કલાકે વાંધા તકરાર તથા આધાર પુરાવા સાથે હાજર રહેવું અને આપની આજુબાજુના પડોશીનું સહાયક સોગંદનામું (SUPPORTIVE AFFIDAVIT) અને સમાચાર પત્રમાં પ્રસિધ્ધિ કરી સમાચાર પત્ર રજુ કરવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૩/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**તાલાલા**


# રાજમોતી મીલ નજીક યુવાને રમત રમતમાં હાથ ઉપર બ્લેડના છરકા માર્યા

## મોડી રાત્રે પરિવારની હાજરીમાં શુરાતન ચડતા આચર્યુ કૃત્ય

**અબતક, રાજકોટ**

ભાવનગર રોડ પર રાજમોતી મીલ અને ક્રિષ્ના વિદ્યાલય સામે રહેતા યુવાને રમત રમતમાં પોતા ની મેળે હાથ પર બ્લેડ ના ઘા મારી દેતા લોહી લુહાણ હાલતમાં દવાખાને ખસેડવામાં આવ્યો હતો. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ ક્રિષ્ના વિદ્યાલય સામે રહેતા રોહિતભાઈ વિજયભાઈ સોલંકી ૨૪ ધૂળ ધોયા તરીકે કામ કરી ગુજરાત ચલાવે છે બે બાળકોના પિતા રોહિત સોલંકી ને ગઈકાલે સાંજે સાતેક વાગે સુરાતન ચડ્યું હોય તેમ વિના કારણે રમત રમતમાં બ્લેડ વડે જમણા હાથે ડાબા હાથ ઉપર ઘા મારી દેતા લોહી લુહાણ હાલતમાં સિવિલ સર્જરી વોર્ડ માંદાખલ કરેલ છે આ અંગે થોરાળા પોલીસે તપાસ કરી છે


**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**OHE ફેરફાર કામ**

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ઓએચઈ/ટીઆરડી/૨૦૨૫-૨૦૨૬/૧૨ તા.૨૬-૦૫-૨૦૨૫. ટેન્ડર નં. ડીઆરએમ-આરજેટી-ઓએચઈ-ટીઆરડી-૨૦૨૫-૨૬-૧૨ (i) કામનું નામ: જામનગર, ભાટિયા અને દ્વારકા યાર્ડસની સુધારણા અને અપગ્રેડેશનના સંબંધમાં OHE ફેરફાર કરવાનું કામ. (ii) અંદાજીત પડતરઃ ₹ ૬૪,૦૬,૦૧૩.૦૪/- (iii) અર્નેસ્ટમનીઃ ₹ ૧,૨૮,૨૦૦/- (iv) ઓન લાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ તા.૨૩-૦૬-૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક સુધી. ઓફીસનું સરનામુંઃ ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. વેબસાઈટવિગત: www.ireps.gov.in

RJT-038

અમને લાઈક કરો: facebook.com/WesternRly



નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
જાહેર નોટીસ નં.૦૨/ , સને ૨૦૨૫-૨૬

૧. ઘોડાધ્રોઈ સિંચાઈ યોજના:-

અંદાજીત રકમ રૂ. ૯૬,૮૯૬=૦૦ (અંકે રૂ છન્નુ હજાર આઠ સો છન્નુ)

પ્રિઓડીક મૈંટેન્સ કમ સર્વિસિંગ ઓફ ડીઝલ એન્જીન એન્ડ સપ્લાઈંગ ઓફ સીમેન્ટ બેગ ફોર મોનસૂન-૨૦૨૫ એટ ઘોડાધ્રોઈ ઈરીગેશન સ્કિમ. બાનાની રકમ: રૂ.૧૦૦૦=૦૦, ટેન્ડર ફી રૂ.૩૦૦=૦૦, શ્રેણી-"ઈ-૨" અને ઉપરની શ્રેણી

૨. હરપાલ સાગર (બ્રાહ્મણી-૧)સિંચાઈ યોજના:

સપ્લાઈંગ, ફીલીંગ એન્ડ સ્ટેકીંગ બેગસ ઓન અર્થન બંડ વર્ક એટ હરપાલ સાગર (બ્રા-૧) ઈરીગેશન સ્કીમ ફોર ધ યર-૨૦૨૫-૨૬. અંદાજિત કિ- ૬૩,૩૮૦=૦૦, બાનાની રકમ: રૂ.૧૦૦૦=૦૦, ટેન્ડર ફી રૂ.૩૦૦=૦૦, શ્રેણી-"ઈ-૨" અને ઉપરની શ્રેણી

૩. શક્તિ સાગર (બ્રાહ્મણી-૨) સિંચાઈ યોજના:-

સપ્લાઈંગ, ફીલીંગ એન્ડ સ્ટેકીંગ બેગસ ઓન અર્થન બંડ એન્ડ પ્રોવાઈડીંગ મેન પાવર ફોર ઓઈલ એન્ડ ગ્રીસ ઓફ ૧૮ રેડીયલ ગેઈટ્સ ઓફ શક્તિ(બ્રા-૨) ધ યર-૨૦૨૫-૨૬. અંદાજિત કિં.- ૧,૩૫,૬૧૪=૦૦ બાનાની રકમ: રૂ.૨૦૦૦=૦૦, ટેન્ડર ફી રૂ. ૬૦૦=૦૦, શ્રેણી-"ઈ-૨" અને ઉપરની શ્રેણી

કચેરીનુ નામ :-

૧) કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ વિભાગ, તાલુકા સેવા સદન, રૂમ નં ૧૫૨ થી ૧૫૫, મોરબી ૩૬૩૬૪૨ ગુજરાત રાજ્ય (ફોન- ૦૨૮૨૨- ૨૪૧૦૩૫)

૨) નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ પેટા વિભાગ, હળવદ સરકારી દવાખાના સામે, હળવદ બસ સ્ટેન્ડની બાજુમાં -૩૬૩૩૩૦

શરતો તેમજ વધુ વિગત માટે આ કચેરી ના નોટીસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરેલ છે. ટેન્ડર મેળવવા માટેની છેલ્લી તા. ૦૪/૦૬ /૨૦૨૫ તથા ટેન્ડર ભરી મોકલવાની છેલ્લી તા.૧૨/૦૬/૨૦૨૫ માં મોકલવાના રહેશે.

માહિતી /રાજ/ ૩૨૧ / ૨૦૨૫-૨૬.



HINDUJA HOUSING FINANCE

**કોર્પોરેટ ઓફિસ : નં. ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ સૈંદાપેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૫**
**બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફ્ફકો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ,**
**પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શિવરંજની ચાર રસ્તા પાસે સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.**
**સૌરભકુમાર નાપીત મો. ૭૮૭૪૮૨૮૭૮૯, વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, હીતેષકુમાર પટેલ મો.૭૦૪૮૩૩૬૬૦૧**
**સુશીલ ચૌધરી મો. ૮૧૧૮૮૧૮૧૬૦, નિતીન સમુદ્રે મો. ૮૧૨૮૩૧૦૬૭૮, શિવમ મિશ્રા મો. ૯૦૩૩૦૧૫૫૨૭૭**
**રાજેશ ડાંગર મો. ૭૭૭૭૯૦૦૦૫૮ ઈ-મેલ: auction@hindujahousingfinance.com**

**સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી જાહેર સૂચના ઈ-હરાજીથી વેચાણ નોટીસ**

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની સાથે વંચાણે લેતા સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ના રૂલ ૮(૬)ની જોગવાઈ હેઠળની ઈ-ઓકશન સેલ નોટીસ આવી જાહેર જનતાને અને ખાસ નીચે જણાવેલા દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર હિન્દુજા હાઉસીંગ ફાયનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ દેવાદાર(રો) પાસેથી લેણી રકમની વસુલાત માટે સાંકેતિક કબજો લીધેલી નીચે જણાવેલી સ્થાવર મિલકતનોનું વેચાણ કરવા માટે ઈચ્છુક બિડર્સ પાસેથી સીલબંધ કવરમાં નીચે જણાવેલી સાંકેતિક કબ્જાવાળી મિલકતો માટે - જ્યાં છે ત્યાં છે ધોરણે, જેમ છે જે છે ના ધોરણે અને જે છે ત્યાં છે ના ધોરણે ઓફરો મંગાવે છે. જેની વિગતો મુજબ છે :

| નં. | ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારોના નામ | લોન ખાતા નં. | ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ | પજેશનની તારીખ અને પ્રકાર | મિલકતના નિરીક્ષણની તારીખ, સમય અને ઈએમડી તારીખ | રીઝર્વ કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી-રકમ ૧૦% પ્રમાણે) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ઉધારકર્તા :શ્રી કૃણાલ સાખિયા સહ-ઉધારકર્તા : શ્રી ઘુસાભાઈ સાખિયા શ્રીમતી વૈશાલીબેન સાખિયા શ્રી હસમુખ ધામેલિયા | GJ/RJK/LMDK/A000000109 | ૧૮-૧૧-૨૦૨૪ રૂા. ૧૯,૭૭,૭૧૭/- | ૧૬.૦૪.૨૦૨૫ સાંકેતીક કબજો | ૧૪.૦૬.૨૦૨૫ સમય ૧૧.૦૦ થી ૨.૦૦ | ૩૦,૧૫,૮૯૯/- | ૩,૦૧,૫૮૯/- |
| | **સ્થાવર મિલકતનું વર્ણન/સિક્યોર્ડ એસેટ્સ :** સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા જે મિલકત ઘરનું બાંધકામ બીનખેતીલાયક જમીન એરિયા અંદાજિત ૨૫૦-૮૩ ચો.મી.ના પ્લોટ નં.૧૩ પૈકી પૂર્વી તરફના ખાંભા રેવન્યૂ સર્વે નં.૨ પૈકી ખાંભા ગામના તાલુકા **રાજકોટ જિલ્લાના** લોધિકા ગુજરાત રાજ્યમાં આવેલ છે. તેની ચતુર્સીમા નીચે મુજબ છે; ઉત્તર : સર્વે નં. ૨૯૮ પૈકીની બીનખેતીલાયક જમીન. દક્ષિણ પ્લોટ નં.૧૪. પૂર્વ : રોડ. પશ્ચિમ : જમીનનો પ્લોટ ૧૩ પૈકી. | | | | | | |
| 2 | ઉધારકર્તા : શ્રી રજનીકાંત એચ સહ-ઉધારકર્તા : શ્રીમતી ભાવનાબેન રાવ | GJ/RJK/KTRD/A000000043 | ૨૦-૧૧-૨૦૨૪ રૂા. ૧૫,૭૪,૬૨૧/- | ૧૬.૦૪.૨૦૨૫ સાંકેતીક કબજો | ૧૪.૦૬.૨૦૨૫ સમય ૧૧.૦૦ થી ૨.૦૦ | ૧૮,૯૩,૯૨૦/- | ૧,૮૯,૩૯૨/- |
| | **સ્થાવર મિલકતનું વર્ણન/સિક્યોર્ડ એસેટ્સ :** સ્થાવર બીનખેતીલાયક મિલકતના તમામ ભાગ અને હિસ્સા જેનો ફ્લેટ નં.૨૦૧ અંદાજિત ૪૬.૩૨ ચો.મી. (બિલ્ટ અપ એરિયા) તેના બીજા માળ સાથે અવિભાજિત જમીનનો હિસ્સો જેનો પ્લોટ નં.૧૪૩ અને ૧૪૪ છે તે પ્રોજેક્ટ શ્રીનાથજી ફ્લેટ્સ તરીકે ઓળખાય છે, તેનું બાંધકામ જે જમીન પર થયેલું છે તેનો રેવન્યૂ સર્વે નં.૧૯ તે મોજે માધાપર રાજકોટ જિલ્લાના રજિસ્ટ્રેશન જિલ્લાના જિલ્લા રાજકોટ અને પેટા **જિલ્લા રાજકોટ** ગુજરાત - ૩૬૩૬૪૧માં આવેલ છે, તેની હાલ માલિકી મનદીપ વિજયભાઈ જોશી અને ઉર્વશી મનદીપ જોશીની છે. તેની ચતુર્સીમા નીચે મુજબ છે ; ઉત્તર ; ફ્લેટ નં. ૨૦૨ દક્ષિણ : રોડ પૂર્વ : કોમન પેસેજ, પગથિયાઁ અને લિફ્ટ પશ્ચિમ : પ્લોટ નં. ૧૪૫ | | | | | | |
| 3 | ઉધારકર્તા : શ્રી મુરતુજા ભારમલ સહ-ઉધારકર્તા : શ્રી મોહમદ ભારમલ શ્રીમતી અલિફીયાબેન ભારમલ | GJ/RJS/RAJK/A000000007 | ૨૦-૧૧-૨૦૨૪ રૂા. ૮,૦૨,૮૮૧/- | ૧૬.૦૪.૨૦૨૫ સાંકેતીક કબજો | ૧૪.૦૬.૨૦૨૫ સમય ૧૧.૦૦ થી ૨.૦૦ | ૧૪,૧૨,૩૬૦/- | ૧,૪૧,૨૩૬/- |
| | **સ્થાવર મિલકતનું વર્ણન/સિક્યોર્ડ એસેટ્સ :** સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા જે રહેણાક ફ્લેટ નં.૩ ખાતે આવેલી છે, તેનો બિલ્ટ અપ એરિયા અંદાજિત ૪૮-૯૪ ચો.મી. છે તે અમી એપાર્ટમેન્ટ તરીકે જાણીતી બિલ્ડિંગના ત્રીજા માળે રાજકોટમાં આવેલી જમીન જેનો સિટી રેવન્યૂ સર્વે નં.૨૯૯ પૈકીનો સિટી સર્વે વોર્ડ નં.૧૩/૧ છે, તે **રાજકોટ શહેરમાં** આવેલ છે, જેની માલિકી શ્રી અલિફ્યાબહેન મુર્તુઝાભાઇ ભામલ અને શ્રી અલિફ્યાબહેન મહમદભાઇ ભામલની છે. તેની ચતુર્સીમા નીચે મુજબ છે ઉત્તરઃ પગથિયાં તે પછી અન્ય મિલકત દક્ષિણઃ અન્યની મિલકત.પૂર્વ : ભાવનગર મેઇન રોડપશ્ચિમ : અન્યની મિલકત. | | | | | | |

શરતો અને નિયમો : ૧. બંધ કવરમાં બીડ/ઓફર મોકલવાની છેલ્લી તારીખ નિશ્ચિત ટેન્ડર ફોર્મસ સાથે ઈએમડી અને કેવાયસી સાથે **તા. ૩૦.૦૬.૨૦૨૫ ના રોજ ૫.૦૦ વાગ્યા પહેલા** ઉપર જણાવેલા સરનામે મોકલવાના રહેશે અથવા આ વેબ સાઈટ ઉપર અપલોડ કરી શકાય: https://bankeauctions.com અધુરા ટેન્ડર કે વિતી મુદતે મળેલા ટેન્ડર અમાન્ય ગણાશે અને તેથી તે રદ કરવામાં આવશે ઈએમડી પર કોઈ વ્યાજ આપવામાં નહીં આવે. ૨. મિલકત માટે બીડ/ઓફર ખોલવાની તારીખ (હરાજીની તારીખ): **તા. ૦૧.૦૭.૨૦૨૫ ના** https://bankeauctions.com ઉપર **બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાકે** ટેન્ડર ખોલવામાં આવશે. ૩. ઉપર જણાવેલી મિલક્ત પર રહેલી કોઈ પણ પ્રકારની જવાબદારીઓ માટે હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ જવાબદાર રહેશે નહીં મિલકતનું વેચાણ જયાં છે ત્યાં છે ધોરણે, જેમ છે જે છે ના ધોરણે અને જે છે ત્યાં છે ના ધોરણે કરવામાં આવશે.૪ . ડીમાન્ડ ડ્રાફ્ટ હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમીટેડની તરફેણમાં નાવવાનો રહેશે.૫. ઓકશન/બીડીંગ માત્ર ' ઓન લાઈન ઈલેક્ટ્રોનિક બીડીંગ દ્વારા જ http://bankeauctions.com ઉપર થશે.બીડરોને વેબસાઈટની મુલાકાત લઈ વિગતવારનિયમો અને શરતો જાણી લીધા બાદ જ ઓકશન પ્રક્રિયામાં ભાગ લેવાની સલાહ છે.૬. રસ ધરાવનાર બીડરોએ તેમના નામ સર્વિસ પ્રોવાઈડર મે.સી વન પ્રા.લિ.ના પોર્ટલ ઉપર મળનારી લીંક https://bankeauctions.com/registration/ sinup ઉપર નોંધાવી તેમના યુઝર આઈડી, પાસવર્ડ વિના મુલ્યે મેળવી લેવા, સંભવિત બીડરો ઈ-ઓકશન માટેની ઓન લાઈન તાલીમ પણ સર્વિસ પ્રોવાઈડર મે.સી વન ઈન્ડિયા પ્રા.લિ. ની વેબસાઈટ https://bankeauctions.com ઉપરથી મેળવી શકશે.૭. વધુ જાણકારી માટે હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી શ્રી સૌરભકુમાર નાપિત સંપર્ક નં. ૭૮૭૪૮૨૮૭૮૯ શ્રી હિતેશકુમાર પટેલ સંપર્ક નં.: ૭૦૪૮૩૩૬૬૦૧ શ્રી નીતિન સમુન્દ્રે સંપર્ક નં.: ૮૧૨૮૩૧૦૬૭૮ અથવા સર્વિસ પ્રોવાઈડર મેસર્સ સી ૧ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ, પ્લોટ નંબર-૬૮, ૩જી ફ્લોર સેક્ટર ૪૪ ગુડગાંવ હરિયાણા-૧૨૨૦૦૩ (સંપર્ક નં. ૭૨૯૧૯૮૧૧૨૪,૨૫,૨૬) નો સંપર્ક કરી શકે છે. સપોર્ટ ઇમેઇલ-Support@bankeauctions.com, શ્રી ભાવિક આર પંડ્યા મોબ. ૮૮૬૬૬૮૨૯૩૭. ઇમેઇલ કરો: Gujarat@clindia.com. હજુ સુધી હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ના અધિકૃત અધિકારીને સુરક્ષિત મિલકતોના વેચાણ અટકાવવાનો કે ફેરફાર કરવા અંગેનો કોઈ કોર્ટનો આદેશ મળ્યો નથી.૮. વધુ માહિતી તથા નિયમો અને શરતો અને વેચાણ માટેના નિયમો અને શરતો માટે ની માહિતી વેબસાઈટ https://bankeauctions.com ઉપરથી મેળવી શકશે.૯. ઓક્સન માં બોલી વધારાની રકમ રૂ.૧૦૦૦૦/- રહેશે.

**સ્થળ : રાજકોટ** **અધિકૃત અધિકારી,**
**તારીખ : ૨૮.૦૫.૨૦૨૫** નોંધ : વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. **હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**

તંત્રી લેખ

# વિદેશી વસ્તુ વાપરવાનું છોડી દેશની અર્થ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવીએ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારતની અર્થ વ્યવસ્થાને મજબૂત કરવા માટે દેશવાસીઓને વિદેશી ચીજ વસ્તુઓનો મોહ છોડી ભારતમાં બનતી વસ્તુ ખરીદવાનો અનુરોધ ગુજરાતની ધરતી પરથી કર્યો છે.જાપાનને પાછળ છોડી ભારત વિશ્વની ત્રીજા નંબરની સૌથી મોટી અર્થ વ્યવસ્થા બની ગઈ છે.હવે પાંચ ટ્રિલિયન ઈકોનોમી સુધી પહોંચવાનું પીએમનું સપનું બહુ દૂર નથી.જો દેશવાસીઓ વિદેશી વસ્તુ ખરીદવાનું છોડી લોકલને વધુ પ્રાધાન્ય આપશે તો દેશને મોટો ફાયદો થશે તેમા શંકાને કોઈ જ સ્થાન નથી.

આજથી ૧૧ વર્ષ પહેલાં પ્રથમ વખત દેશના વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઈ મોદીએ શપથ લીધા હતા. ત્યારે ભારતનું અર્થતંત્ર વિશ્વમાં ૧૧ ક્રમે હતું. ત્યાર પછી કોવિડની મહામારી, પાડોશી દેશોના અતિક્રમણ, પ્રાકૃતિક આપદાઓ જેવી અનેક વિટંબણાઓ છતાં આજે ૧૧ વર્ષ પછી ભારત વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનીને ઉભરી આવ્યો છે. સમયની માંગ પણ વિકાસ અને પ્રગતિ જ છે.

આજે વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાના આનંદ આપણે માણી રહ્યા છીએ પણ અહીંથી અટકી જવાનું નથી હવે ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાનું અભિયાન શરૂ કરવાનું છે.આજથી ૧૦૦ વર્ષ પહેલા ૨૫-૩૦ કરોડ લોકોએ દેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરાવવાનું નક્કી કર્યું અને તેના પરીણામે દેશ આઝાદ થયો હતો. આજે દેશના ૧૪૦ કરોડ નાગરિકો જો વર્ષ ૨૦૪૭ સુધીમાં દેશને વિકસિત બનાવવાનો નિર્ધાર કરે, તો કોઈ પણ તાકાત આ લક્ષ્ય સિદ્ધ કરવામાંથી આપણને રોકી શકે તેમ નથી. વર્ષ ૨૦૪૭માં આઝાદીના ૧૦૦ વર્ષની ઉજવણી આપણે સમગ્ર વિશ્વમાં વિકસિત ભારતનો ઝંડો લહેરાવીને કરીશું. વર્ષ ૨૦૩૫માં ગુજરાતની સ્થાપનાના પણ ૭૫ વર્ષ પૂર્ણ થશે, ત્યારે તેનો રોડમેપ અત્યારથી તૈયાર કરવો જોઈએ. જેમાં ખેતી, શિક્ષણ અને ખેલકૂદ સહિતના દરેક ક્ષેત્રે આગળ વધવા માટે આપણે લક્ષ્ય નિશ્ચિત કરવા જોઈએ.ગુજરાતની સ્થાપના થઈ ત્યારે કહેવાતું કે, ગુજરાતમાં માત્ર મીઠું છે, પરંતુ આજે એ જ ગુજરાત હીરા માટે વિશ્વભરમાં વિખ્યાત છે. આ તમામ પરિમાણોને પગલે આગામી વર્ષ ૨૦૩૬માં દેશ ઓલિમ્પિકની યજમાની માટે સજ્જ બની રહ્યો છે.

વર્ષ ૨૦૪૭માં ભારતની આઝાદીના ૧૦૦ વર્ષે વિકસિત ભારત બનાવવાના નાગરિકોને સંકલ્પબદ્ધ થવા જણાવ્યું હતું. ભારતીય અર્થતંત્રને ચોથા સ્થાનેથી ત્રીજા સ્થાને લઈ જવા નાગરિકોને વિદેશી વસ્તુઓ નહિ, પરંતુ સ્વદેશી અપનાવીને વિદેશી વસ્તુઓને જાકારો આપવા આહ્વાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્યું હતું.

દિવસ દરમિયાન તમે કેટલી વિદેશી વસ્તુઓનો ઉપયોગ કરો છો, તેની એક યાદી બનાવો જેથી તમને ખ્યાલ આવશે કે, ઑપરેશન સિંદૂર માત્ર ભારતીય સેનાની જવાબદારી નથી, પરંતુ ૧૪૦ કરોડ ભારતીયોની પણ જવાબદારી છે. રાષ્ટ્રને વધુ સશક્ત અને સક્ષમ બનાવવા માટે નાગરિકોએ લોકલ ફોર વોકલ, વન ડિસ્ટ્રીકટ વન પ્રોડક્ટ જેવા આત્મનિર્ભર મંત્ર થકી મેક ઈન ઈન્ડિયાની પ્રોડક્ટને પ્રાધાન્ય આપી વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસીત રાષ્ટ્ર બનાવીશું.

## જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૬૦મું દેહદાન મળ્યું



**અબતક, રાજકોટ**

સંઘાણી મંજુલાબેન કૃપાશંકરનું અવસાન થતાં તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી દહેદાન કરાવેલ છે. જનકલ્યાણ સાર્વજનીક ચેરીટેબલ ટસ્ટ દ્વારા આ ૬૦મું દેહદાન થયેલ છે. આ દેહદાન જે.વી. શાહના સહયોગથી થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર સંપર્ક સાધવા જણાવ્યું છે.

## પુરૂષાર્થ યુવક મંડળ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન

**અબતક, રાજકોટ**

પુરૂષાર્થ યુવક મંડળ દ્વારા શૈક્ષણીકક્ષેત્રે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના હેતુથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળા નં. ૧૩-૧૪-૧૫-૨૩-૨૯-૩૨-૪૩-૪૬-૫૩-૬૬-૬૭-૭૧-૭૨-૭૬-૭૭-૭૮-૮૯બી -૯૬-૯૭-૧૦૦ ના ધોરણ ૧ થી ૮ ના શાળા પ્રથમ આવેલ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનીત કરવાના હોય શાળાના આચાર્યએ વિદ્યાર્થીઓની માહિતી તા. ૩૦-૫ સુધીમાં સંસ્થાના પ્રમુખ કિશોરભાઈ રાઠોડને સંસ્થાના કાર્યલય 'પુરૂષાર્થ'', ૮, બ્રાહ્મણીયા પરા, ગોવિંદબાગ મેઈન રોડ, સંતકબીર રોડ, ખાતે પહોંચાડી આપવા યાદીમાં જણાવવામાં આવે છે.

## મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષસ્થાને 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન'નો ઉદ્દઘાટન કાર્યક્રમ યોજાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ તાલુકાના ખેરડી ગામમાં કાલે સવારે ૧૦ કલાકે કૃષિ મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન'નો ઉદ્દઘાટન કાર્યક્રમ યોજાશે. જેમાં ધારાસભ્યો, પદાધિકારીઓ અને ખેડૂતો ઉપસ્થિત રહેશે, તેમ જૂનાગઢ કૃષિ યુનિ યુનિવર્સીટીના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, તરઘડીયા (રાજકોટ)ની યાદીમાં જણાવાયું છે.

## રાજકોટ ડિવિઝનમાં બ્લોકને કારણે બે ટ્રેનના સમયમાં ફેરફાર

**અબતક, રાજકોટ**

રાજકોટ ડિવિઝનના રાજકોટ-બિલેશ્વર સેકશનમાં આવેલા બ્રિજ નંબર ૨૨૫ના ગર્ડર ફરીથી લગાવવા માટે એન્જિનિયરિંગ વિભાગ દ્વારા બ્લોક લેવામાં આવશે. આ બ્લોકના કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી બે ટ્રેનો જામનગર-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ ૨૮.૦૫.૨૦૨૫ ના રોજ જામનગરથી તેના નિર્ધારિત સમય ૦૮:૩૦ વાગ્યાને બદલે ૨ કલાક મોડી એટલે કે ૧૦:૩૦ વાગ્યે ઉપડશે અને વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ ૨૮.૦૫.૨૦૨૫ ના રોજ વેરાવળથી તેના નિર્ધારિત સમય ૭:૩૦ વાગ્યાને બદલે ૧ કલાક ૧૫ મિનિટ મોડી એટલે કે ૮:૪૫ વાગ્યે ઉપડશે. ટ્રેનોના સંચાલન સમય વિશે વધુ માહિતી માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લેવા જણાવાયું છે.

# હોર્ડિંગ બોર્ડ મામલે કોંગ્રેસની કોર્પોરેશન સામે કોર્ટમાં જવાની તૈયારી

### હોર્ડિંગ બોર્ડ પોલીસી અંગે ૧૦ સવાલોના જવાબ માંગ્યા, જો તંત્ર જવાબ નહીં આપે તો હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરાશેઃ રાજાણી - સાગઠીયા

**અબતક, રાજકોટ**

હોડિંગ બોર્ડની પોલીસી મામલે કોંગ્રેસે કોર્પોરેશન સામે કોર્ટમાં જવાની તૈયારી દેખાડી છે.

કોર્પોરેશનની હદ વિસ્તારમાં આવેલ હોડિંગ બોર્ડનું પ્રિ-મોન્સુન ચેકીંગ કરાયું છે કે કેમ? જો પ્રિ-મોન્સુન ચેકીંગ કરાયું હોય તો તેમાં શું કામગીરી કરાઈ છે. કેટલાને કયા કારણોસર નોટીસ અપાઈ છે. કેટલાને નોટીસ આપવાની બાકી છે તેની વોર્ડવાઈઝ સંપૂર્ણ વિગતો આપવા ની માંગ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલભાઈ રાજાણીએ કરી છે.

તેઓએ ઉમેર્યુ હતું કે, માવઠા દરમિયાન રેસકોર્ષ રોડ ઉપર તેમજ યાજ્ઞીક રોડ ઉપર હોડિંગ રોડ ઉપર ખાબકયા હતા તે કઈ એજન્સીના હતા? તેની સામે શું પગલા લેવાયા? પગલા લેવાયાની વિગતો જાહેર કેમ ન કરાઈ? ને જણાવશો.

માવઠા દરમિયાન હાડિંગ બોર્ડ નીચે ખાબકતાથી અમદાવાદ અને વડોદરામાં એક-એક વ્યકિતનું મૃત્યુ થયાનું ખુદ સરકારે જાહેર કર્યુ હતું.

શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી અને મ્યુનિ. વિપક્ષી નેતા વશરામ સાગઠીયાએ હોડિંગ બોર્ડ મામલે ૧૦ સવાલ રજુ કર્યા જેના જવાબ નહી અપાય તો હાઈકોર્ટમાં પી.આઈ. એલ. કરવા ફરજ પડશે. તેવી પણ ચિમકી આપી છે.

રાજકોટમાં કુલ કેટલા હોડિંગ બોર્ડ છે? તેમાં ખાનગી એડ એજન્સીના હોડિંગ કેટલા? અને કોર્પોરેશનની પોતાની ટેન્ડર સાઈટ કેટલી?, પ્રિ-મોન્સુન કામગીરી હેઠળ કેટલી એડ એજન્સીને તેના કયા સાઈટ લોકેશનના હોડિંગ માટે કેટલી નોટીસ અપાઈ?, કેટલી એડ એજન્સીએ તેના કેટલા હોડિંગ બોર્ડના લેટેસ્ટ સ્ટ્રકચરલ સ્ટેબિલીટી સર્ટીફીકેટ રજુ કર્યા છે?, લાઈટવાળા હોડિંગ બોર્ડમાં કોઈ અલગ નિયમો હોય છે કે કેમ? તેમાં આગ લાગે તો ફાયર સેફ્ટીની સુવિધા શું હોય છે?, હોડિંગ બોર્ડ ધરાશાયી થયાના બન્ને કિસ્સામાં શું પગલા લેવાયા?, રાજકોટ મનપાના એસ્ટેટ વિભાગમાં રજીસ્ટર્ડ હોય તેવી એડ એજન્સી કેટલી? તેનું લીસ્ટ આપશે. એજન્સીના માલીક, સુપરવાઈઝર, મેનેજરના નામ અને મોબાઈલ નંબર જણાવશો., એસ્ટેટ બ્રાંચમાં હોડિંગ બોર્ડની કામગીરી કયા અધિકારી કર્મચારી સંભાળે છે. તેના નામઃ હોદા અને મોબાઈલ નંબર જણાવશો., હોડિંગ બોર્ડ પેટે મહાનગરપાલિકાની કુલ વાર્ષિક આવક કેટલી? ગત વર્ષે ટાર્ગેટ પૂર્ણ થયો હતો કે નહીં?, ચાલુ વર્ષે હોડિંગની આવકનો ટાર્ગેટ કેટલો છે? કેટલી કેટલી એડ એજન્સીઓની કેટલી લાયસન્સ ફી બાકી છે?, રાજકોટમાં નિયમ કરતાં વધુ મોટી સાઈઝ હોર્ડિંગ બોર્ડ મુકાયા હોય તેવા કોઈ કિસ્સા ચેકીંગમાં ઝડપાયા છે?, પ્રિ-મોન્સુન કામગીરી અંતર્ગત કિઓસ્ક બોર્ડ (લાઈટવાળા) સામે કોઈ કાર્યવાહી નોટીસ બજવણી કરાઈ છે કે કેમ?

# ક્રાંતિવીર વિનાયક સાવરકરને શ્રદ્ધાસુમન અર્પણ કરતા વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી



**અબતક, રાજકોટ**

ભારતીય સ્વાતંત્રતા આંદોલનના અગ્રીમ હરોળના લડવૈયા અને પ્રખર રાષ્ટ્રવાદી નેતા ક્રાંતિવીર વિનાયક દામોદર સાવરકરની ૧૪૨મી જન્મજયંતી નિમિત્તે ગુજરાત વિધાનસભા ખાતેના પોડિયમમાં તેમના તૈલચિત્રને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. પાટણ લોકસભાના સાંસદ ભરતસિંહ ડાભી તથા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલે પણ તૈલચિત્રને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ક્રાંતિકારી વિનાયક દામોદર સાવરકરે પોતાનું સંપૂર્ણ જીવન દેશ અને રાષ્ટ્ર સેવાને આપ્યું છે. તેમણે ઈંગ્લેન્ડમાં ફ્રી ઈન્ડિયા સોસાયટી નામની સંસ્થા સ્થાપી દેશની આઝાદી માટે ક્રાંતિકારી ચળવળ શરૂ કરી હતી. બ્રિટીશ સરકારે સરકાર વિરુદ્ધ કાવતરાના કેસમાં તેમની ધરપકડ કરીને ૫૦ વર્ષની કેદની સજા કરી હતી. શ્રી વીર સાવરકરે ભારત દેશને અખંડીત રાખવા અને આઝાદી અપાવવા અથાક પ્રયત્નો કર્યા હતા, જેને દેશ ક્યારેય ભૂલશે નહીં.

વિધાનસભાના અધ્યક્ષ ચૌધરીએ અંદમાન નિકોબાર ખાતે આવેલી સેલ્યુલર જેલની તેમની મુલાકત સમયના પ્રસંગો યાદ કરી તમામે એક વાર આ જેલની અવશ્ય મુલાકાત લેવા અનુરોધ કર્યો હતો.

ગુજરાત વિધાનસભાના ઈન્ચાર્જ સચિવ ચેતન પંડ્યા સહિતના ગુજરાત વિધાનસભાના અધિકારી-કર્મચારીઓએ પણ તૈલચિત્રને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

# બોલબાલા ટ્રસ્ટના ૩૫માં સ્થાપના દિવસ નિમિતે કાલે રાંદલમાંનાં ૪૩૪ લોટા ઉત્સવ

### આરોગ્ય લક્ષી મેડિકલ કેમ્પ, હેમોગ્લોબીન કેમ્પ, પાસપોર્ટ કેમ્પ તથા જીંદગી એક ઉત્સાહ સહિતના કાર્યક્રમો યોજાશે

**અબતક, રાજકોટ**

બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટના ૩૫માં સ્થાપના પર્વ એ માં ભગવતી ને રાજી કરવા સમુહ રાંદલમાંના ૪૩૪ લોટા ઉત્સવનું ધાર્મિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

બોલબાલા સંસ્થા પૂર્ણ શ્રધ્ધા સભર યજમાનના સહયોગથી આ કાર્યક્રમમાં સવારે ૮:૦૦ કલાકે રાંદલ માતાજીનુ સ્થાપન કરવામાં આવશે.

બોલબાલા ટ્રસ્ટ ના મેમ્બર તેમજ આવેલ તમામ લોકો માટે વિશાળ આરોગ્યલક્ષી મેડિકલ કેમ્પ, હેમોગ્લોબીન કેમ્પ, પાર્સપોર્ટ કેમ્પ, પોસ્ટઓફિસ દ્વારા આધાર કાર્ડમાં મોબાઈલ નંબર અપડેટ સુકન્યા યોજના, વગેરે જિંદગી એક જેવા અનેક કાર્યક્રમોનું એક આયોજન કરવામાં આવ્યુ છે. યોજના અંગેની માહિતી તથા જીંદગી એક ઉત્સાહ જેવા અનેક કાર્યક્રમો કરવામાં આવ્યું છે.

ગુરૂવારે સવારથી માતાજીના દર્શન, પૂજન, અર્ચન, મહિલા ધુન મંડળની બહેનો દ્વારા ધુન-કિર્તન તેમજ રાસ-ગરબાની રમઝટ બોલાવવામાં આવશે. આ અવસરે અનેક સહયોગી દાતા ઓનો સાથ-સહકાર સાંપડી રહયો છે.

આ અવસરે ૩૫૦૦ કરતા વધુ ગોરણીઓના પગ ધોવાનો, ૧૦૦૦ જેટલા ભાવિકો, યજમાન પરીવાર તેમજ ૨૦૦ કાર્યકર્તા વગેરે માટે પૂજન, ભોજન-પ્રસાદ તેમજ ગોરણીઓને આકર્ષક ગીફટ વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

બોલબાલા સ્થાપના પર્વ ના ૩૫ માં સ્થાપના પર્વએ બોલબાલા ટ્રસ્ટ ના ટ્રસ્ટી જયેશ ઉપાધ્યાયને આર્શીવાદ,શુભેચ્છા, અને પ્રોત્સાહન આપવા મહાનુભવો, દાતાઓ, મહેમાનો ને બોલબાલા ટ્રસ્ટ વતી હાર્દિક નિમંત્રણ પાઠવે છે.

વહેલી સવારથી આયોજીત આ ધાર્મિક કાર્યક્રમમાં લોટા નોંધવાનું પ્રારંભ, ભાગ લેવા, દર્શન, અર્ચન તેમજ પૂજનનો લાભ લેવા ટ્રસ્ટ ના પ્રમુખ જીજ્ઞેશ ઉપાધ્યાય દ્વારા શહેરની ધર્મપ્રેમી જનતાને અનુરોધ કર્યો છે.

રાંદલમાં લોટા ઉત્સવ સ્થળ મોઢવણીક જ્ઞાતીની વાડી રજપુત પરા, માલવીયા પેટ્રોલ પંપ સામેની શેરી ખાતે સવારે ૯ વાગ્યેથી રાત્રે ૮ વાગ્યા સુધી યોજાશે. રાંદલમાના લોટા ઉત્સવ માટે બોલબાલા ટ્રસ્ટના મો.૯૩૭૪૧૦૩૫૨૦ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# આહીર સમાજના યુવાઓ માટે ૯મીથી રેવન્યુ તલાટીના તાલિમ વર્ગનો પ્રારંભ

### ક્રિષ્ના ફાઉન્ડેશન દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા અંગે અપાશે માહિતીઃ એડમિશન પ્રક્રિયા આજથી શરૂ



**અબતક, રાજકોટ**

આહીર સમાજના યુવા ભાઈઓ તથા બહેનો સ્પર્ધાત્મક પરીક્ષા આપી પોતાની કારકીર્દી ઘડી શકે અને તેઓ પણ ઉચ્ચ હોદ્દા પર પહોંચે તેવા હેતુથી રેવન્યુ તલાટી અને જનરલ બેચ પરીક્ષાઓની તૈયારી માટેના તાલીમ વર્ગ ક્રિષ્ના ફાઉન્ડેશન દ્વારા શરૂ કરવામાં આવશે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી અંગે આહિર સમાજના ભાઈઓ-બહેનો માટે રાજકોટના ૧૫૦ ફુટ રીંગરોડ પર રામદેવપીર ચોકડી નજીક પરીશ્રમ સ્કુલ ખાતે ક્રિષ્ના ફાઉન્ડેશન દ્વારા એડમિશન કાર્ય અને ત્યાર બાદ તાલીમ વર્ગનુ આયોજન કરેલ છે.

આહીર સમાજના યુવાનો માટે રેવન્યુ તલાટી અને જનરલ બેચ ભરતી પરીક્ષાઓ માટેના તાલીમ વર્ગ માટે આજથી ૦૫ જુન, ગુરૂવાર સાંજે ૬:૩૦ થી ૮:૦૦ દરમ્યાન વહેલા તે પહેલાના ધોરણે એડમિશન આપવામાં આવશે ત્યારબાદ ૧૭ ફેબ્રુઆરી, સોમવારથી તાલીમ વર્ગોનો પ્રારંભ કરવામાં આવશે,આ વર્ગોમાં સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાંતો દ્વારા તાલીમ આપવામાં આવશે, ક્રિષ્ના ફાઉન્ડેશન વર્ષ ૨૦૧૩ થી કાર્યરત છે અને અત્યાર સુધીમાં ૨,૫૦૦ થી વધુ વિધાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરીને સરકારમાં જોડાઈને સેવા આપી રહ્યા છે, વધુ માહિતી માટે મોબાઈલ નં.૯૫૫૮૩૩ ૭૭૬૨ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# સોરઠીયા રાજપુત સમાજ દ્વારા શનિવારે ધ્વજારોહણ મહોત્સવ

### સૌરાષ્ટ્રભરમાંથી સંતો-મહંતો સહિત સામાજીક અગ્રણીઓ ઉપસ્થિત રહેશે

**અબતક, રાજકોટ**

સોરઠીયા રજપૂત સમાજ, રાજકોટ દ્વારા દેવુભગતના આરાધ્ય રાજાધિરાજ દ્વારકાધિશજીને તા. ૩૧/૦૫/૨૦૨૫ને શનિવારના રોજ સમસ્ત સમાજ અને વિશ્વ કલ્યાણની ભાવના સાથે ધ્વજાજી આરોહણ મહોત્સવ યોજવા જઈ રહેલ છે.

આ ધમકાર્યમાં કોઠારી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી - દ્વારકા, સ્વામી ચંદ્રપ્રસાદજી - દ્વારકા, માધવસ્વરૂપદાસજી - દ્વારકા, પુરૂષોત્તમદાસજી સ્વામી જૂનાગઢ, જગત પ્રસાદદાસજી - જામજોધપુર, વિવેકસાગરદાસજી - રાજકોટ તેમજ સંત દેવુભગત જય સિયારામ ભક્ત મંડળ - રાણાકંડોરણા, આઈ પૂનમમાઁ, રાંદલધામ - જૂનાગઢ, દિનેશ મારાજ - પોરબંદર, કિશોરભાઈ મોઢા - અમદાવાદ, પ્રભાશંકરભાઈ મોઢા - પોરબંદર અને મુળુભા પરમાર જૂનાગઢ વિશેષ ઉપસ્થિત રહેશે.

અખિલ ગુજરાત સોરઠીયા રજપૂત સમાજના પ્રમુખ વિજયભાઈ ચૌહાણની ઉમદા ભાવના છે કે સમાજનો નાનામાં નાનો વ્યક્તિ પણ રાજાધિરાજના આ ધ્વજાજી આરોહણમાં પૂજા - દર્શનનો લાભ લઈ શકે.

દેવુભગત અતિથિભુવન વધુ સુવિધા સભર બનાવવામાં આવેલ છે.

આ ધર્મકાર્યમાં સમાજના ભાઈ - બહેનોને ઉપસ્થિત રહેવા સોરઠીયા રજપૂત સમાજના પ્રમુખ કાર્તિકભાઈ ચૌહાણ, મંત્રી શ્યામલભાઈ રાઠોડ, યુવા શક્તિ ગૃપ પ્રમુખ આકાશભાઈ ચૌહાણ, મુકુન્દભાઈ રાઠોડ, જામનગરના અગ્રણી તથા પૂર્વ કોર્પોરેટર કમલેશ સોઢા તથા વિજય અજા તેમજ મહિલા અગ્રણી જ્યોત્સનાબેન ચૌહાણ અને પદ્માબેન ડોડીયાએ અપીલ કરેલ છે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે વિજયભાઈ ચૌહાણના માર્ગદર્શનમાં સોરઠીયા રજપૂત સમાજની વિવિધ પાંખના કાર્યકર્તા ભાઈ - બહેનો તેમજ સલાહકાર મંડળના અશોકભાઈ કેશોર, અશોકભાઈ ખેર, અરવિંદભાઈ ચૌહાણ, મુકેશભાઈ ચૌહાણ, પ્રવીણભાઈ ચૌહાણ, હસુભાઈ મકવાણા, કિશન ચૌહાણ, વિમલ હાડા, પ્રતાપભાઈ ચૌહાણ વિગેરે એ જહેમત ઉઠાવી રહેલ.

# ઉમિયા પદયાત્રિક પરિવાર દ્વારા ઉમા જયંતિ નિમિતે શુક્રવારે મહાઆરતી

**અબતક, રાજકોટ**

કડવા પાટીદારોના કુળદેવી શ્રી ઉમિયા માતાજીની જયંતી નિમિતે ૩૯ મે ને શુક્રવારના રોજ શ્રી ઉમિયા પદયાત્રિક પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અંબીકા ટાઉનશીપ અંબે માતાજીના મંદિર ખાતે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યુ છે.

રાજકોટમાં હર વર્ષે ઉમિયા પદયાત્રિક પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉમા જયંતી નિમિતે મા ઉમિયાના રથ સાથેની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે. જેમાં બહોળી સંખ્યામાં ભાવીકો માતાજીના દર્શન અને આરતીનો હાવો લે છે.

હાલ આ વર્ષે તાજેતરમાં જ ભારતમાં કાશ્મીર પહેલગાવમાં થયેલ આતંકી હુમલાને વખોડી કાઢતા આતંકી હુમલામાં અને ભારત-પાક યુધ્ધમાં શહિદ થયેલ નાગરીકો તેમજ લશ્કરી જવાનોને શ્રધ્ધાંજલી આપવા આ વર્ષે સંસ્થા દ્વારા માતાજીની મહાઆરતીની સાદગીપૂર્ણ ઉજવણી કરવામાં આવશે. રાજકોટમાં અંબીકા ટાઉનશીપમાં અંબે માતાજીના મંદિર ખાતે તા. ૩૦ મેના રોજ સાંજે ૬:૩૦ કલાકે મા ઉમિયાની મહાઆરતી યોજાશે.

ઉમા જયંતી નિમિતે યોજાનાર મહાઆરતીમાં પધારવા સર્વે કડવા પાટીદાર પરિવારોને પધારવા શ્રી ઉમિયા પદયાત્રિક પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ વિનુભાઈ મણવર, ઉપપ્રમુખ અતુલભાઈ ભુત, મંત્રી ધર્મેન્દ્રભાઈ ઉકાણી, કારોબારી સમિતિ તથા સંસ્થાના સભ્યો દ્વારા આમંત્રણ પાઠવવામાં આવે છે.

# સમસ્ત રામાનંદી સાધુ યુવા સમાજ દ્વારા ચોપડાનું કરાશે વિતરણ

### તા.૬ઠ્ઠી સુધી રજીસ્ટ્રેશન કરી શકાશે

**અબતક, રાજકોટ**

તાજેતરમાં રામાનંદી સાધુ સમાજ સમાજની મળેલી એક બેઠા રાજકોટ બેઠકમાં સામાજની સંસ્થા ના સ્થાપક પ્રમુખ દ્વારા એક પ્રસ્તાવ મુકવામાં આવ્યો જેમાં રવિરાજભાઈ રામાવત ને અગામી ત્રણ વર્ષ માટે સમાજના પ્રમુખ બનાવવવાનો, જેનો સર્વાનુમતે સહર્ષ સ્વીકાર કરવામાં આવ્યો. તેમજ ઉપપ્રમુખ તરીકે વિવેકભાઈ નિમાવત તથા જયદીપભાઈ નિમાવત, ખજાનચી તરીકે રાજુભાઈ કુબાવત તથા દેવાંગભાઈ નિમાવત, મંત્રી તરીકે જયદીપભાઈ દેવમુરારી , અલ્પેશભાઈ અગ્રાવત, - કરણરાજ કુબાવત, અજયભાઈ દેવમુરારી, સંગઠન મંત્રી તરીકે વિમલભાઈ કીલજી, કારોબારી સભ્ય તરીકે મયંકભાઈ રામાવત, અનંતભાઈ નેનુજી તથા સિદ્ધાર્થભાઈ લશ્કરી ની સર્વાનુમતે નિયુકિત ટીમ જાહેર કરવામાં આવી.

જેમાં ધોરણ (૧ થી ૧૨) મા પેલા, બીજા અને ત્રીજા નંબર ને જાહેર માં સન્માન તથા મોમેન્ટો અને બાકી રજીસ્ટ્રેશન કરાવેલ દરેક વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે અડધો ડઝન ફુલ સ્કેપ ચોપડા આપવામાં આવશે. આ માટે દરેક વાલીએ છેલ્લા વર્ષ ની પાસ થયેલી માર્કશીટ તથા આધારકાર્ડ આ મોબાઈલ નંબર +૯૧૯૭૨૬૯ ૫૫૫૦૪ પર ફક્ત વોટ્સ-અપ માધ્યમ થી મેસેજ મોકલી રજિસ્ટ્રેશન ૦૬/૦૬/૨૦૨૫ સુધી કરાવવું ફરજીયાત છે. રજિસ્ટ્રેશન વગર ચોપડા મળશે નહી. જેની ખાસ નોંધ લેવી. સંસ્થાપક જીજ્ઞેશ રામાવત દ્વારા જણાવેલ છે.

# ધમ્મકોટ ખાતે વિપસ્યના સાધકો માટે દસ દિવસીય શિબિર યોજાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ નવા ધમકોટ વિપસ્યના કેન્દ્ર (રંગપર) ખાતે આગામી સ્પેશીયલ દસ દિવસીય શિબિરનું તા. ૪-૬-૨૫ થી ૧૫-૬-૨૫ સુધીનુ શીબીરનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પાંચ દિવસીય સ્પેશીયલ શીબીરનું આયોજન કરવામાં આવેલ છે. જુના સાધકોએ લાભ લેવા મો. નં. ૯૩૨૭૯ ૨૩૫૪૦ પર સંપર્ક કરવા જણાવેલ છે.

# લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે સોમવારે મહિલાઓ માટે 'વેસ્ટમાંથી બેસ્ટ' સ્પર્ધા

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને રાજકોટ મહાનગરપાલિકા સ્થાપિત તથા સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત અને ગુજકોસ્ટ માન્ય ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર - રેસકોર્સ, રાજકોટ ખાતે ચાલતા વુમન સાયન્સ ક્લબ અને ધ બધેકા ટ્રસ્ટ ફોર એજ્યુકેશન, કલ્ચર, સાયન્સ એન્ડ હ્યુમનીટી, રાજકોટના ટ્રસ્ટીઓ ડો. કિશોરભાઈ ત્રિવેદી, ડો. અવિનાષ મારુ, ડો. લક્ષ્મણભાઈ ચાવડા, પિયુષભાઈ મહેતા અને કલ્પકભાઈ મણીયારના સહયોગ દ્વારા આગામી સોમવારે તા. ૨ જુન ૨૦૨૫ ના રોજ બપોરે ૩.૩૦ થી ૫.૩૦ દરમિયાન મહિલાઓ માટે ''વેસ્ટ માંથી બેસ્ટ'' સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

આ સ્પર્ધામાં પ્લાસ્ટિક બોટલ, પ્લાસ્ટિક બેગ / કોથળી / ઝબલા, પુઠ્ઠા માંથી એટલે શૂઝ બોક્સ કે કોઈ પણ બોક્સ, ન્યૂઝ પેપર, જુના કપડા આમાંથી કોઈ પણ વસ્તુનો ઉપયોગ કરી ''વેસ્ટમાંથી કોઈ પણ એક પ્રાણી'' ની કૃતિ બનાવવાની રહેશે. જે ૮ ઈંચ કે ૧૦ ઈંચ સુધીનું હોવુ જરૂરી રહેશે.

આ સ્પર્ધામાં નિર્ણાયકલ દ્વારા શ્રેષ્ઠ કૃતિની પસંદગી કરીને ઈનામ આપવામાં આવશે તેમજ દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર આપવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા તાઃ ૩૧ મે ૨૦૨૫ ને શનિવાર સુધીમાં સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૦૦ દરમિયાન લોક વિજ્ઞાન કેન્દ્રના મો. ૯૯૭૮૮૨૫૮૨૯ ઉપર રજીસ્ટ્રેશન કરવા જણાવાયું છે.

# વેક્સિનના ત્રણ ડોઝ લેનાર પણ કોરોના સંક્રમિત: નવા ૬ કેસ

## રાજકોટમાં એક જ દિવસમાં કોરોનાના દર્દીઓ બમણા થઈ ગયા: દુબઈ અને મુંબઈની ટ્રાવેલ્સ હિસ્ટ્રી ધરાવતા વ્યક્તિઓ કોવિડમાં પટકાયા: સદ્ગુરૂ પાર્કમાં ૬ માસના બાળક અને પરિવારના અન્ય સભ્યોને પણ કોરોના: તમામની સ્થિતિ સ્ટેબલ

**અબતક, રાજકોટ**

દેશભરમાં અચાનક કોરોનાએ માથું ઉંચક્યું છે. ગુજરાતમાં કોવિડના એક્ટિવ કેસનો આંક ૧૦૦ને પાર થઈ ગયો છે. આજે રાજકોટમાં જાણે કોવિડ બ્લાસ્ટ થયો હોય તેમ એક જ દિવસમાં નવા ૬ કેસ નોંધાયા છે. ૬ માસના બાળકથી માંડી ૬૭ વર્ષના વડિલ કોરોના સંક્રમિત થયા છે. વેક્સિનના ત્રણ-ત્રણ ડોઝ લેનારને પણ કોરોના આભડી ગયો છે. જો કે, હાલ તમામની સ્થિતિ સારી હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ ગઈકાલે શહેરના શિવપાર્ક, ગોવિંદનગર, સિલ્વર સોસાયટી અને રૈયા રોડ પર શિવાજીપાર્કમાં કોરોનાના નવા ચાર કેસ નોંધાયા હતા. અગાઉ એક કેસ મળી આવ્યો હતો. જેનો હોમ આઈસોલેશન પિરીયડ પૂરો થતાં કોરોના મુક્ત જાહેર કરી દેવામાં આવ્યા છે. આજે શહેરમાં કોરોનાના નવા ૬ કેસ નોંધાયા છે. શહેરમાં એક જ દિવસમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા બમણી થઈ જવા પામી છે. શહેરના વોર્ડ નં.૬માં રામપાર્ક વિસ્તારમાં વેક્સિનેશનના ત્રણ ડોઝ લેનાર ૨૫ વર્ષીય મહિલા કોરોના સંક્રમિત થઈ છે. આ ઉપરાંત વોર્ડ નં.૧૦માં સદ્ગુરૂનગરમાં એક જ પરિવારના બે સભ્યો કોરોનામાં સપડાયા છે. મુંબઈની ટ્રાવેલ્સ હિસ્ટ્રી ધરાવતા અને ત્રણ ડોઝ લેનાર ૩૨ વર્ષીય પુરૂષ અને તેના જ પરિવારના ૬ માસના બાળકનો કોરોના



રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ ઉપરાંત શહેરના વોર્ડ નં.૭માં બસ સ્ટેન્ડ પાસે રહેતા ૨૬ વર્ષીય યુવાનનો કોવિડ રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને વેક્સિનના બે ડોઝ લીધા છે અને દુબઈ ખાતે જઈને પરત આવ્યા બાદ તે કોરોનામાં સપડાયા છે. જ્યારે વોર્ડ નં.૧૧માં જીવરાજપાર્ક વિસ્તારમાં વેક્સિનના બે ડોઝ લેનાર ૬૭ વર્ષીય પુરૂષનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જ્યારે વોર્ડ નં.૧૮માં મંગલપાર્ક વિસ્તારમાં વેક્સિનનો એક ડોઝ લેનાર ૨૬ વર્ષીય યુવાનનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૧૯ મેથી લઈ આજ સુધીમાં શહેરમાં કોરોનાના નવા ૧૧ કેસ નોંધાયા છે. જે પૈકી એક દર્દી સાજા થઈ ગયા છે. જ્યારે અન્ય ૧૦ વ્યક્તિઓ હાલ ઘરે હોમ આઈસોલેશન હેઠળ હોવાનું જાણવા મળી રહ્યું છે. તે તમામની તબિયત સારી છે. શંકાસ્પદ લક્ષણો જણાય તેવા દર્દીઓના કોરોના ટેસ્ટ કરવામાં આવે છે. આટલું જ નહિં જે વ્યક્તિના કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે તેના સેમ્પલ જીનોમ સિક્વન્સીસ રિપોર્ટ માટે મોકલવામાં આવ્યા છે. જેના રિપોર્ટ આવ્યા બાદ ખબર પડશે કે શહેરમાં કોરોનાના નવા વેરિએન્ટનો કોઈ કેસ નોંધાયો છે કે કેમ? આરોગ્ય શાખા દ્વારા ટેસ્ટીંગ વધારવા પર પણ ભાર મુકવામાં આવશે. ખાનગી હોસ્પિટલોમાં પણ શંકાસ્પદ લાગે તેવા દર્દીઓના કોરોના ટેસ્ટ કરવા તાકીદ કરી દેવામાં આવી છે.

# મુંબઈથી રાજકોટ આવતી ઈન્ડિગોની ફ્લાઈટ વડોદરા ડાયવર્ટ

## ક્યા કારણોસર ફ્લાઈટને ડાયવર્ટ કરાય તેનું કોઈ ચોક્કસ કારણ સામે ન આવ્યું: ટેકનીકલ ફોલ્ટ સર્જાયાની સંભાવના

**અબતક, રાજકોટ**

મુંબઈથી બપોરે ૧૨ કલાકે રાજકોટ આવતી ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટને અચાનક વડોદરા ડાયવર્ટ કરી દેવામાં આવી હતી. ક્યા કારણોસર અચાનક ફ્લાઈટને ડાયવર્ટ કરવાની જરૂરિયાત ઉભી થઈ તે અંગે એરપોર્ટ ઓથોરિટી દ્વારા કોઈ સચોટ કારણ આપવામાં આવ્યું નથી. વાતાવરણ ચોખ્ખું હતું પવનની ગતિ પણ એટલી તીવ્ર ન હતી કે ફ્લાઈટને લેન્ડીંગમાં કોઈ તકલીફ પડે છતાં કોઈ કારણોસર ફ્લાઈટને વડોદરા ડાયવર્ટ કરવાની જરૂરિયાત ઉભી થઈ હતી. ક્યા કારણોસર રાજકોટ એરપોર્ટ પર ફ્લાઈટ લેન્ડીંગ ન કરી શકાય તેનું કારણ પાયલોટ આપે ત્યાર પછી જ જાહેર કરવામાં આવે તેવું હાલ દેખાઈ રહ્યું છે.

રોજ બપોરે ૧૨ કલાકે મુંબઈથી ઈન્ડિગોની ફ્લાઈટ રાજકોટ ખાતે આવે છે. આજે બપોરે કોઈ કારણોસર આ ફ્લાઈટનું રાજકોટ ખાતે લેન્ડીંગ કરી શકાયું ન હતું અને વડોદરા ખાતે ફ્લાઈટને ડાયવર્ટ કરવાની જરૂર પડી હતી. એરપોર્ટ ઓથોરિટી દ્વારા હજુ સુધી ફ્લાઈટને ડાયવર્ટ કરવાનું પાછળનું કોઈ સાચુ કારણ આપવામાં આવતું નથી. પરંતુ એવું મનાઈ રહ્યું છે કે ફ્લાઈટમાં કોઈ ટેકનીકલ પ્રોબ્લેમ થઈ હોવાના કારણે રાજકોટ લેન્ડીંગ કરવાના બદલે વડોદરામાં જ ઉતરાયણ કરી દેવામાં આવી હતી. હવામાન વિભાગના સૂત્રોએ એવું કહ્યુ હતું કે શહેરમાં પવનની ગતિ એટલી બધી તીવ્ર ન હતી કે ફ્લાઈટનું એરપોર્ટ ખાતે લેન્ડીંગ ન થઈ શકે.

ક્યા કારણોસર ફ્લાઈટને વડોદરા ડાયવર્ટ કરવામાં આવી તેનું સાચું કારણ પાયલોટ કે ફ્લાઈટના કેપ્ટન જ આપી શકશે. અનેક મુસાફરોએ હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

# યોગ અને ધ્યાન માનસિક શાંતિથી વૈશ્વિક શાંતિનો માર્ગ: આચાર્ય લોકેશજી

## અહિંસા વિશ્વ ભારતીય અને વિશ્વ શાંતિ કેન્દ્ર દ્વારા યોગ દિવસની ઉજવણી અન્વયે વેબિનાર યોજાયો

**અબતક, રાજકોટ**



અહિંસા વિશ્વ ભારતીય અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક, પ્રસિદ્ધ જૈન આચાર્ય લોકેશજી, મંત્રી આયુષજી પ્રતિપરાવ જાધવ, સીસીઆરવાયએનના ડિરેક્ટર ડો. રાઘવેન્દ્ર રાવ, એમડીએનઆઈવાયના ડિરેક્ટર ડો. કાશીનાથ સમગંડી અને આઈએનઓના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. અનંત બિરાદરે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ માટે વિવિધ સંસ્થાઓ દ્વારા આયોજિત કાર્યક્રમો માટે વેબિનાર દ્વારા માર્ગદર્શન આપ્યું.

વિશ્વ શાંતિદૂત અચાર્ય લોકેશજીએ જણાવ્યું કે ભારતના પ્રાચીન જ્ઞાન યોગને આજકાલ સમગ્ર વિશ્વ અપનાવી રહ્યું છે. યોગ માત્ર શારીરિક સ્વાસ્થ્ય માટે જ નહીં પરંતુ માનસિક સ્વાસ્થ્ય માટે પણ ખૂબ ઉપયોગી છે. યોગ અને ધ્યાનના માધ્યમથી માનસિક શાંતિ અને વૈશ્વિક શાંતિ બંને પ્રાપ્ત કરી શકાય છે. આચાર્ય લોકેશજી એ ઉમેર્યું કે ભારતભરના હજારો સ્થળો અને સંસ્થાઓ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવશે.

આયુષ મંત્રી પ્રતાપરાવ જાધવે કહ્યું કે ૨૧ જૂન ૨૦૨૫ના રોજ વૈશ્વિક સ્તરે ઉજવવામાં ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસમાં જાહેર ભાગીદારીને પ્રોત્સાહન આપવાનું અમારું લક્ષ્ય છે. ૨૦૨૫ના યોગ દિવસની થીમ 'એક પૃથ્વી, સમાન આરોગ્ય માટે યોગ' છે. લોકોમાં યોગ અને પર્યાવરણને જોડવાનો આ એક મહત્ત્વપૂર્ણ માધ્યમ બનશે. આયુષ મંત્રી પ્રતાપરાવ જાધવે ઉમેર્યું કે યોગ દિવસના આયોજન માટે આયુષ મંત્રાલયમાં રજિસ્ટ્રેશન કરો અને સર્ટિફિકેટ પણ મેળવો.

ડો. રાઘવેન્દ્ર રાવે જણાવ્યું કે આયુષ મંત્રાલય ઓનલાઈન ન્યૂઝલેટર દ્વારા હિતધારકોની ભાગીદારી મજબૂત કરવા માંગે છે. તે સરકારી એજન્સીઓ, યોગ સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને વૈશ્વિક મિશનોને એક જૂથ દૃષ્ટિકોણ હેઠળ લાવવા ઈચ્છે છે.

ડો. કાશીનાથ સમગંડીએ જણાવ્યું કે રાષ્ટ્રવ્યાપી આઈડીવાય કાર્યક્રમના આયોજકોને આયુષ મંત્રાલય અને એમડીએનઆઈવાય તરફથી સહયોગ મળવો ખૂબ જ અગત્યનો છે.

આઈએનઓના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. અનંત બિરાદરે કહ્યું કે યોગને માનવતાને એકતામાં બાંધનાર શકિત બનાવવા વડાપ્રધાનના વિઝનને સાકાર કરવા માટે અમે બધાં પ્રતિબદ્ધ છીએ.

# ચિલઝડપ કરતી સમડી ગેંગ, ઘરેણાનો ઢાળિયો બનાવનાર મહિલાની ધરપકડ

## ચોરીનો મુદ્દામાલ ખરીદ કરનાર સોની વેપારીને પણ સાણસામાં લેવાયો : રૂ.૧.૯૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરતી બી ડિવિઝન પોલીસ

**અબતક, રાજકોટ**



શહેરમાં ચીલઝડપ કરતી સમડીના ગેંગના બે સભ્યોની ધરપકડ કરવામાં આવી છે. ચીલઝડપ કરતી બાઈક સવાર સમડી બેલડીને બી ડીવીઝન પોલીસે પકડી પાડી છે. દારૂ-જુગારની કુટેવ પોશવા ચિલઝડપ કરતા બેલડીની સાથોસાથ ઘરેણાંનો ઢાળિયો બનાવનાર મહિલા અને ચોરીનો મુદ્દામાલ ખરીદ કરનાર સોની વેપારીને પણ પોલીસે સાણસામાં લીધો છે. ચારેયની ધરપકડ કરી બાઈક અને ૨૪.૮૫ ગ્રામ સોનાનો ઢાળીયો કબજે કરાયો છે.

સામાકાંઠા વિસ્તારમાં ગત તા.૧૭ના રોજ વિજયાબેન ચંદુભાઈ દેસાઈ પૂત્રવધુ સાથે વોકીંગમાં નીકળ્યા હતા ત્યારે બાઈક પર આવેલા બે શખસે રૂ. ૧.૬૦ લાખની કિંમતનો આશરે ૨૫ ગ્રામનો સોનાનો ચેઈન વિજયાબેનના ગળામાં ઝોંટ મારીને આંચકીને નાશી છૂટયા હતા. ચીલઝડપ સંદર્ભે બી-ડીવીઝન પોલીસે સમડીની શોધખોળ આદરી હતી. દરમિયાનમાં હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ જાડેજા તથા વિશ્વજીતસિંહ ઝાલા અને નરેશ ચાવડાને સમડી અંગે બાતમી મળી હતી. ઈન્ચાર્જ પી.આઈ. એન.વી. હરીયાણી તથા ટીમ સાથે મળી ચુનારાવાડમાં રહેતા કુખ્યાત વિશાલ કિશન સૌલંકી (ઉ.વ.૩૦) તથા ઉકા ઉર્ફે સંજય ભૂપત પરમાર (ઉ.વ.૩૯)ને દબોચી લીધા હતા. બંને શખસોએ ચીલઝડપ કર્યાની કબૂલાત આપી હતી.

સોનાનો ચેઈન પાડોશમાં રહેતી લાભુ મુન્ના સોલંકી (ઉ.વ.૪૦) નામની મહિલાને સાચવવા આપ્યો હોવાની કેફિયત આપતા લાભુને પણ પકડી લેવાઈ હતી.

લાભુએ ચેઈનનો ઢાળિયો બનાવી વાણીયાવાડી શેરી નં.૩માં રહેતા સોની ચેતન અરવિંદભાઈ જીંજુવાડીયાને વેચ્યાની કબૂલાત આપતા સોની ચેતનને પણ પકડી લેવાયો હતો.ચેતન પાસેથી ૨૪.૮૫ ગ્રામ સોનાનો ઢાળીયો કબજે લેવાયો હતો તથા ચીલઝડપમાં વપરાયેલુ જી.જે.૦૩ એમસી ૪૧૮૫ નંબરનું બાઈક પણ પોલીસે કબજે લીધુ હતું. વિશાલ સામે છ ગુના તથા ઉકા ઉર્ફે સંજય સામે હત્યાનો એક ગુનો નોંધાઈ ચુકયો છે.

## ચાર ચીલઝડપને અંજામ આપનાર કુખ્યાત બેલડી પાસાના પાંજરે પુરાયા



તાજેતરમાં એલસીબી ઝોન ૨ ની ટીમે સગીર ત્રણને ઝડપી લઈ ચાર ચીલઝડપના બનાવવાનો ભેદ ઉકેલ્યો હતો. આ બેલડી વિરૂદ્ધ પોલીસ કમિશનરે પાસાનું વોરંટ ઈશ્યુ કરતા ભક્તિનગર પોલીસે વોરંટની બજવણી કરી બેલડીને સુરત અને વડોદરા જેલ હવાલે કરી હતી.એલસીબી ઝોન ૨ ની ટીમે સદામ ઉર્ફે મચ્છો યાસીનભાઈ કુરેશી (ઉ.વ ૨૬ રહે. ભગવતીપરા મેઈન રોડ, જયપ્રકાશનગર) તથા વિક્રમ લાલજીભાઈ માનસુરીયા (ઉ.વ ૫૨ રહે. પાંજરાપોળ પાસે)ને ઝડપી લઈ ચાર ચીલઝડપના બનાવવાનો ભેદ ઉકેલ્યો હતો. દરમિયાન ભક્તિનગર પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ પી.આર.ડોબરીયાએ બંને આરોપીઓ વિરૂદ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશનરને મોકલતા પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ દરખાસ્ત પર મંજૂરીની મહોર લગાવી બંને વિરૂદ્ધ પાસાનું વોરંટ ઈશ્યુ કર્યું હતું. જેથી ભક્તિનગર પોલીસ મથકના સ્ટાફે આ વોરંટની બજવણી કરી આરોપી સદામ ઉર્ફે મચ્છાને સુરતની લોજપર અને વિક્રમ માનસુરીયાને વડોદરા જેલ હોવાલે કર્યો હતો. સદામ સામે દુષ્કર્મ, ચીલઝડપ સહિતના છ ગુના નોંધાઈ ચૂક્યા છે. ત્યારે વિક્રમ સામે દારૂ સહિતના ત્રણ ગુના નોંધાઈ ચૂક્યા છે.

# એડીબી હોટલ નજીક યુવાને ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

## ઈમ્પોર્ટ એક્સપોર્ટના ક્લાસીસ કરતા દિવ્યેશ કેટલાક સમયથી આર્થિક મુશ્કેલીમાં હોવાનું તારણ

**અબતક રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા માધાપર ચોકડી નજીક હોટલ પાસે ઈમ્પોર્ટ એક્સપોર્ટ ના ક્લાસીસ કરતા કેરાળા ના યુવાન એ ઝેરી દવા પી લેતા બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા સારવાર મળે તે પહેલા તેનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ મોરબીના કેરાળા ગામના દિવ્યેશ કુમાર દીપકભાઈ ચારોલા ૨૬ ગઈકાલે સાંજે છ વાગ્યાના સુમારે એડીબી હોટલથી બેડી ચોકડી ના પૂલ વચ્ચે ઈન્ડિયન પંપ ની સામે ઝેરી દવા પી લેતા બે ભાન થઈ ઢળી પડ્યો હતો તેને ૧૦૮ મારફત સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં સાંજે ૧૮/૪૨ કલાકે મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક તપાસમાં મળેલી વિગતો મુજબ ઈમ્પોર્ટ એક્સપોર્ટ ના કલાસીસ ની સાથે દિવ્યેશ શેરબજારમાં પણ રોકાણ કરતો હતો અને છેલ્લા કેટલાક સમયથી આર્થિક મુશ્કેલીનો સામનો કરતો હતો આ અંગે ની તપાસ પી.એસ.આઈ પી બી પટેલ ચલાવી રહ્યા છે.

**નરસંગપરામા પરણીતાનું વીજશોક થી મોત**

પ્રદ્યુમન નગર પોલીસ મથકની હદમાં આવેલ જૂની કલેકટર કચેરી પાછળ નરસંગપરા રહેતા કાજલબેન કાળુભાઈ મજેઠીયા ૩૨ સવારે છ વાગ્યે ઘેર હતા ત્યારે પાણીની મોટર ચાલુ કરવા માટે બોર્ડમાં પિન નાખતી વખતે ઈલેક્ટ્રીક શોર્ટ લાગતા બેભાન હાલતમાં સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવતા ઈમરજન્સીમાં ફરજ પરના તબીબો એ મૃત જાહેર કર્યા હતા મરનાર કાજલબેન નો પરિવાર પશુપાલનનું વ્યવસાય કરે છે અને કાજલબેન ને સંતાનમાં એક પુત્ર હોવાનું જાણવા મળ્યું છે

### ભાવિ યુધ્ધના મંડાણ ''પરગ્રહ'' પરથી થશે ?

# મિસાઈલ હુમલાને નાથવા કેવુ હશે અમેરિકાનું 'ગોલ્ડન ડોમ'

**અબતક, રાજકોટ**

અમેરિકા હવે અવકાશમાંથી આવનારી મિસાઈલો સામે પણ પોતાનો બચાવ કરવા માટે સજ્જ થઈ રહ્યું છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં જ એક મહત્વાકાંક્ષી યોજનાની જાહેરાત કરી છે: 'ગોલ્ડન ડોમ' નામની ૧૭૫ અબજની બહુ-સ્તરીય મિસાઈલ સંરક્ષણ પ્રણાલી ૨૦૨૯ સુધીમાં સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે. જોકે, આ પ્રોજેક્ટની ટેકનિકલ શક્યતાઓ અને તેને કેનેડાની મદદ વિના શરૂ કરી શકાય કે કેમ, તે અંગે નિષ્ણાતો દ્વારા અનેક પ્રશ્નો ઉભા કરવામાં આવ્યા છે.

**ચીન અને રશિયાથી વધતો ખતરો: 'ગોલ્ડન ડોમ' શા માટે જરૂરી બન્યો?**

તાજેતરના વર્ષોમાં ચીન અને રશિયા જેવા દેશો દ્વારા વિકસિત અત્યાધુનિક મિસાઈલ ટેક્નોલોજીએ અમેરિકાની ચિંતામાં વધારો કર્યો છે. ૨૦૨૧માં ચીને એક લાંબા અંતરની હાઈપરસોનિક






મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું, જેણે ''સમગ્ર વિશ્વની પરિક્રમા'' કરીને લક્ષ્યને સફળતાપૂર્વક હિટ કર્યું. આ ઘટનાએ વૈશ્વિક સ્તરે ખળભળાટ મચાવ્યો હતો અને અમેરિકી સેના માટે તે એક સ્પષ્ટ ચેતવણી હતી કે ભવિષ્યમાં ચીન અમેરિકા પર અણુ હુમલો કરવાની ક્ષમતા મેળવી શકે છે.

હાઈપરસોનિક મિસાઈલો અવાજની ગતિ કરતાં પાંચ ગણી (લગભગ ૧.૬ કિમી પ્રતિ સેકન્ડ) વધુ ઝડપે પ્રહાર કરી શકે છે. આ મિસાઈલો મોટાભાગની વર્તમાન હવાઈ સંરક્ષણ પ્રણાલીઓને સરળતાથી ચકમો આપી શકે છે. બેલિસ્ટિક મિસાઈલોથી વિપરીત, જે અવકાશમાં ઊંચે જઈને પછી પૃથ્વી પર પાછી ફરે છે, હાઈપરસોનિક મિસાઈલો નીચી અને સપાટ ગતિપથ પર ઉડે છે, જેને જમીન આધારિત રડાર સિસ્ટમ્સ માટે શોધી કાઢવી અત્યંત મુશ્કેલ છે. આ જ કારણોસર, અવકાશમાંથી આવનારા અને હાઈપરસોનિક મિસાઈલ હુમલાઓથી બચવા માટે 'ગોલ્ડન ડોમ' જેવી અત્યાધુનિક પ્રણાલીની જરૂરિયાત ઊભી થઈ છે.

**કેનેડાની ભૂમિકા શા માટે મહત્વપૂર્ણ છે?**

અમેરિકાને તેની ઉત્તરીય સરહદે મિસાઈલ સંરક્ષણમાં એક ગંભીર અંતરનો સામનો કરવો પડે છે. ઉત્તર ધ્રુવ પારથી છોડવામાં આવતી મિસાઈલોને શોધી કાઢવી મુશ્કેલ બની શકે છે, સિવાય કે કેનેડાના આર્કટિકમાં ઊંડાણપૂર્વક પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓ સ્થાપિત કરવામાં આવે. આ જ કારણોસર, કેનેડાનો સહયોગ આ પ્રોજેક્ટ માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

જોકે, ટ્રમ્પે ૨૦ મેના રોજ પ્રોજેક્ટની જાહેરાત કરતી વખતે કેનેડાની ભૂમિકાને અવગણતા કહ્યું હતું કે, ''તેઓ પણ રક્ષણ મેળવવા માંગે છે, તેથી હંમેશની જેમ, અમે કેનેડાને મદદ કરીએ છીએ.'' કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નેયે આ બાબતે સાવચેતી રાખવા અને કેનેડાને હળવાશથી ન લેવા વિનંતી કરી છે, જે દર્શાવે છે કે આ મુદ્દે હજુ ઘણી રાજદ્વારી વાટાઘાટો જરૂરી છે.

આગળ, 'ગોલ્ડન ડોમ' પ્રોજેક્ટ કઈ દિશામાં આગળ વધે છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેની શું અસરો થાય છે તે જોવું રસપ્રદ રહેશે.

## 'ગોલ્ડન ડોમ' શું છે અને તે કેવી રીતે કામ કરશે?

'ગોલ્ડન ડોમ' એક બહુ-સ્તરીય મિસાઈલ ઈન્ટરસેપ્શન સિસ્ટમ છે. તે જમીન પરથી છોડવામાં આવતી મિસાઈલો (ટેરેસ્ટ્રિયલ) અને અવકાશમાંથી છોડવામાં આવતી મિસાઈલો (ઓર્બિટલ) બંને સામે રક્ષણ આપશે.

આ સિસ્ટમનો મુખ્ય ઉદ્દેશ્ય ચાર તબક્કામાં જોખમોને નિષ્ક્રિય કરવાનો છે:

* પ્રક્ષેપણ પહેલાં (Before launch): દુશ્મનની મિસાઈલ છોડવામાં આવે તે પહેલાં જ તેની ઓળખ કરીને તેને નિષ્ક્રિય કરવી.
* પ્રારંભિક ઉડાન દરમિયાન (During initial flight): મિસાઈલ છોડાયા પછી તરત જ, જ્યારે તે વાતાવરણમાંથી બહાર નીકળી રહી હોય, ત્યારે તેને રોકવી.
* અવકાશમાં મધ્યમાર્ગ (Midcourse in space): જ્યારે મિસાઈલ અવકાશમાં હોય અને તેના લક્ષ્ય તરફ આગળ વધી રહી હોય, ત્યારે તેને અવકાશમાં જ નષ્ટ કરવી.
* ફરીથી પ્રવેશ દરમિયાન (During re-entry): મિસાઈલ ફરીથી પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે તે પહેલાં તેને શોધીને તેનો નાશ કરવો.

આ સિસ્ટમમાં ઓર્બિટલ મિસાઈલો એટલે કે ફ્રેક્શનલ ઓર્બિટલ બોમ્બાર્ડમેન્ટ સિસ્ટમ્સ (FOBS) સામે રક્ષણ આપવાનો પણ સમાવેશ થાય છે. આ એવી બેલિસ્ટિક મિસાઈલો છે જે નીચી પૃથ્વીની ભ્રમણકક્ષામાં રહે છે અને પછી પરમાણુ પેલોડ છોડીને લક્ષ્ય તરફ આગળ વધે છે.

ટ્રમ્પના પ્રસ્તાવમાં અવકાશમાં ઈન્ટરસેપ્ટર્સ મૂકવાનો પણ સમાવેશ થાય છે. આ એક અભૂતપૂર્વ ક્ષમતા હશે, કારણ કે અત્યાર સુધી કોઈ દેશ પાસે અવકાશ-આધારિત મિસાઈલ ઈન્ટરસેપ્ટર્સ નથી.

## 'ગોલ્ડન ડોમ' અને ઈઝરાયેલના 'આયર્ન ડોમ' વચ્ચે શું તફાવત છે?

શરૂઆતમાં આ પ્રોજેક્ટને ''આયર્ન ડોમ ફોર અમેરિકા'' તરીકે ઓળખવામાં આવતો હતો, પરંતુ પછીથી તેનું નામ 'ગોલ્ડન ડોમ' કરવામાં આવ્યું.

ઈઝરાયેલનો 'આયર્ન ડોમ' સિસ્ટમ નાના વિસ્તારોને ટૂંકા અંતરના રોકેટ અને આર્ટિલરી શેલ્સથી બચાવવા માટે રચાયેલ છે. જ્યારે, 'ગોલ્ડન ડોમ' એક વિશાળ ભૂભાગ, એટલે કે સમગ્ર ઉત્તર અમેરિકાને સંભવિત ચીની અને રશિયન મિસાઈલ હુમલાઓથી બચાવવાનું લક્ષ્ય ધરાવે છે.

વર્તમાન સિસ્ટમ્સ જેમ કે પેટ્રિયોટ મિસાઈલ બેટરીઝ (જે યુક્રેન જેવા સ્થળોએ તૈનાત છે) અને વિવિધ મિસાઈલ ડિટેક્શન સેટેલાઈટ્સને **'ગોલ્ડન ડોમ'**ના આર્કિટેક્ચરમાં સમાવી લેવામાં આવશે. પરંતુ તેની મુખ્ય નવીનતા અવકાશમાં સ્થિત ઈન્ટરસેપ્ટર્સ છે.

**ખર્ચ અને પડકારો: શું 'ગોલ્ડન ડોમ' શક્ય છે?**

ટ્રમ્પે આ સિસ્ટમનો ખર્ચ ૧૭૫ અબજ અંદાજ્યો છે. જોકે, કોંગ્રેસનલ બજેટ ઓફિસ (CBO) ના તાજેતરના અંદાજ મુજબ, માત્ર અવકાશના ઘટકો માટે જ બે દાયકામાં ૫૪૨ અબજ સુધીનો ખર્ચ થઈ શકે છે. કેટલાક નિષ્ણાતો તો તેનો કુલ ખર્ચ ટ્રિલિયન સુધી પહોંચી શકે તેવી ચેતવણી પણ આપી રહ્યા છે.

આ પ્રોજેક્ટ હજુ પણ ''સૈદ્ધાંતિક તબક્કામાં'' છે અને તેના માટે કોઈ ભંડોળ ફાળવવામાં આવ્યું નથી. યુનિયન ઓફ કન્સર્ન્ડ સાયન્ટિસ્ટ્સ (UCS) જેવી સંસ્થાઓએ આ ખ્યાલને ''કાલ્પનિક'' ગણાવ્યો છે. તેઓ ચેતવણી આપે છે કે આવા પ્રોજેક્ટ હાલના શસ્ત્ર નિયંત્રણ સંધિઓને નબળી પાડશે અને અવકાશમાં ખતરનાક નવી શસ્ત્ર સ્પર્ધાને વેગ આપશે.

# ૮૩૨૬ ગ્રામ પંચાયતોની ચૂંટણીનું ૨૨મી જૂને મતદાનઃ ૨૫મીએ પરિણામ

## રાજ્ય ચૂંટણી પંચ દ્વારા કરાઈ ચૂંટણીની સત્તાવાર જાહેરાતઃ આજથી આચાર સંહિતા લાગૂ

**અબતક, રાજકોટ**

રાજ્યભરમાં ૮૩૨૬ ગ્રામ પંચાયતની મુદ્દત છેલ્લા ઘણા સમયથી પૂરી ગઈ છે પરંતુ ઓબીસી અનામત નક્કી ન થતા ચુંટણીની તારીખ જાહેર કરવામાં આવી ન હતી. જેના કારણે છેલ્લા ઘણા સમયથી વહિવટદાર શાસન ચાલતું હતું. દરમિયાન આજે રાજ્ય ચુંટણી પંચ દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણી માટે તારીખનું એલાન કરી દેવામાં આવ્યું છે. આગામી ૨૨ જૂનના રોજ ૮૩૨૬ ગ્રામ પંચાયતોની ચુંટણીનું મતદાન થશે. ૨૫મી જૂને મત ગણતરી હાથ ધરવામાં આવશે. બેલેટ પેપર દ્વારા મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવી સંભાવના હાલ જણાઈ રહી છે.

રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં ઓબીસી કેટેગરી માટે અનામત નક્કી કરવા માટે એક કમિશનરની રચના કરી હતી. જેના કારણે રાજ્યની ૮૩૨૬ ગ્રામ પંચાયતોની મુદ્દત પૂરી થઇ ગઇ હોવા છતાં ચુંટણીની તારીખ જાહેર કરવામાં આવી ન હતી. દરમિયાન આજે બપોરે રાજ્ય ચુંટણી પંચ દ્વારા પંચાયતની ચુંટણીનું બ્યૂંગલ ફૂંકી દેવામાં આવ્યું છે. જે વિસ્તારોમાં ગ્રામ પંચાયતની ચુંટણી યોજવાની છે ત્યાં આજથી જ આદર્શ આચાર સંહિતા લાગૂ કરી દેવામાં આવી છે. આગામી બે જૂનના રોજ ચુંટણીનું સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ થતાંની સાથે જ ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ જશે. ચુંટણી લડવા ઈચ્છુક ઉમેદવારો ૯ જૂન સુધીમાં ઉમેદવારી કરી શકશે. જ્યારે ૧૦મી જૂનના રોજ ઉમેદવારી ફોર્મની ચકાસણી કરવામાં આવશે અને ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની અંતિમ અવધિ ૧૧ જૂન રહેશે. ૨૨મી જૂનના રોજ સવારથી લઈ સાંજ સુધી મતદાન હાથ ધરવામાં આવશે. જરૂર જણાશે તો ૨૩મીએ ફેર મતદાન કરવામાં આવશે. જ્યારે તમામ ૮૩૨૬ ગ્રામ પંચાયતની મત ગણતરી ૨૫મી જૂનના રોજ હાથ ધરાશે. સામાન્ય રીતે ગ્રામ પંચાયતની ચુંટણીમાં કોઈપણ રાજકીય પક્ષ ઉમેદવારોને સત્તાવાર મેન્ડેટ આપતા હોતા નથી પરંતુ આડકતરી રીતે સમર્થન જાહેર કરે છે. આજથી આચાર સંહિતા લાગૂ થઈ જવા પામી છે.

(પહેલા પાનાનું ચાલું)

### વલસાડથી લઈ કચ્છ...

રોજ તેની સામાન્ય તારીખથી આઠ દિવસ વહેલું પહોંચી ગયું છે, અને તે પહેલાથી જ તમિલનાડુ, કર્ણાટક, દક્ષિણ આંધ્રપ્રદેશ, દક્ષિણ મહારાષ્ટ્ર અને ઉત્તરપૂર્વના મોટાભાગના ભાગોને આવરી ચૂક્યું છે. મુંબઈમાં પણ મેઘાએ દસ દિવસ અગાઉ મંડાણ માંડી દીધા છે. હવામાન વિભાગે પ્રથમ વખત દેશના તમામ ૩૬ હવામાન વિભાગો માટે સંભાવના આગાહી શ્રેણી બહાર પાડી છે, જેમાં દિલ્હી-હરિયાણા-ચંદીગઢ સહિત ૩૧ સબડિવિઝનમાં 'સામાન્ય કરતાં વધુ' વરસાદની અપેક્ષા છે.

આ ચોમાસામાં ગુજરાતનું આકાશ પણ ઉદાર રહેવાની શક્યતા છે. હવામાન વિભાગની ૨૦૨૫ માટેની લાંબા ગાળાની આગાહીમાં ગુજરાત સહિત ભારતના મધ્ય પ્રદેશમાં ૧૦૬% વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં 'સામાન્યથી વધુ' વરસાદ પડશે, ખાસ કરીને દરિયાકાંઠાના અને દક્ષિણ વિસ્તારોમાં વધુ વરસાદ પડવાની શક્યતા છે. હવામાન વિભાગ દ્વારા જારી કરાયેલ વરસાદની સંભાવનાના નકશામાં દરિયાકાંઠાના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં 'સામાન્યથી વધુ' વરસાદની શક્યતા દર્શાવવામાં આવી છે, જ્યારે બાકીના ગુજરાતના અન્ય પ્રદેશોમાં પણ 'સામાન્યથી વધુ' વરસાદની અપેક્ષા છે.

જૂન મહિનામાં પણ આ વલણ સમાન છે; સમગ્ર ગુજરાતમાં 'સામાન્યથી વધુ' વરસાદ પડવાની શક્યતા છે, જોકે ઉત્તર ગુજરાત અને કચ્છના કેટલાક ભાગોમાં 'સામાન્યથી ઓછા' વરસાદની સંભાવના છે. તાપમાનની વાત કરીએ તો, મહત્તમ તાપમાન 'સામાન્યથી નીચે' અને લઘુત્તમ તાપમાન 'સામાન્યથી ઉપર' રહેવાની શક્યતા છે. ગઈ કાલે રાજ્યના અનેક ભાગોમાં ચોમાસા પહેલાનો વરસાદ નોંધાયો હતો, જેમાં ભાવનગરના મહુવામાં ૬૦ મીમી, ભરૂચના હાંસોટમાં ૫૯ મીમી, નેત્રંગમાં ૪૪ મીમી અને ભરૂચ શહેરમાં ૪૨ મીમી વરસાદ પડ્યો હતો. કુલ ૩૫ તાલુકાઓમાં ઓછામાં ઓછો ૧ મીમી વરસાદ નોંધાયો હતો. વાદળછાયા વાતાવરણને કારણે અમદાવાદનું દિવસનું તાપમાન ૩૬.૪ઓસેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ૫.૫ ડિગ્રી ઓછું હતું, જ્યારે રાત્રિનું તાપમાન ૨૯.૭ઓસેલ્સિયસ હતું, જે સામાન્ય કરતાં ૧.૫ ડિગ્રી વધારે હતું.

### ફિફ્થ જનરેશન ફાઈટર જેટ ...

ડીપ પેનિટ્રેશન ફાઈટર જેટ વિકસાવવા માટે મહત્વાકાંક્ષી એએમસીએ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યું છે. આ ફાઈટર જેટ સ્વદેશી હોવાની સાથે ઘણી અદ્યતન ટેકનોલોજીઓથી સજ્જ છે. તેમાં રડાર, ઉત્તમ શસ્ત્ર પ્રણાલીઓ અને સેન્સરથી બચવાની ક્ષમતા છે.

''ભારતની સ્વદેશી સંરક્ષણ ક્ષમતાઓને વધારવા અને એક મજબૂત સ્થાનિક એરોસ્પેસ ઔદ્યોગિક ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતા, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ (એએમસીએ) પ્રોગ્રામ એક્ઝિક્યુશન મોડેલને મંજૂરી આપી છે,'' સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું. ખાનગી ક્ષેત્રની કંપનીઓને આ પ્રોજેક્ટમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે, એમ મંત્રાલયે જણાવ્યું હતું. ''તેઓ સ્વતંત્ર રીતે અથવા સંયુક્ત સાહસ અથવા કન્સોર્ટિયમ તરીકે બોલી લગાવી શકે છે.

ખાસ કરીને ચીનની આ ક્ષેત્રમાં ઝડપી પ્રગતિને ધ્યાનમાં રાખીને, સરકારે ભારતની હવાઈ શક્તિ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.દરમિયાન, પાકિસ્તાનની શસ્ત્રોની આયાતમાં ચીનનો હિસ્સો હવે ૮૦% થી વધુ છે.તાજેતરના યુએસ ગુપ્તચર અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે પાકિસ્તાન ચીનની આર્થિક અને લશ્કરી ઉદારતાનો ''મુખ્ય પ્રાપ્તકર્તા'' છે અને પાકિસ્તાનના સશસ્ત્ર દળોને ટેકો આપતી વિદેશી સામગ્રી અને ટેક્નોલોજી મુખ્યત્વે ચીનના સપ્લાયર્સ પાસેથી મેળવવામાં આવે છે.

તેમાં જણાવાયું છે કે ''પાકિસ્તાનના ડબલ્યુએમડી કાર્યક્રમોને ટેકો આપતી વિદેશી સામગ્રી અને ટેક્નોલોજી મુખ્યત્વે ચીનના સપ્લાયર્સ પાસેથી મેળવવામાં આવે છે, અને ક્યારેક હોંગકોંગ, સિંગાપોર, તુર્કી અને સંયુક્ત આરબ અમીરાત દ્વારા મોકલવામાં આવે છે. જો કે, ચીન પાકિસ્તાન આર્થિક કોરિડોર પ્રોજેક્ટ્સને ટેકો આપતા ચીની કામદારોને નિશાન બનાવતા આતંકવાદી હુમલાઓ દેશો વચ્ચે સંઘર્ષના બિંદુ તરીકે ઉભરી આવ્યા છે.

### ખાનગી કંપનીઓ સંરક્ષણ ક્ષેત્રે...

સંરક્ષણ ઉત્પાદનનું પણ લક્ષ્ય રાખી રહી છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૯ સુધીમાં લગભગ બમણું થઈને રૂ. ૩ લાખ કરોડ થઈ જશે. એલ એન્ડ ટી પાસે એક અત્યાધુનિક શિપયાર્ડ છે જે મોટા યુદ્ધ જહાજો, પરંપરાગત સબમરીન અને આ પ્લેટફોર્મ માટે મહત્વપૂર્ણ ઉપકરણો અને સિસ્ટમો બનાવવા માટે સક્ષમ છે. જોકે, આ વ્યવસાય કોઈ વિસ્ફોટકો કે દારૂગોળો બનાવતો નથી. કંપનીના સંરક્ષણ પોર્ટફોલિયો, જે પ્રિસિઝન એન્જિનિયરિંગ અને સિસ્ટમ્સ વ્યવસાય હેઠળ આવે છે.

### ટોલ ફ્રી...

રૂપિયા ચૂકવીને વાર્ષિક પાસ મેળવી શકે છે, જે પુનરાવર્તિત ટોલ કપાત વિના અમર્યાદિત મુસાફરીની મંજૂરી આપે છે. આ પહેલ વર્તમાન પ્રતિ-મુસાફરી ટોલ સિસ્ટમને બદલવા, ટોલ બૂથ પર ટ્રાફિક ઘટાડવા અને સીમલેસ ડિજિટલ ચુકવણીઓને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરે છે. અંતર-આધારિત ભાવોના વિકલ્પ પર પણ વિચાર કરવામાં આવી રહ્યો છે. જીપીએસ અને ઓટોમેટેડ ટ્રેકિંગનો ઉપયોગ કરીને, આ નીતિનો ઉદ્દેશ્ય ટોલ ઓપરેટરો માટે કાર્યક્ષમ આવક સંગ્રહ અને વળતર સુનિશ્ચિત કરતી વખતે મુશ્કેલી-મુક્ત મુસાફરીનો અનુભવ પ્રદાન કરવાનો છે.

આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય સિંગલ પેમેન્ટ પર પર ટોલ સિસ્ટમનો અમલ કરવાનો છે. આ યોજના હેઠળ, કાર માલિકો બધા રાષ્ટ્રીય ધોરીમાર્ગો, એક્સપ્રેસવે અને રાજ્ય એક્સપ્રેસવેના અમર્યાદિત ઉપયોગ માટે વાર્ષિક રૂ. ૩,૦૦૦ ચૂકવી શકશે.

આ એક નિશ્ચિત ફી સિસ્ટમ છે જેનો હેતુ ફાસ્ટેગ એકાઉન્ટ્સ ફરીથી લોડ કરવાની અને દરેક ટ્રીપ વખતે વ્યક્તિગત ટોલ કપાતનું નિરીક્ષણ કરવાની ઝંઝટને દૂર કરવાનો છે.આખા વર્ષ માટે હાઈવેનો અમર્યાદિત ઉપયોગ પ્રદાન કરીને, નવી સિસ્ટમ ખાસ કરીને મુસાફરો અને ટ્રાન્સપોર્ટરો સહિત આ રસ્તાઓના વારંવાર વપરાશકર્તાઓની તરફેણ કરે છે.આ ફ્લેટ રેટ સિસ્ટમ ચુકવણીના સરળીકરણ અને વ્યવહાર-આધારિત ટોલિંગ પર નિર્ભરતા ઘટાડવા દ્વારા ડિજિટલ ગવર્નન્સના સરકારના વિઝન સાથે પણ બંધબેસે છે.

### અમેરિકન વિઝા...

કાર્યવાહીને અનુસરે છે, જે સૂચવે છે કે યુ.એસ. જતા વિદ્યાર્થીઓએ તેમના સોશિયલ મીડિયા વ્યવહાર અંગે વધુ સાવચેત રહેવું પડશે.

ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા વિશ્વભરના નવા વિદ્યાર્થી વિઝા ઈન્ટરવ્યુને અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવ્યા છે, જે સોશિયલ મીડિયાની કડક તપાસ અને રાષ્ટ્રીય સુરક્ષાની ચિંતાઓને કારણે વિદેશી વિદ્યાર્થીઓ પર વધતી જતી કડકાઈનો સંકેત આપે છે. રાજ્ય સચિવ માર્કો રુબિયો દ્વારા જારી કરાયેલા રાજદ્વારી કેબલ દ્વારા આ પગલું આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં ભારે ચિંતા જગાવી રહ્યું છે. આ કાર્યવાહી અગાઉના એવા પગલાંને અનુસરે છે જેણે રાષ્ટ્રીય સુરક્ષા અને કેમ્પસ અશાંતિને ટાંકીને વિદેશી વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટીઓને નિશાન બનાવ્યા હતા.

આ નિર્ણય ટ્રમ્પ વહીવટીતંત્રના વિદેશી વિદ્યાર્થીઓના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સની તપાસ માટે કડક નિયમો લાવવાની તૈયારીમાં છે, જેના કારણે ઘણા આંતરરાષ્ટ્રીય અરજદારો યુ.એસ.માં તેમના ભવિષ્ય વિશે ચિંતિત છે. મંગળવારે મોકલવામાં આવેલા રાજદ્વારી કેબલમાં, રુબિયોએ જણાવ્યું હતું કે, ''તાત્કાલિક અસરથી, જરૂરી સોશિયલ મીડિયા સ્ક્રીનિંગ અને ચકાસણીના વિસ્તરણની તૈયારીમાં, કોન્સ્યુલર વિભાગોએ વધુ માર્ગદર્શન જારી ન થાય ત્યાં સુધી કોઈપણ વધારાના વિદ્યાર્થી અથવા એક્સચેન્જ વિઝિટર (એફ, એમ અને જે) વિઝા એપોઈન્ટમેન્ટ ક્ષમતા ઉમેરવી જોઈએ નહીં.'' આ નવીનતમ કાર્યવાહી રાષ્ટ્રીય સુરક્ષા માટેના ખતરા અને કેમ્પસ અશાંતિ અંગેની ચિંતાઓને ટાંકીને વિદેશી વિદ્યાર્થીઓ માટે પ્રવેશ નિયમો કડક બનાવવાના વહીવટીતંત્રના વધતા પ્રયાસોમાં ઉમેરો કરે છે.

વિઝા પ્રક્રિયામાં અચાનક આવેલો આ થોભો રુબિયોના અગાઉના કડક અભિગમના સંકેતોને અનુસરે છે. માર્ચમાં, તેમણે એવા વિદ્યાર્થીઓનો ઉલ્લેખ કર્યો હતો જેઓ અભ્યાસ કરવાને બદલે વિરોધ પ્રદર્શનોમાં જોડાવા માટે અમેરિકા આવી રહ્યા હોવાનો દાવો કર્યો હતો. આ વિઝા ફ્રીઝ હાર્વર્ડ યુનિવર્સિટી સાથે સંકળાયેલા બીજા વિવાદ પછી પણ આવે છે, જ્યાં ડી.એચ.એસ.એ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની નોંધણી કરવાથી પ્રતિષ્ઠિત શાળાને રોકવાનો પ્રયાસ કર્યો હતો, જોકે તે પગલાને ફેડરલ ન્યાયાધીશ દ્વારા અવરોધિત કરવામાં આવ્યો હતો. કડક કાર્યવાહી છતાં, શૈક્ષણિક સમુદાયમાં કેટલાક અવાજો વધુ સંતુલિત અભિગમની હિમાયત કરી રહ્યા છે, જેમ કે હાર્વર્ડ બિઝનેસ સ્કૂલના લેક્ચરર કેવિન ઓ'લેરી, જેમણે આ વિદ્યાર્થીઓને ''અસાધારણ વ્યક્તિઓ'' ગણાવ્યા છે અને તેમને યુ.એસ.માં રહેવા અને વ્યવસાય શરૂ કરવા પ્રોત્સાહિત કરવાની વાત કરી છે.

### પાયલોટ વગર વિમાન...

''ઈમરજન્સી એક્સેસ કોડનો સમય પૂરો થાય તે પહેલાં,

કો-પાઈલટે અંદરથી ફ્લાઈટ ડેકનો દરવાજો મેન્યુઅલી ખોલ્યો.'' તરત જ કેપ્ટને વિમાનનો નિયંત્રણ સંભાળી લીધો.

કો-પાઈલટ ભાનમાં આવ્યા, પરંતુ તેઓ નિસ્તેજ, પરસેવાથી લથબથ અને વિચિત્ર રીતે હલનચલન કરતા હતા. કેપ્ટને કેબિન ક્રૂની મદદ માંગી અને એક મુસાફર તરીકે સવાર ડોક્ટરે તેમને પ્રાથમિક સારવાર આપી, જેમણે હૃદયની સંભવિત સમસ્યાનું નિદાન કર્યું. કો-પાઈલટે પાછળથી જણાવ્યું કે તેમને કેટલો સમય બેભાન રહ્યા તે યાદ નથી, કારણ કે તેઓ અચાનક જ બેભાન થયા હતા અને અન્ય ક્રૂ મેમ્બર્સને ચેતવણી આપી શક્યા ન હતા.

વિમાન ઓટોપાઈલટ પર હોવાથી સ્થિર ઉડાન ભરી રહ્યું હતું, ભલે બેભાન કો-પાઈલટે અજાણતા થોડા નિયંત્રણ ઈનપુટ્સ કર્યા હોય.

કેપ્ટને પાંચ વખત સ્ટાન્ડર્ડ ડોર કોડનો ઉપયોગ કરીને પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સફળ ન રહ્યા. આ કોડથી કોકપિટમાં બઝર વાગે છે જેથી કો-પાઈલટ જવાબ આપે. કેબિન ક્રૂના એક સભ્યએ પણ આંતરિક સંચાર પ્રણાલી દ્વારા કો-પાઈલટનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો.

છેવટે, કેપ્ટને સ્વયંસંચાલિત દરવાજા ખોલવા માટે ઈમરજન્સી એક્સેસ કોડ દાખલ કર્યો. જોકે, ડીપીએએ જણાવ્યું કે, સ્વચાલિત ઓવરરાઈડ સક્રિય થાય તેના થોડા સમય પહેલાં જ અસ્વસ્થ કો-પાઈલટે અંદરથી દરવાજો ખોલ્યો.

આ ઘટના પછી, કેપ્ટને વિમાનને મેડ્રિડ તરફ વાળ્યું, જ્યાં કો-પાઈલટને સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા.

જર્મન સમાચાર એજન્સી ડીપીએના અહેવાલ મુજબ, લુફ્થાન્સાએ આ ઘટનાની તપાસ રિપોર્ટને સ્વીકારી છે અને જણાવ્યું છે કે તેમના ફ્લાઈટ સેફ્ટી વિભાગ દ્વારા અલગ તપાસ ચાલી રહી છે, જોકે તેના પરિણામો હજુ જાહેર કરવામાં આવ્યાં.

(ત્રીજા પાનાનું ચાલું)

### વર્ધમાન નગર...

સમુદાયોની સામાજિક અને સાંસ્કૃતિક ઓળખ જળવાઈ રહે.વર્ધમાન નગર સોસાયટીનો આ નિર્ણય રાજકોટના પોશ વિસ્તારમાં શાંતિ અને સૌહાર્દ જાળવવાના પ્રયાસરૂપે લેવામાં આવ્યો છે.

### એનએસયુઆઈ...

ચલાવી શકાય નહીં, જે બાબતે શિક્ષણ વિભાગ આવા તુગલઘી નિર્ણય દૂર કરે એવી એનએસયુઆઈએ માગણી કરી છે.

આગામી સમયમાં આ નિર્ણય તાત્કાલિક અસરથી દૂર કરવામાં નહીં આવે તો ગુજરાતના તમામ જિલ્લા મથકો પર વિદ્યાર્થીઓ અને વાલીઓને સાથે રાખીને ગુજરાત એનએસયુઆઈ દ્વારા એક ગાંધી ચીંધયા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેવી એનએસયુઆઈના આગેવાનોએ ચીમકી ઉચ્ચારી છે.

### ગેમિંગ...

આઈ.ટી.ના અભ્યાસ દરમ્યાન કોમ્પ્યુટર પ્રોગ્રામિંગ અને ગેમ ડેવલપમેન્ટમાં મને ખૂબ રૂચિ હતી. મેં 'મેઝ મિલીટિયા' નામની ગેમ જાતે ક્રિએટ કરી હતી, જેને ૧૦ મિલિયન ડાઉનલોડ મળ્યા હતા. આ ગેમ રમતા રમતાં વિચાર આવ્યો કે કેમ ન એક એવી ગેમ બનાવું જે વિદેશી ગેમ્સને ટક્કર આપે અને ભારતના સંસ્કાર અને સંસ્કૃતિને પણ દર્શાવે? કોરોનાકાળ અને લોકડાઉન દરમિયાન મેં જોયું કે લોકોએ યુટ્યુબ વિડીયોઝ તેમજ મોબાઈલ ગેમ્સમાં વધુ રસ લેવો શરૂ કર્યો છે, કાઠીયાવાડી પાઘડી, બંડી, ચોરણી, અણીયાળી મૂછો ધરાવતા દેશી શુટર્સ, સાડી પહેરેલી મહિલા શુટર, તિરંગા સાથે ભારતીય સૈનિકો, તમંચો, સૂતળી બોમ્બ, ઈનગેમ વાહનોમાં છકડો, ઓટો રિક્ષા, ક્રિએટ કર્યા છે. ભારતમાં દુનિયાના ટોચના ગેમ ડેવલપમેન્ટ હબ બનવાની તમામ ક્ષમતા છે, અને ગ્લોબલ ગેમિંગ મેપમાં ગુજરાત અને ભારતને સ્થાન અપાવવું એ અમારૂ વિઝન છે એમ જણાવી જેમિશ ઉમેરે છે કે, 'સ્કારફોલ્સ'એ માત્ર મનોરંજન જ પૂરૂ નથી પાડ્યું, પરંતુ સ્થાનિક સંસ્કૃતિ અને સામાજિક-સાંસ્કૃતિક વારસાથી અવગત કરાવવાનો પ્રયાસ કર્યો છે. તાજેતરમાં મુંબઈના જીઓ વર્લ્ડ કન્વેન્શન સેન્ટરમાં વેવ્સ સમિટ-વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ-૨૦૨૫) યોજાઈ હતી, ભારતના મીડિયા અને મનોરંજન ઉદ્યોગને વૈશ્વિક સ્તરે સ્થાપિત કરવા માટેની પ્રથમ આંતરરાષ્ટ્રીય સમિટનું ઉદ્દઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું,

(ચોથા પાનાનું ચાલુ)

### સમુહલગ્ન...

આગેવાનો દ્વારા ઉમિયા માતાજીની મહા આરતી કરવામાં આવેલ. ઉપસ્થિત મહેમાનો તથા દાતાઓનું આયોજક ટીમ દ્વારા ખેસ અને શિલ્ડથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ કિશન ટીલવા દ્વારા ઉપસ્થિત મહેમાનોનું ઉષ્માભાર સ્વાગત કરી સ્વાગત પ્રવચન કરવામાં આવેલ હતું.

આ તકે વ્રજરજકુમારજી મહારાજ એ તમામ નવ દંપતીઓને આશિવચન પાઠવતા જણાવેલ કે આજના યુગમાં લગ્ન પ્રસંગ ઘણો ખર્ચાળ બને છે અને ખોટી દેખાદેખી પાછળ આર્થિક ભીસ વધતી જાય છે. તેથી આજના સમયમાં સમૂહ લગ્ન એ આશીર્વાદ સમાન બન્યા છે. સમૂહ લગ્નને લીધે માણસોના સમય અને ખર્ચમાં બચત થાય છે. ત્યારે પોતાની વહાલસોયી દીકરીને જાજરમાંન રીતે સાસરિયે વળાવવીએ દરેક દીકરીના માતા-પિતાનું સ્વપ્નનું હોય છે. તેમ જણાવી આ સેવાકીય આયોજન બદલ ઉમા ફાઉન્ડેશન તમામ આયોજકને સરાહના કરી હતી.

આ તકે સંસદ પરસોત્તમ રૂપાલાએ જણાવેલ કે ત્યારે સમૂહ લગ્ન એ સમાજમાં સામાજિક સમરસતાનુ સ્થાપના કરે છે.

આ રક્તદાન કેમ્પમાં બહોળી સંખ્યામાં લોકોએ રક્તદાન કરેલ. આ કાર્યક્રમમાં ૪૦૦૦ થી વધુ લોકોએ માન્યું હતું.તમામ પ્રકાર મંડપના દાતા શૈલેષભાઈ દેસાઈ અને રાધિકા ફાર્મના દાતા અશોકભાઈ ઝીંઝુવાડિયાને ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

આ તકે જ્યોતીબેન ટીલવા જણાવેલ કે સમાજમાં એક ઉમદા કાર્ય કરવાની અંતઃ સ્ફુરણા થઈ અને સૌના સહકારથી સમુહ લગ્નનો આયોજન કરવાનો વિચાર બીજ આજે વટવૃક્ષ થયું તે બદલ આનંદની લાગણી અનુભવી હતી.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા ઉમા સાથી ફાઉન્ડેશનના મુખ્ય આયોજકો જ્યોતીબેન ટીલવા, કિશનભાઈ ટીલવા, રીટાબેન કાલાવડીયા, શીતલબેન ડે કીવડીયા, મનીષભાઈ ડેડકીયા, હિરેનભાઈ સાપરિયા, હિરેનભાઈ પાંચાણી, ડેનીભાઈ ડઢાણીયા, ભાર્ગવભાઈ મેતલીયા, ઉદયભાઈ ભૂત, યુગ કણસાગરા, જીત પાડેલીયા, રવિ ચાંગેલા, પ્રફુલભાઈ દેત્રોજા, સંજયભાઈ ખીરસરિયા, પાર્થભાઈ માણસોરિયા, ચિરાગભાઈ ઘેટીયા, યોગેશભાઈ ભુવા, પ્રતાપભાઈ સિનોજીયા ,પીયુષભાઈ સીતાપરા, નિમેષભાઈ બોડા, રોનકભાઈ ગડારા, રસિકભાઈ ખીરસરીયા,ભાવનાબેન રાજપરા, વર્ષાબેન મોરી, રેખાબેન ત્રાંબડીયા, કિરણબેન માકડીયા, સહિતના જેહમત ઉઠાવી હતી. આ કાર્યક્રમનો સંચાલન હાર્દિકભાઈ સોરઠીયા અને દિવ્યાબેન ભૂત એ સંભાળેલું હતું.

### વીર સાવરકરની જન્મજયંતિ...

લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા, રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, એસ્ટેટ સમિતિ ચેરમેન મગનભાઈ સોરઠીયા, કાયદો અને નિયમોની સમિતિના ચેરમેન કંકુબેન ઉઘરેજા, કોર્પોરેટર વિનુભાઈ સોરઠીયા, અલ્પાબેન દવે, મીનાબા જાડેજા, મંજુબેન કુગસીયા, શિક્ષણ સમિતિ સભ્ય મનસુખભાઈ વેકરીયા, વોર્ડ નં.૧૨ પ્રમુખ જયેશભાઈ પંડ્યા, મહામંત્રી ધીરજભાઈ મૂંગરા, અગ્રણી ઘનશ્યામભાઈ કુગસીયા, અજયસિંહ જાડેજા, દીપકભાઈ દવે, રાજકોટ મહાનગરપાલિકાના આસી.કમિશનર ભરત કાથરોટીયા, મેનેજર કૌશિક ઉનાવા, સાંસ્કૃતિક વિભાગના કર્મચારીઓ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના કર્મચારીઓ, ગાર્ડન વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહેલ.

### ડો. બુધેન્દ્રકુમાર જૈન...

ભૂતપૂર્વ અધ્યક્ષ સ્વ. અરવિંદભાઈ મફતલાલ, વિશદ મફતલાલ, તમામ ટ્રસ્ટીઓ, ગુરુભાઈ-બહેનો તેમજ પોતાની ધર્મપત્ની ઉષાબેન, પુત્ર જિનેશ, ડો. ઈલેશ અને સમગ્ર પરિવારના અમૂલ્ય માર્ગદર્શન અને સહયોગ માટે આભાર વ્યક્ત કર્યો. ડો. બુધેન્દ્રકુમાર જૈનને મળેલો પદ્મશ્રી પુરસ્કાર માત્ર વ્યક્તિગત માન્યતા નથી, પણ સમગ્ર દેશ માટે એક એવી પ્રેરણાદાયી વાર્તા છે કે કેવી રીતે સમર્પણ અને સંકલ્પથી ગ્રામ્ય ભારતમાં આરોગ્યસેવા લાવી શકાય છે.

### પિયુષ વણઝારા...

ભગવાનને શાસ્ત્રવિદ્યા આપી છે. બાપુએ અહીં સૂચક રીતે જણાવ્યું કે

કથાના ક્રમમાં પ્રવેશતા પૂજ્ય બાપુએ શિવ ચરિત્રને આગળ વધારતા સતિ દ્વારા રામની પરીક્ષા, શિવ સમક્ષ સતીનું જૂઠ બોલવું, શિવ દ્વારા સતીનો ત્યાગ અને અખંડ સમાધિમાં બેસવું, પિતાના યજ્ઞમાં સતીનો દેહત્યાગ, હિમાલયના ઘરે પાર્વતી રૂપે પુનર્જન્મ, શિવ વિવાહ પછી કાર્તિકનો જન્મ અને તાડકાસુરનું નિર્વાણ, પછી પાર્વતીજી દ્વારા રામકથાના શ્રાવણની જીજ્ઞાસા સુધીની કથા સંક્ષેપમાં વર્ણવીને બાપુએ આજની કથામાં પોતાની વાણીને વિરામ આપ્યો.

(૧૨માં પાનાનું ચાલુ)

### એક કદમ સ્વચ્છતા કી ઓર

રેલીઓનું આયોજન, બજારોમાં ૭૦૦ થી વધુ કપાસની થેલીઓનું વિતરણ, વર્ગીકરણ પર સેમિનાર, ઘન કચરા વ્યવસ્થાપન અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળો વિષય પર સેમિનાર વગેરે જનજાગૃતિની પ્રવૃત્તિઓમાં સહભાગી થયા છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ-જીપીસીબી સંકલનમાં રહીને ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન-જીઈએમઆઈ સહિત રાજ્યની તમામ નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનો તથા જિલ્લા પ્રાદેશિક કચેરીઓએ તેમના સ્તરે પ્લાસ્ટિક કચરા સંગ્રહ અભિયાનનુ આયોજન હાથ ધર્યુ છે. તમામ નગર પાલિકાઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનોએ પોતપોતાના સ્તરે પ્લાસ્ટિક કચરો સંગ્રહ અભિયાનમાં ભાગ લીધો છે જેના પરિણામે અત્યાર સુધીમાં સામૂહિક રીતે ૫.૭૦ લાખ કિલોથી વધુ પ્લાસ્ટિક કચરો એકત્રિત કરવામાં સફળતા મળી છે. વન અને પર્યાવરણ વિભાગ, આબોહવા પરિવર્તન વિભાગ, ઉદ્યોગો અને ખાણ વિભાગ, ગ્રામીણ ગૃહનિર્માણ અને ગ્રામીણ વિકાસ વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સહિતના વિભાગો આ પહેલમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. અસરકારક સંકલન અને દેખરેખ સુનિશ્ચિત કરવા માટે, ભારત સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા મેરી લાઈફ પોર્ટલ વિકસાવવામાં આવ્યું છે. આ પ્લેટફોર્મ પર અભિયાનના ભાગ રૂપે દેશભરમાં હાથ ધરવામાં આવતી તમામ પ્રવૃત્તિઓનુ રિપોર્ટિંગ કરવામાં આવશે.

### નદી સફાઈ ઝુંબેશ

મહિસાગર નદીના ગલતેશ્વર પટ ખાતે તા.૨૨ થી ૨૩ મે દરમિયાન ૫૫ સ્વયંસેવકોની ટીમે નદીના પટની સફાઈ ઝુંબેશ હાથ ધરી હતી. જેમાં ૩૮૦ કિલો કચરો એકત્ર કરવામાં આવ્યો હતો. આ ઝુંબેશમાં સરપંચ, તલાટી અને પ્રવાસન વિભાગનો સહયોગ મળ્યો હતો.

### નુક્કડ નાટક થકી જાગૃતિ

ગેમી દ્વારા તા.૨૩ થી ૨૬-મે-૨૦૨૫ દરમિયાન ગુજરાતના વિવિધ વિસ્તારોમાં નુક્કડ નાટકોનું મોડાસા, હિંમતનગરના કટવડ, વાઘેલાવાસ અને વિરપુર ગામોમાં તેમજ ભચાઉ તાલુકામાં ભચાઉ બસ સ્ટેન્ડ, વોંઢ ગામ અને સામખિયાળી ગામમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજિત ૭૦૦ નાગરિકો સહભાગી થયા હતા. આ નાટકો દ્વારા નાગરિકોને પ્લાસ્ટિક-મુક્ત જીવનશૈલી અને કચરા વ્યવસ્થાપનના મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

### પ્લાસ્ટિક કચરો એકત્રીકરણ ઝુંબેશ

ગાંધીનગરના વૈદહી-૩ સોસાયટી અને વાવોલ ખાતે ૧૨૦ સ્થાનિક નાગરિકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈને ૮૦ કિલો પ્લાસ્ટિક કચરો એકત્ર કર્યો હતો. ગેમી દ્વારા આ પર્યાવરણ પ્રેમી નાગરિકોને પ્રોત્સાહન રૂપે કુંડા સાથે છોડ, સેન્દ્રીય ખાતર તેમજ કાપડની થેલીઓ ભેટ આપવામાં આવી હતી.

(છેલ્લા પાનાનું ચાલુ)

### રાજુ એન્જિનિયરિંગ...

કરાવેલ અને તે બીજી જગ્યાએ નોકરી પર જતો રહેલ હતો. બાદ ગઈ તા. ૨૦/૦૫/૨૦૨૫ ના રોજ અમારી કંપનીના ઈ.ડી.પી. ડીપાર્ટમેન્ટના માણસોએ સુભાષચંદ્રને ફાળવેલ લેપટોપ ચેક કરતા જાણવા મળેલ કે, સુભાષચંદ્ર અમારી કંપનીના કર્મચારી હોય તેમ છતા કંપનીનો ખાનગી ડેટા જેમ કે (૧) કંપોનન્ટના ડ્રોઈંગ્સ (૨) મશીનમાં વપરાતા મટીરીયલની યાદી (૩) ડાઈ ડીઝાઈન કરવા માટેના સોફ્ટવેરની વિગત (૪) અમારી કંપનીના ગ્રાહકોની વિગત (૫) કંપનીના આગલા વર્ષના પ્લાનીંગની વિગત (૬) અમારી કંપની જે મશીનરી બનાવે છે તેની ટેકનીકલ ડીટેઈલ્સ (૭) કંપનીમાં કામ કરતા કર્મચારીઓની સંપુર્ણ ડીટેઈલ (૮) સપ્લાયરની ખાનગી માહિતી (૯) મશીનમાં વપરાતા પાર્ટસની સંપુર્ણ ડીટેઈલ વિગેરે કંપનીની ખાનગી અને માહિતી લીક થયેથી કંપનીને મોટુ નુકશાન થઈ શકે તેવી માહિતી સુભાષચંદ્રએ કંપનીના ઈ-મેઈલ આઈ.ડી. s.shenoyrajoo.com પરથી scs_sheno yyahoo.com પર શેર કરેલની વિગત જાણવા મળેલ હતી. જેથી આ વાત મને અમારા કોમ્પ્યુટર ડીપાર્ટમેન્ટના શેખર તકવાણી તથા હિરેન સંઘવીએ કરતા અમે તપાસ કરતા સુભાષચંદ્ર સીનોય હાલ અમારા વ્યાપારીક હરીફ વિન્ડસર મશીન્સ લીમીટેડ(વટવા,અમદાવાદ)માં નોકરી કરતો હોવાનું જાણવા મળેલ હતું.

આમ સુભાષચંદ્ર સિનોયે અમારી કંપનીમાં વાઈસ પ્રેસિડેન્ટની મહત્વપૂર્ણ સ્થાને ફરજ બજાવી હોય તેને કંપનીની તમામ ખાનગી વિગતો અંગે જાણકારી હોય તેને નોકરી પરથી છૂટા કરવાનું જણાવતા અમારી કંપનીની અત્યંત ખાનગી માહિતી જે લીક થયેથી કંપનીને મોટુ નુકશાન થઈ શકે તેવી માહિતી પોતાના ખાનગી ઈ-મેઈલ આઈ.ડી. પર ટ્રાન્સફર કરી અમારી સાથે વિશ્વાસ ઘાત કરેલ હોય કારખાનેદારે પુરાવા સાથે શાપર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

મામલામાં શાપર પોલીસે બીએનએસની કલમ ૩૧૬ હેઠળ વાપીના સુભાષચંદ્ર સિનોય વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

### દેવભૂમિ દ્વારકા...

શાંતિનો ભંગ ન થાય તે હેતુથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા તેમને મળેલ સત્તાની રૂએ જાહેરનામું પ્રસિધ્ધ કરી જિલ્લાના ૨૧ નિર્જન ટાપુઓ ઘાની ઉર્ફે ડની, ગાંધીયોકડો, કાલુભાર, રોઝી, પાનેરો, ગડુ(ગારૂ), સોનબલી(શિયાળી), ખીમરોઘાટ, આશાબાપીર, ભૈદર, ચાંક, ધબધબો (દબદબો), દીવડી, સામીયાણી, નોરૂ, માન મરૂડી, લેફા મરૂડી, લંધા મરૂડી, કોઠાનું જંગલ, ખારા મીઠા ચુષણા અને કુડચલી ટાપુઓ ઉપર જે તે ટાપુની મહેસુલી હકુમત ધરાવતા પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની લેખીત પૂર્વ મંજૂરી વિના પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે. આ જાહેરનામું તાત્કાલીક અસરથી તા.૩૦-૫-૨૦૨૫ થી ૨૮-૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે. જાહેરનામાનું ઉલંઘન કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

## પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલના ભાભીનું અવસાનઃ કાલે બેસણું

'વૃક્ષ પ્રેમી' ખેડુત હંસરાજભાઈના ધર્મ પત્ની તે રાજકોટના પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલના ભાભી તેમજ દામજીભાઈ તથા ચંદુભાઈ કાકડીયાના માતૃશ્રી રળિયાતબેનનું ૯૩ વર્ષની જૈફ વયે અવસાન થયેલ છે. બેસણું તા.૨૯ને ગુરૂવારના રોજ સવારે ૮ થી ૧૦ એસ્ટ્રોન સોસાયટી મેઈન રોડ 'શ્રીરામ' તેમના નિવાસ સથાને રાજકોટ ખાતે રાખેલ છે.

## દુઃખદ અવસાન

### સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટઃ** મુળ ચાંદલી હાલ રાજકોટ નથુ તુલસી ઔદિચ્ય ગોહિલ વાડી બ્રાહ્મણ મકનજીભાઈ જીવનભાઈ પંડયાના પુત્ર છેલશંકરભાઈ (ઉ.વ.૮૦) જે વ્રજલાલભાઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ, સ્વ. દયાબેન મોતીલાલ પાઠકના ભાઈ, અનિલભાઈ શૈલેષ (એડવોકેટ), કિરણબેન કશ્યપભાઈ ત્રિવેદીના પિતા, સ્વ. ખીમજીભાઈ મોનજીભાઈ પાઠક (હડમતીયા ) ના જમાઈ, કૃપાલીબેન ઉમંગકુમાર રાવલ (જામનગર) સત્યમ, ભાર્ગવી, રચિતના દાદા, ખુશાલી ના નાનાનું તા. ૨૬ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. બન્ને પક્ષની પ્રાર્થના સભા તા. ૨૯ ને ગુરુવારે સાંજે ૫ થી ૬ દરમિયાન વી.કા. મહેતા બ્રાહ્મણ બોડીંગ, ૯, ગોપાલ નગર, મહાવીર મેડિકલ સ્ટોર વાડી શેરીમાં ગાયત્રીનગર મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.



**રાજકોટઃ** નૈમિષભાઈ જયંતભાઈ ગોરસીયા (ઉ.વ.૪૩) તે જયંતભાઈ મનસુખભાઈ ગોરસીયાના પુત્ર, સંજયભાઈના ભત્રીજા, જીજ્ઞાબેનના પતિ, ફાલ્ગુનીબેન શ્રીમાંકર, મેઘનાબેન મલકાણના ભાઈ, કિરીટભાઈ શાંતિલાલ સાંગાણીના જમાઈનું તા. ૨૭ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૯ ને ગુરુવારે સાંજે ૪.૩૦ થી ૬ કલાકે શિલ્પન ઓનિકસ બેન્કવેટ હોલ, ગંગોત્રી પાર્ક મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**જામનગર :** સ.ઔ.ઝા. બ્રાહ્મણ અને નિવૃત્ત શિક્ષિકા ગં.સ્વ.તરલાબેન પ્રવિણચંદ્ર પંડ્યા (ઉ.વ.૮૪) તે સ્વ. પી.જે.પંડ્યા (નિવૃત એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ)ના પત્ની, નેહાબેન નરેન્દ્રભાઈ પંડ્યા, દિપાલીબેન ભરતભાઈ પંડ્યા, બ્રિજેશભાઈ પંડ્યાના માતા, તે સ્વ.હર્ષવંત પંડ્યા (જયહર્ષ) અને યજ્ઞદત્ત પંડ્યાના બહેનનું તા.૨૫-૫-૨૫ના અવસાન થયું છે. સદ્‌ગતનું બેસણું તા.૨૯ મેના સાંજે ૫ઃ૦૦ થી ૫ઃ૩૦ દરમ્યાન પાબારી હોલ, જામનગર ખાતે રાખવામાં આવેલ છે

**વાંકાનેરઃ** મોટા લુણસર નિવાસી હાલ વાંકાનેર રમેશચંદ્ર (રાજુભાઈ) મણીલાલ કારીયા (ઉ.વ.૬૦) તે પિન્ટુભાઈ, આનંદભાઈ, દિનેશભાઈ, છબીલદાસ, ચાર્મિબેન ભાવિનકુમાર કકકડના મોટાભાઈ, વાંકાનેર નિવાસી ભીંડોરા રમેશભાઈ કરશનદાસના ભાણેજ જમાઈનું તા. ૨૬ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તથા સાસરા પક્ષની સાદડી તા. ૩૦ ને શુક્રવારે સાંજે ૫ થી ૫.૩૦ જલારામ મંદિર ભાટીયા સોસાયટી વાંકાનેર ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** મચ્છુ કઠિયા સઈ સુથાર મદુલાબેન ગોપાલભાઈ પીઠડીયા તે સ્વ. રાજુભાઈ, હીતેશભાઈના માતા, સ્વ. ગોપાલભાઈ હરીભાઈ પીઠડીયાના પત્ની, કીરીટભાઈ હરીભાઈ પીઠડીયાના ભાભી, સ્વ. વ્રજલાલભાઈ અમરશીભાઈ ગોહિલના પુત્રી, સુરેશભાઈ, અશોકભાઈ, રાજનભાઈ, મહેશભાઈ, ગીરીશભાઈ, મુનાભાઈના બેનનું તા. ૨૬ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૩૦ ને શુક્રવારે તેમના નિવાસ સ્થાન ચુનારાવાડ ચોક, શેરી નં. ૭ રાજકોટ ખાતે રાખેલ છે. પિયર પક્ષની સાદડી પણ સાથે રાખેલ છે.

**રાજકોટ :** અરજણભાઈ પાંચાભાઈ હિરાણી, તે સ્વ.ગોરધનભાઈ અને સ્વ.લાભુભાઈના નાનાભાઈ તેમજ દિલીપભાઈ અને જતીનભાઈના પિતા તથા રસીકભાઈ, સુરેશભાઈ, ખોડિદાસભાઈ, પ્રકાશભાઈ અને સ્વ.રમેશભાઈના કાકા તેમજ શ્યામભાઈ, ક્રિશીવભાઈ, સંદીપભાઈ, વિશાલભાઈ, નારાયણભાઈ અને વિરાજભાઈના દાદાનું તા.૨૬ના અવસાન થયું છે. સદ્‌ગતનું બેસણું તા.૩૦ને શુક્રવારે સાંજે ૫ થી ૭, પટેલ વાડી-૧, ભાવનગર રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** જીતેન્દ્રભાઈ બચુભાઈ રાવલ (ઉ.વ.૬૭) તે ભદ્રાબેનના પતિ તે જયકિશનભાઈ, રાહુલભાઈ અને હેતલબેન મેહુલભાઈ પંડ્યાના પિતાશ્રી સ્વ.લાભશંકર ત્રિભોવન મહેતાના જમાઈ, અક્ષતના નાનાનું તા. ૨૫/૫ ને રવિવારે અવસાન થયું છે. સદગતનું બંને પક્ષનું બેસણું તારીખ ૨૯-૦૫ને ગુરુવારે સાંજે ૫ઃ૦૦ થી ૬ઃ૦૦ ચમત્કારિક હનુમાનજી મંદિર, ૧- બંસીધર પાર્ક સોસાયટી શેરી નં. ૩, રામાપીર ચોકડી ઉપર બાજુ, શાંતિનગરથી રૈયા ધાર સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

## હીર ઓફ આહીર મેગેજીનનાં એડિટર સ્વપનીલભાઈ ભાટીયાનું અવસાન

**અબતક, રાજકોટ**



દેવભૂમિ દ્વારકાના જામ ખંભાળીયા તાલુકાના ભંડારીયા ગામના મુળ વતની અને હાલ રાજકોટ નિવાસી હીર ઓફ આહીર મેગેઝીનના એડિટર સ્વપનીલભાઈ ભાટીયાનું અવસાન થયું છે.

આહીર સમાજની પ્રતિભાને ઉજાગર કરનાર અને સમગ્ર જીવન આહીર સમાજને અર્પી આહીર સમાજના હીર ઓફ આહીર મેગેજીનના એડિટર સ્વપ્નિલભાઈ ભાટીયાનું નાની વયે દુઃખદ અવસાનના સમાચારથી આહીર સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

આહીર સમાજમાં હીર શોધતા માણસ સ્વપનીલભાઈ પોતે પણ એક હીર ઓફ આહીર જ હતા, આહિર સમાજના હિતની ઘણી બાબતોમાં ચર્ચા થતી રહેતી, સ્વ. સ્વપનીલ ભાટીયા પોતાના કરતાં પણ સમાજ હિતમાં સતત ચિંતિત અને વ્યસ્ત રહેતા હતા. એમના પરિવારને તો ખરી, પરંતુ આહીર સમાજને પણ મોટી ખોટ પડી છે. સ્વપનીલભાઈનું સમર્પણ હંમેશા આહીર સમાજને યાદ રહેશે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# તબીબને રૂ.૫ લાખનો ચૂનો ચોપડનાર વાંદરી ગેંગની ધરપકડ

## રૂ.૨.૧૫ લાખની રોકડ સાથે માધાપર ચોકડી નજીકથી ચારને ઝડપી લેતી એલસીબી ઝોન-૨ ટીમ: બે મહિલાઓ સહિત ત્રણની શોધખોળ

**અબતક, રાજકોટ**

શહેરના મોરબી રોડ ઉપર રહેતા તબીબ દંપતિને પાંચ લાખ રૂપિયામાં એક કિલો સોનું આપવાની લાલચ આપી પૈસા પડાવી લેનાર સલાટ વાંદરી ગેંગના ચાર શખ્સોને પોલીસે દબોચી લીધા હતા. આ ટોળકીએ પાંચ વર્ષની અંદર શહેરમાં પાંચ શિકાર કર્યાની કબૂલાત આપી છે. ગેંગમાં મહિલા સહિત સાત લોકો સામેલ છે. જેમાંથી ચારને ૨.૧૫ લાખની રોકડ સાથે એલસીબી ઝોન-૨ ટીમે દબોચી લીધા હતા. જ્યારે તબીબ દંપતિ પાસેથી મેળવેલી પાંચ લાખની રકમમાંથી અમુક રકમ ફરાર થઈ ગયેલા ત્રણ લોકો પાસે હોય તેમને પકડી પૈસા રિકવર કરવા પોલીસે તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર શહેરના મોરબી રોડ પર ક્લિનિક ધરાવી તબીબી પ્રેક્ટિસ કરતા ડો. ધવલ મોલીયા પાસે દર્દીનો સ્વાંગ રચી આવેલા શખ્સને ખોદકામ કરતી વેળાએ સોના અને ચાંદીમાં દાગીના મળી આવ્યાનું જણાવી તબીબને રૂ. ૫ લાખમાં એક કિલો સોનુ આપવાની લાલચ આપી નકલી સોનુ ધાબડી રૂ. ૫ લાખ મેળવી ઠગ ટોળકી ફરાર થઈ ગઈ હતી. જે મામલે ગાંધીગ્રામ પોલીસમાં ગુનો નોંધાયો હતો.



### ખોદકામમાં સોનુ મળ્યું છે, સસ્તામાં આપી દેવું છે... લોકોને છેતરવાની નવી એમઓ

આ ટોળકી હાઈ-વે ઉપર ઝુપડપટ્ટી વિસ્તારમાં રહે છે અને ખોદકામ કરતી વખતે જૂના સિક્કા તેમજ સોનુ મળ્યું હોવાની વાતો કરી લોકોને ભરમાવ્યા બાદ નમૂના સ્વરૂપે સાચું સોનું આપી તેને તપાસ કરવા માટે આપે છે. જેવું સોનું સાચું હોવાનું ખુલે એટલે જે-તે વ્યક્તિ પાસેથી પૈસા લઈ ખોટું સોનું પધરાવી દેવાની મોડેસ ઓપરેન્ડી ધરાવતા હોવાનું તપાસમાં ખુલ્યું છે.

બનાવની ગંભીરતાને ધ્યાને રાખી ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ એલસીબી ઝોન-૨ ઈન્ચાર્જ પીએસઆઈ જે વી ગોહિલની ટીમ ઠગ ટોળકીને પકડી પાડવા હ્યુમન રિસોર્સની મદદથી પ્રયત્નશીલ હતી. ત્યાર ચોક્કસ બાતમીના આધારે એલસીબી ઝોન-૩ ટીમે માધાપર ચોકડી પાસે મોરબી બાયપાસ રોડ પર પુલ નીચેથી રિક્ષામાં શંકાસ્પદ રીતે પસાર થઈ રહેલા ઈશ્વર ઉર્ફે પટીયો વિરાભાઈ વાઘેલા (રહે.અમદાવાદ), અર્જુન પન્નાભાઈ સોલંકી (ઉ.વ.૩૮, રહે.રાજકોટ), મોહન ઉર્ફે મન્યો ભગવાનભાઈ પરમાર (ઉ.વ.૨૫, રહે.રાજકોટ) અને હિરા રામાભાઈ રાઠોડ (ઉ.વ.૨૫, રહે. રાજકોટ)ને રૂ. ૨.૧૫ લાખની રોકડ મળી કુલ રૂ. ૨.૮૫ લાખના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા. જ્યારે તબીબ દંપતિને છેતરીને પાંચ લાખ પડાવી લેવાના ગુનામાં હિરાબેન કસ્તુરભાઈ મારવાડી (રહે. અમદાવાદ), કાનુબેન રામાભાઈ રાઠોડ (રહે. રાજકોટ) અને પત્રી અર્જુનભાઈ સોલંકી (રહે. રાજકોટ) પણ સામેલ હોય તે પોલીસના હાથમાં આવ્યા ન્હોતા.

### ઠગનો ટોળકીનો ઈશ્વર હત્યાના કેસમાં પેરોલ જમ્પ કરી સસ્તા સોનાના નામે ઠગાઈ આચરતો

પોલીસની તપાસમાં ઠગ ટોળકીનો ઈશ્વર ઉર્ફે પટીયો વિરાભાઈ વાઘેલા હત્યા કેસનો દોષિત છે. અમદાવાદના સરખેજ પોલીસ મથક વિસ્તારમાં બનેલ હત્યાના ગુનામાં ઈશ્વરને ૧૦ વર્ષની સજા પડી હતી. જે સજા દરમિયાન ઈશ્વરે પેરોલ મેળવ્યા હતા. બાદમાં ૧૬/૦૨/૨૦૨૧ ના રોજ ઈશ્વરના પેરોલ પૂર્ણ થતાં હોય જેલ એન્ટ્રી કરવાની હતી પરંતુ પેરોલ જમ્પ કરી ઈશ્વર સસ્તા સોનાના નામે ઠગાઈ આચરતો હતો.





આ ટોળકીમાં સામેલ અર્જુન અને હિરાબેન તેમજ તેના પુત્ર માનસીંગે મળી ચોટીલામાં ખોટું સોનું ધાબડી અઢી લાખ, દોઢ વર્ષ પહેલાં અર્જુન, હિરા અને માનસિંગે પેડક રોડ પર બાલક હનુમાનજીના મંદિર પાસે ખોટું સોનુ ધાબડી અઢી લાખ, પાંચ વર્ષ પહેલાં અર્જુન, હિરા અને માનસીંગે પારેવડી ચોક, કેસરી પુલ નીચે પોરબંદરથી આવેલા એક શખ્સને ખોટું સોનું પધરાવી ૧૨ લાખ અને આઠ મહિના પહેલાં અર્જુન, હિરા અને માનસીંગે ભક્તિનગર રેલવે સ્ટેશન પાસે ચાની હોટેલ ધરાવતાં શખ્સને ખોટું સોનું ધાબડી ૫૦ હજાર પડાવી લીધા હોવાની કબૂલાત આપી હતી. આ કામગીરીમાં એલસીબી ઝોન-૨ ટીમના ઈન્ચાર્જ પીએસઆઈ જે વી ગોહિલ, એએસઆઈ રાજેશભાઈ મિયાત્રા, હેસ કોન્સ્ટેબલ રાહુલભાઈ ગોહેલ, હેમેન્દ્રભાઈ વાઘીયા, ધર્મરાજસિંહ ઝાલા, શક્તિસિંહ ગોહિલ અને કોન્સ્ટેબલ કુલદીપસિંહ રાણા રોકાયા હતા.

# ગુજરાત સહિત ૫ રાજયોમાં કાલે ડિફેન્સ મોકડ્રિલ

## જિલ્લા કલેકટરો સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આજે મોકડ્રિલના અમલીકરણ અન સંકલન અંગે બેઠક યોજાશે

**અબતક, રાજકોટ**

ઓપરેશન સિંદૂર' બાદ ભારત-પાકિસ્તાન સરહદ પર સર્જાયેલી તણાવપૂર્ણ અને યુદ્ધ જેવી પરિસ્થિતિને પગલે ભારત સરકારે દેશભરના વિવિધ જિલ્લાઓમાં મોકડ્રિલનું આયોજન કર્યું હતું. આ મોકડ્રિલનો મુખ્ય ઉદ્દેશ્ય સંભવિત કટોકટીનો સામનો કરવા માટે નાગરિક સંરક્ષણ તંત્રની સજ્જતા અને પ્રતિભાવ ક્ષમતાને ચકાસવાનો હતો. હવે, સરહદ પર સીઝફાયર થયા બાદ પણ, ભારત સરકારે કટોકટી વ્યવસ્થાપન માટેની સતત તૈયારીઓ પર ભાર મૂકીને ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં ફરી એકવાર સિવિલ ડિફેન્સ મોકડ્રિલ યોજવાનો નિર્ણય કર્યો છે.

ગુજરાત સાહિત રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને જમ્મુ કાશ્મીરમાં આવતીકાલે, ગુરુવારે સાંજે ૫ થી ૮ વાગ્યા સુધી મોકડ્રિલ યોજવાનો નિર્ણય કરાયો છે. આ મોકડ્રિલનું આયોજન કેન્દ્રીય ગૃહ મંત્રાલયના નિર્દેશ પર કરવામાં આવ્યું છે, જેણે દેશભરમાં સિવિલ ડિફેન્સ મોકડ્રિલ હાથ ધરવા માટે રાજ્યોને સ્પષ્ટ નિર્દેશો આપ્યા છે. ગુજરાતમાં, રાજ્ય સરકારના સંબંધિત વિભાગો, ખાસ કરીને ગૃહ વિભાગ આ મોકડ્રિલનુ આયોજન અને દેખરેખ કરશે. આજે જિલ્લા કલેક્ટરો સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા એક મહત્વપૂર્ણ બેઠક પણ યોજવામાં આવશે, જેમાં મોકડ્રિલના અમલીકરણ અને સંકલન અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, 'ઓપરેશન સિંદૂર' બાદ પાકિસ્તાન સામે તણાવ વધવાની શક્યતાને જોતા ૭ મેના રોજ દેશના ૨૪૪ સિવિલ ડિફેન્સ જિલ્લાઓમાં એક વ્યાપક મોકડ્રિલ યોજાઈ હતી, આ ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ પછીની સૌથી વ્યાપક કવાયત માનવામાં આવી હતી. ગુજરાતના ૧૮ જિલ્લામાં પણ તે સમયે મોકડ્રિલ યોજવામાં આવી હતી. આ મોકડ્રિલમાં એર-રેઈડ સાયરન ટેસ્ટ, બ્લેકઆઉટ સિમ્યુલેશન, સ્થળાંતર ડ્રીલ્સ અને નાગરિકોને તાલીમ જેવા મહત્ત્વના કાર્યોનો સમાવેશ થતો હતો. ૨૨ દિવસ બાદ હવે ફરી ગુજરાતમાં સિવિલ ડિફેન્સની મોકડ્રિલ યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ મોકડ્રિલનો મુખ્ય ઉદ્દેશ્ય યુદ્ધ જેવી કે અન્ય કોઈપણ કટોકટીની સ્થિતિમાં નાગરિક સંરક્ષણ તંત્રની સજ્જતાનું મૂલ્યાંકન કરવાનો છે. તેમાં ચેતવણી આપવાની પ્રણાલી, સંચાર નેટવર્ક, સ્થળાંતર પ્રક્રિયાઓ અને નિયંત્રણ કક્ષોની કાર્યક્ષમતાની ચકાસણી કરવામાં આવશે. આ કવાયત સ્થાનિક અધિકારીઓ, ઈમરજન્સી સેવાઓ અને સ્વયંસેવકો વચ્ચે સંકલન સુધારવામાં મદદ કરશે, જેથી તણાવપૂર્ણ સંજોગોમાં ગભરાટ ઓછો થાય અને અસરકારક આપત્તિ વ્યવસ્થાપન સુનિશ્ચિત કરી શકાય.

# શહેર પોલીસના છ પીઆઈની આંતરિક બદલી

## પ્ર.નગર, એ ડિવિઝન, સાયબર ક્રાઈમ, મહિલા અને ટ્રાફિક શાખાના ઈન્સ્પેકટરોની અરસ પરસ ટ્રાન્સફર

**અબતક, રાજકોટ**

શહેર પોલીસ માં ફરજ બજાવતા છ પીઆઈની આંતરિક બદલીનો આદેશ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગત અનુસાર શહેર પોલીસ કમિશનર બ્રજેશ બ્રજેશકુમાર ઝા દ્વારા પોલીસ ઈન્સ્પેક્ટરોની આંતરિક બદલીનો આદેશ જાહેર કરવામાં આવ્યો છે. જે આદેશ અનુસાર ડીસીબી અટેચ પ્ર.નગર પોલીસ મથકના પીઆઈ પી.આર. ડોબરીયાને ડીસીબી અટેચ સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે મૂકવામાં આવ્યા છે. જ્યારે એ ડિવિઝન પીઆઈ આર જી બારોટને ટ્રાફિક શાખામાં મૂકી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત ટ્રાફિક શાખાના પીઆઈ એસ એન રાઠોડને મહિલા પોલીસ મથક ખાતે મૂકવામાં આવ્યા છે, લીવ રિઝર્વના પીઆઈ કે પી તરેટીયાને રીડર શાખામાં નિમણૂક આપવામાં આવી છે.

આ ઉપરાંત સાઈબર ક્રાઈમ પોલીસ મથકના પીઆઈ આરજી પઢિયાર અને મહિલા પોલીસ મથકના પી.આઈ. બી ટી અકબરીને લીવ રિઝર્વમાં મૂકી દેવામાં આવ્યા છે. એ ડિવિઝન પીઆઈની ટ્રાફિક શાખામાં બદલી થતાં તેમની ખાલી પડેલી જગ્યાએ થાણા અધિકારી તરીકે ટૂંક સમયમાં અન્ય અધિકારીને નિમણુંક આપવામાં આવનાર છે ત્યારે ટૂંક સમયમાં બદલીનો નવો લીથો જાહેર કરવામાં આવે તેવી પ્રબળ શક્યતા સેવાઈ રહી છે.

# અસામાજિક તત્વો બેફામ: નિર્મલા રોડ સ્થિત ક્રશ એન્ડ ક્રેવ કેફેમાં તોડફોડ

## પારકા ડખ્ખામાં સમાધાન કરાવવા ગયેલા કેફે સંચાલકને લુખ્ખાએ ટાંટિયા ભાંગી નાખવાની ધમકી આપી

**અબતક, રાજકોટ**

શહેરમાં અસામાજિક તત્વોને ખાખીનો ખૌફ રહ્યો ન હોય તેમ બેફામ બન્યાના બનાવો છાસવારે સામે આવતા હોય છે ત્યારે આવો જ વધુ એક બનાવ સામે આવ્યો છે. નિર્મલા રોડ પર પારકા ઝઘડામાં સમાધાન કરવા વચ્ચે પડેલા કેફે સંચાલકને આરોપીએ ટાંટિયા ભાંગી નાખવાની ધમકી આપી કેફેમાં તોડફોડ કરી ૩૦ હજારની નુકસાની કરતા ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

આ ઘટનામાં રૈયારોડ રામેશ્વર પાર્ક ગણેશ એપાર્ટમેન્ટમાં રહેતા ધાર્મિક રાજેનભાઈ બલદેવ (ઉ.વ.૨૬)એ ફરિયાદમાં યશોધનસિંહ જેઠવાનું નામ આપતા તેમની સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.ધાર્મિક ફરિયાદમાં જણાવ્યું હતુ કે,હું નિર્મળા મેઈન રોડ સોનાલી રેસ્ટોરંટની સામે મારે ક્રશ એન્ડ ક્રેવ નામની કેફે ચલાવું છું. તા.૨૫/૦૫ના રાત્રીના સાડા દશેક વાગ્યાની આસપાસ હુ કેફે ખાતે હતો ત્યારે યશોધનસિંહ જેઠવાને કોઈ સ્વિગી વાળા સાથે સામાન્ય અકસ્માત થતા



ઝઘડો કરતો હોય જેથી મારો ભાઈ જય



તેને છુટા પાડવા ગયેલા બાદ મારા ભાઈ સાથે પણ આ યશોધનસિંહે બોલાચાલી ઝઘડો કર્યો હતો.બાદ બંન્ને પક્ષ વચ્ચે સમાધાન થઈ ગયેલ હતુ અને તેના નામ નંબર જેતે વખતે તેની પાસેથી લીધેલ હતા.બાદ થોડીવારમા ફરી વખત આવી મને ધમકી આપેલ કે તને જોઈ લઈશ, તારા ટાંટીયા ભાંગી નાખીશ. તે બાદ પણ વેપારીએ આ બાબતે કોઈ ફરીયાદ કરી ન હતી.

### રૈયારોડ પર રહેતા વેપારીએ યશોધનસિંહ જેઠવા નામના આવારા તત્વ વિરુદ્ધ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી

ગઈ તા.૨૭/૦૫ના રાત્રીના હું નિર્મળા રોડ સોનાલી રેસ્ટોરન્ટની સામે ક્રશ એન્ડ ક્રેવ નામની કેફે દુકાન ખાતે હતો તે દરમ્યાન આ સામાવાળા યશોધનસિંહ જેઠવા અમારી દુકાને આવેલ અને અમારી દુકાનના કાચના દરવાજાને કોઈ લાકડા વડે તોડી ૩૦ હજારનું નુકશાન કરી ત્યાથી ભાગીને જતો રહ્યો હતો.આ મામલે ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવતા આરોપીને સકંજામાં લેવા તજવીજ શરૂ કરી છે.

# ગાંજાની ખેતી કરતા ખેડૂતની જામીન અરજી મંજૂર

## અજમેર ગામે પોલીસે દરોડો પાડી તુવેરના વાવેતરમાંથી ૫૫.૫૮૦ કિલો ગ્રામ ગાંજો કબજે કર્યો

**અબતક, રાજકોટ**

વિછીયાના અજમેર ગામમાંથી તુવેરના વાવેતર વચ્ચે વાવેલ ગાંજાના ૫૫. ૫૮૦ કિલો ગ્રામ જથ્થા સાથે ઝડપાયેલા આરોપીને હાઈકોર્ટે જામીન મુક્ત કરતો હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુકબ રાજકોટ વિછીયા પોલીસ દ્વારા વિછીયા તાલુકાના ગામ અજમેર ગામની અડસિકી સીમમા વનરાજભાઈ ભુપતભાઈ ગંજેળીયાએ પોતાના કબ્જા વાળી જગ્યામા ગેરકાયદેસર રીતે તુવેરના વાવેતર વચ્ચે ગાંજાના છોડનું વાવેતર કર્યું હોવાની બાતમીમાં આધારે પોલીસે દરોડો પાડી આરોપી વનરાજભાઈ ભુપતભાઈ ગંજેળીયાની અટક કરી રૂ.૫,૫૫,૮૦૦ ની કિંમતના ગાંજાના ૫૫.૫૮૦ કિલો ગ્રામ છોડ કબ્જે કર્યા હતા. વિછીયા પોલીસ દ્વારા એન.ડી.પી.એસ. એકટની કલમ મુજબ ફરિયાદ દાખલ કરી આરોપીને જેલ હવાલે કર્યો હતો. જેલ હવાલે રહેલા આરોપી દ્વારા પોતાના એડવોકેટ મારફત સેશન્સ કોટમાં જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ ગુજરાત હાઈકોર્ટ દ્વારા આરોપીને જામીન પર મુક્ત કરવા હુકમ ફરમાવ્યો હતો.આ કેસમાં આરોપી વતી એડવોકેટ રણજીત બી. મકવાણા, જીજ્ઞેશ એમ. સભાડ, યોગેશ એ. જાદવ, મદદનીશમા અભય ચાવડા, વિશાલ રોજાસરા, વિક્રમ કિહલા અને ગુજરાત હાઈકોર્ટમાં મેહુલ એસ. પાડલીયા રોકાયા હતા.

# ગેસ રીફિલિંગ કૌભાંડમાં ગેસ એજન્સીના બે મહિલા સંચાલકો નિર્દોષ

## કાન્તા ગેસની છકડો રિક્ષામાંથી ૧૬ અને અન્ય જગ્યાએથી ૧૧ કબજે કરવામાં આવેલા સિલીન્ડરોનું વજન ઓછું નીકળતા ગુનો દાખલ કરવામાં આવ્યો 'તો

**અબતક, રાજકોટ**

રાંધણ ગેસના સિલિન્ડરમાંથી ગેસ કાઢી લેવાના રીફિલિંગ કૌભાંડ સંદર્ભે આવશ્યક ચીજ વસ્તુ ધારા હેઠળ ૧૮ વર્ષ પહેલા નોંધાયેલા ગુનામાં અદાલતે ગેસ એજન્સીના બે મહિલા સંચાલકોને નિર્દોષ છોડી મૂકવા હુકમ કર્યો છે. ૨૦૦૭ની સાલના આ બનાવની હકીકત મુજબ કાન્તા ગેસ એજન્સી વિરુધ્ધ ફરિયાદો મળતાં અધીકારીઓ દ્વારા પેડક રોડ ઉપર કાન્તા ગેસના ડિલિવરીમેનની રિક્ષા ઉભી રાખી તપાસ કરતા છકડો રિક્ષામાંથી ૧૬ સિલિન્ડર તથા અન્ય જગ્યાએથી ૧૧ સિલિન્ડર કબજે કરવામાં આવેલ અને આ સિલીન્ડરોનું વજન કરાતા નીયત વજનથી ઓછું જણાતા સદરહું બાટલાઓમાંથી ગેસ કાઢી લેવામાં આવતો હોવાની વાતને સમર્થન મળેલ, જેથી અધીકારીઓની ટીમ દ્વારા બાટલાઓ તથા છકડો રિક્ષા સીઝ કરી કલેકટરના હુકમથી પુરવઠા નિરીક્ષક દ્વારા બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થઈ હતી. તેમાં સંત કબીર રોડ ઉપર આવેલ કાન્તા ગેસ સર્વિસના સંચાલક મહીલા કાંતાબેન જી. રાવલ તથા નીલાબેન જે. રાવલ અને ડિલિવરી મેન ધીરૂભાઈ આલાભાઈ મીયાત્રાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. બાદમાં આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ થતા અદાલતમાં કેસ દરમ્યાન ફરિયાદ પક્ષના સાક્ષીઓની જુબાની બાદ આરોપીઓ તરફે ઉલટ તપાસ બાદ બચાવ પક્ષ તરફે યુવા વકીલ કીરીટ નકુમ દ્વારા પોતાની દલીલમાં રજુઆત કરવામાં આવેલ કે પુરવઠા તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવેલ નથી. સંચાલકો પાસેથી કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી, સાહેદોની જુબાનીઓમાં વિરોધાભાસ રહેલ છે. પંચો અને સ્વતંત્ર સાક્ષીઓ બનાવને સમર્થન આપતા નથી સહિતની દલીલો અને ઉચ્ચ અદાલતોના વિવિધ ચુકાદાઓને ધ્યાનમાં રાખી બંને મહિલા આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામાં આવેલ હતો.

આ કામમાં મહિલા આરોપીઓ વતી યુવા લો એસોસીએટના એડવોકેટ કિરીટ નકુમ, હેમાંસુ પારેખ, કુલદીપ ચૌહાણ, યશપાલ ચૌહાણ, નીધી રાયચુરા, ડેનીશા રાઠોડ, વાય.વાય. શેખ, સતીષ હેરમા રોકાયા હતા.

# વર્ગવિગ્રહ થાય તેવી પોસ્ટ મુકનાર કોન્સ્ટેબલને ડિસમિસ કરવા પોલિસ કમિશનરને રજુઆત

## કચ્છથી ઝડપાયેલ જાસૂસ અંગે દિવ્યરાજ જાડેજાએ સોશિયલ મીડિયામાં પોસ્ટ મુકતા વિવાદ

**અબતક, રાજકોટ**

તાજેતરમાં કચ્છમાંથી ગૂજરાત એટીએસએ પાકિસ્તાની મુખબરી કરતા શખ્સને ઝડપી પાડ્યો હતો. સહદેવસિંહ ગોહિલ નામનો વ્યક્તિ કચ્છમાંથી સેનાની ગુપ્ત માહિતી પાકિસ્તાની એજન્ટને આપતો હતો જેને એટીએસ ટીમે ઉઠાવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. બીજી બાજુ રાજકોટ શહેર પોલીસમા ફરજ બજાવતા દિવ્યરાજ જાડેજા નામના પોલીસ કર્મીએ આ મુખબીરની જ્ઞાતિ અંગે વ્હોટ્સ એપ ગ્રુપમા પોસ્ટ મૂકી હતી. જેને લઈ સમગ્ર કારડીયા રાજપુત જ્ઞાતિની લાગણી દુભાણી છે. ત્યારે દિવ્યરાજ જાડેજાને પોલીસ ખાતામાંથી બરતરફ કરવા માંગ કરવામાં આવી છે.

પાકિસ્તાનની મુખબરી કરતો શખ્સ એક ચોક્કસ જ્ઞાતિનો છે એવી પોસ્ટ વાઈરલ કરી બે જ્ઞાતિ વચ્ચે વિવાદ ઉભો કરનાર કોન્સ્ટેબલને ડિસમિસ કરવાની માંગ સાથે કારડીયા રાજપૂત સમાજના યુવા અગ્રણીઓ દ્વારા રાજકોટ શહેર પોલીસ કમિશનરને રજૂઆત કરવામાં હતી કે, દેશદ્રોહીઓને કોઈ નાત-જાત-ધર્મ હોતો નથી છતા શિષ્ટબદ્ધ ગણાતા પોલીસ વિભાગના કર્મચારીએ કારડીયા રાજપૂત સમાજના લોકોની લાગણીને ઠેસ પહોચાડનાર વિરુદ્ધ



કડક કાર્યવાહી કરવામાં આવે. પોલીસ વિભાગના કર્મીએ

### ભૂતકાળમાં પણ અનેક જ્ઞાતિઓ વિશે પોલીસકર્મીએ બફાટ કર્યાના આક્ષેપ સાથે કારડીયા રાજપૂત સમાજનું આવેદન

સોશિયલ મીડિયામા પર કોઈ બાબત વાસ્તવિકતા તપાસ્યા વગર બે જ્ઞાતિઓ વચ્ચે વિવાદ અને વર્ગવિગ્રહ ઉભો થાય તેવી ઉશ્કેરણભરી પોસ્ટ મૂકીને ભૂતકાળથી ચાલતા વિવાદની પરિસ્થિતિને વધુ ભડકાવવાનો પ્રયત્ન કર્યો છે. જયારે કાયદો અને વ્યવસ્થાનો રક્ષક ગણાતો પોલીસકર્મી આવા ધૃણાસ્પદ કૃત્યમાં સંડોવાય ત્યારે એ સમગ્ર તંત્રની શિસ્ત અને નૈતિકતાની પ્રશ્નચિહ્ન ઉભી કરે છે. વધુમાં કારડીયા રાજપૂત સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે, દિવ્યરાજ જાડેજાએ અગાઉ અનેક વાર બે જ્ઞાતિઓ વચ્ચે વર્ગવિગ્રહ ઊભા થાય તેવી અનેક પોસ્ટ મૂકી ચુક્યો છે. મહિના પૂર્વે રાજકોટના નાનામવા મેઈન રોડ પર દારૂ ઢીંચીને રાહદારીને ખોટી રીતે જાહેરમા માર મારતો વીડિયો પણ વાયરલ થયો હતો. કારડીયા રાજપુત સમાજના આગેવાનોએ સોશિયલ મીડિયાના દુરુપયોગ દ્વારા કોમવિગ્રહ ભડકાવનાર પોલીસકર્મી સામે તાત્કાલિક ડિપાર્ટમેન્ટલ ઈન્કવાયરી કરવા, અસામાજિક પ્રવૃતિમા વારંવાર સંડોવાયેલા, શિસ્ત ભંગ કરનાર નશેડી અને માનસિક સંતુલન ગુમાવી ચૂકેલા કર્મીને પોલીસ વિભાગમાથી ડિસમિસ કરવા માંગ કરી છે.

# ભારતમાં આઈસીયુ સહિતની ક્રિટિકલ કેર સુવિધાઓ સુદ્રઢ કરવા નીતિ આયોગે કમર કસી

## આરોગ્ય સંભાળની ગુણવત્તામાં સુધારો કરવા અને જરૂરિયાતમંદ લોકોને સમયસર અને ગુણવત્તાયુક્ત ક્રિટિકલ કેર સેવાઓ મળી રહે તેવો ઉદેશ્ય

**અબતક, રાજકોટ**

ભારત તેની આરોગ્યસંભાળ પ્રણાલીને મજબૂત કરવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું ભરી રહ્યું છે, જેમાં ખાસ કરીને ક્રિટિકલ કેર યુનિટ્સ (આઈસીયુ) પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. નીતિ આયોગના નેતૃત્વ હેઠળ, દેશ માળખાગત સુવિધાઓ અને માનવ સંસાધનોના અંતરને દૂર કરવા માટે એક ક્રિટિકલ કેર ફ્રેમવર્ક વિકસાવી રહ્યું છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય દેશભરમાં આઈસીયુ માટે સંસાધન ફાળવણી, દર્દીની પ્રાથમિકતા અને ધોરણોને વ્યાખ્યાયિત કરવાનો છે.

ભારતમાં ક્રિટિકલ કેરની ઉપલબ્ધતા અને પહોંચ વચ્ચે મોટું અંતર છે. નિષ્ણાતોના મતે, માળખાગત સુવિધાઓ (જેમ કે આધુનિક સાધનો) અને માનવ સંસાધનો (તાલીમ પામેલા ડોકટરો અને સહાયક સ્ટાફ) બંનેની મોટી અછત છે. જેના કારણે ક્યારેક ખરેખર જરૂરિયાતમંદ દર્દીઓને યોગ્ય સંભાળ મળતી નથી. આ નવું ફ્રેમવર્ક આ સમસ્યાઓનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરશે.

નીતિ આયોગના સભ્ય વી.કે. પોલના નેતૃત્વમાં એક સમિતિ આ ફ્રેમવર્ક પર કામ કરી રહી છે. આનો એક મુખ્ય ઉદ્દેશ્ય ભારતમાં તબીબી



મૂલ્ય પ્રવાસન (એમ વી ટી) ને પ્રોત્સાહન આપવાનો પણ છે. એફઆઈસીસીઆઈના અંદાજ મુજબ, ૨૦૨૬ સુધીમાં ભારતમાં એમ વી ટી ૧૩ બિલિયન સુધી પહોંચી શકે છે. આ ઉપરાંત, ભવિષ્યમાં કોઈપણ કોવિડ જેવી મહામારી માટે રાષ્ટ્રને વધુ સારી રીતે તૈયાર કરવામા એફઆઈસીસીઆઈ ફ્રેમવર્ક મદદરૂપ થશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, આયોગ વૈશ્વિક ધોરણોનો અભ્યાસ કરી રહ્યું છે અને ટૂંક સમયમાં ક્રિટિકલ કેર માટે ભારત-કેન્દ્રિત માળખાનો મુસદ્દો તૈયાર કરવા માટે હિસ્સેદારોની સલાહ-સૂચન શરૂ કરશે. આશા છે કે આ પહેલ ભારતમાં આરોગ્યસંભાળની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો લાવશે અને ખરેખર જરૂરિયાતમંદ લોકોને સમયસર અને ગુણવત્તાયુક્ત ક્રિટિકલ કેર સેવાઓ સુનિશ્ચિત કરશે.

### ફ્રેમવર્કમાં શું સામેલ હશે?

* સંસાધનોની યોગ્ય ફાળવણીઃ આ ફ્રેમવર્ક એ નક્કી કરશે કે કટોકટીની સ્થિતિમાં કયા દર્દીઓને પ્રાથમિકતા આપવી અને ક્રિટિકલ કેર માટે ઉપલબ્ધ સંસાધનો (જેમ કે આઈ સી યુ બેડ, દવાઓ, વેન્ટિલેટર) ની વહેંચણી કેવી રીતે કરવી. આનાથી ખરેખર જરૂરિયાતમંદ દર્દીઓને તાત્કાલિક મદદ મળી શકશે.

* ગુણવત્તાના ધોરણોનું નિર્ધારણઃ દેશભરની હોસ્પિટલોમાં આવેલા ગંભીર સંભાળ એકમો (આઈસીયુ) ના માળખા, ત્યાં કામ કરતા કર્મચારીઓ અને તેમના સંગઠન માટે વિશ્વ કક્ષાના ધોરણો નક્કી કરવામાં આવશે. આનાથી આઈસીયુની ગુણવત્તામાં એકરૂપતા આવશે.

* તાલીમ અને પ્રમાણપત્રઃ ક્રિટિકલ કેરમાં નિષ્ણાત ડોકટરો અને સહાયક સ્ટાફની અછતને પહોંચી વળવા પર ભાર મૂકવામાં આવશે. આ ફ્રેમવર્ક તાલીમ કાર્યક્રમો અને પ્રમાણપત્રો દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળા તબીબી વ્યાવસાયિકો તૈયાર કરવામાં મદદ કરશે.

* સ્પષ્ટ પ્રોટોકોલ્સઃ દર્દીઓની સંભાળ માટે સ્પષ્ટ અને ચોક્કસ પ્રોટોકોલ્સ બનાવવામાં આવશે. આ પ્રોટોકોલ્સથી સારવારમાં સુસંગતતા આવશે અને તબીબી ભૂલોની શક્યતા ઘટશે, જેનાથી દર્દીઓને શ્રેષ્ઠ સંભાળ મળશે.

# બાળ મજુરીના દુષણને ડામવા હોટલ-રેસ્ટોરન્ટમાં ચાઈલ્ડ લેબર એકટના બોર્ડ મુકવા સુચના

## ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગનાં અધ્યક્ષા ધર્મિષ્ઠાબેન ગજ્જર અને સચિવ ડી.ડી.કાપડીયાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

**અબતક, રાજકોટ**

બોટાદ કલેકટર કચેરી ખાતે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગનાં અધ્યક્ષા ધર્મિષ્ઠાબેન ગજ્જર અને સચિવ ડી.ડી.કાપડીયાના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં આયોગના સભ્ય કમલેશભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં અધ્યક્ષાએ બોટાદ વહીવટી તંત્ર દ્વારા બાળ અધિકારોના રક્ષણ, શિક્ષણ,પોષણ, બાળ સંરક્ષણ ગૃહો, આરોગ્ય, પુનઃ વસન, વિવિધ એક્ટની પરિણામલક્ષી કામગીરી તથા વિવિધ યોજનાના અસરકારક અમલીકરણ સહિતના મુદ્દે કરેલી કામગીરીની સમીક્ષા કરીને ભવિષ્યમાં વધુ સારા હકારાત્મક પરિણામ લાવવા પર ભાર મુકીને માર્ગદર્શન સાથે જરૂરી સુચનો આપ્યાં હતાં.

બેઠકમાં અધ્યક્ષાશ્રી ધર્મિષ્ઠાબેન ગજ્જરે બાળ સંરક્ષણ ગૃહોમાં બાળકોની સંખ્યા, વ્યવસ્થાપન તેમનાં શિક્ષણ તથા સુરક્ષાને લઈ વિગતો મેળવી સંરક્ષણ ગૃહોની સુરક્ષા વધુ મજબૂત કરવા ખાસ સુચન કર્યું હતું. આ સાથે તેમણે બોટાદમાં બાળકોનાં પુનઃવસનની કામગીરીની સરાહના કરી હતી. તેમણે બેઠકમાં ચાઈલ્ડ વેલ્ફેર કમિટીની કામગીરી, જુવેનાઈલ જસ્ટિસ એક્ટ તથા સ્પેશિયલ જુવેનાઈલ પોલીસ યુનિટ અંતર્ગત પોકસો,બાળ લગ્ન,બાળ મજૂરી, ભિક્ષાવૃતિ, બાળ તસ્કરી સહિતનાં કેસ નિકાલની સ્થિતિ અંગે જાણકારી મેળવી ખાસ કરીને બાળકોમાં ગુનાખોરી, બાળ લગ્ન ન થાય તે માટે જાગૃતિ કાર્યક્રમ યોજવા સુચના આપી હતી.

બોટાદમાં બાળ મજૂરી અંગે વિગતો મેળવીને તેને રોકવા માટે રેસ્ટોરેન્ટ, હોટેલ સહિતનાં સ્થળે ચાઈલ્ડ લેબર એક્ટના બેનર મુકવા તથા લેબર ઓફિસ દ્વારા નિયમિત આકસ્મિક મુલાકાત કરવા સાથે બોટાદને ચાઈલ્ડ લેબર મુક્ત જિલ્લો બનાવવાનાં સંકલ્પ સાથે કામગીરી કરવા પર ભાર મુક્યો હતો.

આ અવસરે બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા બોટાદ જિલ્લા શિક્ષણાધિકારી ની કામગીરીને બિરદાવી મોમેન્ટો અર્પણ કરાયો હતો. સાથે સાથે ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓએ બોર્ડ પરિક્ષા-૨૦૨૫માં પ્રાપ્ત કરેલી સફળતા બદલ તેઓ તેમજ જિલ્લામાં આવેલી તમામ શાળાઓને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા. જે વિદ્યાર્થીઓનું મનોબળ વધારવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

# કૃષિ ટેક્નોલોજી ''લેબથી લેન્ડ'' સુધી પહોંચીને ખેડૂતોને સધ્ધર બનાવે છે

## ખેડૂતો સમૃધ્ધ થાય, જમીન ફળદ્રુપ રહે અને લોકોને કેમિકલ વગરનું અનાજ મળે એ માટે તરઘડીયા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે કરે છે તાલીમબદ્ધ

**અબતક, રાજકોટ**

ભારત કૃષિપ્રધાન દેશ છે. આજે પણ એક મોટો વર્ગ ખેતી અને પશુપાલન સાથે સીધી અથવા આડકતરી રીતે જોડાયેલો છે. ખેડૂતોને વીજળી અને સિંચાઈ માટે પૂરતું પાણી મળી રહ્યું છે. ''સૌની'' અને ''સુજલામ સુફલામ'' જળસંચય યોજના સહિતની યોજનાઓથી સૌરાષ્ટ્રની ખેતીને સિંચાઈનું પાણી મળી રહ્યું છે. આ ઉપરાંત ખેડૂતોના ખેત પાકની લલણીથી કાપણી અને પાકને બજાર સુધી પહોંચાડવા સાધન સહાય સહિત ખેતી સાધનો માટે સરકારની કલ્યાણકારી યોજનાઓ કાર્યરત છે. ત્યારે આજે વાત કરીએ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની કે જે, ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ દોરી જવા તાલીમબદ્ધ કરે છે.

જુનાગઢ કૃષિ યુનિવર્સિટી અંતર્ગત આવતા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તરઘડીયા ખાતે ફરજ બજાવતા વરિષ્ઠ કૃષિ વૈજ્ઞાનિક એમ.એમ. તળપદાએ આ કેન્દ્ર વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. વરિષ્ઠ કૃષિ વૈજ્ઞાનિકે કહ્યું કે, કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં આત્મા, ગ્રામસેવક કે અન્ય વિભાગો તરફથી કર્મચારીઓ, ખેડૂતો, સખી મંડળની બહેનોને કૃષિલક્ષી વિવિધ તાલીમ આપવામાં આવે છે. વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય, જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે, ખેતી કેમિકલમુકત બને, લોકોને કેમિકલમુક્ત અનાજ મળે અને ખેડૂતોની આવકમાં વધારો થાય તે અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.

જો ખેડૂતો ખેતીમાં વધુ રસાયણનો ઉપયોગ કરશે તો ભારતની ખેતી ભવિષ્યમાં કેવી હશે તેની ચિંતા સરકાર કરે છે તેમ અન્ય એક કૃષિ વૈજ્ઞાનિક જીવરાજ ચૌધરીએ કહ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે, કૃષિ ટેક્નોલોજી ''લેબથી લેન્ડ'' સુધી પહોંચીને ખેડૂતોને સધ્ધર બનાવે છે.

પ્રાકૃતિક ખેતી આજના સમયની જરૂરિયાત છે. ખેડૂતોએ સૌપ્રથમ પોતાના અને પોતાના પરિવાર માટે જમીનના નાના ભાગમાં પ્રાકૃતિક ખેતીનો પ્રયોગ કરવો જોઈએ. થોડા સમયમાં જ પ્રાકૃતિક ખેતીનું સુખદ પરિણામ જોવા મળશે. ત્યારબાદ ખેડૂતો પોતાની તમામ ખેતીની જમીનમાં પ્રાકૃતિક ખેતી કરીને જમીન, પર્યાવરણ અને માનવ શરીરને કેમિકલ મુક્ત બનાવવા મોટો ફાળો આપી શકે છે. પ્રાકૃતિક ખેતીના આયામો બનાવવામાં સરળ અને ખૂબ જ સસ્તા છે. આયામો બનાવવા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ખેડૂતોને વિનામૂલ્યે તાલીમ અને સાથે રહેવા- જમવાની સુવિધા પણ આપવામાં આવે છે.કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તરઘડીયા વર્ષોથી ખેડૂતો માટે તાલીમ યોજે છે, ડેમોસ્ટ્રેશન યોજે છે. તેમજ ગામડે ગામડે જઈને ખેડૂતોને તાલીમ આપી પ્રાકૃતિક કૃષિ વિશે જાગૃત કરે છે. કારણકે, જમીનની ફળદ્રુપતા, પર્યાવરણ, માનવ શરીર અને દેશની તંદુરસ્તી માટે પ્રાકૃતિક ખેતી જરૂરી છે.

# સ્વચ્છતા થકી જ સ્વચ્છ ભારતનું નિર્માણ શકય: આચાર્ય લોકેશજી

## વિશ્વ શાંતિ કેન્દ્ર ગુરૂગ્રામ ખાતે 'જીવન શૈલી અને આરોગ્ય' વિષયક સગોષ્ઠિ કાર્યક્રમ યોજાયો

**અબતક, રાજકોટ**

અહિંસા વિશ્વ ભારતીય અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક, પ્રસિદ્ધ જૈન આચાર્ય લોકેશજી તથા અહિંસા વિશ્વ ભારતીયના સ્થાપક સભ્ય અને અમદાવાદના ચંદ્રમણિ હોસ્પિટલના જાણીતા ડો. રૂપકુમાર અગ્રવાલે વિશ્વ શાંતિ કેન્દ્ર ગુરુગ્રામ ખાતે 'જીવન શૈલી અને આરોગ્ય' વિષયક રાષ્ટ્રીય સગોષ્ઠિનું સંબોધન કર્યું. વિશ્વ શાંતિદૂત આચાર્ય લોકેશજીએ કહ્યું કે સ્વસ્થ ભારતથી જ સમૃદ્ધ ભારતનું નિર્માણ શક્ય છે. આચાર્ય લોકેશજીએ કહ્યું કે ધર્મગ્રંથો પણ કહે છે શરીર સાધન છે ધર્મસાધના માટે - એટલે કે ધર્મસાધના માટે પણ શરીરનું સ્વસ્થ રહેવું અનિવાર્ય છે. વિશ્વ




શાંતિ કેન્દ્ર બહુ જલ્દી 'સ્વસ્થ ભારત સમૃદ્ધ ભારત' અભિયાન શરૂ કરવા જઈ રહ્યું છે.

આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ડો. રૂપકુમાર અગ્રવાલે જણાવ્યું કે દૈનિક જીવનશૈલીમાં શુદ્ધ અને સાત્વિક આહાર તથા સકારાત્મક વિચારો અપનાવવાથી અનેક રોગોથી બચી શકાય છે. આ અવસરે ડો. સ્મિતા અગ્રવાલ, યોગાચાર્ય કરણ ગુપ્તા, ટીનુ અગ્રવાલ, વિનિત શર્મા, દયારામ વગેરે સભ્યોએ સગોષ્ઠિને સફળ બનાવવા માટે પૂર્ણ સહયોગ આપ્યો.

# માલ પરિવહન ક્ષેત્રમાં રેલવેના નવા યુગની શરૂઆત: મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન મળશે

## ૯૦૦૦ હોર્સ પાવર ક્ષમતાના ૧૨૦૦ અતિ આધુનિક ઈલેક્ટ્રિક માલવાહન એન્જીનોનું નિર્માણ થશે

**અબતક, રાજકોટ**

ભારતીય રેલવેએ માલવહનના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ હરણફાળ ભરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૨૬ મે, ૨૦૨૫ ના રોજ ગુજરાતના દાહોદ ખાતે આવેલ રોલિંગ સ્ટોક વર્કશોપમાં લોકો નિર્માણ કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવવું આ પરિવર્તનની દિશામાં એક ઐતિહાસિક પગલું છે. એક એવું પગલુ જે ઝડપી ગતિ, માલવહનમાં વૃદ્ધિ અને સતત વિકાસને ગતિ આપવાની પ્રતિબદ્ધતાથી પરિપૂર્ણ હશે. આ અતિઆધુનિક સુવિધામાં ૯,૦૦૦ હોર્સપાવર ક્ષમતાના ૧,૨૦૦ અતિઆધુનિક ઈલેક્ટ્રિક માલવાહક એન્જિનોનું નિર્માણ કરવામાં આવશે. આનાથી મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડને પ્રોત્સાહન મળશે.



આ એન્જિન ૪,૫૦૦ થી ૫,૦૦૦ ટન સુધીના ભારે માલને અતિ ઊંચાણ પર પણ સરળતાથી લઈ જવામાં સક્ષમ છે. જેનાથી ભારે માલવહન પરિવહનમાં ક્રાંતિકારી પરિવર્તન આવશે. મેક ઈન ઈન્ડિયા પહેલ હેઠળ નિર્મિત આ એન્જિન અતિઆધુનિક આઈજીબીટી-આધારિત પ્રોપલ્શન ટેકનિકથી સુસજ્જિત છે, જે ઉર્જા કાર્યક્ષમતા અને સંચાલન પ્રદર્શનને નવી ઊંચાઈઓ પર લઈ જાય છે. આ વિશેષતાઓ ભારતીય રેલવેને આધુનિક, ભરોસાપાત્ર અને પર્યાવરણ અનુકૂળ માલવાહક લોજિસ્ટિકના અગ્રણી પથ પર લઈ જાય છે.

૯૦૦૦ હોર્સપાવરના આ લોકોમોટિવ ભારતીય રેલવે દ્વારા વિકસિત સૌથી શક્તિશાળી સિંગલ-યુનિટ ઈલેક્ટ્રિક એન્જિન છે. અત્યાર સુધી માલવાહક એન્જિન સામાન્યપણે ૪૫૦૦ અથવા ૬૦૦૦ હોર્સપાવનની ક્ષમતાવાળા ચાલતા હતા. જ્યારે ૧૨,૦૦૦ હોર્સપાવરના એન્જિન પણ છે, જે બે ૬૦૦૦ હોર્સપાવર યુનિટને જોડીને બનાવવામાં આવે છે. આનાથી વિપરિત, દાહોહમાં નિર્મિત આ એન્જિન એકિકૃત ઉચ્ચ-શકિત સમાધાન આપે છે, જે લાંબી અને ભારે માલગાડીઓને સરળતાથી ખેંચી શકે છે. આ વધેલી ક્ષમતાનો અર્થ છે ઓછી ટ્રિપ્સમાં વધારે માલ પરિવહન. જેનાથી સમયની બચત, ભીડભાડમાં ઘટાડો અને બહેતર લોજિસ્ટિક કાર્યક્ષમતા સુનિશ્ચિત થાય છે. આનાથી રેલવે વ્યવહાર વૈવિધ્યપૂર્ણ થશે. જેનાથી વ્યસ્ત માર્ગો પર દબાણ ઘટશે. સાથે જ, માનવ સંસાધન અને ઉર્જા ખર્ચમાં ઘટાડો આવશે. આ બધા લાભ ઉદ્યોગો માટે લોજિસ્ટિક પડતરને ઘટાડીને મૂલ્ય પ્રતિસ્પર્ધા અને આપૂર્તિ શ્રેણીને ઉત્તમ બનાવશે.

એક સમય એવો પણ હતો જ્યારે રેલવે કામોના મુખ્ય કેન્દ્ર રહેલા દાહોદમાં પ્રવૃત્તિઓ ઓછી થઈ ગઈ હતી.૨૦૨૨ માં વડાપ્રધાન મોદીએ આને રેલવે નિર્માણના નવા કેન્દ્રરૂપે પુનઃસ્થાપિત કરવાનો અભિગમ રાખ્યો. આજે આ અભિગમ સાકાર થઈ રહ્યું છે.

# નેત્ર સારવાર ક્ષેત્રે ક્રાંતિ લાવી નવા ધોરણો સ્થાપીત કરીશું: ડો.અનુરથ સાવલીયા

## સાવલીયા આંખની હોસ્પિટલનો ૨૦મા વર્ષમાં મંગલ પ્રવેશ: ગુણવતાયુકત સારવાર માટે કટીબધ્ધ

**અબતક, રાજુ રામોલીયા, કાલાવડ**

રાજકોટ તેમજ સમગ્ર સૌરાષ્ટ્રના ખૂબ જ જાણીતા આંખના ડોકટર અને સર્જન ડો. અનુરથ સાવલિયાની 'સાવલિયા આંખની હોસ્પિટલ' આજે પોતાની સ્થાપનાની ૨૦મી વર્ષગાંઠ ઉજવી રહી છે.

વર્ષ ૨૦૦૫માં, ડો. અનુરથ સાવલિયાએ જામનગરના કાલાવડ ખાતે એક નાની આંખની હોસ્પિટલથી આ સફરની શરૂઆત કરી હતી, જે બાદ આજે રાજકોટની સાવલિયા હોસ્પિટલ અદ્યતન સુવિધાઓથી સજ્જ, ગુજરાતની અગ્રણી આંખની હોસ્પિટલોમાંની એક બની ગઈ છે.

આ ૨૦ વર્ષની યાત્રામાં, સાવલિયા આંખની હોસ્પિટલે લાખો દર્દીઓ અને મુલાકાતીઓને સારવાર આપી છે. જેમાં મોતિયાના ઓપરેશન, આંખના નંબર ઉતારવાના ઓપરેશન, રોબોટિક સર્જરી સહિતની અલગ અલગ પ્રકારની આંખને લગતી તમામ સારવાર અને પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.

આ સાથે જ સાવલિયા હોસ્પિટલ અને ડો. અનુરથ સાવલિયા દ્વારા સમયાંતરે સમાજના દરેક વર્ગને ગુણવત્તાયુક્ત આંખની સારવાર મળી રહે તે માટે આંખની તપાસના કેમ્પનું આયોજન




કરવામાં આવતું રહ્યું છે. વર્ષ ૨૦૨૦થી કાલાવડ ખાતેની સાવલિયા આંખની હોસ્પિટલમાં દર રવિવારે 'ફ્રી નેત્ર નિદાન કેમ્પ'નું આયોજન કરવામાં આવે છે.

રાજકોટના ૧૫૦ ફીટ રીંગ રોડ પર બાલાજી હોલ નજીક અને કાલાવડમાં બસ-સ્ટેન્ડ રોડ ખાતે આવેલી આ હોસ્પિટલો, ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારના લોકોને વિશ્વસનીય આંખની સારવાર પૂરી પાડે છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં આંખની સારવારની મુશ્કેલીઓને ઓળખીને, ડો. સાવલિયાએ કાલાવડમાં હોસ્પિટલ શરૂ કરી, જે તે સમયે



આ વિસ્તારનું એકમાત્ર આંખની સારવારનું કેન્દ્ર હતું.

આ વર્ષગાંઠના અવસરે, સાવલિયા આંખની હોસ્પિટલ રાજકોટ ખાતે ડો. અનુરથ સાવલિયાએ જણાવ્યું હતું કે, આ ૨૦ વર્ષની સફર અમારા દર્દીઓ, સ્ટાફ અને સમાજના સમર્થનથી શક્ય બની છે. અમે ભવિષ્યમાં પણ આંખની સારવારના ક્ષેત્રે નવા ધોરણો સ્થાપિત કરવા અને સમાજના દરેક વર્ગને ઉચ્ચ ગુણવત્તાની આંખની સારવાર પૂરી પાડવા માટે કટિબદ્ધ છીએ.

# મૈત્રી કરાર બાદ ઘર છોડી ગયેલી મહિલાનું પરિવાર સાથે પુન: મિલન કરાવતું ''સખી વન સ્ટોપ સેન્ટર''

## સખી વન સ્ટોપ સેન્ટરે ૧૦ વર્ષના દાંપત્ય જીવનમાં ફરી ખુશીઓનું પુનરાગમન

**અબતક, રાજકોટ**

અનેક મહિલાઓના જીવનમાં સ્નેહ અને ખુશીઓની સુવાસ ફેલાવવા માટે રાજકોટ ''સખી વન સ્ટોપ'' સેન્ટર ઉમદા કામગીરી કરી રહી છે, ત્યારે ફરી એકવાર રાજકોટમાં રહેતા એક દંપતીના જીવનમાં ખુશીઓનું પુનરાગમન કરાવવામાં રાજકોટનાં સખી વન સ્ટોપ સેન્ટરે મહત્વની ભૂમિકા ભજવી છે. વાત જાણે એમ છે કે, રાજકોટનાં એક દંપતિએ ૧૦ વર્ષ પહેલાં પ્રેમ લગ્ન કરીને પોતાનો ઘર સંસાર શરૂ કર્યો હતો. લગ્નની શરૂઆતના વર્ષોમાં પતિ તરફથી હુંફ અને સમય મળતો હતો, પરંતુ સમય જતાં પતિ તરફથી હૂંફ અને પ્રેમ ન મળતા મહિલા અરજદાર એકલતા અનુભવ કરતા હતા. અમારે બે બાળકો છે પરંતુ ટ્રાન્સપોર્ટના વ્યવસાયના કારણે મારા પતિ ઘર - પરિવારમાં ઓછું ધ્યાન આપતા તેમજ ધીમે ધીમે તેઓ માનસિક



ત્રાસ પણ આપવા લાગ્યા હતા તેમ મહિલા અરજદારે જણાવ્યું હતું.પતિ સાથેના મનભેદના કારણે મહિલા અરજદારે પુખ્ત વયના પુરુષ સાથે મિત્રતા બંધાઈ હતી અને એક મહિના પહેલા મૈત્રી કરાર કર્યા હતા. આ વાતની જાણ મહિલા અરજદારના પતિને થતાં બંને વચ્ચે ઝગડો થયો હતો અને મહિલા ઘર છોડીને પુરુષ મિત્ર સાથે રહેવા જતી રહી હતી. પરંતુ મહિલાને પોતાના સંતાનો અને પતિની યાદ આવતા અને પોતાની ભૂલ સમજાતાં ઘર પરત ફરવું હતું.આ સ્થિતિમાં પરિવારને એક કરવા માટે સખી વન સ્ટોપ સેન્ટરના સ્થાનિક અધિકારીઓએ કાયદાકીય સહાય અને મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન સાથે મહિલા અરજદારના માતા અને પતિની રૂબરૂ હાજરીમાં સમજાવીને લાગણીસભર મિલન કરાવ્યું હતું. તેમજ મહિલા અરજદારે પણ પોતાની ભૂલ સ્વીકારીને માફી માંગી હતી. આમ, સખી વન સ્ટોપ સેન્ટરના કારણે ૧૦ વર્ષના દાંપત્ય જીવનમાં ફરી ખુશીઓનું પુનરાગમન થયું હતું.

# મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા દ્વારા એડમિશન પ્રક્રિયા શરૂ

**અબતક, રાજકોટ**

રાજકોટ સિટી મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે વિવિધ કોર્સ માટે એડમિશન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેમાં અન્વયે કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ, ફેશન ડીઝાઈન ટેકનોલોજી, ડ્રેસમેકિંગ, કોસ્મેટોલોજી (બ્યુટી પાર્લર), હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર સહિતના કોર્સનો સમાવેશ કરાયો છે. કોર્સમાં એડમિશન લેવા ઈચ્છુક મહિલા ઉમેદવારોએ મહિલા આઈ.ટી.આઈ. રાજકોટ સિટી, બી.ટી.સવાણી કિડની હોસ્પિટલ પાછળ, યુનિવર્સીટી રોડ ખાતે સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં રૂબરૂ મુલાકાત કરવી અથવા ફોન નં. ૦૨૮૧-૨૫૬૨૮૮૩ ઉપર સંપર્ક કરી શકશે.

# રાજકોટ ડિવિઝનમાં બ્લોકને કારણે બે ટ્રેનના સમયમાં ફેરફાર

**અબતક, રાજકોટ**

રાજકોટ ડિવિઝનના રાજકોટ-બિલેશ્વર સેક્શનમાં આવેલા બ્રિજ નંબર ૨૨૫ના ગર્ડર ફરીથી લગાવવા માટે એન્જિનિયરિંગ વિભાગ દ્વારા બ્લોક લેવામાં આવશે. આ બ્લોકના કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી બે ટ્રેનો જામનગર-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ ૨૮ના રોજ જામનગરથી તેના નિર્ધારિત સમય ૦૮:૩૦ વાગ્યાને બદલે ૨ કલાક મોડી એટલે કે ૧૦:૩૦ વાગ્યે ઉપડશે અને વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ ૨૮ના રોજ વેરાવળથી તેના નિર્ધારિત સમય ૭:૩૦ વાગ્યાને બદલે ૧ કલાક ૧૫ મિનિટ મોડી એટલે કે ૮:૪૫ વાગ્યે ઉપડશે. ટ્રેનોના સંચાલન સમય વિશે વધુ માહિતી માટે www.enquiry.indianrail.gov.inની મુલાકાત લેવા જણાવાયું છે.

# આઈપીએલ-૨૫: કાલે પંજાબ - આરસીબી વચ્ચે ક્વોલીફાયર-૧ જંગ



## હાઈસ્કોરીંગ મેચમાં સુકાની જીતેશ શર્માની આક્રમક બેટીંગના સહારે આરસીબીએ લખનઉને છ વિકેટે હાર આખી ક્વોલીફાયરમાં શાનદાર પ્રવેશ મેળ્યો

**અબતક, રાજકોટ**

આઈપીએલની અંતિમ લીગ મેચમાં બેંગાલુરૂની ટીમે લખનઉને ૬ વિકેટે પરાજય આપી પોઈન્ટ ટેબલમાં નંબર-૨ નું સ્થાન મેળવી ક્વોલીફાયર-૧ માટેની પોતાની ટિકીટ ફાઈનલ કરી લીધી હતી. હાઈકોરીંગ મેચમાં આરસીબીના સુકાની જીતેશ શર્માએ માત્ર ૩૩ બોલમાં ૬ સિક્સર અને ૮ ચોગ્ગાની મદદથી અણનમ ૮૫ રન બનાવી પોતાની ટીમને શાનદાર જીત અપાવી હતી. પાંચમી વિકેટ માટે જીતેશ અને મયંક વચ્ચે અણનમ ૧૦૭ રનની વિજયી ભાગીદારી નોંધાઈ હતી. આવતીકાલે પંજાબ અને બેગ્લારૂ વચ્ચે આઈપીએલની પ્રથમ ક્વોલીફાયર મેચ રમાશે જેમ) જીત હાંસલ કરનારી ટીમનો ફાઈનલમાં પ્રવેશ થશે જ્યારે હારનારી ટીમને ફાઈનલમાં પ્રવેશ મેળવવા માટે એક તક મળશે દરમિયાન શુક્રવારે ગુજરાત ટાઈટન્સ અને મુંબઈ ઈન્ડિયન વચ્ચે એલીમીનેટર મેચ રમાશે.આઈપીએલના અંતિમ લીગ મેચમાં રોયલ ચેલેન્જર બેંગાલુરૂ માટે કરો યા મરો સમો જંગ હતો. આરબીસીએ ટોસ જીતી લખતઉ સુપર જાયન્ટસની ટીમને બેટીંગ માટે આમંત્રીત કરી હતી અત્યાર સુધી કંટાળ ફોર્મમાં રહેલો એમએસજીનો સુકાની અને આઈપીએલનો સૌથી મોંઘો ખેલાડી રિષભ પંત છેલ્લી લીગ મેચમાં ખીલ્યો હતો તેણે માત્ર ૬૧ બોલમાં આઠ સિક્સર અને ૧૧ ચોગ્ગાની મદદથી અણનમ ૧૧૮ રન ફટકાર્યા હતા જ્યારે મિચેલ માર્શ ૩૭ બોલમાં ૬૭ રન ફટકાર્યા હતા. એલએસજીએ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૨૨૭ રનનો તોતીંગ જુમલો ખડક્યો હતો.આરસીબીની ટીમે પ્લે ઓફમાં પ્રવેશ કરી લીધો હતો પણ પોઈન્ટ ટેબલમાં નંબર-૧ કે ૨ ના સ્થાન પર રહેવા માટે ટીમે આખરી લીગ મેચ જીતવી ખુબ જ જરૂરી બની ગઈ હતી. ૨૨૮ રનના તોતીંગ લક્ષ્યાંક સાથે મેદાનમાં ઉતરેલી આરબીસીની ટીમને બન્ને ઓપનરે ખુબ જ સારી શરુઆત અપાવી હતી. ટીમનો સ્કોર ૬૧ રને પહોચ્યો હતો ત્યારે ફીલ સોલ્ટના રુપમાં પ્રથમ વિકેટ પડી હતી. સોલ્ટ ૩૦ રન બનાવી આઉટ થઈ ગયો હતો. વિરાટ કોહલીએ ૩૦ બોલમાં ૫૪ રન બનાવી ટીમની જીતનો પાયો નાખી દીધો હતો. ૧૨૩ રનના સ્કોર પર આરસીબીની ચોથી વિકેટ ધરાશાયી થઈ ગયા હતા. ટીમ પર સંકટના વાદળો ઘેરાવા લાગ્યા હતા.એક તબક્કે એવું લાગતું હતું કે ટીમ હારી જશે પરંતુ સુકાની અને વિકેટ કીપર બેટસમેન જીતેશ શર્માએ કેપ્ટન ઈનીંગ રમી હતી. માત્ર ૩૩ બોલમાં ૬ સિક્સર અને ૮ ચોગ્ગાની મદદથી ૨૫૭.૫૭ ની સ્ટ્રાઈક રેટ સાથે અણનમ ૮૫ રન ફટાકાર્યા હતા ૧૯મી ઓવરના ચોથા બોલે તેણે સિકસર ફટકારી ટીમને વિજય અપાવી ક્વોલીફાયર-૧ માં પહોંચાડી દીધી હતી. મયંક અગ્રવાલે પણ તેનો સારો સાથ નિભાવાયો હતો મયંકે ૨૩ બોલમાં ૪૧ રન ફટકાર્યા હતા. બન્ને વચ્ચે પાંચમી વિકેટ માટે અણનમ ૧૦૭ રનની ભાગીદારી નોંધાઈ હતી.આવતીકાલે પંજાબ અને બેંગાલુરૂ વચ્ચે ચંદીગઢ ખાતે પ્રથમ કવોલીફાયર મેચ રમાશે જેમાં જીતનારી ટીમ આઈપીએલ-૨૦૨૫ ના ફાઈનલમાં પહોચશે જયારે પરાજીત થનારી ટીમને ફાઈનલમાં પહોચવા માટે કવોલીફાયર-૨ રમવાનો મોકો મળશે શુક્રવારે ચંદીગઢ ખાતે ગુજરાત ટાઈટન્સ અને મુંબઈ ઈન્ડિયન વચ્ચે એલીમીનેટર મેચ રમાશે આઈપીએલનો ફાઈનલ ત્રીજી જુનના રોજ રમાશે.

## ૭૦ લીગ મેચોના રોમાંચક સફર બાદ કાલથી પ્લેઓફ જંગ

બીસીસીઆઈની હાઈ પ્રોફાઈલ આઈપીએલ ૭૦ લીગ મેચોની રોમાંચક સફર પૂરી કરી પ્લે ઓફ માં પહોંચી છે.આજે એક દિવસનો બ્રેક છે.કાલે પ્રથમ કિવલોફાયર મેચ રમાશે.આ વખતે જે ચાર ટીમો મેદાનમાં ઉતરશે તેમાં પંજાબ કિંગ્સ, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ,ગુજરાત ટાઈટન્સ અને મુંબઈ ઈન્ડિયન્સ છે. ક્વોલિફાયર ૧ માં પંજાબ કિંગ્સનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે થશે. પંજાબ લીગ સ્ટેજમાં પોઈન્ટ ટેબલમાં ટોચ પર રહ્યું હતું, જ્યારે આરસીબી મજબૂત દેખાવ સાથે બીજા સ્થાને રહ્યું. ૨૦૧૪ પછી પંજાબનો આ પહેલો ક્વોલિફાયર ૧ દેખાવ છે, જ્યારે આરસીબી શ્રેણીબદ્ધ જીતથી ઉત્સાહિત, ફોર્મને સીધા ફાઈનલમાં પ્રવેશમાં રૂપાંતરિત કરવાનો પ્રયાસ કરશે. આ મેચની વિજેતા ટીમ સીધી ૩ જૂન, મંગળવારના રોજ રમાનારી આઈપીએલ ફાઈનલમાં જશે.આગામી શુક્રવારના રોજ, મુલ્લાનપુરમાં ગુજરાત ટાઈટન્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે એલિમિનેટર રમાશે. આ 'કરો યા મરો' મેચ છે, અને જે ટીમ હારશે તે ટુર્નામિન્ટમાંથી બહાર થઈ જશે.આઈપીએલ ડેબ્યૂથી સતત પ્રદર્શન કરનાર ગુજરાત, લીગની સૌથી સફળ ફ્રેન્ચાઈઝીઓમાંની એક, મુંબઈ સામે ઉચ્ચ દબાણની કસોટીનો સામનો કરશે.ક્વોલિફાયર ૧ માં હારનાર ટીમ પછી એલિમિનેટરના વિજેતા સાથે એલિમિનેટર ૨ માં રમશે, જે રવિવાર, ૧ જૂને અમદાવાદમાં ફરીથી યોજાશે. તે મેચનો વિજેતા ફાઈનલમાં બીજા સ્થાનનો દાવો કરશે.અમદાવાદ અને મુલ્લાનપુરમાં રમાતી આ મેચો પ્લેઓફમાં ટીમો કેટલી ઝડપથી અનુકૂલન સાધી શકે છે અને સ્વસ્થ થઈ શકે છે ત હવે માર્જિન પાતળું છે - એક ટીમ અને ટ્રોફી વચ્ચે ફક્ત ત્રણ મેચ બાકી છે. આ ચુસ્ત સમયપત્રકમાં ચારેય ટીમો દબાણ, અપેક્ષાઓ અને રિકવરીનો સામનો કરશે. આ દબાણને કોણ શ્રેષ્ઠ રીતે સંભાળે છે તે નક્કી કરશે કે આઈપીએલ ૨૦૨૫ નો ખિતાબ કોણ જીતશે.




SAURASHTRA PRO T20 LEAGUE

### સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનની

# સૌરાષ્ટ્ર પ્રો ટી-૨૦ લીગની પાંચ ટીમો જાહેર: ખેલાડીઓનું ડ્રાફ્ટિંગ

## આર્યન સોરઠ લાયન્સ, આરવીએમ ઝાલાવાડ સ્ટ્રાઈકર્સ, દિતા ગોહિલવાડ ટાઈટન્સ,અનમોલ કિંગ હાલાર અને જેએમડી કચ્છ રાઈડર્સ વચ્ચે ૭ થી ૨૦ જૂન વચ્ચે ચેમ્પિયનશિપ હાંસલ કરવા માટે રમાશે ૨૧ મુકાબલો

**અબતક રાજકોટ**

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનની સૌરાષ્ટ્ર પ્રો ટી ૨૦ લીગનો આગામી ૭ જૂનથી આરંભ થઈ રહ્યો છે. જેમાં ૨૦મી જૂન સુધી અલગ અલગ પાંચ ટીમો વચ્ચે ટાઈટલ જીતી ચેમ્પિયનશિપ હાંસલ કરવા માટે જંગ જમશે.આ લીગ સૌરાષ્ટ્રમાં ક્રિકેટના વિકાસ અને પ્રતિભાને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.એસપીટીએલ માટે પાંચ ટીમોમાં પ્લેયરની ડ્રાફ્ટિંગ પ્રક્રિયા ગઈકાલે પૂર્ણ કરી લેવામાં આવી છે.પાંચેય ફ્રેન્ચાઈઝી,ટીમના કેપ્ટન અને હેડ કોચ તથા ૧૮-૧૮ ખેલાડીઓના નામ જાહેર કરી દેવામાં આવ્યા છે.

આ તકે એસસીએના પ્રમુખ જયદેવ શાહે જણાવ્યું હતું કે, ''આજનો દિવસ ફક્ત ટીમો બનાવવાનો નથી; તે વર્ષોથી ચાલી રહેલા વિઝનને સાકાર કરવાનો છે. સૌરાષ્ટ્રની ભૂમિમાં ક્રિકેટની રમતને પોષવા, પ્રોત્સાહન આપવા અને ઉજવણી કરવાનો એક વિઝન.'' તેમણે વધુમાં ઉમેર્યું કે આ લીગ પ્રદેશમાં રમત પ્રત્યેના ઊંડા જુસ્સાને સબિત કરે છે. સૌરાષ્ટ્રમાં ચેતેશ્વર પૂજારા, રવિન્દ્ર જાડેજા, જયદેવ ઉનડકટ જેવા ઘણા પ્રખ્યાત ક્રિકેટરો ક્રિકેટ જગતને આપ્યા છે.સૌરાષ્ટ્રમાં ક્રિકેટનો જબરદસ્ત વિકાસ થયો છે. નાના શહેરોના મેદાનોથી લઈને આંતરરાષ્ટ્રીય ધોરણોને પૂર્ણ કરતા આધુનિક સ્ટેડિયમ સુધી, આ પ્રગતિ અસંખ્ય ખેલાડીઓ, કોચ, એસોસિએશનના સભ્યો, ચાહકો અને સમર્થકોના સમર્પણને પ્રતિબિંબિત કરે છે. સૌરાષ્ટ્ર પ્રો ટી૨૦ લીગ સ્થાનિક પ્રતિભાઓને એક વ્યાવસાયિક, સ્પર્ધાત્મક અને પ્રેરણાદાયી પ્લેટફોર્મ પૂરું પાડવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે.સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન આજે જ્યાં ઊભું છે, ત નિરંજનભાઈ શાહના વિઝન, સમર્પણ અને અવિરત જુસ્સાને કારણે છે. તેમના યોગદાને માત્ર સૌરાષ્ટ્ર ક્રિકેટનું જ નહીં, પરંતુ સમગ્ર ભારતીય ક્રિકેટનું ભાગ્ય બદલી નાખ્યું છે. દાયકાઓની અથાક સેવા સાથે, તેમણે એક મજબૂત પાયો બનાવ્યો છે જેના પર ખેલાડીઓ અને વહીવટકર્તાઓની પેઢીઓ આગળ વધી છે. તેમના નેતૃત્વ હેઠળ, એક આધુનિક, વિશ્વ-સ્તરીય સંગઠનમાં પરિવર્તિત થયું છે, જે શ્રેષ્ઠતાને પ્રેરણા આપે છે. લોકપ્રિય ટી ૨૦ ફોર્મેટની શ્રેષ્ઠ ટુર્નામેન્ટમાંથી એકનું આયોજન કરવાનું તેમનું સ્વપન અને વિઝન જ આ લીગને શક્ય બનાવ્યું છે.ઐતિહાસિક રણજી ટ્રોફી વિજય (૨૦૧૯-૨૦, ૨૦૨૨-૨૩), ૨૦૦૭-૦૮ અને ૨૦૨૨-૨૩ માં વિજય હજારે ટ્રોફી ચેમ્પિયનશિપથી લઈને ભારતીય જર્સી પહેરીને આઈપીએલમાં નોંધપાત્ર પ્રદર્શન કરનારા ખેલાડીઓ પેદા કરવા સુધી, સૌરાષ્ટ્રએ વારંવાર દર્શાવ્યું છે કે અહીંની પ્રતિભા ઊંડી અને દૃઢ નિશ્ચયી છે. સૌરાષ્ટ્રના મેદાનોએ મહાન ખેલાડીઓને હોસ્ટ કર્યા છે અને ચાહકોએ અતૂટ ઉત્સાહ સાથે રમતને ટેકો આપ્યો છે.

### ટીમ અનમોલ કિંગ્સ હાલાર

* જયદેવ ઉનડકટ
* તરંગ ગોહેલ
* પાર્શ્વરાજ રાણા
* સિધ્ધાર્થ રાણા
* યુવરાજ ચુડાસમા
* ક્રેઈન્સ ફૂલેત્રા
* આદિત્ય એચ. જાડેજા
* સ્મીતરાજ ઝાલા
* ભાગ્યરાજ ચુડાસમા
* મોહિત ઉલવા
* રામદેવ આચાર્ય
* નિહાલ ચૌધરી
* મિત આંબલીયા
* યશરાજ જોશી
* સત્યમ ખામરાય
* દિવ્યાંગ કાનાણી
* માર્વીન જાવીયા
* સ્મીત ભટ્ટ

– કોચ : વિરેન્દ્ર વેગડા

### ટીમ આર્યન સોરઠ લાયન્સ

* પ્રેરક માંકડ
* ચેતન સાકરિયા
* રક્ષીત મહેતા
* અર્પિત વસાવડા
* પ્રણવ કારિયા
* ચિરાગ સિસોદીયા
* મોર્ય ઘોઘારી
* હિરેન મકવાણા
* પૃથ્વી ચૌહાણ
* ધર્મ વાઘેલા
* માનવ ચોથાલી
* કેવિન જીવરાજાની
* જે. નવીન
* રમેશ પડીયાચી
* મોહિત ગોરણીયા
* દેવાંગ ગોરણીયા
* પશુવેન્દ્ર ગૌર
* કરણ સુચક

– કોચ : રાકેશ ધ્રુવ

### ટીમ દિતા ગોહિલવાડ ટાઈટન્સ

* હાર્વિક દેસાઈ
* સમર ગજ્જર
* રૂચિત આહિર
* હિતેન કણબી
* હેત્વીક કોટક
* એઝાજ કોઠારિયા
* આદિત્યરાજ રાઠોડ
* ધર્માદિત્ય ગોહિલ
* લક્કીરાજ વાઘેલા
* દિવ્યરાજ ચૌહાણ
* અભિષેક નિમાવત
* રિઝવાન દલ
* પ્રશમ રાજદેવ
* ક્વેન્સ પાડલીયા
* વંદિત જીવરાજાની
* વત્સલ પટેલ
* કાર્તિક બધાણા
* અગી રાવલ

– કોચ : રાહુલ દવે

### ટીમ જેએમડી કચ્છ રાઈડર્સ

* ધર્મેન્દ્રસિંહ જાડેજા
* સમર્થ વ્યાસ
* વિશ્વરાજસિંહ જાડેજા
* દેવાંગ કરમટા
* પાર્થ ભૂત
* પાર્થ ચૌહાણ
* રાજ વાઘેલા
* ક્રિષ્નકાંત પાઠક
* અતિક જાફાઈ
* જૈનિક સોલંકી
* પ્રવણ પરમાર
* અર્થ યાદવ
* દક્ષ ભીંડી
* કેવલ સીસોદીયા
* ધ્રુવમ પટેલ
* મીહિર જોશી
* સૌરવ શર્મા
* કૃણાલ કરમચંદાણી

– કોચ : નિરજ ઓડેદરા

### ટીમ આરવીએમ ઝાલાવાડ સ્ટ્રાઈકર્સ

* ચિરાગ જાની
* શેલ્ડન જેક્શન
* જય ગોહિલ
* અંકુર પાણવર
* યુવરાજસિંહ ડોડીયા
* અમિત રંજન
* સ્મીત પટેલ
* અંશ ગોસાઈ
* દેવ દે
* નિહાર વાઘેલા
* હર્ષવર્ધન રાણા
* નામ્ય ખોરાણી
* પ્રશાંત ગોહિલ
* સોનુ બાથમ
* વૈભવ બાંભણીયા
* અર્જૂન રાઠોડ
* સમીર પઠાણ
* જયવર્ધનસિંહ જાડેજા

– કોચ : કમલેશ મકવાણા




## સૌરાષ્ટ્ર પ્રો ટી-૨૦ લીગમાં ૨૧ મેચો રમાશે, તેનું જીવંત પ્રસારણ થશે: જયવીર શાહ



સૌરાષ્ટ્ર પ્રો ટી૨૦ લીગના ચેરમેન જયવીર શાહે જણાવ્યું હતું કે, આજનો દિવસ ક્રિકેટને નવી ઊંચાઈઓ પર પહોંચાડવા, જુસ્સો, પ્રતિભા અને નવીનતાને એકસાથે લાવવા તરફની આપણી સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આપણી લીગના ભવિષ્યને આકાર આપવા માટે પ્રતિબદ્ધ ભાગીદારોના આવા પ્રતિષ્ઠિત જૂથને મેળવીને અમને ખૂબ આનંદ થાય છે. તમારો ટેકો અને ઉત્સાહ આપણી સફળતાનો પાયો છે. આગામી દિવસોમાં, આપણે નવી ટીમ ગતિશીલતાના જન્મના સાક્ષી બનીશું, ઉભરતી પ્રતિભાનું પ્રદર્શન કરીશું અને અવિસ્મરણીય ક્રિકેટ ક્ષણો માટે મંચ સ્થાપિત કરીશું.''

વધુ રણજી મેચ રમી છે, તેમનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર ક્રિકેટને પ્રોત્સાહન આપવાનો છે. સૌરાષ્ટ્ર પ્રો ટી૨૦ લીગમાં ૨૧ મેચો રમાશે .'' જેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે

## ''એસપીટીએલ'' ભવ્ય ક્રિકેટ વારસાનું સાતત્ય છે:નિરંજન શાહ



બીસીસીઆઈના ભૂતપૂર્વ સચિવ નિરંજન શાહે જણાવ્યું હતું કે, ''સૌરાષ્ટ્ર પ્રો ટી૨૦ લીગની પ્રથમ આવૃત્તિ ફક્ત એક નવી ટુર્નામેન્ટની શરૂઆત નથી, પરંતુ સૌરાષ્ટ્ર દ્વારા પેઢીઓથી બનાવેલા ભવ્ય ક્રિકેટ વારસાનું સાતત્ય છે. આ ટુર્નામેન્ટ ચોક્કસપણે પ્રદેશના ખેલાડીઓ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.''આ રોમાંચક સફર શરૂ કરતી વખતે, ચાલો આપણે ક્રિકેટની ભાવનાને આગળ ધપાવીએ - પ્રામાણિકતા, રમતગમત અને રમત પ્રત્યેના અમર પ્રેમ સાથે. આ સ્પર્ધા આપણા બધા માટે એક યાદગાર અને અવિસ્મરણીય ઘટના બની રહે તેવી આશા છે.સૌરાષ્ટ્ર પ્રો ટી૨૦ લીગ: ક્રિકેટ વારસાનું સાતત્ય અને ભવિષ્યની પ્રતિભાઓનું પ્લેટફોર્મ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા શરૂ કરાયેલી સૌરાષ્ટ્ર પ્રો ટી૨૦ લીગ સૌરાષ્ટ્રના સમૃદ્ધ ક્રિકેટ વારસાનું પ્રતિક છે અને યુવા પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા માટેનું એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ છે. આ લીગ ક્રિકેટને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે જુસ્સો, પ્રતિભા અને નવીનતાને એકસાથે લાવે છે.ભારતીય ક્રિકેટમાં સૌરાષ્ટ્રનું યોગદાન સમૃદ્ધ અને ઊંડું છે. આ ભૂમિએ જામ રણજીતસિંહજી, અમર સિંહ, વિનુ માંકડ અને બાલૂ ગુપ્તે જેવા દિગ્ગજોને જન્મ આપ્યો છે. ઐતિહાસિક રીતે, સૌરાષ્ટ્ર પાંચ ઝોનમાં વહેંચાયેલું હતું: સોરઠ, હાલાર, ઝાલાવાડ, કચ્છ અને ગોહિલવાડ. ની પાંચ ટીમો માટે આ ઐતિહાસિક નામોનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે આ પ્રદેશના ક્રિકેટના મૂળને પ્રતિબિંબિત કરે છે. ભૂતકાળમાં, આ પાંચ ઝોન વચ્ચે પંચકોણીય ટુર્નામેન્ટ યોજાતી હતી, જેનું સંચાલન અને ભંડોળ વિવિધ રજવાડાઓ દ્વારા કરવામાં આવતું હતું. આ સફરનો કુદરતી વિકાસ છે. આ લીગ યુવા પ્રતિભાને વધુ ઉછેરવા, ખેલાડીઓને એક્સપોઝર આપવા અને સૌરાષ્ટ્રના હોમ ગ્રાઉન્ડ પર ઉચ્ચ-સ્તરીય સ્પર્ધાનો રોમાંચ લાવવા માટેનું એક પ્લેટફોર્મ છે. આ લીગ ગ્રાસરૂટ ક્રિકેટ અને રાષ્ટ્રીય મંચ વચ્ચે સેતુ તરીકે કામ કરશે, જે ખેલાડીઓને તેમની યોગ્ય ઓળખ અપાવશે.

## સૌરાષ્ટ્રના ક્રિકેટ ઈતિહાસમાં એક નવો અધ્યાય લખવા માટે તૈયાર: શ્યામ રાયચુરા



ખજાનચી શ્યામ રાયચુરાએ જણાવ્યું હતું કે, ''એસસીએનો અભિન્ન ભાગ એ છે કે તેઓ સૌરાષ્ટ્ર અને તેની આસપાસના ખેલાડીઓને તેમની પ્રતિભા દર્શાવવા માટે સારી તકો આપતા રહે. ખાસ કરીને હવે જ્યારે સૌરાષ્ટ્ર પ્રો ટી ૨૦ લીગ આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાવાની છે, ત્યારે આ ટુર્નામેન્ટ મોટા પાયે અને ખેલાડીઓ વચ્ચે સારી સ્પર્ધાત્મક બનશે. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનનો એકમાત્ર હેતુ અને ઉદ્દેશ્ય ક્રિકેટને પ્રોત્સાહન આપવાનો, તેમના ખેલાડીઓને શ્રેષ્ઠ શક્ય પ્લેટફોર્મ પૂરું પાડવાનો અને ક્રિકેટમાં સુધારણા કરવાનો રહ્યો છે અને રહેશે. નિરંજન શાહના માર્ગદર્શન હેઠળ, એસોસિએશનનું સંચાલન સારી રીતે કરવામાં આવે છે અને મને વિશ્વાસ છે કે આ હાઈ પ્રોફાઈલ ટુર્નામેન્ટ પણ સારી રીતે સંચાલિત અને સારી રીતે ચલાવવામાં આવશે.ડ્રાફ્ટિંગ પ્રક્રિયા નોંધપાત્ર વ્યાવસાયીકરણ અને પારદર્શિતા સાથે ચલાવવામાં આવી હતી, જેનાથી પાંચેય ટીમો વચ્ચે વાજબી અને સ્પર્ધાત્મક સંતુલન સુનિશ્ચિત થયું.સૌરાષ્ટ્ર પ્રો ટી૨૦ લીગ સૌરાષ્ટ્રના ક્રિકેટ ઈતિહાસમાં એક નવો અધ્યાય લખવા માટે તૈયાર છે. આ લીગ પ્રદેશમાં ક્રિકેટના વિકાસને કેવી રીતે વેગ આપશે અને નવી પ્રતિભાઓને કેવી રીતે ઉજાગર કરશે તે જોવું રસપ્રદ રહેશે.

# પિરિયડ પોવર્ટીથી પાવર સુધી: માસિક સ્વચ્છતાથી બનશે સશક્ત ભવિષ્ય

## માસિક ધર્મ એ જીવનની એક કુદરતી પ્રક્રિયા છે, જેને છુપાવવાને બદલે તેના વિશે ખુલીને વાત કરવી અત્યંત આવશ્યક, માસિક સ્વચ્છતાનો અભાવ ગંભીર આરોગ્ય સમસ્યાઓ નોતરી શકે

**અબતક રાજકોટ**

આજ રોજ, ૨૮મી મે, સમગ્ર વિશ્વમાં 'માસિક સ્વચ્છતા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય માસિક ધર્મ સંબંધિત ગેરમાન્યતાઓ, સામાજિક શરમ અને કલંકને દૂર કરીને મહિલાઓ અને કિશોરીઓમાં માસિક સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવાનો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે આ દિવસની ઉજવણી મહિલાઓના આરોગ્ય અને સશકિતકરણ માટેના પ્રયાસોને વેગ આપે છે, તેમને સ્વસ્થ અને ગૌરવપૂર્ણ જીવન જીવવાના અધિકાર પ્રત્યે જાગૃત કરે છે. આ દિવસ એક રીમાઈન્ડર છે કે માસિક ધર્મ એ જીવનની એક કુદરતી પ્રક્રિયા છે, જેને છુપાવવાને બદલે તેના વિશે ખુલીને વાત કરવી અત્યંત આવશ્યક છે.




માસિક સ્વચ્છતાનો અભાવ ગંભીર આરોગ્ય સમસ્યાઓ નોતરી શકે છે. અપૂરતી સ્વચ્છતા પ્રથાઓ, સ્વચ્છતા ઉત્પાદનોની અછત અથવા તેના ઊંચા ભાવો, અને સૌથી અગત્યનું, સાચી જાણકારીના અભાવને કારણે મહિલાઓ ચેપ, મૂત્રમાર્ગના રોગો, ત્વચાની સમસ્યાઓ અને અન્ય ગંભીર બીમારીઓનો ભોગ બની શકે છે. આ માત્ર શારીરિક સ્વાસ્થ્યનો જ પ્રશ્ન નથી, પરંતુ માનસિક સ્વાસ્થ્ય પર પણ ઊંડી અસર કરે છે. માસિક ધર્મ દરમિયાન અનુભવાતી શરમ અને ભેદભાવને કારણે ઘણી કિશોરીઓ શાળા છોડી દે છે, જે તેમના શિક્ષણ, આત્મવિશ્વાસ અને ભવિષ્યને નકારાત્મક રીતે અસર કરે છે. આવા પડકારો ખાસ કરીને ગ્રામીણ અને વંચિત વિસ્તારોમાં વધુ પ્રમાણમાં જોવા મળે છે, જ્યાં સ્વચ્છતા ઉત્પાદનોની પહોંચ અને જાગૃતિનો અભાવ વધુ હોય છે.આજના દિવસે, સમાજ, સરકારો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને દરેક નાગરિકે સાથે મળીને કાર્ય કરવાની જરૂર છે. શાળાઓના અભ્યાસક્રમમાં માસિક સ્વચ્છતા અને જાતીય શિક્ષણનો સમાવેશ કરવો એ સમયની માંગ છે, જેથી યુવા પેઢી નાનપણથી જ સાચી માહિતી મેળવી શકે. સરકારે સસ્તા અને ગુણવત્તાયુક્ત સેનેટરી ઉત્પાદનોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી જોઈએ, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં. સ્વૈચ્છિક સંસ્થાઓ અને આરોગ્ય કાર્યકરો દ્વારા સમુદાય સ્તરે જાગૃતિ કાર્યક્રમો ચલાવવા અને ગેરમાન્યતાઓ દૂર



કરવા માટે સક્રિય પ્રયાસો કરવા જોઈએ. આ ઉપરાંત, પુરુષો અને છોકરાઓમાં પણ માસિક ધર્મ પ્રત્યેની સમજણ અને સંવેદનશીલતા વધારવી અનિવાર્ય છે, જેથી તેઓ આ મુદ્દાને માત્ર મહિલાઓનો નહિ, પરંતુ સમગ્ર સમાજનો એક મહત્વપૂર્ણ ભાગ સમજી શકે.માસિક સ્વચ્છતા દિવસ આપણને યાદ અપાવે છે કે સ્વચ્છતા એ માત્ર શારીરિક જરૂરિયાત નથી, પરંતુ એક માનવ અધિકાર છે. દરેક મહિલા અને કિશોરીને સ્વચ્છતા, સન્માન અને સુરક્ષા સાથે માસિક ધર્મનો સામનો કરવાનો અધિકાર છે. આ દિવસ આપણને સૌને ભેદભાવ રહિત, સ્વસ્થ અને સશકત સમાજનું નિર્માણ કરવા માટે પ્રેરણા આપે છે, જ્યાં માસિક ધર્મ કોઈ શરમ કે અવરોધ નહીં, પરંતુ જીવનનો એક સામાન્ય અને સ્વીકૃત ભાગ હોય.

### સમજો, સ્વીકારો, સહયોગ કરો

પુરુષોમાં સ્ત્રીઓના માસિક ધર્મ અને તેની સ્વચ્છતા અંગેની જાગૃતિ અત્યંત જરૂરી છે, પરંતુ કમનસીબે તે ખૂબ જ ઓછી જોવા મળે છે. આનું મુખ્ય કારણ સમાજમાં માસિક ધર્મને લગતી ખોટી માન્યતાઓ, અજ્ઞાનતા અને તેના વિશે ખુલીને વાત ન કરવાની પ્રથા છે, જેના કારણે પુરુષોને નાનપણથી આ વિષયે પૂરતું શિક્ષણ મળતું નથી અને તેઓ તેને ''સ્ત્રીઓની બાબત'' માનીને અવગણે છે. આ જાગૃતિના અભાવે સ્ત્રીઓને શરમ, ભેદભાવ અને સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવો પડે છે, જ્યારે પુરુષો સહાનુભૂતિ અને સપોર્ટ આપવામાં નિષ્ફળ રહે છે. આ સ્થિતિ સુધારવા માટે શાળાના અભ્યાસક્રમમાં માસિક ધર્મ વિશે વૈજ્ઞાનિક શિક્ષણનો સમાવેશ કરવો, ઘરમાં અને સમાજમાં ખુલ્લો સંવાદ કરવો, અને જાહેર જાગૃતિ અભિયાનો ચલાવવા જેવા ઉપાયો આવશ્યક છે. પુરુષો જો માસિક ધર્મને કુદરતી પ્રક્રિયા તરીકે સ્વીકારીને સપોર્ટિવ બનશે, તો સમાજમાં પ્રવર્તતા કલંક દૂર થશે અને સ્ત્રીઓ માટે વધુ સમાનતાપૂર્ણ અને સ્વસ્થ વાતાવરણનું નિર્માણ થશે.

### આધુનિક સમયમાં સુરક્ષાનો સંગમ, આરામનું સરનામું પિરિયડ પેન્ટી : ડો.દીપાબેન મણીયાર



ગાયનેક ડો. દીપાબેન મણીયારે અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે,માસિક સ્વચ્છતા જાગૃતિ એ એક અત્યંત મહત્ત્વનો વિષય છે ,માસિક સ્વચ્છતા જાળવવાથી યોનિમાર્ગના ચેપ, મૂત્રમાર્ગના ચેપ પ્રજનન માર્ગના ચેપ અને અન્ય ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓનું જોખમ ઘટાડી શકાય છે. અસ્વચ્છતાને કારણે એનિમિયા પણ થઈ શકે છે જ્યારે મહિલાઓ યોગ્ય રીતે માસિક ધર્મનું સંચાલન કરી શકે છે, સેનિટરી, પેડ્સ,નેપ્કિન્સ કાપડ તો હતા જ પરંતુ હવે,માસિક કપ સિલિકોન અથવા રબરનો બનેલો એક નાનો, લવચીક કપ છે જે યોનિમાર્ગમાં દાખલ કરવામાં આવે છે અને લોહીને શોષવાને બદલે એકત્રિત કરે છે. તે ઈકો-ફ્રેન્ડલી અને ખર્ચ-અસરકારક વિકલ્પ છે કારણ કે તેનો ઘણી વખત ફરીથી ઉપયોગ કરી શકાય છે, કાપડના પેડ્સ કેટલાક વિસ્તારોમાં, ખાસ કરીને જ્યાં સેનિટરી પેડ્સ સરળતાથી ઉપલબ્ધ ન હોય, ત્યાં સ્વચ્છ, ધોઈ શકાય તેવા કાપડના ટુકડાનો ઉપયોગ થાય છે. આ કીટમાં સ્વચ્છ કાપડના ટુકડા પણ શામેલ હોઈ શકે છે. પિરિયડ પેન્ટી તે ખાસ પ્રકારની અન્ડરવેર છે જે માસિક ધર્મ દરમિયાન રક્તસ્રાવને શોષી લેવા અને લીકેજ અટકાવવા માટે ડિઝાઈન કરવામાં આવેલી હોય છે. તે પરંપરાગત સેનિટરી પેડ્સ અથવા ટેમ્પન્સનો એક પર્યાય અથવા વધારાનું સુરક્ષા કવચ તરીકે ઉપયોગ કરી શકાય છે આ સ્તર તમારી ત્વચાથી લોહીને ઝડપથી દૂર કરીને તમને સૂકા અને આરામદાયક રાખે છે. આ સ્તર સામાન્ય અન્ડરવેરની જેમ જ હોય છે, જે આરામદાયક અને શ્વાસ લઈ શકે તેવું ફેબ્રિક (જેમ કે કોટન) હોય છેઆ પેન્ટી માઈક્રોફાઈબર પોલિએસ્ટર, કોટન અને અન્ય સિન્થેટિક ફેબ્રિક્સના મિશ્રણમાંથી બનાવવામાં આવે છે. તેમાં એન્ટી-માઈક્રોબાયલ ગુણધર્મો પણ હોઈ શકે છે જે દુર્ગંધ અને બેક્ટેરિયાના વિકાસને અટકાવવામાં મદદ કરે છેપિરિયડ પેન્ટી એ માસિક સ્વચ્છતાના વિકલ્પોમાંથી એક છે જે મહિલાઓને વધુ આરામદાયક, સુરક્ષિત અને પર્યાવરણને અનુકૂળ અનુભવ પ્રદાન કરે છે.

એક કદમ સ્વચ્છતા કી ઓર

# હરિયાળી ક્રાંતિ: રાજ્યભરમાં સફાઈ અભિયાન થકી ૫.૭૦ લાખ કિલોથી વધુ પ્લાસ્ટિકનો સફાયો

## શહેરી વિસ્તારોથી લઈને ગ્રામીણ કક્ષા સુધી પ્લાસ્ટિક કચરો એકત્રિત કરવાની કામગીરી પૂરજોશમાં

**અબતક,રાજકોટ**

ગુજરાત રાજયે વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૫ ની ઉજવણી નિમિત્તે પ્લાસ્ટિક મુક્ત પર્યાવરણ ના નિર્માણ માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને સરાહનીય પહેલ કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સક્રિય માર્ગદર્શન હેઠળ, તથા વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા અને રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલના સક્ષમ નેતૃત્વમાં, તા. ૨૨ મે-૨૦૨૫ થી રાજ્યભરમાં એક વ્યાપક અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય પ્લાસ્ટિક પ્રદૂષણને અટકાવવાનો અને પર્યાવરણને સ્વચ્છ બનાવવાનો છે આ અભિયાનની શરૂઆત ૨૨ મે, ૨૦૨૫ ના રોજ થઈ છે અને તે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની દૂરંદેશીતા અને પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. કઅભિયાન શરૂ થયાના ટૂંકા ગાળામાં જ, રાજ્યભરમાંથી કુલ ૫.૭૦ લાખ કિલોગ્રામથી વધુ પ્લાસ્ટિક કચરો એકત્રિત કરવામાં આવ્યો છે. આ આંકડો દર્શાવે છે કે આ અભિયાન કેટલી ઝડપથી અને કેટલી અસરકારક રીતે અમલમાં મૂકવામાં આવી રહ્યું છે. આટલી મોટી માત્રામાં પ્લાસ્ટિક કચરો એકત્રિત થવો એ પર્યાવરણને સ્વચ્છ બનાવવાની દિશામાં એક મોટું પગલું છે. અભિયાન કોઈ એક શહેર કે પ્રદેશ પૂરતું સીમિત નથી, પરંતુ સમગ્ર ગુજરાત રાજ્યમાં તેને





વ્યાપકપણે લાગુ કરવામાં આવ્યું છે. શહેરી વિસ્તારોથી લઈને ગ્રામીણ કક્ષા સુધી પ્લાસ્ટિક કચરો એકત્રિત કરવાની કામગીરી ચાલી રહી છે. આ સર્વગ્રાહી અભિગમ સુનિશ્ચિત કરે છે કે પ્લાસ્ટિક પ્રદૂષણની સમસ્યાને વ્યાપકપણે હલ કરી શકાય. આ પહેલ વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૫ (જે દર વર્ષે ૫ જૂનના રોજ ઉજવવામાં આવે છે) ની ઉજવણીના ભાગરૂપે શરૂ કરવામાં આવી છે. આ દર્શાવે છે કે ગુજરાત પર્યાવરણના વૈશ્વિક મુદ્દાઓ પ્રત્યે સભાન છે અને તેમાં સક્રિય યોગદાન આપી રહ્યું છે. ''પ્લાસ્ટિક પ્રદૂષણ ઘટાડવું'' એ વિશ્વ પર્યાવરણ દિવસના મુખ્ય વિષયોમાંથી એક છે, અને ગુજરાત આ દિશામાં નક્કર પગલાં લઈ રહ્યું છે. લોકભાગીદારીથી જ સફળ થાય છે. ૫.૭૦ લાખ કિલોગ્રામથી વધુ પ્લાસ્ટિક કચરો એકત્રિત કરવો એ દર્શાવે છે કે આ અભિયાનમાં નાગરિકો, સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓનો પણ સક્રિય સહયોગ મળી રહ્યો છે. આનાથી પ્લાસ્ટિકના ઉપયોગ, તેના નિકાલ અને પર્યાવરણ પર તેની અસરો વિશે વ્યાપક જાગૃતિ ફેલાવવામાં મદદ મળશે.આ પહેલ ગુજરાત સરકારની પર્યાવરણ સુરક્ષા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિક છે અને અન્ય રાજ્યો માટે પણ એક પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડે છે કે કેવી રીતે સામૂહિક પ્રયાસો દ્વારા પર્યાવરણની સુરક્ષા કરી શકાય છે. શરૂ કરાયેલા અભિયાનમાં હેઠળ અત્યાર સુધીમાં કુલ ૫.૭૦ લાખ કિલોગ્રામથી વધુ પ્લાસ્ટિક કચરો એકત્રિત કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા વૈશ્વિક સ્તરે પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત થીમ સાથે વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૫ની ઉજવણી ગુજરાત સહિત દેશભરમાં તા. ૨૨મે થી ૫ જૂન ૨૦૨૫ સુધી કરવાનું નક્કી કરાયું છે જેને અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે. આ બે અઠવાડિયાના રાષ્ટ્રવ્યાપી અભિયાન થકી પ્લાસ્ટિક પ્રદૂષણની અસર અંગે જનજાગૃતિ લાવવા અને સંતુલિત વિકલ્પોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.આ અભિયાન અંતર્ગત સમગ્ર ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧૩૦૦ થી વધુ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. જેમાં ૬૬,૧૫૦ થી વધુ પર્યાવરણ પ્રેમી સ્વયંસેવકો સિંગલ યુઝ પ્લાસ્ટિક એકત્રિકરણ, સ્વચ્છતા અભિયાન, પ્લાસ્ટિક જપ્ત કરી અને દંડ લાદવો, ઉદ્યોગોમાં વૃક્ષારોપણ, પ્રતિજ્ઞા સમારોહ અને પ્લાસ્ટિક સંગ્રહ,

(અનું.આઠમાં પાને)

# ૧૦ ટકા વેરા વળતર યોજના શનિવારે પૂર્ણ: રૂ.૧૯૪ કરોડની આવક

## ''વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમ''નો ૨૧૧૭ કરદાતાઓએ લાભ લીધો

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મિલ્કતવેરાના બાકીદારોને રાહત મળી રહે તે હેતુથી ''વન ટાઈમ ઈનસ્ટોલમેન્ટ સ્કીમ'' અમલમાં મુકવામાં આવેલ છે. આ સ્કીમ દ્વારા કરદાતાઓને વાર્ષિક ધોરણે ચાર હપ્તાથી જુનું ચડત + ચાલુ વાર્ષ બાકી વેરો નિયત સમય મર્યાદામાં ભરપાઈ થવાથી મિલકતવેરામાં નવુ ચડત થતું વ્યાજ બંધ થાય છે. વન ટાઈમ ઈનસ્ટોલમેન્ટ સ્કીમમાં કુલ કરદાતાઓ ૨૧૧૭ કરદાતાઓએ ભાગ લીધો છે તથા વન ટાઈમ ઈનસ્ટોલમેન્ટ સ્કીમ યોજના ૩૧-૦૫-૨૦૨૫ સુધી અમલી રહેશે. આ યોજનાનો મહત્તમ લાભ લેવા અપીલ છે.



૨,૮૫,૦૦૮ કરદાતા દ્વારા રૂ.૧૯૪.૪૨ કરોડની વસુલાત થવા પામેલ છે. જેમાં કુલ ૨,૧૧,૬૪૨ કરદાતા દ્વારા ઓનલાઈન રૂ.૧૩૦.૩૬ કરોડ તથા ૭૩,૩૬૬ કરદાતા દ્વારા ચેક તથા રોકડાથી રૂ.૬૪.૦૬ કરોડ આવક થયેલ છે. કુલ વેરામાં ૨૧.૨૮ કરોડ જેટલી માતબર રકમનું ડિસ્કાઉન્ટ એડવાન્સ વેરો ભરપાઈ કરનારને આપવામાં આવેલ છે. અર્લિ બર્ડ ડિસ્કાઉન્ટ સ્કીમનો લાભ લઈ કુલ ૨,૮૫,૦૦૮ કરદાતાઓએ વેરાની ચુકવણી કરેલ છે. તદ્ઉપરાંત વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં બાકી મિલકત વેરા-વસુલાત સામે વોર્ડ નં-૭માં કુલ-૧૭ મિલકતોને સીલ તથા વોર્ડ નં-૩માં કુલ-૩ મિલકતોને સીલ કરવામાં આવેલ છે.

આ ડિસ્કાઉન્ટ યોજના હેઠળ ૩૧ મે સુધી સામાન્ય કરદાતાઓને ૧૦% ડિસ્કાઉન્ટ અને મહિલાઓ માટે ૧૫% ડિસ્કાઉન્ટનું પ્રદાન કરવામાં આવે છે. ત્યાબાદ ૧ જુન થી ૩૦ જુન સુધી મહિલાઓ માટે ૧૦% ડિસ્કાઉન્ટ અને સામાન્ય કરદાતા માટે ૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. તમામ મિલકતધારકોને આ બંને યોજનાઓનો લાભ લેવા નમ્ર અરજ કરવામાં આવે છે.

# નવા ગ્રાહકો સુધી પહોચવા અદાણી પોર્ટસે યુએઈમાં પેટા કંપની સ્થાપી

## નવી પેટા કંપની ઈસ્ટ આફ્રિકા પોર્ટસ એફઝેડસીઓ મુખ્યત્વે રોકાણ અને સંચાલનનું કામ કરશે જેથી પૂરક સેવાઓ માટે તક ઉપલબ્ધ થશે

**અબતક,રાજકોટ**

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડે સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) માં એક નવી સ્ટેપ-ડાઉન પેટાકંપની ઈસ્ટ આફ્રિકા પોર્ટ્સ એફઝેડસીઓની સ્થાપના કરી છે.

આ કંપની અદાણી ઈન્ટરનેશનલ પોર્ટ્સ હોલ્ડિંગ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા બનાવવામાં આવી છે. સ્ટોક એક્સચેન્જને અપાયેલ માહિતી પ્રમાણે પૂર્વ આફ્રિકા પોર્ટ્સ એફઝેડસીઓનું રજીસ્ટ્રેશન દુબઈ સરકારના દુબઈ મલ્ટી કોમોડિટીઝ સેન્ટરએફઝેડસીઓ હેઠળ કરવામાં આવ્યું છે.

આ નવી પેટાકંપની મુખ્યત્વે વ્યવસાયિક સાહસોમાં રોકાણ અને સંચાલન મામલે કામ કરશે. એટલે કે આ કંપની અન્ય વ્યવસાયોમાં મૂડી રોકાણ કરશે અને તેમના સંચાલનમાં પણ મદદ કરશે. સંયુક્ત આરબ અમીરાતમાં ખાસ કરીને દુબઈમાં એક નવી પેટાકંપની પૂર્વ આફ્રિકા પોર્ટ્સ એફઝેડસીઓની રચનાથી કંપનીને ઘણા ફાયદાઓ થવાની અપેક્ષા છે.

એફઝેડસીઓ થકી અદાણી પોર્ટ્સ મધ્ય પૂર્વ, આફ્રિકા અને તેનાથી આગળના નવા બજારો અને ગ્રાહકો સુધી પહોંચવા દેશના વ્યૂહાત્મક સ્થાનનો લાભ લઈ શકે છે. વળી સ્થાનિક હાજરી સાથે આ પ્રદેશમાં બંદર સેવાઓની



વધતી માંગનો પણ લાભ થશે, જેનાથી તેના બજાર હિસ્સા અને આવકમાં પણ નોંધપાત્ર વધારો થવાની સંભાવના છે.

અદાણી પોર્ટ્સ હાલની કામગીરી સાથે સિનર્જી કેળવી યુએઈની પેટાકંપની ભારતને વિશ્વના અન્ય દેશોમાં ચાલતા અદાણી પોર્ટ્સના હાલના ઓપરેશન્સને પૂરક બનાવી શકે છે, જેનાથી ક્રોસ-સેલિંગ અને બંડલિંગ સેવાઓ માટે તકો ઊભી કરી શકે છે. વળી એફઝેડસીઓ થકી અદાણી પોર્ટ્સને પૂર્વ આફ્રિકન બજારોમાં પ્રવેશવામાં મદદ મળી શકે છે, જ્યાં કંપની પહેલાથી જ પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાની મહત્વાકાંક્ષા ધરાવે છે.

તાજેતરના યુએઈમાં અદાણી ગ્રુપનું વિસ્તરણ, જેમ કે દુબઈના જેબેલ અલી ફ્રી ઝોનમાં ઈન્ટરનેશનલ એફઝેડસીઓ અને અબુ ધાબીમાં અદાણી પાવર મિડલ ઈસ્ટ લિમિટેડની સ્થાપના આ ક્ષેત્ર પ્રત્યેની જૂથની પ્રતિબદ્ધતા અને ભવિષ્યના વિકાસની પ્રબળ સંભાવનાઓ દર્શાવે છે. અગાઉ એફઝેડસીઓ એ ઓસ્ટ્રેલિયામાં નોર્થ ક્વીન્સલેન્ડ એક્સપોર્ટ ટર્મિનલના સંપાદન સાથે વૈશ્વિકસ્તરે દેશને વધુ મજબૂત બનાવવા નિર્ણાયક પગલું ભર્યુ હતું.

અદાણી પોર્ટ્સે જાહેર કરેલા જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરના પરિણામોમાં ચોખ્ખો નફો ૪૮% વધીને ₹૩,૦૧૪ કરોડ થયો છે. કંપનીની વાર્ષિક આવક પણ ૨૩.૧% વધીને ₹૬,૮૯૬.૫ કરોડથી ₹૮,૪૮૮.૪૪ કરોડ થઈ છે. વળી બ્લૂમબર્ગના ડેટા અનુસાર કંપનીને મોનીટર કરનારા ૧૯ વિશ્લેષકોમાંથી મોટાભાગના લોકોએ તેને ખરીદવાની ભલામણ કરી છે. તેમનો સરેરાશ ૧૨ મહિનાનો લક્ષ્યાંક ભાવ વર્તમાન ભાવ કરતાં લગભગ ૧૨.૪% વધારે છે, જે દર્શાવે છે કે નજીકના ભવિષ્યમાં શેરમાં વધુ ઉછાળાની સંભાવના છે.

# જેતપુરથી મળેલા ભ્રૂણની તપાસમાં મસમોટા સેક્સ રેકેટનો ભાંડો ફૂટ્યો

## સગીરાને કેટરર્સમાં કામે લઈ જવાની આડમાં દેહ વ્યાપાર કરાવાતો : લોહીનો વેપાર કરાવતા એક મહિલા સહિત નવના નામ ખુલ્યા

**અબતક, કરણ બારોટ, જેતપુર**

જેતપુર શહેરમાંથી પાંચ મહિના પૂર્વે જાહેર જગ્યા પરથી એક મૃત માનવ ભ્રુણ મળેલ હતું. સામાન્ય લાગતા આ બનાવમાં પોલીસ તપાસમાં ભોગ બનનાર પાસે તે જેની સાથે કામ પર જતી હતી તે તેની પાસે દેહ વેપાર કરાવવાનું એક મોટું સેક્સ રેકેટ ખુલ્યું છે. ભોગ બનનાર સગીરા પાસે દોઢ વર્ષથી દેહ વેપારનો ધંધો કરાવવામાં આવતો જેમાં તેણીને ગર્ભ રહી જતા આખો ગુન્હાહિત બનાવ બહાર આવ્યો હતો. અને આ ગુનામાં પોલીસે એક મહિલા સહિત નવ શખ્સોના જાહેર કર્યા છે. ઉપરાંત વધુ શખ્સોંની સંડોવણી ખુલવાની પ્રબળ શક્યતા છે.

### અખ્તર સગીરાને કોની કોની પાસે મોકલતો? : તપાસનો વિષય

અખ્તર સગીરાઓને કોની કોની પાસે દેહ વેપાર માટે મોકલતો તેવી પોલીસની પ્રારંભિક પુછપરછમાં તેણે પાંચ શખ્સોના જ નામ આપેલ. પરંતુ એકથી દોઢ વર્ષ દરમિયાન તો અખ્તરે અસંખ્ય ગ્રાહકો પાસે સગીરાઓને દેહ વેપાર માટે મોકલ્યુ હશે, જેથી પોલીસે વધુ આરોપીઓના નામ કઢાવવા માટે અખ્તરને જેતપુર કોર્ટમાં દસ દિવસની રીમાન્ડ માટે રજૂ કરતા કોર્ટે સાત દિવસના રીમાન્ડ મંજુર કર્યા હતાં.

દીકરીઓને કેટરર્સમાં કામમાં મોકલતા હોય તે વાલીઓ માટે ચેતવણીરૂપ લાલબત્તી સમાન કિસ્સો જેતપુર શહેરમાં બહાર આવ્યો છે. જેમાં ગત તા. ૩૦ જાન્યુઆરીના રોજ જેતપુરમાંથી એક મૃત માનવ ભ્રુણ મળી આવ્યું હતું. આ ભ્રુણ બાબતમાં પોલીસે ગણતરીની કલાકોમાં ભ્રુણને ત્યજનાર માતાને શોધી લીધી હતી. જેમાં ભોગ બનનાર સગીર વયની હોય તેણીના પિતાની ફરીયાદ પરથી પોલીસે બીએનએસ ૬૪(૧), ૮૯, ૯૧, ૫૪ તથા જાતીય સતામણી સામે બાળકોને રક્ષણ આપતો અધિનયમ ૨૦૧૨ની કલમ ૬ અને મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી એકટ ૧૯૭૧ ની કલમ ૫(૨) હેઠળ ગુન્હો નોંધી જેતલસર જંકશન ગામના કાના મકવાણાની ધરપકડ કરી હતી.

ભ્રૂણનું, સગીરાનું તેમજ કાનાનું ડીએનએનું સેમ્પલ સરકારી હોસ્પીટલ મારફત લેવડાવી પૃથક્કરણ માટે ગાંધીનગર ખાતે લેબોરેટરીમાં મોકલી આપ્યું હતું. ત્યારબાદ ભોગ બનનાર સગીરવયની હોવા છતાં અંગત લાભ ખાતર સગીરાને તપાસી તેણીને ગર્ભપાતની દવા લખી આપનાર ડો. સુશીલભાઈ ગોવિંદભાઈ કાનાણી તેમજ ગર્ભપાતની દવા આપનાર હરેશભાઈ કેશુભાઈ વિરડીયા વિરડીયા મેડિકલ સ્ટોરવાળાની ધરપકડ કરી હતી.

ચોંકાવનારી માહિતી મુજબ ડો.કાનાણી સહીત ત્રણ ડઝન કરતા વધારે શકમંદોની પુછતાછ કરી હતી. છેવટે ગુનો નોંધી ડો.કાનાણી સહીત પાંચેક જણાની ધરપકડ કરીને જેલ હવાલે કરી દીધા હતા.જેમાં ડોકટર કાનાણી પાંચમાં દિવસે અદાલતમાંથી જામીન ઉપર પણ છૂટી ગયા હતા. ડોક્ટર કાનાણીએ દવા લખી આપી હોવાનું કહેવાય છે.

### અન્ય ભોગ બનનારી પુખ્તવયની નીકળી

ભોગ બનનાર સગીરાએ તેણી સાથે અન્ય સગીરા પણ ભોગ બની હોવાનું પોલીસને જણાવેલ હતું. જેથી પોલીસે બીજી સગીરાના માતા પિતાનો સંપર્ક કરી સગીરાના ઉંમરનો પુરાવો માંગેલ હતો. જેમાં તેણીના માતા પિતા પાસે ઉંમરના પુરાવા માટે એક માત્ર આધારકાર્ડ જ મળેલ હતું. જેમાં સગીરાની ૧૫ વર્ષની ઉંમર બતાવેલ પણ તેણીની વાસ્તવિક ઉંમર જાણવા પોલીસે તેણીનો ઓસીફિકેશન ટેસ્ટ કરાવવા રાજકોટ હોસ્પીટલ ખાતે મોકલેલ હતા. જેમાં રીપોર્ટ તેણીની ઉંમર ૧૯ વર્ષની આવી હતી.

યુવતીએ મેડીકલ સ્ટોરમાંથી દવા લઈને સેવન કર્યું હતું.જેના પગલે ગર્ભ નીકળી ગયો અને હોસ્પિટલથી થોડે દુર જીવંત ગર્ભને અવાવરું જગ્યામાં ફેંકી દીધો હતો.ગર્ભને ફેંકતા જોઈ ગયેલ કોઈ રાહદારીએ પોલીસને જાણ કરતા પોલીસને બગાસું ખાતા પતાસું હાથમાં આવી ગયું હતું. ડોક્ટર, મેડીકલ સ્ટોર શંકાના ઘેરામાં આવતા પોલીસે ઊંડી તપાસ કરીને ડોક્ટર કાનાણી,મેડીકલ સ્ટોરના સંચાલક હિરપરા સહિતનાની અટકાયત કરતા પોલીસને મોટામાથાઓની ભલામણો આવવા લાગી હતી.

બીજીબાજુ ભ્રુણનું જે સેમ્પલ ગાંધીનગર ખાતે મોકલેલ હતું. તેનો હાલમાં જ રીપોર્ટ આવી જતા તે રીપોર્ટમાં ભ્રુણ સાથે સગીરાનું ડીએનએ મેચ થઈ ગયું જયારે કાનાનું ડીએનએ મેચ થયેલ નહિ. જેથી ભ્રુણનો બાયોલોજીકલ પિતા કોણ ? તે જાણવાના હેતુસર પોલીસે સગીરાનું ફરીથી નિવેદન લેતા સગીરા જેની સાથે કેટરસના કામે જતી તે લાદી રોડ પર રહેતો અખ્તર ઓસમાણભાઈ ડબગર તેણીને તેમજ અન્ય એક સગીરાને તેણીના માતાપિતાને કેટરસના કામમાં લઈ જાય છે તેવુ જણાવી રાત્રીના સમયે બંનેને દેહ વેપાર માટે જુદાજુદા લોકો પાસે જુદી જુદી જગ્યાએ મોકલતો અને અખ્તર પણ આ બંને સગીરાઓ સાથે શરીર સબંધ બાંધતો હતો. જેથી સગીરાના નિવેદનના આધારે પોલીસે પોકસો તેમજ અન્ય કલમ ઉમેરવાનો કોર્ટમાં રીપોર્ટ કરી તા. ૧૨ મે ના રોજ અખ્તરની ધરપકડ કરી હતી. તેની પૂછપરછ કરતા પોતે બંને સાથે શરીર સબંધ બાંધતો હોવાનું સ્વીકારી, રાત્રી દરમિયાન ગ્રાહકો પાસે મોકલતો તેમજ અન્ય એક મહિલા કે જે દેહ વેપાર કરાવે છે. તેણી પાસે પણ આ બંને સગીરાને મોકલતો હતો. અને જેની પાસે અખ્તર સગીરાઓને દેહ વેપાર માટે મોકલતો તેવા ભાવિક ઉર્ફે ભાવેશભાઈ ભુપતભાઈ મેણીયા, હિજીભાઈ ઉર્ફે હિરાભાઈ નાગજીભાઈ પાઘડાર, વસંતગીરી હંસગીરી ગોસાઈ રહે ત્રણેપ જેતપુર, સાગરભાઈ બાબુભાઈ ઝાલા રહે. ઉમરકોટ, શૈલેશભાઈ મેરામણભાઈ લખપીર રહે. સરધારપુર આ પાંચ શખ્સોના પોલીસને નામ આપ્યા હતાં.

# ભણતરના ભારથી ભાગી ગયેલા ટાબરિયાને પોલીસે શોધી કાઢ્યો

## ગાંધીગ્રામ પોલીસે કિશોરનું પરિવાર સાથે કરાવ્યું મિલન



**અબતક, રાજકોટ**

રાજકોટના ગાંધીગ્રામ પોલીસ મથક ની હદમાં આવેલ એરપોર્ટ રોડ પર રહેતા પરિવારના ગુમ થયેલા ૧૫ વર્ષના કિશોરને તાત્કાલિક શોધી ગાંધીગ્રામ પોલીસે પરિવાર સાથે મિલન કરાવ્યું હતું, એરપોર્ટ રોડ સખીયા નગર શેરી નં,૪ સુરજ મકાનમાં રહેતા ભાવેશભાઈ વિષ્ણુપ્રસાદ ભટ્ટ ના સગીર વય ના પુત્રને ભણવા માં ધ્યાન આપવા વારંવાર તેની માતા ઠપકો આપતા હોય તેનું માથું લગાડી ૨૬ ૫ ના બપોરે બે વાગ્યે ક્યાંક ચાલ્યો ગયો હતો અને નવ વાગ્યા સુધી ન આવતા ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી, ફરિયાદ મળતા જ પોલીસે હાઈવે પ્રોજેક્ટ ના સીસીટીવી ફૂટેજ ચેક કરી તપાસ કરતા બાળક સીસીટીવી માં સાયકલ લઈ અનુમાન મઢી ચોક નિર્મલા રોડ થી કોટેચા ચોક અને બિગ બજાર ૧૫૦ ફૂટ જેવા વિસ્તારોમાં જોવા મળ્યો હતો બાળકને તાત્કાલિક પોલીસે નિર્મલા રોડ પરથી શોધી પરિવારને સોંપી આપ્યો હતો આ કામગીરીમાં ઈન્ચાર્જ પીઆઇ એચ એન પટેલ, પીએસઆઇ એસ બી જાડેજા, દિનેશભાઈ અને ટીમના મસરી ભાઈ ભેટારીયા, શબીરભાઈ મલેક, રોહિત દાન ગઢવી, મુકેશભાઈ સબાડ, ભરતભાઈ મકવાણા એ જહેમદ ઉઠાવી હતી.

# ગોંડલના વોરાકોટડામાં પારિવારિક ઝઘડામાં ખેલાયું ધીંગાણું, આધેડની હત્યા: યુવક ગંભીર

## જમીનમાં હલણ સહિતના પ્રશ્ને ચાલતી તકરારમાં પિતરાઈ ભાઈ નો પરિવાર પિતા-પુત્ર સાથે ઝઘડો કરી તીક્ષ્ણ હથિયાર વડે તૂટી પડ્યા આધેડને સારવાર મળે તે પૂર્વે દમ તોડિયો: યુવાન રાજકોટ સારવારમાં

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના વોરાકોટડા ગામે જમીન પ્રશ્ને ભાઈઓ વચ્ચે થયેલી તકરાર લોહિયાળ સાબિત થઈ હતી. કાકા-ભાઈએ કરેલા હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા પ્રૌઢનું મોત નીપજતા બનાવતી આમાં પલટાયો છે. જ્યારે તેના પુત્રને સારવાર માટે રાજકોટની ખાનગી હોસ્પિટલમા ખસેડવામાં આવ્યો છે. હત્યાની ઘટનાને લઈ ગોંડલ તાલુકા પોલીસે મૃતકના પુત્રનું નિવેદન લઈ તપાસ હાથ ધરી છે. વોરાકોટડા ગામની સીમમાં વારસાઈ જમીન આવેલી હોય જેમાં હલણ સહિતની બાબતને લઈ છેલ્લા ઘણા સમયથી ઝઘડો ચાલતો હતો. દરમિયાન ગત રાત્રિના કાકા-ભાઈ સહિતનાઓએ આધેડ અને તેના પુત્ર પર છરી વડે હુમલો કરી દેતા ગંભીર રીતે ઘવાયેલા આધેડનું મોત થતા બનાવ હત્યામાં પલટાયો છે.



મૃતક

પ્રાપ્ત વિગતો મુજબ, ગોંડલ તાલુકાના વોરાકોટડા ગામે રહેતા રાજેશ ઉર્ફે રમેશભાઈ નાથાભાઈ સાકરીયા (ઉ.વ ૪૫) અને તેના પુત્ર અનિલ સાકરીયા (ઉ.વ ૨૩) પર રાત્રીના દોઢેક વાગ્યે આસપાસ વાડીએ હતા ત્યારે તેમના રમેશભાઈના કાકા ચના જીણાભાઈ સાકરીયા તેનો પુત્ર અજય, સવિતા ચના અને હેતલ ચના સહિતનાઓએ ઝઘડો કરી છરી, કોઈતા અને ધારીયા વડે હુમલો કરી દેતા પિતા-પુત્રને ગંભીર રીતે ઘવાયા હતા. જેથી બંનેને પ્રથમ સારવાર માટે ગોંડલ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર કારગત નિવડે તે પૂર્વે જ રમેશભાઈ ઉર્ફે રાજેશભાઈનું મોત થતા બનાવ હત્યામાં પલટાયો હતો. જ્યારે ઘવાયેલા અનિલ સાકરીયાને સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં અગાઉ પણ અજય ચના સાકરીયા ના દ્વારા રમેશભાઈ પર ગાડી ચડાવી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. રમેશ ઉર્ફે રાજેશભાઈ અને તેના પુત્ર અનિલ પર છરી વડે હુમલો કરનાર ચિનુ સાકરીયા રાજેશભાઈના કાકા છે જ્યારે અજય તેનો ભાઈ છે. વારસાઈ જમીન બાબતે ભાઈઓ વચ્ચે છેલ્લા ઘણા સમયથી માથાકૂટો ચાલતી હતી. ખેતરમાં હલણ પ્રશ્ન અને ટ્રેક્ટર ચલાવવા બાબતે બંને પરિવાર વચ્ચે ઝઘડાઓ થતા હતા. દરમિયાન ગઈકાલ રાત્રીના પિતા-પુત્ર સહિતનાએ ઝઘડો કરી બાદમાં છરી વડે હુમલો કરી દીધો હતો. જેમાં સામાપક્ષે રાજેશ ઉર્ફે રમેશભાઈ અને તેનો પુત્ર અનિલ બંને ગંભીર રીતે ઘવાયા હતા.જેમાં રાજેશભાઈનું મોત થયું છે જ્યારે તેનો પુત્ર અનિલ હાલ રાજકોટમાં સારવાર હેઠળ છે. હત્યાના બનાવને લઈ ગોંડલ તાલુકા પોલીસ મથકના પીઆઈ એ.ડી. પરમાર તથા આ અંગે તપાસ હાથ ધરી મૃતકના પરિવારજનની ફરિયાદના આધારે અજય ચના સાકરીયા ની ધરપકડ કરી ધોરણસર ની કાર્યવાહી ભાગ કરવામાં આવી છે.અન્ય આરોપીઓ ઝડપી લેવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે.

# પાંચ મર્ડરના ગુન્હામાં રાપરના ક્ષત્રીય અગ્રણી જામીન મંજુર

## આરોપીને જામીન આપવામાં આવ્યેથી કેસમાં અવરોધ ઉભો થાય તેવા કોઈ સંજોગો જણાતા નથી-અદાલતનુ તારણ

**અબતક, રાજકોટ**

કચ્છના હમીરપર ગામે જમીનની અદાવતમાં સામૂહિક સશસ્ત્ર હુમલામાં પાંચ સગા સંબંધીની થયેલી હત્યાના ચકચારી ગુન્હામાં પકડાયેલા રાપરના ક્ષત્રીય આગેવાનના જામીન ભચાઉ સેશન્સ કોર્ટે મંજુર કર્યા છે.

આ અંગેની હકીકત મુજબ, કચ્છના હમીરપર ગામની સીમમાં આવેલ ખેતીની જમીન બાબતે ચાલતા જુના ઝઘડાએ રૌદ્ર રૂપ ધારણ કરતા બે વર્ષ પહેલા ફરીયાદી રમેશ ભવાનભાઈ રાજપુત તથા તેના પરીવારજનો પોતાની વાડીએ સ્કોર્પિયો ગાડીમાં જતા હતા ત્યારે બપોરના સમયે આરોપીઓએ ફીલ્મી ઢબે સ્કોર્પિયો ગાડીના આગળના ભાગે ટ્રેકટર ભટકાડી ગાડી ઉભી રખાવી રોડ બ્લોક કરી દઈને મહિલાઓ સહિતના સશસ્ત્ર લોકોએ સ્કોર્પિયોમાં બેઠેલા પરિવારજનો ઉપર લાકડી, ધારીયા, બંધુક જેવા હથિયારોથી હુમલો કરતા હુમલામાં ફરીયાદીના સગાઓ અખા જેસિંગભાઈ ઉમટ, પેથાભાઈ ભવનભાઈ રાઠોડ, અમરા જેસંગભાઈ ઉમટ, લાલજી અખાભાઈ ઉંમટ તથા વેલા પાંચાભાઈ ઉમટના એમ પાંચ લોકોને ગંભીર ઈજાઓ પહોંચાડી હત્યા નિપજાવ્યા અંગે રમેશ ભવાનભાઈ રાજપુતની ફરિયાદ ઉપરથી ૨૨ લોકો વિરૂધ્ધ હત્યા, ધાડ, લૂંટ, રાયોટિંગ તથા આર્મસ એકટ સહિતનો ગુન્હો નોંધાયો હતો.

એક સાથે પાંચ લોકોની હત્યા અંગે પોલીસે ફરીયાદમાં જણાવેલ તમામ આરોપીઓની ધરપકડ કરી જેલહવાલે કરેલ હતા, જે દરમ્યાન આરોપી ભગુભા વાઘેલાએ ભચાઉની સેશન્સ અદાલતમાં જામીન અરજી કરી હતી, જેમા મુખ્યત્વે એવી



વકીલ તુષાર ગોકાણી

રજુઆત કરવામાં આવેલ હતી કે, આરોપી ભગુભા બનાવ સ્થળે હાજર ન હોવા છતાં જુની અદાવતના કારણે ખોટી રીતે તેમનું નામ સંડોવી દીધેલ છે. જે સંદર્ભે અગાઉ આરોપીના પુત્રએ નાર્કોટેસ્ટ કરાવવા તેમજ સી.બી.આઈ. પાસે તપાસ કરાવવા માટે પણ તૈયારી દર્શાવેલ હતી, આરોપીને વિશેષ સમય જેલમાં રાખવાથી પ્રિ-ટ્રાયલ પનિશમેન્ટ એટલે કે કેસ ચાલ્યા વગરની સજા સમાન કૃત્ય બની રહે તેમ હોય જેથી આરોપીને શરતોને આધીન જામીન પર મુકત કરવા સર્વોચ્ચ અદાલતના વિવિધ ચુકાદાઓ ટાંકી વિસ્તૃત રજુઆતો કરવામાં આવી હતી. ફરિયાદ પક્ષે હાલના આરોપી દ્વારા અગાઉ કરવામાં આવેલ જામીન અરજી નામંજુર કરવામાં આવેલ હોય જેથી સેશન્સ અદાલતમાં જ હુકમ રિવ્યુ કરી જામીન અરજીનો નિર્ણય કરી શકે નહીં, તમામ પક્ષકારોની રજુઆતોના અંતે અદાલતે આરોપીઓ તરફે થયેલ દલીલો સાથે સંમતી દર્શાવી આરોપી ક્ષત્રિય અગ્રણી ભગુભા વાઘેલાને શરતોને આધીન જામીન પર મુકત કરવા હુકમ ફરમાવેલ હતો. દરમિયાન ફરીયાદપક્ષે જામીનનો હુકમ વડી અદાલતમાં પડકારવા માંગતા હોવાનું જણાવી જામીનનો હુકમ ચાર અઠવાડીયા પુરતો મોકુફ રાખવા અરજી કરી હતી, ફરિયાદ પક્ષની જે અરજીની સામે આરોપી તરફે સર્વોચ્ચ અદાલતના ચુકાદા પર આધાર રાખી અરજી ટકવાપાત્ર જ ન હોવાની આરોપીના વકીલની દલીલો ધ્યાને લઈને ફરીયાદ પક્ષની જામીનનો હુકમ મોકુફ રાખવાની અરજી નામંજુર કરવામાં આવી છે. આ કામમાં આરોપી વતી પ્રખર ધારાશાસ્ત્રી તુષાર ગોકાણી, હરેશ કાંઠેચા, રીપન ગોકાણી, કેવલ પટેલ, હાર્દિક શેઠ, ઉઝેર કુરેશી, જશપાલસિંહ જાડેજા, યશ વૈષ્ણવ, વિરમ ધ્રાંગીયા, નદીમ ધંધુકીયા, વિશાલ કૌશીક, ભુમિકા નંદાણી, દિવ્યમ દવે, નૈમીષ રાદડીયા, કેવિન ભીમાણી, રોહન જટાવડીયા રોકાયા છે.

**જામીનનો હુકમ સ્થગીત રાખવાની ફરીયાદ પક્ષની અરજી પણ અદાલતે ફગાવી દીધી**

# દુષ્કર્મના ગુનામા વિધર્મીની આગોતરા જામીન અરજી નામંજૂર

## ખાનગી દવાખાના નોકરી કરતી મહિલાને લગ્નની લાલચ આપી અવારનવાર શરીર સબંધ બાંધ્યો

**અબતક, રાજકોટ**

ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતી અને ખાનગી દવાખાના નોકરી કરતી મહિલાને લગ્નની લાલચ આપી અવારનવાર દુષ્કર્મ આચરવાના ગુનાના પોલીસ ધરપકડની દેહશતથી કરેલી વિધર્મીની આગોતરા જામીન અરજી અદાલતે નામંજૂર કરતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતી અને ક્લિનિકમાં નોકરી કરતી મહિલાને પ્રેમ સંબંધમાં ફસાવી અને લગ્નની લાલચ આપી ભગવતી પરા વિસ્તારમાં રહેતો અહેમદ હનીફભાઈ ગલેરીયા નામના શખ્સ અવારનવાર શરીર સંબંધ બાંધી અંગેની ગાંધીગ્રામ પોલીસ મથક માં ફરિયાદ નોંધાવી હતી.આરોપી અહેમદ હનીફભાઈ ગેલેરીયાએ ધરપકડથી બચવા માટે સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરતા સરકાર તરફે સરકારી વકીલ હાજર રહી અને આરોપીની આગોતરા જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલ કે આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે અને આવા ગંભીર ગુનામાં આરોપીને આગોતરા જામીન આપવા જોઈએ નહીં જો તેમને આગોતરા જામીન આપવામાં આવશે તો તે ફરિયાદી તેમજ સાક્ષીઓને હેમ્પર ટેમ્પર કરશે અને પોલીસ તપાસ ચાલુ હોય તેથી આગોતરા જામીન આપવા જોઈએ નહીં તે રજૂઆતને ધ્યાને લઈ સેશન્સ જજ પી જે તમાકુવાળાએ આરોપીની આગોતરા જામીન અરજી રદ કરી છે આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા.

# દુષ્કર્મના ગુનામાં સીએ દર્શન પીઠડીયાના આગોતરા જામીન મંજૂર

## કોમ્પ્યુટર ઈજનેર યુવતીને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી સહેલગાહે લઈ જઈ શારીરિક શોષણ કર્યું

**અબતક, રાજકોટ**

કોમ્પ્યુટર ઈજનેર યુવતીને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી સહેલગાહે લઈ જઈ શારીરિક શોષણ કરવાની ફરિયાદમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની આગોતરા જામીન અરજી હાઈકોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે.વધુ વિગત મુજબ ફ્રી લાન્સિંગ કામ કરતી કોમ્પ્યુટર એન્જિનિયર પીડિતાએ સ્વામિનારાયણ મંદિરની બાજુમાં અર્જુન પાર્કમાં રહેતા સીએ દર્શન ભુપેન્દ્રભાઈ પીઠડીયા સામે ગાંધીગ્રામ પોલીસમાં દુષ્કર્મ અંગેની ફરિયાદ નોંધાવી હતી. બમ્બલ નામની એપ દ્વારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દર્શન પીઠડીયાએ મહિલા ઈજનેર ને પ્રેમજાળમાં ફસાવીને ગઈ તા.૧૮/ ૧૦/ ૨૦૨૪ના સ્ટાફની બર્થ-ડે પાર્ટીમાં ધારી (ગીર) સ્થિત હિલ વ્યુ રિસોર્ટમાં લઈ જઈ લગ્નની લાલચ આપી શારીરીક સંબંધ બાંધેલ હતો. બાદ ઉજ્જૈન, ઉદયપુર, ગોવા સહિતના સ્થળોએ અને રાજકોટની



હોટલમાં શારીરિક શોષણ કરી લગ્ન માટે ફરી ગયો હોવાથી આ ફરિયાદ જણાવ્યું હતું. પોલીસ ધરપકડની દહેશતથી દર્શન પીઠડીયાની સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી નામંજૂર થતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ આરોપી આગોતરા જામીન મેળવવા હાઈકોર્ટમાં ગયા હતા,જેમાં આરોપી વતી એડવોકેટ પ્રતીક જસાણી અને અમૃતા ભારદ્વાજ હાજર થયા હતા. તેમણે હાઈકોર્ટમાં રજૂઆતો અને દલીલો કર્યા હતા કે ભોગ બનનાર અને આરોપી બંને પુખ્ત હોય અને એફઆઈઆર જોતા તેમની વચ્ચે પ્રેમ સંબંધોને કારણે મરજીથી અલગ અલગ જગ્યાએ જઈને શારીરિક સંબંધો બાંધ્યા હોવાનું જણાય છે. ભોગ બનનાર એન્જિનિયર ઉપરાંત છૂટાછેડા લીધેલ સ્ત્રી છે, તે કોઈના પ્રલોભનમાં આવે એ માની શકાય નહીં, આરોપી પણ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને આબરૂદાર વ્યકિત છે, કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશનની જરૂર નથી, તેથી આરોપીની આગોતરા અરજી મંજૂર કરવી જોઈએ.

બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આરોપી પક્ષ દ્વારા રજુ રાખવામાં આવેલ વિવિધ વડી અદાલતોનાં ચુકાદાઓને ધ્યાને લઈ હાઈકોર્ટે આરોપી દર્શન પીઠડીયાને આગોતરા જામીન પર મુકત કરવાનો હુકમ કર્યો છે. આ કામાં આરોપી તરફે અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટ્સનાં અંશ ભારદ્વાજ, ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, જીજ્ઞેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, રાકેશ ભટ્ટ, કમલેશ ઉઘરેજા, તારક સાવંત, શ્રેયસ શુકલ, ચેતન પુરોહીત, દિશા ફળદુ, મિહિર શુકલ તથા હાઈકોર્ટમાં એડવોકેટ પ્રતીક વાય. જસાણી તથા અમૃતા ભારદ્વાજ રોકાયા હતા.

**અરજદારની ગુનાહિત ઈતિહાસ નથી અને કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની જરૂરીયાત જણાતી નથી : હાઈકોર્ટે**

# એમેઝોનના રૂ.૧૭ હજારના પાર્સલ ભરેલો કોથળો ઉઠાવી જનાર મહિલા તસ્કર ઝડપાઈ

## નજર ચૂકવી કોથળો ઉઠાવી જનાર મણી જાદવની ધરપકડ કરી તમામ પાર્સલ રિકવર કરી લેવાયા

**અબતક, રાજકોટ**

શહેરના રામાપીર ચોકડી નજીક આવેલ 'અમને કહો' પાર્સલ સર્વિસમાંથી રૂ. ૧૭ હજારની કિંમતના ૧૫ પાર્સલ ભરેલા કોથળાની ચોરીના બનાવમાં ગાંધીગ્રામ પોલીસે ગણતરીની કલાકોમાં તસ્કર મહિલા મણી ગોવિંદભાઈ જાદવની ધરપકડ કરી તમામ પાર્સલ રિકવર કર્યા છે.

સમગ્ર ઘટના પર એક નજર કરવામાં આવે તો રામાપીર ચોકડી પાસે ઓમ પેટ્રોલિયમ નજીક ખોડીયાર હોટલ પાસે આવેલી 'અમને કહો' પાર્સલની દુકાન પાસેથી કોઈ શખસ નજર ચૂકવી પાર્સલનો એક કોથળો જેમાં ૧૫ નંગ પાર્સલ હોય જેની કિંમત રૂપિયા ૧૭,૦૦૦ છે. આ એમઝોનના પાર્સલનો કોથળો કોઈ શખસે ચોરી કરી ગયા અંગે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

મિલકત સંબંધિત ગુનાઓ તાત્કાલિક ડિટેક્ટ કરી નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવાની ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચનાને પગલે ગાંધીગ્રામ પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ એચ એન પટેલના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડના ઈન્ચાર્જ પીએસઆઈ એસ બી જાડેજાની અલગ અલગ ટીમો ચોરી સહિતના બનાવની જગ્યાના આજુબાજુના વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ હાથ ધરી અલગ અલગ સોસાયટીઓના ખાનગી સીસીટીવી કેમેરા તેમજ આઈવે પ્રોજેક્ટના સીસીટીવી ફૂટેજ ચેક કરતા હતા. દરમિયાન હેડ કોન્સ્ટેબલ રોહિતદાન ગઢવી, શબીરખાન મલેક અને કોન્સ્ટેબલ મુકેશભાઈ સભાડને ખાનગી રાહે મળેલી બાતમીના આધારે શંકાસ્પદ મહિલાની સફેદ કલરના કોથળા સાથે અટકાયત કરવામાં આવી હતી. જે કોથળામાં રહેલ પાર્સલ અંગે મહિલાની યુક્તિ પ્રયુક્તિથી પૂછપરછ કરતા તેણે રામાપીર ચોકડી પાસે આવેલ એમેઝોન પાર્સલની દુકાનમાંથી કોથળો ચોરી લીધાની કબૂલાત આપતા પોલીસે મણીબેન ગોવિંદભાઈ જાદવ (ઉ.વ. ૬૫ રહે રાણીમાં રૂડીમાં ચોક, મફતીયાપરા, રાજકોટ)ની ધરપકડ કરી પાર્સલ ચોરીનો ગુનો ગણતરીની કલાકોમાં ડિટેક્ટ કર્યો હતો.



આ કામગીરીમાં ગાંધીગ્રામ પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ એચ એન પટેલ, પીએસઆઈ એસ બી જાડેજા, હેડ કોન્સ્ટેબલ મશરીભાઈ ભેટારીયા, શબીરખાન મલેક, રોહિતદાન ગઢવી, કોન્સ્ટેબલ મુકેશભાઈ સભાડ, ભરતભાઈ મકવાણા સહિતના રોકાયા હતા.

## ગુજરાતમાં ૧૦ જૂને ચોમાસાનું આગમન ?

# રાજયના ૩૭ તાલુકાઓમાં ઝાપટાથી લઈ અઢી ઈંચ સુધી વરસાદ

### ૭ થી ૯ જૂન દરમિયાન રાજયમાં સારા વરસાદની સંભાવના: હવામાન નિષ્ણાંત આંબાલાલની આગાહી

**અબતક, રાજકોટ**

કેરળમાં ૧૬ વર્ષ બાદ નિર્ધારિત સમય કરતા આઠ દિવસ વહેલું નૈઋત્યના ચોમાસાનું આગમન થઈ ચૂકયું છે. મુંબઈમાં પણ ચોમાસુ પ્રવેશી ચૂકયું છે. હવામાન વિભાગે અગાઉ ચોમાસા અંગે જે પૂર્વાનુમાન જાહેર કરવામાં આવ્યું હતુ. તેમાં અપડેટ જાહેર કરવામાં આવ્યું છે. દેશમાં ચોમાસાની સિઝનનો સરેરાશ ૧૦૬ ટકા વરસાદ પડશે. તેવી સંભાવના વ્યકત કરવામાં આવી છે. દરમિયાન રાજયના હવામાન નિષ્ણાંત આંબાલાલભાઈ પટેલે એવી આગાહી કરી છે કે ગુજરાતમાં ૧૦મી જૂન ચોમાસાનું આગમન થઈ જશે ૭ થી ૯ જૂન દરમિયાન રાજયભરમા સંતોષકારક વરસાદ પડશે. હવામાન વિભાગે પણ ગુજરાતમાં આ વર્ષ ૧૧૪ ટકા વરસાદની સંભાવના વ્યકત કરવામાં આવી છે. આજે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૩૭ તાલુકાઓમાં હળવા ઝાપટાથી લઈ અઢી ઈંચ સુધી વરસાદ વરસી ગયોહતો. જયારે સવારથી પાંચ તાલુકામાં વરસાદ પડયો હતો.

હવામાન નિષ્ણાંત આંબાલાલ પટેલના જણાવ્યાનુસાર ગુજરાતમાં આગામી ૭ થી ૯ જૂન દરમિયાન સારો વરસાદ પડશે. બીજા શબ્દોમાં કહીએ તો ભીમ અગિયારસ પૂર્વ સૌરાષ્ટ્રમાં વાવણી લાયક વરસાદ પડી જાય તેવી શકયતા પણ નકારી શકાતી નથી. ગુજરાતમાં સામાન્ય રીતે ૧૫મી જૂન આસપાસ નૈઋત્યના ચોમાસાનું આગમન થતુ હોય છે. પરંતુ આ વર્ષ રાજયમાં ૧૦ જૂને ચોમાસાનું આગમન થઈ જશે.

ગત વર્ષ રાજયમાં ચોમાસાની સિઝનમાં સરેરાશ ૧૪૩.૧૪ ટકા વરસાદ પડયો હતો.આ વર્ષ હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં સિઝનનો સરેરાશ ૧૧૪ ટકા જેટલો વરસાદ પડવાની સંભાવના રહેલી છે. હાલ રાજયમાં ત્રણ ત્રણ સિસ્ટમ સક્રિય હોવાના કારણે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની શકયતા છે. અમૂક વિસ્તારોમાં ભારે વરસાદ પણ વરસી શકે છે.

રાજયના અનેક જિલ્લાઓમાં આજે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. દરમિયાન આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૩૭ તાલુકાઓમાં વરસાદ પડયો છે. સૌથી વધુ વરસાદ ભાવનગર જિલ્લાના મહુવામાં ૬૦ મીમી વરસ્યો હતો. આ ઉપરાંત હાંસોટમાં ૫૯ મીમી, નેત્રાંગમાં ૪૪ મીમી, ભરૂચમાં ૪૩ મીમી, માંગરોળમાં ૪૨ મીમી, ઓલપાડમાં ૩૧ મીમી, વાલીયામાં ૨૮ મીમી, કોલેરામાં ૨૨ મીમી, જગડિયામાં ૨૦ મીમી, જાફરાબાદમાં ૧૯ મીમી, તળાજામાં ૧૯ મીમી, નાડોદમાં ૧૯મીમી, ઉનામાં ૧૮ મીમી, વાગરામાં ૧૫ મીમી, તાલાલામાં ૧૫ મીમી, તીલકવાડામાં ૧૩ મીમી, ઉમરગામમાં ૧૩ મીમી, ધારીમાં ૧૨ મીમી, સિહોરમાં ૧૨ મીમી, ડભોઈમાં ૧૨ મીમી, ઉમરપાડામાં ૧૦ મીમી, વરસાદ પડયોહતો. આ ઉપરાંત સુરત, અંકલેશ્વર, ચોરાસી, બારડોલી, છોટાઉદેપુર, ગુરૂડેશ્વર, પાટણ વેરાવળ, નવસારી, વાઘોડિયા, ડાંગ, ડેડીયાપાડા, પારડી, અન સનખેડામા ઝાપટા પડયા હતા.

આજે સવારથી રાજયના પાંચ તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. આકાશમાંથી જળવર્ષા વચ્ચે અગન વર્ષા પણ થઈ રહી છે. રાજયના બે શહેરોમાં ગઈકાલે મહતમ તાપમાનનો પારો ૪૦ ડીગ્રીને પાર થઈ ગયોહતો. કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૪૦.૬ ડિગ્રી સેલ્સીયસ નોંધાયું હતુ જે રાજયમાં સૌથી વધુ હતુ.

આગામી ૭ થી ૯ જૂન દરમિયાન રાજયમાં સાર્વત્રિક વાવણીલાયક વરસાદ પડે તેવી શકયતા પણ હાલ દેખાય રહી છે. ગુજરાતમાં પણ ચોમાસાનું નિર્ધારિત સમય કરતા પાંચ દિવસ વહેલુ એટલે કે ૧૦ જૂન આસપાસ આગમન થઈ જશે. પ્રિ.મોનસુન એકિટવીટી શરૂ થઈ જવા પામી છે. અસહ્ય બફારાનો અહેસાસ થઈ રહ્યો છે. આજે પણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં ભારે વરસાદ વરસી શકે છે.

### હવામાન વિભાગના પૂર્વાનુમાન મુજબ રાજયમા ચોમાસામાં ૧૧૪ ટકા વરસાદ પડવાની શકયતા

### ઉનાના મોઠા ગામે મસ્જિદ પર વીજળી પડી

ઉના તાલુકાના મોઠા ગામે મસ્જિદ પર વીજળી પડી હતી. મસ્જિદ ઉપર લગાવેલા સીસીટીવી કેમેરાના વાયરીંગ ઉપર વીજળી પડતા કોમ્પ્યુટર ઈન્વેટર સહિતના ઉપકરણોને નુકસાન થયું છે. મોઠા ગામે આવેલ મદીના મસ્જિદ ઉપર સીસીટીવી કેમેરાના વાયર ઉપર વીજળી પડી હતી. વીજળી સીસીટીવી વાયરથી છેક નીચે સુધી પહોંચી હતી. સીસીટીવી કેબલ સાથે જોડેલા કોમ્પ્યુટર અને ઈન્વર્ટરને નુકશાન થયું છે. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી.

# વિસાવદર-કડી બેઠક માટે ઉમેદવારો ફાઈનલ કરવા ભાજપ દ્વારા લેવાય સેન્સ

### પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારિયા, પૂર્વ મેયર અમિબેન પરીખ અને ગૌતમ ગેડિયાએ વિસાવદર બેઠક પરથી કમળના પ્રતીક પર ચૂંટણી લડવા ઈચ્છુકોને સાંભળ્યા

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી વિસાવદર અને કડી વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે આગામી ૧૯મી જૂનના રોજ મતદાન યોજાવાનું છે. હાલ ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. દરમિયાન ઉમેદવારો ફાઈનલ કરવા માટે આજે ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ત્રણ ત્રણ પ્રદેશ નિરિક્ષકોની ટીમે ચૂંટણી લડવા ઈચ્છુકોને સાંભલ્યા હતા આ રિપોર્ટ પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડ સમક્ષ રજૂ કરી દેવામાં આવશે. ત્યારબાદ ઉમેદવારોના નામની ઘોષણા કરવામાં આવશે.

વર્ષ ૨૦૨૨માં યોજાયેલી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં ભૂપતભાઈ ભાયાણી આમ આદમી પાર્ટીમાંથી ચૂંટણી લડી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા દરમિયાન તેઓએ ગત વર્ષ ધારાસભ્ય પદેથી રાજીનામું આપી દીધું હતુ. અને ભાજપના કેસરિયો ખેસ ધારણ કરી લીધો હતો. કાનુની દાવપેંચના કારણે વિસાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીની પ્રક્રિયા ખોરંભે પડી હતી. કોર્ટમાં કરવામાં આવેલી રીટ પીટીશન પાછી ખેંચી લેવામાં આવતા પેટા ચૂંટણીનો માર્ગ મોકળો થયો છે. ગત રવિવારે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા વિસાવદર અને કડી વિધાનસભા બેઠક માટેની પેટા ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. દરમિયાન ગત સોમવારે ચૂંટણીનું જાહેરનામું પ્રસિધ્ધ થતાની સાથે ઉમેદવારની ફોર્મ ભરવાની પ્રક્રિયાનો આરંભ થઈ ચૂકયો છે.

સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા ઉમેદવારોના નામ નકકી કરતા પહેલા દાવેદારોને સાંભળવા માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. આજે કડી અને વિસાવદર બેઠક માટે ઉમેદવારો નકકી કરવા માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારિયા પૂર્વ મેયર અમિબેન પરીખ અને પ્રદેશ ભાજપ એસસી મોરચાના અધ્યક્ષ ગૌતમ ગેડિયાની વિસાવદર વિધાનસભા બેઠક માટે નિરિક્ષક તરીકે નિયુકતી કરવામાં આવી છે. આ ત્રણેય નિરીક્ષકો દ્વારા સવારે ૧૦ કલાકથી જૂનાગઢ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. દાવેદારોને સાંભળવામા આવ્યા હતા. વિસાવદર બેઠક માટે ભાજપના ઉમેદવાર તરીકે ભૂપતભા, ભાયાણી લગભગ ફાઈનલ છે જયારે કડી વિધાનસભા બેઠક માટે ભાજપ કોને ટિકિટ આપે છે. તેના પર સૌની નજર ટકેલી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રદેશ ભાજપ દ્વારા રાજકોટ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, પૂર્વ કેબીનેટ મંત્રી અને જેતપુરના ધારાસભ્ય જયેશભાઈ રાદડીયાની વિસાવદર બેઠક માટે પ્રભારી તરીકે નિયુકતી કરવામાં આવી છે. આ ઉપરાંત સંયોજક તરીકે ભરતભાઈ વડાલીયા અને સહસંયોજક તરીકે નરેન્દ્રભાઈ કોટીલાની નિમણુંક કરવામાં આવી છે. જયારે કડી વિધાનસભા બેઠકના પ્રદેશ પ્રભારી તરીકે સુરેશભાઈ પટેલ અને દશરથભાઈ ઠાકોરની નિયુકતી કરાય છે. સંયોજક તરીકે વિનોદભાઈ પટેલ અને સહ સંયોજક તરીકે હિમાંશુભાઈ ખમારની નિયુકતી કરવામાં આવી છે. આજે સેન્સ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નિરીક્ષકો દ્વારા દાવેદારોના નામ પાર્લામેન્ટરી બોર્ડ સમક્ષ રજૂ કરી દેવામાં આવશે. આગામી બેથી ત્રણ દિવસમાં ભાજપ દ્વારા વિધાનસભાની બંને બેઠકો માટે ઉમેદવારોના નામ ફેરફાર કરવામાં આવશે. હાલ વિધાનસભામાં ભાજપનું સભ્ય સંખ્યા બળ ૧૬૦ ધારાસભ્યોનું છે. કોંગ્રેસ પાસે માત્ર ૧૨ ધારાસભ્યો છે,.

પેટા ચૂંટણીનાં પરિણામોથી રાજયમાં સતાના સમિકરણો પર કોઈ જ ફર્ક પડવાનો નથી છતા તમામ પક્ષો માટે પ્રતિષ્ઠાનો જંગ માનવામાં આવી રહી છે.

### વિસાવદર બેઠક માટે ૧૭ ફોર્મ ઉપડયા: એકપણ ભરાયું નથી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલ ૮૭-વિસાવદર વિધાનસભા મત વિભાગની પેટા ચૂંટણી માટે ગઈકાલ સાંજ સુધીમાં કુલ ૧૭ ફોર્મ ઉપાડયા છે, પરંતુ એક પણ ફોર્મ ભરાયું ન હોવાનું જાણવા મળી રહ્યું છે.

વિસાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીના ઉમેદવારીપત્ર ભરવાના બીજા દિવસે એટલે કે, ચૂંટણી અધિકારી સમક્ષ કોઈપણ ઉમેદવારીપત્ર રજૂ કરવામાં આવેલ નથી. જો કે, ગત સાંજ સુધીમાં કુલ ૧૭ ફોર્મ ભરાયા હોવાનું જાણવા મળી રહ્યું છે.

વિસાવદર વિધાનસભાની સીટ ઉપરથી ધારાસભ્ય ભુપત ભાયાણીએ રાજીનામું આપતા આ સીટ ખાલી પડી હતી. ત્યારે ભારતના ચૂંટણી પંચ દ્વારા વિસાવદર વિધાનસભા મત વિસ્તાર માટે પેટા ચૂંટણીની જાહેરાત કરી છે. જેને લઈને ભાજપ, કોંગ્રેસ અને આપ સહિતના પક્ષોની સાથે અન્ય પક્ષો અને અપક્ષો પણ આ ચૂંટણી જંગમાં ઝુકાવે તેવું રાજકીય પંડિતો જણાવી રહ્યા છે. આ સાથે આ સીટ ઉપર ત્રિપંખીઓ અથવા ચતુસ્કોણ ચૂંટણી જંગલ ખેલાય તેવું પણ રાજકીય વિશ્લેષકો જણાવી રહ્યા છે. ત્યારે કુલ ૧૭ ફોર્મ ઉપડ્યા હોવાનું સામે આવ્યો છે અને હજુ આમ આદમી પાર્ટી સિવાય કોઈપણ રાજકીય પક્ષ દ્વારા સત્તાવાર ઉમેદવાર જાહેર કરાયા નથી ત્યારે રાજકીય પક્ષના કે કોઈ અપક્ષ ઉમેદવાર દ્વારા પણ ફોર્મ ન ભરાયા હોવાનું જાણવા મળી રહ્યું છે.

# ગુપ્ત માહિતી 'લીક' કરી દેનાર વાઈસ પ્રેસિડેન્ટ વિરુદ્ધ ગુનો દાખલ કરાવતી રાજુ એન્જિનિયરિંગ

### ૬૫ લાખનું વાર્ષિક સેલેરી પેકેજ ધરાવનાર સુભાષચંદ્ર સિનોયની કામગીરી અસંતોષકારક રહેતા છૂટા કરવા આદેશ કરાયો'તો

### છૂટા કરવાની નોટિસ મળતા ઉશ્કેરાયેલા સિનોયે નવ ખાનગી માહિતી અન્ય આઈડી પર ફોરવર્ડ કરી દીધી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલ શાપર વેરાવળ જીઆઈડીસી સ્થિત રાજુ એન્જીનીયરીંગના તત્કાલીન વાઈસ પ્રેસિડેન્ટ સુભાષચંદ્ર ચિનોયએ કંપનીની ખાનગી વિગતો લીક કરી દીધાનો બનાવ સામે આવ્યો છે. વાઈસ પ્રેસિડેન્ટ રહી ચૂકેલા શખ્સની કામગીરી સંતોષકારક નહિ હોવાથી છૂટા કરવા નોટીસ આપ્યા બાદ તેણે અત્યંત ગુપ્ત માહિતી અન્ય કંપનીને આપી દીધાની આશંકાએ કારખાનેદારએ શાપર પોલીસમાં ફરીયાદ નોંધાવી છે.

મામલામાં રાજકોટ શહેરની પંચવટી સોસાયટી શેરી નંબર સી-૧૦માં રહેતા અને શાપર વેરાવળના સર્વે નંબર ૨૧૦ ખાતે રાજુ એન્જીનીયર્સ નામે પ્લાસ્ટિક પ્રોસેસિંગ મશીનરી બનાવવાનું કારખાનું ધરાવતા ૬૫ વર્ષીય કારખાનેદાર રાજેશભાઈ નાનાલાલ દોષીએ શાપર પોલિસમાં નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકે તેમની જ કંપનીમાં વાઈસ પ્રેસિડેન્ટ તરીકે ફરજ બજાવતા વાપીના રહેવાસી સુભાષચંદ્ર સીનોયનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારા યુનિટમાં કુલ ૪૫૦ અલગ અલગ કેટેગરીના માણસો કામ કરે છે. બે વર્ષ પહેલા અમારા કારખાનામાં વાઈસ પ્રેસીડેન્ટ તરીકે નોકરી કરવા માટે સુભાષચંદ્ર સીનોય (રહે વાપી,વલસાડ) ની ઓનલાઈન અરજી મળેલ હતી. જેથી આ વ્યક્તિને ઈન્ટરવ્યુ માટે અમારી કંપનીમાં બોલાવેલ બાદ ઈન્ટર્વ્યુમાં સીલેક્ટ થતા સુભાષચંદ્ર સીનોયને વાર્ષીક ૬૫ લાખ રૂપીયાની સેલેરી પેકેજથી તા. ૧૧/૦૫/૨૦૨૩ ના રોજથી અમારી કંપનીમાં વાઈસ પ્રેસીડેન્ટ તરીકે નોકરી પર રાખેલ હતો. સુભાષચંદ્રને કંપની તરફથી લેપટોપ આપી અને ઈ-મેઈલ આઈ.ડી. s.shenoyrajoo.com બનાવી આપવામાં આવેલ હતું. જેનો ઉપયોગ સુભાષચંદ્ર કરતો હતો. સુભાષચંદ્રએ નાણાકીય વ્યવહાર સિવાયનું કંપનીનું તમામ કામકાજ સંભાળવાનું રહેતુ હતું. સુભાષચંદ્રએ આશરે બે વર્ષ જેટલો સમય અમારી કંપનીમાં કામ કરેલ અને જાન્યુઆરી,૨૦૨૫ માં સુભાષચંદ્રની કામગીરી સંતોષકારક ન હોય જેથી તેને કંપનીમાંથી છુટા કરવાનું જણાવેલ હતું. જેથી તેણે બીજી નોકરી મળે ત્યા સુધી અમારી કંપનીમાં કામ પર ચાલુ રાખવા રીકવેસ્ટ કરતા તેને નોકરી પર ચાલુ રાખેલ હતો.

ત્યારબાદ સુભાષચંદ્રએ અમને જાણ કરેલ કે, હવે મને બીજી જગ્યાએ નોકરી મળી ગયેલ છે જેથી ગઈ તા.૦૬/૦૪/૨૦૨૫ ના રોજ સુભાષચંદ્રને કંપનીમાં નોકરી પરથી છુટા કરવામાં આવેલ હતો. ત્યારે તેણે કંપની તરફથી આપવામાં આવેલ લેપટોપ જમા

(અનુ. આઠમા પાને)

### ભેજાબાજએ ૨૦ લાખ વધુ રકમની બોગસ પગાર સ્લીપ પણ બનાવી લીધી: રાજેશભાઈ દોશી

મામલામાં રાજુ એન્જીનીયરીંગ ફેક્ટરીના માલિક રાજેશભાઈ દોષીએ અબતક સાથેની ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, અમારી પેઢીના અત્યંત ખાનગી માહિતી લીક કરવાની સાથોસાથ સુભાષચંદ્ર સિનોયએ અમારી કંપનીના લેટરપેડ પર બોગસ પગાર સ્લીપ પણ બનાવી લીધાનું અમારા ધ્યાને આવ્યું છે. સુભાષચંદ્રનો વાસ્તવિક પગાર રૂ. ૬૫ લાખ પ્રતિ વર્ષ હતો જેની સામે સુભાષચંદ્રએ બે વર્ષ પૂર્વે તેનો પગાર ૭૪ લાખ પ્રતિ વર્ષ અને ગત નાણાકીય વર્ષમાં ૮૫ લાખ પ્રતિ વર્ષ હોવાની બોગસ સ્લીપ લેટરપેડ પર બનાવી લીધી હતી. જે મામલે પણ તેઓ કાયદેસરની કાર્યવાહી કરવાના છે.

### કંઈ કંઈ માહીતો લીક કરી દેવાઈ?

(૧) કંપોનન્ટના ડ્રોઈંગ્સ
(૨) મશીનમાં વપરાતા મટીરીયલની યાદી
(૩) ડાઈ ડીઝાઈન કરવા માટેના સોફ્ટવેરની વિગત
(૪) કંપનીના ગ્રાહકોની વિગત
(૫) કંપનીના આવતા વર્ષના પ્લાનીંગની વિગત
(૬) કંપની જે મશીનરી બનાવે છે તેની ટેકનીકલ ડીટેઈલ્સ
(૭) કંપનીમાં કામ કરતા કર્મચારીઓની સંપુર્ણ ડીટેઈલ
(૮) સપ્લાયરની ખાનગી માહિતી
(૯) મશીનમાં વપરાતા પાર્ટસની સંપુર્ણ ડીટેઈલ

### કંપનીના કોમ્પ્યુટર ડિપાર્ટમેન્ટે લેપટોપ અને ઈમેઈલ આઈડીની ખરાઈ કરાવતા ભાંડો ફૂટ્યો

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૨૪ પૈકી ૨૧ ટાપુઓ પર પ્રવેશ પ્રતિબંધ

### મંજુરી લીધા વિના પ્રવેશ મળશે નહી: કલેકટરનું જાહેરનામુ પ્રસિધ્ધ

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૨૪ પૈકી ૨૧ નિર્જન ટાપુઓ પર પ્રવેશ પર પ્રતિબંધ લાદી દેતું જાહેરનામુ કલેકટર દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

ભારતના પશ્ચિમ છેવાડે આવેલ વિસ્તૃત કાંઠાળા વિસ્તાર ધરાવતાં તેમજ અતિ સંવેદનશીલ ગણાતાં દેવભૂમિ દ્વારકા જિલામાં આવેલ ૨૪ ટાપૂઓ પૈકી માત્ર ૦૨ ટાપૂઓ પર માનવ વસાહત છે જયારે ૨૨ ટાપૂઓ માનવ વસાહત સિવાયના નિર્જન છે. જે પૈકી નરારા ટાપુ માટે તા.૧૮-૧૨-૨૦૧૬ના સુધારા જાહેરનામામાં જણાવેલ શરતોને આધિન પ્રાંત અધિકારી અને એસ.ડી.એમ.ની લેખિત પરવાનગી લેવામાંથી મુક્તિ આપવામાં આવી છે. આ નિર્જન ટાપુઓ પર ધાર્મિક સ્થળો આવેલ હોય પ્રસંગોપાત વિવિધ શ્રધ્ધાળુઓ અવર-જવર કરે છે. સાથોસાથ રાષ્ટ્ર વિરોધી તેમજ દાણચોરી જેવી ગેરકાયદે અને અસામાજિક પ્રવૃત્તિઓ કરતા ઈસમો નિર્જન ટાપુઓ પર આશ્રય મેળવે અથવા હથિયાર કે નશાકારક પદાર્થો છુપાવે અથવા ત્રાસવાદી જૂથો - સંગઠનો દ્વારા દેશના મહત્ના ચાવીરૂપ સંસ્થાઓ તેમજ મહત્વના ધાર્મિક સ્થાનો, ભીડભાડવાળા સ્થળોએ હુમલા કરી ભાંગફોડ તથા હિંસા કરે તેવી શક્યતા રહેતી હોય છે. આવી પ્રવૃત્તિઓના કારણે જનસલામતી ન જોખમાય તેમજ જાહેર સુલેહ



(અનુ. આઠમા પાને)


